ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો લોકો સુધી પહોંચાડનાર 'ગુજરાત ટુડે' દૈનિકને રાજ્યના છેવાડાના ગામ સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily)
AHMEDABAD ••• SINCE-1991

**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૮૫.૮૯ |
| પાઉન્ડ | ૧૦૫.૮૯ |
| યુરો | ૮૮.૪૦ |
| સઉદી રિયાલ | ૨૨.૮૮ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૭૯,૮૯૫ |
| ચાંદી (૧ કિલો) | ૧,૦૦,૦૦૦ |

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૧૬૧ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

## AAP કાર્યકરો પીએમના નિવાસ પર અને ભાજપ કાર્યકરો સીએમના નિવાસ પર

# ભાજપ અને 'આપ' વચ્ચે જામ્યું 'બંગલા' યુધ્ધ

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

દિલ્હીમાં બુધવારે રાજકીય ડ્રામા જોવા મળ્યો હતો. AAP અને BJP વચ્ચે અરવિંદ કેજરીવાલના કાર્યકાળ દરમિયાન મુખ્યપ્રધાનના નિવાસસ્થાનના ભવ્ય નવીનીકરણના આક્ષેપોને લઈને વિવાદ વધ્યો હતો. AAP નેતાઓ સંજય સિંહ અને સૌરભ ભારદ્વાજે વડાપ્રધાનના નિવાસસ્થાન પાસે વિરોધ કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ પોલીસે તેમને રસ્તામાં અટકાવ્યા હતા. આ પછી મુખ્યમંત્રીના નિવાસસ્થાને મીડિયા પ્રવાસ કરાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, જેને પણ પોલીસે નિષ્ફળ બનાવ્યો હતો.

આ દરમિયાન ભાજપના નેતાઓ મુખ્યપ્રધાન આતિશીના નિવાસસ્થાનની બહાર એકઠા થયા હતા અને તેમના નિવાસસ્થાનને છીનવી લેવાના કેન્દ્રના તેમના દાવા પર સવાલ ઊઠાવ્યા હતા. ભાજપ કેજરીવાલ પર મુખ્યમંત્રીના સત્તાવાર નિવાસસ્થાનને 'શીશ મહેલ' કહે છે અને તેના નવીનીકરણ કરવા માટે રૂા.૪૦ કરોડથી વધુ ખર્ચ કરવાનો આરોપ લગાવ્યો છે. ભાજપના આક્ષેપોના જવાબમાં AAPએ 'રાજ મહેલ'ના કટાક્ષ સાથે વળતો પ્રહાર કરતાં આરોપ લગાવ્યો કે, વડાપ્રધાન રૂા.૨૭૦૦ કરોડના ખર્ચે બાંધવામાં આવેલા આવાસમાં ભવ્ય જીવનશૈલીમાં જીવન જીવે છે. મુખ્યપ્રધાનના ઘરની બહાર AAP નેતાઓએ પોલીસ સાથે ઉગ્ર દલીલ કરી હતી અને તેઓને પ્રવેશ નકાર્યા પછી ૬ ફ્લેગ સ્ટાફ રોડ બંગલાની બહાર ધરણા કર્યા હતા. પોલીસે પ્રવેશની પરવાનગી આપવા માટે પરવાનગી ન હોવાનું કહેતા ભારદ્વાજે જવાબ આપ્યો કે, શા માટે પ્રધાન અને સાંસદને મુખ્યપ્રધાનના નિવાસસ્થાનમાં પ્રવેશવાની પરવાનગીની જરૂર છે. દિલ્હીના મંત્રી સૌરભ ભારદ્વાજે કહ્યું કે, પોલીસ અને પીડબ્લ્યુડીના અધિકારીઓ કહી રહ્યા છે કે, સીએમ આવાસની અંદર કોઈને પ્રવેશ ન આપવાનો આદેશ છે. મેં તેમને કહ્યું કે, હું મંત્રી છું. આનો અર્થ એ થયો કે આ એલજીનો આદેશ છે અને ભાજપ પોલીસની આ કાર્યવાહીથી ખુશ થશે.

AAP નેતાઓએ ભાજપને આવાસની મુલાકાત લેવા અને કથિત ભવ્ય નવીનીકરણ તરફ ધ્યાન દોરવાનો પડકાર ફેંક્યો હતો. તેમણે કહ્યું કે, ભાજપ દરરોજ નવા વીડિયો અને ફોટા મોકલતી હતી. આજે અમે તમામ મીડિયા સાથે અહીં આવ્યા છીએ. તો હવે ભાજપ ભાગી રહ્યો છે. ત્રણ સ્તરની બેરિકેડિંગ મૂકવામાં આવી છે. તેને સરહદમાં ફેરવી દેવામાં આવ્યું છે જેથી કરીને મીડિયા અંદર જઈ શકતું નથી. અમને બતાવો કે સ્વિમિંગ પુલ અને બાર ક્યાં છે. ત્યારબાદ AAP નેતાઓ વડાપ્રધાનના નિવાસસ્થાને પહોંચ્યા હતા. જો કે, દિલ્હી પોલીસે આ પગલાનો વિરોધ કરતા કહ્યું કે, તેઓ પરમિશન વિના કોઈના ઘરમાં પ્રવેશી શકતા નથી. કલમ ૧૬૩ (અગાઉની કલમ ૧૪૪) હેઠળના નિયંત્રણો વડાપ્રધાનના નિવાસસ્થાનની બહાર લાગુ કરવામાં આવ્યા છે અને AAPને કોઈપણ વિરોધ પ્રદર્શન ટાળવા માટે કહેવામાં આવ્યું છે.



**આપના નેતાઓએ સીએમ આવાસને નિહાળવા મીડિયાને આમંત્રણ આપ્યું જેને ભાજપ 'શીશ મહેલ' કહે છે : આપના નેતાઓને દિલ્હી સીએમના આવાસમાં જતા અટકાવાયા; ભાજપે કહ્યું આ નાટક છે**

CELEBRATING EXCELLENCE 34 years GT

## 'યે બંગલાદેવી કો કિતને બંગલે ચાહિયે' : 'શીશ મહેલ' વિવાદ પર આતિશી પર ભાજપનો કટાક્ષ

ભારતીય જનતા પાર્ટીએ બુધવારે દિલ્હીના મુખ્યપ્રધાન આતિશીને મુખ્યમંત્રી નિવાસની ફાળવણી અંગે 'નાટક' કરવા બદલ ટીકા કરી હતી અને પ્રશ્ન કર્યો હતો કે, જ્યારે તેણીને પહેલેથી જ બંગલો સોંપવામાં આવ્યો હતો ત્યારે હવે તેણીને શા માટે 'શીશ મહેલ' જોઈએ છે. બીજેપી દિલ્હીના અધ્યક્ષ વીરેન્દ્ર સચદેવાએ કહ્યું કે, આ બંગલો દિલ્હીના સીએમ આતિશી માર્લેનાને ફાળવવામાં આવ્યો છે. હું પૂછવા માંગુ છું કે, જ્યારે આ બંગલો તમને ફાળવવામાં આવ્યો છે તો પછી તમે શીશ મહેલમાં શા માટે રહેવા માંગો છો ? જ્યારે તમને શીશ મહેલ ફાળવવામાં આવ્યો હતો, ત્યારે તમે ત્રણ મહિના સુધી જવાબ આપ્યો ન હતો. અમારી માહિતી મુજબ તમે અહીં રહેતા ન હતા. દરેકને ખબર છે કે, અહીં કોણ રહે છે. જો તમે કાલકાજીમાં નથી રહેતા તો ત્યાં કોણ રહે છે ? હું પૂછવા ઈચ્છું છું કે તમને કેટલા બંગલા જોઈએ છે ? તેમણે આમ આદમી પાર્ટી (AAP) નેતાઓ પર પૂર્વ CM અરવિંદ કેજરીવાલના સત્તાવાર નિવાસસ્થાન ૬, ફ્લેગ સ્ટાફ રોડ ખાતે કહેવાતા 'શીશ મહેલ'ના નિર્માણમાં કથિત ભ્રષ્ટાચાર અને ગેરરીતિઓથી ધ્યાન હટાવવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો હતો અને કહ્યું કે, આપના નેતાઓ ડ્રામા કરી રહ્યા છે અને શીશ મહેલ (૬, ફ્લેગ સ્ટાફ રોડ, મુખ્યપ્રધાન તરીકે અરવિંદ કેજરીવાલના નિવાસસ્થાન)ના ભ્રષ્ટાચાર અને ગેરરીતિઓથી ધ્યાન હટાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેઓએ શીશ મહેલ બતાવવાનું કેમ ન વિચાર્યુ ? અને હવે જ્યારે વહીવટ આદર્શ આચારસંહિતા દ્વારા બંધાયેલ હોય ત્યારે મુલાકાતનો આગ્રહ શા માટે રાખવો જોઈએ ? આખું ડ્રામા ત્યારે શરૂ થયો જ્યારે આતિશીએ મંગળવારે ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર પર તેની ફાળવણી રદ કરીને તેને મુખ્યપ્રધાનના બંગલામાંથી બહાર કાઢવાનો આરોપ મૂક્યો હતો. જો કે, PWD અનુસાર નિયમો દ્વારા ફરજિયાત નિયત સમયમર્યાદામાં મિલકતનો કબજો લેવામાં તેણીની નિષ્ફળતાને કારણે તે રદ કરવામાં આવ્યું હતું. પીડબ્લ્યુડીનો પત્ર ભાજપના નેતા અમિત માલવિયાએ શેર કર્યો હતો. દરમિયાન ભાજપે મુખ્યમંત્રીના સત્તાવાર બંગલા શીશ મહેલ અંગે આક્ષેપો કર્યા છે, જે તેની વિધાનસભા ચૂંટણી પ્રચારની કેન્દ્રીય થીમ છે.

# અલીગઢની જામા મસ્જિદ પ્રાચીન મંદિરોની ભૂમિ પર બનાવવામાં આવી હોવાનો એક RTI કાર્યકરનો દાવો : અરજી દાખલ કરી

**અલીગઢની સ્થાનિક અદાલતે અરજી સ્વીકારી લીધી અને ૧૫ ફેબ્રુઆરીના રોજ સુનાવણી નિશ્ચિત કરી, આ પ્રવાહ હવે ક્યાં જઈને અટકશે એવા સવાલો મુસ્લિમ સમાજમાં પૂછાઈ રહ્યા છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

ઉત્તર પ્રદેશમાં લાંબા સમયથી ચાલી રહેલો મંદિરનો અને મસ્જિદો અંગેનો વિવાદનો રેલો હવે છેક અલીગઢ સુધી પણ પહોંચી ચૂક્યો છે અને અલીગઢમાં આવેલી ઉપરકોટ વિસ્તારની ઐતિહાસિક જામા મસ્જિદને શિવ મંદિર ગણાવતો દાવો કરતી એક અરજી લોકલ કોર્ટમાં કરવામાં આવી છે અને અદાલતે પણ એ અરજી સ્વીકારી છે જેની સુનાવણી ૧૫મી ફેબ્રુઆરી પર નિશ્ચિત કરવામાં આવી છે.

એક આરટીઆઈ કાર્યકર અને ભ્રષ્ટાચાર વિરોધી આર્મીના નેતા પંડિત કેશવદેવ ગૌતમે સ્થાનિક અદાલતમાં અલીગઢની જામા મસ્જિદ અંગે અરજી કરી છે અને દાવો કર્યો છે કે એ મૂળભૂત રીતે શિવ મંદિર હતું અને હિન્દુઓના કિલ્લા ઉપર મસ્જિદ બાંધવામાં આવી છે. અદાલતે અરજી સ્વીકારી પણ લીધી છે.

પંડિત ગૌતમે તેની અરજીમાં એવો દાવો કર્યો છે કે ઉત્તર પ્રદેશની અન્ય મસ્જિદોની જેમ અલીગઢની જામા મસ્જિદ પણ હિન્દુ મંદિરના અથવા અન્ય ધાર્મિક ઈમારતની ઉપર જ બાંધવામાં આવી છે. અરજદારની દલીલ એવી છે કે અહીં વાસ્તવમાં એક મોટો હિન્દુ કિલ્લો હતો અને ધાર્મિક સ્થળ હતું એ કદાચ બૌદ્ધ સ્તૂપ અથવા જૈન મંદિર હતું યા તો શિવ મંદિર હતું. કોઈ ધાર્મિક સ્થળ અહીં હતું. તેણે એવો પણ દાવો કર્યો છે કે આર્કિયોલોજીકલ વિભાગ પાસેથી માહિતી મેળવવામાં આવી હતી જેમાં બહાર આવ્યું છે કે આ સ્થળ પર મસ્જિદના બાંધકામને લગતો કોઈ ઐતિહાસિક રેકોર્ડ મોજુદ નથી.





અરજદારે મસ્જિદના બાંધકામના દસ્તાવેજો અને તેની માલિકીને લગતી વિગતો અલીગઢ મહાનગરપાલિકા પાસેથી માગી હતી ત્યારે મહાનગરપાલિકા તરફથી એવો જવાબ મળ્યો હતો કે આ મસ્જિદ સરકારી જમીન પર બાંધવામાં આવી છે અને તેના માલિકી અંગેના કોઈ દસ્તાવેજી પુરાવા કોર્પોરેશનમાં મોજુદ નથી. આ મસ્જિદ કોઈ વ્યક્તિગત માલિકી નથી એટલે તેની યોગ્યતા અંગે પણ અને તેની કાયદેસરતાં અંગે પણ સવાલ ઉભો થાય છે એવું મહાનગરપાલિકાનું કહેવાનું થાય છે.

આ રીતે યુપીમાં એક પછી એક શહેરોની વિખ્યાત ઐતિહાસિક મસ્જિદો પરના દાવા કરવાનો પ્રવાહ ચાલુ રહ્યો છે અને અટકવાનું નામ લેતો નથી અને હવે તેમાં અલીગઢનું પણ નામ જોડાયું છે. સુપ્રીમ કોર્ટે આવી કોઈ પણ સર્વે કરતી અરજીઓ લેવી નહીં અને તેના પર સર્વે કરવાનો આદેશ ન આપો એવો સ્થાનિક અદાલતોને સ્પષ્ટ આદેશ આપેલો જ છે અને આ પ્રકારના દરેક દાવા નિકાલ ધાર્મિક સ્થળોના કાયદા ૧૯૯૧ મુજબ જ લાવવાની તાકીદ કરી છે જેથી કરીને આવી બધી બાબતોમાં અશાંતિ ના સર્જાય અને સ્પષ્ટતા થઈ જાય.

# મધ્યપ્રદેશમાં ભાજપના નેતાઓ અને તેમના લોકોના ઘરેથી બેનામી રોકડ અને સોના અંગેના ગેરકાયદેસર વ્યવહારો મળી રહ્યા છે

(એજન્સી) તા.૮

મધ્યપ્રદેશમાં રાજકારણીઓ અને તેમના નજીકના લોકોના ઘરેથી સોનું, ચાંદી, હીરા, મોતી અને રોકડ મળી આવી રહી છે. આવકવેરા વિભાગે તેના દરોડામાં મધ્યપ્રદેશના સાગર જિલ્લાના ભાજપના પૂર્વ ધારાસભ્ય હરવંશસિંહ રાઠોડ અને રાઠોડ (ભાજપ સાથે સંકળાયેલા) સાથે સંકળાયેલા વેપારીઓ પાસેથી માત્ર મોટી કરચોરી જ શોધી કાઢી નથી, પરંતુ રોકડ, સોનું, ઘરેણાં પણ જપ્ત કર્યા છે અને ગેરકાયદે વ્યવહારો અને બેનામી મિલકતના દસ્તાવેજો પણ મળી આવ્યા છે. રાઠોડ ઉપરાંત ઈન્કમટેક્સે ભાજપના પૂર્વ કાઉન્સિલર રાજેશ કેસરવાણી અને તેના ત્રણ સાથીઓના ઘરે પણ દરોડા પાડ્યા હતા. છેલ્લા બે દિવસથી ચાલી રહેલા દરોડા બાદ કરચોરી અને રિકવર થયેલી સંપત્તિની વિગતો સામે આવી છે. પૂર્વ ધારાસભ્ય હરવંશસિંહ રાઠોડના ઘરેથી ૧૪ કિલો સોનું મળી આવ્યું છે. જ્યારે કેસરવાણીના પરિસરમાંથી ૪.૭૦ કિલો સોનું મળી આવ્યું છે. પૂર્વ ધારાસભ્ય રાઠોડના ઘરેથી મળેલા સોનામાં જ્વેલરીનો પણ સમાવેશ થાય છે. આ દરોડામાં આવકવેરાની ટીમને અત્યાર સુધીમાં ૩.૮૦ કરોડ રૂપિયા રોકડા મળ્યા છે. ટીમને અત્યાર સુધીની વિગતો પરથી રૂા.૨૦૦ કરોડથી વધુની સંપત્તિ મળી આવી છે. ઈન્કમટેક્સ ટીમને પૂર્વ કાઉન્સિલર રાજેશ કેસરવાણીના ઘરેથી મળેલા દસ્તાવેજોમાં ૧૪૦ કરોડ રૂપિયાના વ્યવહારોની વિગતો મળી છે. કેસરવાણીના ઘરેથી ૭ લક્ઝરી વાહનો પણ મળી આવ્યા છે. તમામ વાહનો કર્મચારીઓ અને અન્ય લોકોના નામે ખરીદવામાં આવ્યા છે. આવકવેરાની ટીમ વાહનોનું વેલ્યુએશન પણ કરાવી રહી છે. મોટી કરચોરીનો પર્દાફાશ થઈ રહ્યો હોવાનું આવકવેરા સૂત્રો જણાવી રહ્યા છે.

**ભાજપ સાથે જૂનો સંબંધ :** હરવંશસિંહ રાઠોડના પિતા હરનામસિંહ રાઠોડ ભાજપના જૂના નેતા હતા. વર્ષ ૨૦૧૫માં તેમનું અવસાન થયું હતું. તેઓ સાગર જિલ્લાની બાંદા વિધાનસભા બેઠક પરથી ધારાસભ્ય હતા. હરનામસિંહ રાઠોડ ૨૦૦૩માં ઉમા ભારતીની સરકારમાં મંત્રી હતા. હરનામસિંહ રાઠોડના પુત્ર હરવંશસિંહ રાઠોડ ૨૦૧૩માં ભાજપની ટિકિટ પર તેમના પિતાની પરંપરાગત બેઠક બાંદાથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. વર્ષ ૨૦૧૮માં તેઓ કોંગ્રેસના તરબાર સિંહ સામે ચૂંટણી હારી ગયા હતા. આ પછી તેને ૨૦૨૩માં ટિકિટ મળી ન હતી.

**જિલ્લા પ્રમુખ પદ માટે દાવો :** મધ્યપ્રદેશમાં પણ ભાજપ સંગઠનની ચૂંટણી ચાલી રહી છે. ભાજપના સાગર જિલ્લા એકમના પ્રમુખ પદના મુખ્ય દાવેદારોમાં હરવંશસિંહ રાઠોડની ગણતરી કરવામાં આવી રહી છે. દરોડા બાદ હવે તેમનો દાવો પૂરો થયો હોવાનું માનવામાં આવે છે. મધ્યપ્રદેશના વરિષ્ઠ પત્રકાર દેવદત્ત દુબેએ જણાવ્યું કે, જ્યારે બુંદેલખંડમાં ભાજપનું નામ ન હતું ત્યારે હરનામસિંહ રાઠોડે સાગર પ્રદેશમાં ભાજપની સ્થાપના માટે પહેલ કરી હતી. એક સમયે સાગરમાં તેમના ઘરેથી પાર્ટી ચાલતી હતી. તેમણે તન, મન અને ધનથી પાર્ટીનું નિર્માણ કર્યું હતું. આજે આ સમગ્ર વિસ્તારની ગણતરી ભાજપના મજબૂત ગઢમાં થાય છે. હરનામસિંહના પિતા દુલીચંદ રાઠોડ બીડીના વેપારી હતા. રાઠોડ પરિવાર આજે પણ આ વ્યવસાય કરે છે. બદલાતા સમયની સાથે આ પરિવારે દારૂના ધંધા, ખાણકામ અને રિયલ એસ્ટેટમાં પણ મોટું રોકાણ કર્યું હોવાનો દાવો સૂત્રો કરી રહ્યા છે. બીજી તરફ ભાજપના પૂર્વ કાઉન્સિલર પણ રિયલ એસ્ટેટને લગતા મોટા બિઝનેસ ધરાવે છે. આ સાથે તેઓ સમગ્ર સાગર પ્રદેશમાં વ્યાજ પર નાણાં કમાયા હોવાનું પણ કહેવાય છે. મધ્યપ્રદેશમાં છેલ્લા પખવાડિયામાં વિવિધ લોકોના ઘરો પર પાડવામાં આવેલા દરોડામાં મોટી માત્રામાં સોનું, ચાંદી, ઘરેણાં, રોકડ અને વિશાળ સંપત્તિનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. મધ્યપ્રદેશ લોકાયુક્તે ટ્રાન્સપોર્ટ વિભાગના પૂર્વ કોન્સ્ટેબલ સૌરભ શર્મા અને તેના સહયોગીઓ પાસેથી દરોડામાં કરોડો રૂપિયાની રોકડ સહિત સંપત્તિ સંબંધિત દસ્તાવેજો જપ્ત કર્યા છે. લોકાયુક્તના દરોડા બાદ ઈન્કમ ટેક્સના દરોડામાં સૌરભ શર્માના સહયોગીની કારમાંથી ૪૦ કરોડની કિંમતનું ૫૪ કિલો સોનું અને ૧૦ કરોડની રોકડ પણ મળી આવી હતી. સૌરભ શર્માના પરિસરમાંથી અંદાજે ૨૫૦ કિલો ચાંદી અને હીરા, રત્ન અને અન્ય જ્વેલરી મળી આવી છે. સૌરભ શર્મા હજુ ફરાર છે. તેની આગોતરા જામીન અરજી ભોપાલ જિલ્લા કોર્ટમાં દાખલ કરવામાં આવી હતી. પરંતુ જામીન મળ્યા ન હતા. સૌરભ તેની પત્ની સાથે દુબઈમાં છૂપાયો હોવાની આશંકા છે. તેની શોધ ચાલુ છે.

**ક્યા બાત હૈ ?!**

સાહેબ, તમારે તો ખુશ થવું જોઈએ ! ગામ લોકોએ તમને ચોકીદાર કહ્યા !




# હિન્દુ સંગઠનોએ 'દટાયેલા મંદિર'ને શોધવા માટે ફિરોઝાબાદની અન્ય જગ્યાનું ખોદકામ શરૂ કર્યું

(એજન્સી) તા.૮

સ્થાનિક હિન્દુ સંગઠનના સભ્યોએ ફિરોઝાબાદના રસૂલપુર વિસ્તારમાં ત્રણ દાયકાઓથી બંધ પડેલા મંદિરને ફરીથી ખોલ્યાના એક દિવસ પછી અન્ય હિન્દુ સંગઠનોના સભ્યોએ મંગળવારે જિલ્લાના કાશ્મીરી ગેટ વિસ્તારમાં એક સ્થળ પર ખોદવાનું શરૂ કર્યું અને તેઓ એવો દાવો કરે છે કે, એક મંદિરને વધુ સમય માટે દફનાવવામાં આવ્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે, છ દાયકા કરતાં વધુ સમયનું મંદિર મળી શકે છે.

આ સભ્યોનું માનવું છે કે, મંદિરનો લગભગ ૬૦ ટકા ભાગ અંદાજે ૧૦ ફૂટ જમીનની અંદર દટાયેલો છે. સોમવાર સાંજ સુધીમાં અંધારૂં પડતા તેઓ કામ અટકાવતા પહેલા લગભગ ત્રણ ફૂટ ખોદકામ થયું હતું. મંગળવારે તેઓએ બુધવાર સુધીમાં તેને પૂર્ણ કરવાના લક્ષ્ય સાથે ખોદકામ ફરી શરૂ કર્યું. ખોદકામની માહિતી મળતાં જ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી.

જિલ્લા વહીવટીતંત્ર અને પોલીસે પુષ્ટિ કરી કે હિન્દુ સંગઠનોના સભ્યો એક મંદિરના પરિસરની સફાઈ કરી રહ્યા છે જે લાંબા સમયથી બંધ છે. ફિરોઝાબાદના બજરંગ દળના જિલ્લા સહસહયોજક મોહન બજરંગીએ દાવો કર્યો હતો કે, કાશ્મીરી ગેટ પર દફનાવવામાં આવેલા મંદિર વિશેની માહિતી તેમના એક સભ્ય દ્વારા આપવામાં આવી હતી. અમે આ વિસ્તારના વૃદ્ધ રહેવાસીઓ સાથે આ માહિતીની ચકાસણી કર્યા પછી જ ખોદકામ કરી રહ્યા છીએ. તેઓએ પુષ્ટિ કરી કે અહીં એક સમયે એક ખેડૂત પરિવાર દ્વારા સંચાલિત મંદિર હતું. મંદિરનો ઉપરનો ભાગ હજુ પણ દેખાય છે, જે આ દાવાને સમર્થન આપે છે. લગભગ છ દાયકા પહેલાં પરિવાર આ વિસ્તાર છોડીને મૂર્તિઓ પોતાની સાથે લઈ ગયો હતો. કોઈએ આ સ્થળની મુલાકાત ન લેતા મંદિર ધીમે-ધીમે દફનાવવામાં આવ્યું હતું. વિશ્વ હિન્દુ પરિષદ (VHP)ના જિલ્લા પ્રમુખ રાજીવ શર્માએ કહ્યું કે, અમે માનીએ છીએ કે, મંદિર ૧૦૦ વર્ષથી વધુ જૂનું છે. લગભગ છ દાયકા પહેલા લોકોએ પૂજા માટે મુલાકાત લેવાનું બંધ કરી દીધું હતું, જેના કારણે તે બંધ થઈ ગયું હતું. મંદિરનો મોટો હિસ્સો દટાયેલો છે અને હવે અમે તેનું ખોદકામ કરી રહ્યા છીએ. મંદિરની આસપાસનો વિસ્તાર ખાલી રહ્યો છે. અગાઉ કેટલાક પરિવારો મંદિરની નજીક રહેતા હતા, પરંતુ સમય જતાં તેઓ સ્થળાંતર થયા હતા. આ વિસ્તારમાં હવે કેટલાક પરિવારો રહે છે. એકવાર મંદિરનું સંપૂર્ણ ખોદકામ થઈ જાય, અમે તે નક્કી કરી શકીશું કે અંદર કોઈ મૂર્તિઓ છે કે નહીં. ASP ફિરોઝાબાદ, રવિશંકર પ્રસાદે કહ્યું કે, એક મંદિર હતું જે બંધ કરી દેવામાં આવ્યું હતું કારણ કે, લોકોએ પૂજા માટે જવાનું બંધ કરી દીધું હતું. લોકો હવે ત્યાં પ્રાર્થના ફરી શરૂ કરવા માટે પરિસરની સફાઈ કરી રહ્યા છે. આ પગલા પર કોઈ વાંધો કે પ્રતિક્રિયા નથી. ફિરોઝાબાદ સિટી મેજિસ્ટ્રેટ રાજેન્દ્રકુમારે કહ્યું કે, જે જમીન પર મંદિર ઊભું છે તે ખાનગી માલિકીની છે અને તેના પર અતિક્રમણ કરવામાં આવ્યું નથી. રસૂલપુર વિસ્તારમાં એક મંદિર જે ત્રણ દાયકાથી વધુ સમયથી બંધ છે, તે અંગે માહિતી સામે આવતા એક હિન્દુ સંગઠનના સભ્યોએ સ્થળની મુલાકાત લીધી અને તાળું તોડી નાખ્યું અને ત્યારબાદ તેઓએ પ્રાર્થના કરી હતી.



**આ ખોદકામની માહિતી મળતાં જ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી**

# ચૂંટણીમાં પરાજય બાદ કોંગ્રેસ સંગઠનમાં ફેરફારો કરવાની તૈયારી કરી રહી છે

**સૂત્રોના જણાવ્યા અનુસાર હરિયાણા, મહારાષ્ટ્ર અને ઉત્તરપ્રદેશ જેવા રાજ્યોમાં મોટા પાયે ફેરફાર કરવામાં આવશે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

વિધાનસભાની ચૂંટણીમાં હાર પછી હચમચી ગયેલી કોંગ્રેસ આગામી મહિનાઓમાં મોટા સંગઠનાત્મક ફેરબદલ કરવાની તૈયારી કરી રહી છે. બેલગાવીમાં કોંગ્રેસ કાર્યકારી સમિતિની બેઠક દરમિયાન પક્ષના વડા મલ્લિકાર્જુન ખડગેએ આ જાહેરાત કરી હતી કે, ૨૦૨૫ ઉદયપુર ઘોષણાને અમલમાં મુકવાના પ્રયાસો અને બૂથથી કેન્દ્રીય સ્તર સુધી ચૂંટણી જીતવા માટે પક્ષને જરૂરી કૌશલ્યોથી સજ્જ કરવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર પાર્ટી AICC, રાજ્ય એકમો, મહાસચિવ/સચિવ સ્તરો અને રાજ્યના પ્રભારીઓમાં મોટા ફેરફારો કરશે. તે પુનર્ગઠનની પ્રક્રિયાને આખરી ઓપ આપી રહ્યું છે, જેની જાહેરાત ફેબ્રુઆરીની શરૂઆતમાં થવાની શક્યતા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર હરિયાણા, મહારાષ્ટ્ર અને ઉત્તરપ્રદેશ જેવા રાજ્યોમાં મોટા પાયે ફેરફાર થશે. પાર્ટીના એક સૂત્રએ જણાવ્યું હતું કે, મહારાષ્ટ્રમાં ઉપરથી નીચે સુધી મુખ્ય પુનર્ગઠન જોવા મળશે. પૃથ્વીરાજ ચવ્હાણ અને બાળાસાહેબ થોરાટ જેવા વરિષ્ઠ નેતાઓની હાર બાદ પાર્ટીને શરમનો સામનો કરવો પડ્યો હતો.

યુપીમાં પાર્ટીએ તેની રાજ્ય અને જિલ્લા સમિતિઓનું વિસર્જન કરી દીધું છે. રાજ્યમાં ૨૦૨૭માં ચૂંટણી થશે અને છત્તીસગઢના પ્રભારી AICC મહાસચિવ કુમારી સેલજાને પણ ફેરબદલનો સામનો કરવો પડી શકે છે. હરિયાણામાં પાર્ટીની હાર બાદ સેલજાએ ચૂંટણીમાં નેતૃત્વના ચૂંટણી સંચાલન પર સવાલ ઊઠાવ્યા હતા. બહુવિધ નેતાઓએ જણાવ્યું હતું કે, પાર્ટી એઆઈસીસીના જનરલ સેક્રેટરી જયરામ રમેશની આગેવાની હેઠળના સંદેશાવ્યવહાર વિભાગમાં નેતૃત્વ પરિવર્તન માટે આગળ વધે તેવી શક્યતા છે. અન્ય જેઓ કોમ્યુનિકેશન વિભાગમાં કામ કરે છે તેમાં મીડિયા અને પ્રચાર વિભાગના અધ્યક્ષ પવન ખેરા અને સોશિયલ મીડિયા અને ડિજિટલ પ્લેટફોર્મના ચેરપર્સન સુપ્રિયા શ્રીનાટેનો સમાવેશ થાય છે. જો કે, ખડગેએ કહ્યું હતું કે, પાર્ટી ઉદયપુર ઘોષણાનો અમલ કરશે, જે તેના નેતાઓને પાંચ વર્ષથી વધુ સમય માટે સંગઠનાત્મક હોદ્દા પર રહેવાથી પ્રતિબંધિત કરે છે, તે સ્પષ્ટ નથી કે તે AICCના મહાસચિવ (સંગઠન) કે.સી. વેણુગોપાલને અસર કરશે કે કેમ જેઓ છ વર્ષથી આ પદ પર છે. ખડગેએ કહ્યું હતું કે, અમે બધી ખાલી જગ્યાઓ ભરીશું. અમે અમારા સંગઠનને એઆઈસીસીના સ્તરથી લઈને બૂથ સુધી, ચૂંટણી જીતવા માટે જરૂરી કૌશલ્યોથી સજ્જ કરીશું. કોંગ્રેસ નેતા સોનિયા ગાંધી ૧૫ જાન્યુઆરીએ પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધીની હાજરીમાં દિલ્હીમાં 9A, કોટલા રોડ ખાતે પાર્ટીના નવા મુખ્યાલયનું ઉદ્‌ઘાટન કરશે.

# દરેક એ વ્યક્તિ જેને અર્થહીન જીએસટીથી તકલીફ થઈ છે એ ભાજપને પાઠ ભણાવશે : ખડગે

**દિલ્હી વિધાનસભા ચૂંટણીઓની તારીખો જાહેર થઈ ગઈ છે ત્યારે કોંગ્રેસના પ્રમુખે એવો સવાલ કર્યો છે કે શું નરેન્દ્ર મોદી પાસે જાહેર બચતોમાં વધારો કરવાની અને ફુગાવાને કાબૂમાં લેવાની કોઈ યોજના છે ખરી?**

(એજન્સી) નવી દિલ્હી,તા.૮

કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે ગઈકાલે ફુગાવો અને અર્થતંત્રના મામલે મોદી સરકાર પર નિશાન સાધીને જણાવ્યું હતું કે આવનારી ચૂંટણીઓમાં જાગૃત લોકો ભાજપને પાઠ ભણાવશે. શું ફુગાવો કાબૂમાં લેવાનું અને ઘટાડવાનું કોઈ આયોજન મોદી સરકાર પાસે છે કે કેમ એવો તેમણે સવાલ કર્યો હતો. દિલ્હી વિધાનસભાની ચૂંટણીઓ જાહેર થયા પછી ખડગેએ ઉપર મુજબ નિવેદન કર્યું હતું અને તેમણે હિન્દીમાં પોસ્ટ પર તેઓ સવાલ કર્યો હતો કે નરેન્દ્ર મોદીજી, શું જાહેર બચતમાં વધારો થાય એ માટે બજેટમાં કોઈ આયોજન થયું છે કે નહીં અને તેમણે કહ્યું હતું કે લોકો ટોટી નાખતા ફુગાવાથી પ્રજાને આપ પરેશાન કરતા રહેશો કે કેમ? કોંગ્રેસ પ્રમુખે એવું આક્ષેપ કર્યો હતો કે છેલ્લા છ મહિના દરમિયાન જીવન રક્ષક દવાઓના ભાવોમાં ભારે વધારો થયો છે અને માનવ જીવન માટે રોજિંદા જરૂરિયાતની ચીજવસ્તુઓ ખાદ્યતેલ, ચા, કોફી, બિસ્કીટ અને સાબુ જેવા ચીજવસ્તુઓના ભાવો પણ વધી ગયા છે અને સતત વધી રહ્યા છે.

કોંગ્રેસના વડાએ એવી ટકોર પણ કરી હતી કે દરેક વ્યક્તિ જેને જીએસટીથી પરેશાની અને હેરાનગતિ થઈ છે એ દરેક વ્યક્તિ ભાજપને પાઠ ભણાવશે. વપરાશમાં ઘટાડો થયો છે અને જીએસટીના અર્થહીન સમજ વગરના દર અને કરજના બોજથી દરેક વ્યક્તિ પરેશાન છે અને આખો દેશ આર્થિક પ્રગતિમાં મંદીથી ચિંતિત બન્યો છે એટલે ફુગાવો કઈ રીતે ઘટશે તેની ચર્ચા કરવા માટે તમે તૈયાર ન હોવું ત્યારે બજેટ પહેલાની નવ બેઠકો યોજવાનો કોઈ અર્થ નથી. તેમણે કહ્યું હતું કે ભાજપનું એક જ કામ છે કે જાહેર જનતાને લૂંટવી અને પોતાના અબજોપતિ મિત્રોને ફાયદો કરાવવો પરંતુ પ્રજા જાગી ઉઠી છે અને આવનારી ચૂંટણીઓમાં ભાજપને જરૂર પાઠ ભણાવશે. દરમિયાન કોંગ્રેસના મહામંત્રી કેસી વેણુગોપાલે દિલ્હીની ચૂંટણી જાહેર થયા પછી તરત જ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી કે કોંગ્રેસના શાસનમાં દિલ્હીને આધુનિક મહાનગરી બનાવવામાં આવ્યું હતું. દિલ્હીથી પ્રજાને જે ઘડીની ઈન્તેઝારી હતી તે હવે આવી ગઈ છે. પાંચમી ફેબ્રુઆરીના રોજ લોકોએ વધુ પાંચ વર્ષની અરાજકતા જોવી છે કે રાજ્ય અને કેન્દ્રનું ઘર્ષણ જોવું છે કે માત્ર પ્રજા માટેની સ્થિર સરકાર જોવી છે એ વિષય નિર્ણય લેવાનો રહે છે. વર્તમાન શાસન એ કેન્દ્રનું હોય કે દિલ્હી રાજ્યનું પ્રજાની પાયાની સમસ્યાઓ દૂર કરી શક્યો નથી. ફુગાવો તથા ગુનાખોરી વધી ગયા છે અને પાયાનું માળખું અને સુવિધાઓ પણ અત્યંત કંગાળ હાલતમાં છે શહેરીકરણનો ધસારો થઈ રહ્યો છે એવી હાજરી પરિસ્થિતિ છે. કોંગ્રેસ લોકોની પાર્ટી છે અને દિલ્હીના કલેવર બદલવાનો ઈતિહાસ અને રેકોર્ડ કોંગ્રેસ ધરાવે છે. કોંગ્રેસ દરેકના જીવન ધોરણમાં સુધારો લાવશે અને દિલ્હીને ફરીથી વિકાસના માર્ગે લઈ જશે.

# અલ્હાબાદ હાઈકોર્ટે સંભલ મસ્જિદ કેસમાં સર્વેની કાર્યવાહી ૨૫ ફેબ્રુઆરી સુધી અટકાવી

(એજન્સી) તા.૮

અલ્હાબાદ હાઈકોર્ટે સંભલ જિલ્લા કોર્ટમાં ચાલી રહેલા કેસની સુનાવણી પર રોક લગાવી દીધી છે. હાઈકોર્ટે આ કેસની સુનાવણી પર ૨૫ ફેબ્રુઆરી સુધી રોક લગાવી દીધી છે. અલ્હાબાદ હાઈકોર્ટે સંભલની શાહી જામા મસ્જિદની વ્યવસ્થા સમિતિ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણી દરમિયાન આ સ્ટે લગાવ્યો છે. અલ્હાબાદ હાઈકોર્ટે તમામ પક્ષકારોને જવાબ આપવા માટે કહ્યું છે. પક્ષકારોએ ચાર અઠવાડિયામાં જવાબી ફાઈલ કરવાના રહેશે. પક્ષકારોના જવાબ પર, મસ્જિદ સમિતિએ બે અઠવાડિયાની અંદર પોતાનો જવાબ દાખલ કરવો પડશે. અલ્હાબાદ હાઈકોર્ટે જિલ્લા કોર્ટમાં ચાલી રહેલા કેસની સુનાવણી પર સ્ટે મૂક્યા બાદ મુસ્લિમ પક્ષને તાત્કાલિક રાહત મળી છે. આ કેસની સુનાવણી આજે હાઈકોર્ટમાં એટલે કે ૮ જાન્યુઆરીએ જસ્ટિસ રોહિત રંજન અગ્રવાલની સિંગલ બેંચમાં થઈ હતી.

આ અરજી શાહી જામા મસ્જિદની વ્યવસ્થા સમિતિ દ્વારા દાખલ કરવામાં આવી હતી. હાઈકોર્ટ આ મામલામાં ૨૫ ફેબ્રુઆરીએ ફરી સુનાવણી કરશે. આ મામલે ૨૫ ફેબ્રુઆરીએ નવા કેસ તરીકે સુનાવણી થશે.

# માનવાધિકાર કાર્યકર્તાઓના જૂથે ભારતીય યુનિવર્સિટીઓને ઝિઓનિસ્ટ નોબેલ પુરસ્કાર વિજેતાનું આમંત્રણ રદ કરવા વિનંતી કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

૨૯૮ માનવાધિકાર કાર્યકર્તાઓ, શિક્ષણવિદો અને વૈજ્ઞાનિકોના જૂથે દિલ્હીની શિવ નાદર યુનિવર્સિટી અને ઇન્ડિયન સ્ટેટિસ્ટિકલ ઇન્સ્ટિટ્યૂટ (ISI)ને ઝિઓનિસ્ટ નોબેલ પુરસ્કાર વિજેતા રોબર્ટ ઓમેનને આપેલું આમંત્રણ રદ કરવા હાકલ કરી છે. આ જાણીતા અર્થશાસ્ત્રી ૧૩-૧૪ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સંસ્થાઓ દ્વારા આયોજિત વર્કશોપમાં મુખ્ય વક્તવ્ય આપવાના છે.

રમત સિદ્ધાંતમાં તેમના કાર્ય માટે આર્થિક વિજ્ઞાનમાં ૨૦૦૫નો નોબેલ મેમોરિયલ પુરસ્કાર એનાયત કરવામાં આવેલા ઓમેનને પેલેસ્ટીની અધિકારોના ઉલ્લંઘનના આરોપમાં ઈઝરાયેલી નીતિઓને ન્યાયી ઠેરવવા માટે તેમની શૈક્ષણિક કુશળતાનો ઉપયોગ કરવા બદલ ટીકાનો સામનો કરવો પડ્યો છે. અરજદારો દલીલ કરે છે કે, ઓમનનું ઝિઓનિસ્ટ વલણ અને પેલેસ્ટીનીઓની વંશીય હત્યાને સમર્થન આપતી નીતિઓનું સમર્થન શૈક્ષણિક અને માનવ અધિકારોના મૂલ્યો સાથે અસંગત છે.

આ હસ્તાક્ષરકર્તાઓમાં શાંતિ કાર્યકર્તા હર્ષ મંદર, અર્થશાસ્ત્રી જીન ડ્રેઝ, ભાષાશાસ્ત્રી આયેશા કિડવાઈ અને અન્યનો સમાવેશ થાય છે, પેલેસ્ટીનીઓ સાથે ઈઝરાયેલના વર્તનની વધતી જતી આંતરરાષ્ટ્રીય તપાસ વચ્ચે ઓમેનને આમંત્રણ આપવાના યુનિવર્સિટીઓના નિર્ણય પર નારાજગી વ્યક્ત કરી હતી. આ પિટિશનમાં ‘પ્રોફેસર્સ ફોર એ સ્ટ્રોંગ ઈઝરાયેલ’ સાથે ઓમેનના જોડાણને હાઈલાઈટ કરવામાં આવ્યું છે અને પેલેસ્ટીનીઓ પ્રત્યે દમનકારી તરીકે જોવામાં આવતી નીતિઓને સમર્થન આપવાનું માનવામાં આવે છે.

પત્રમાં જણાવાયું છે કે, ઓમનનું શૈક્ષણિક કાર્ય તેની રાજકીય માન્યતાઓથી અલગ લઈ શકાતું નથી, કારણ કે, તેમણે વારંવાર ઈઝરાયેલની સરમુખત્યારશાહી નીતિઓને ન્યાયી ઠેરવવા માટે તેમના સંશોધનનો ઉપયોગ કર્યો છે અને તે સમયે ઘણા શિક્ષણવિદો દ્વારા તેમની નોબેલ પુરસ્કાર જીતની હરીફાઈ કરવામાં આવી હતી. અરજદારોએ પેલેસ્ટીની સાર્વભૌમત્વ માટે ભારતના લાંબા સમયથી ચાલતા સમર્થનને નબળી પાડવા બદલ યુનિવર્સિટીઓની ટીકા કરી હતી. ભારતના પોતાના વસાહતી-વિરોધી સંઘર્ષને સમાંતર ગણતાં તેઓએ દલીલ કરી હતી કે, ઓમનને આ મંચ પર જવાથી સાર્વત્રિક માનવ અધિકારોનો અનાદર થાય છે અને ભારતીય શિક્ષણશાસ્ત્રને દમનકારી વિચારધારાઓ સાથે સંરેખિત કરવાનું જોખમ છે. કાર્યકર્તાઓએ ગાઝામાં શૈક્ષણિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિનાશ પર દાવો કર્યો હતો કે, ૧૯૪૮ના નાકબાથી પેલેસ્ટીની શિક્ષણવિદો અને સંસ્થાઓને વ્યવસ્થિત રીતે નિશાન બનાવવામાં આવી છે, જેમાં ગાઝાની ૮૦% શાળાઓનો કથિત રીતે નાશ કરવામાં આવ્યો છે. આ જૂથે ચેતવણી આપી હતી કે, ઈઝરાયેલની શૈક્ષણિક સંસ્થાઓ સાથેની ભાગીદારી ભારતીય યુનિવર્સિટીઓને લશ્કરી-ઔદ્યોગિક સંકુલ બની શકે છે અને પેલેસ્ટીનીઓ પર લાદવામાં આવેલી નીતિઓને માન્ય બનાવવામાં ફાળો આપી શકે છે. ભારત પહેલાથી જ દમનકારી ઈઝરાયેલની નીતિઓનું અનુકરણ કરી રહ્યું છે, જેમાં બળજબરીથી હકાલપટ્ટી, અસંમતિ, દમન અને લઘુમતીઓને હાંસિયામાં ધકેલી દેવાનો સમાવેશ થાય છે. તેમણે સંસ્થાઓને ઈઝરાયેલી સંસ્થાઓ સાથેના સહયોગને સમાપ્ત કરવા અને ઈઝરાયેલના શૈક્ષણિક અને સાંસ્કૃતિક બહિષ્કાર માટે વૈશ્વિક પેલેસ્ટીની ઝુંબેશમાં જોડાવા વિનંતી કરી છે. અરજદારોએ ઓમનના આમંત્રણને રદબાતલ કરવા માટે યુનિવર્સિટીઓ પાસે જાહેરાતની માગણી કરતા, એવી દલીલ કરી કે, માનવાધિકારના ઉલ્લંઘનને સમર્થન આપતી વ્યક્તિઓને પ્લેટફોર્મ પૂરૂં પાડવું એ શૈક્ષણિક સંસ્થાઓની અખંડિતતાને નબળી પાડે છે. અત્યાર સુધીમાં શિવ નાદર યુનિવર્સિટી કે ભારતીય આંકડાકીય સંસ્થાએ આ માગણીઓ પર સાર્વજનિક રીતે કોઈ પ્રતિક્રિયા આપી નથી.

# ૧૯૮૪ શીખ વિરોધી રમખાણો : સજ્જનકુમાર વિરુદ્ધ હત્યા કેસનો ચુકાદો ૨૧ જાન્યુઆરીએ સંભવ



(એજન્સી) તા.૮

રાઉસ એવન્યુ કોર્ટે ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણો દરમિયાન સરસ્વતી વિહાર કેસમાં પોતાનો ચુકાદો અનામત રાખ્યો છે. કોર્ટ ૨૧ જાન્યુઆરીએ ચુકાદો આપશે. છેલ્લી સુનાવણીમાં આરોપી અને કોંગ્રેસના પૂર્વ નેતા સજ્જનકુમાર અંગે કેટલીક સ્પષ્ટતાના કારણે કોર્ટે પોતાનો ચુકાદો આપ્યો ન હતો.

શીખ વિરોધી રમખાણો દરમિયાન દિલ્હીના સરસ્વતી વિહારમાં બે શીખોની હત્યા કરવામાં આવી હતી. ૧ નવેમ્બર, ૧૯૮૪ના રોજ જસવંત સિંહ અને તેમના પુત્ર તરૂણદીપ સિંહની હત્યા સંબંધિત કેસની સુનાવણી બાદ કોર્ટે પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો.

કેસની સુનાવણી દરમિયાન સજ્જનકુમાર વતી હાજર રહેલા વકીલે કહ્યું કે, શરૂઆતમાં સજ્જનકુમારનું નામ નહોતું. આ કેસમાં ૧૬ વર્ષ બાદ સજ્જનકુમારનું નામ સામે આવ્યું છે. એવું પણ કહેવામાં આવ્યું હતું કે, દિલ્હી હાઈકોર્ટ દ્વારા સજ્જનકુમારને દોષિત ઠેરવવાનો મામલો સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે.

પીડિતો વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ એચ.એસ. ફૂલકાએ ૧૯૮૪ના દિલ્હી કેન્ટ કેસમાં દિલ્હી હાઈકોર્ટના નિર્ણયને ટાંક્યો હતો. જેમાં કોર્ટે રમખાણોને માનવતા વિરુદ્ધ ગુનો ગણાવ્યો હતો. એમ પણ કહ્યું કે, નરસંહારનો હેતુ લઘુમતીઓને નિશાન બનાવવાનો છે. તેમાં વિલંબ થઈ રહ્યો છે. તેમણે દલીલ કરી હતી કે, સુપ્રીમ કોર્ટે વિલંબને ગંભીરતાથી લીધો હતો અને SITની રચના કરવામાં આવી હતી. ગયા વર્ષે ૪ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ કોર્ટે સજ્જનકુમાર સામે આરોપો ઘડવાનો આદેશ આપ્યો હતો.

આ ઘટના ૧ નવેમ્બર, ૧૯૮૪ના રોજ બની હતી, જેમાં પશ્ચિમ દિલ્હીના રાજ નગરમાં સરદાર જસવંત સિંહ અને સરદાર તરૂણદીપ સિંહની હત્યા કરવામાં આવી હતી. સાંજે ૪:૩૦ વાગ્યે તોફાનીઓના ટોળાએ રાજ નગર વિસ્તારમાં સ્થિત તેમના ઘર પર લોખંડના સળિયા અને લાકડીઓ વડે પીડિતો પર હુમલો કર્યો. ફરિયાદી અનુસાર આ ટોળાનું નેતૃત્વ સજ્જનકુમાર કરી રહ્યા હતા, જે તે સમયે આઉટર દિલ્હી લોકસભા સીટના કોંગ્રેસના સાંસદ હતા.

# રાજસ્થાન : ૮૯ પાકિસ્તાની યાત્રાળુઓ પાકિસ્તાન સરકાર વતી ચાદર ચઢાવવા અજમેર શરીફ પહોંચ્યા

(એજન્સી) જયપુર, તા.૮

મંગળવારના દિવસે ખ્વાજા સાહેબના ૮૧૩માં ઉર્સમાં પાકિસ્તાન સરકાર વતી ચાદર ચઢાવવા માટે પાકિસ્તાનથી ૮૯ શ્રદ્ધાળુઓનું એક જૂથ અજમેર પહોંચ્યું હતું. અજમેર શરીફને અર્પણ કરવા માટે પાકિસ્તાની શ્રદ્ધાળુઓ મીઠાઈઓ અને ફૂલો સહિતની ખાસ ભેટ લઈને આવ્યા છે. પાકિસ્તાની તીર્થયાત્રીઓનું જૂથ સોમવારે વાઘા બોર્ડર (અમૃતસર, પંજાબ)થી ભારતમાં પ્રવેશ્યું હતું અને મંગળવારે સવારે ૨:૫૬ કલાકે વિશેષ ટ્રેન દ્વારા અજમેર પહોંચ્યું હતું. પાકિસ્તાન એમ્બેસીના બે અધિકારીઓ પણ આ જૂથ સાથે છે. કેટલાક યાત્રાળુઓએ પ્રાર્થનામાં હાથ ઉંચા કર્યા અને ખ્વાજા શહેરમાં પહોંચવા બદલ આભાર વ્યક્ત કર્યો જ્યારે સમૂહ અજમેર રેલ્વે સ્ટેશન પર ઉતર્યો. એક સભ્યએ મેરે ખ્વાજા પિયા, દર પર બુલવા લીયા ગીત ગાયું હતું. અજમેર જીઆરપી સીઓ રામ અવતારે જણાવ્યું કે, પાકિસ્તાની શ્રદ્ધાળુઓનું એક જૂથ અજમેર પહોંચી ગયું છે. સમૂહમાં બે અધિકારીઓ સહિત ૯૧ યાત્રાળુઓ છે. સ્ટેશન પર કડક સુરક્ષા વચ્ચે, બધાને રિસીવ કરીને સેન્ટ્રલ ગર્લ્સ સ્કૂલ (અજમેર)માં મોકલવામાં આવ્યા હતા જ્યાં તેમના રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે. પાકિસ્તાની યાત્રાળુઓને ખાસ બોગીઓ ફાળવવામાં આવી હતી જ્યાં અન્ય મુસાફરોને મંજૂરી આપવામાં આવી ન હતી. પાકિસ્તાની નાગરિકોની મુલાકાતને જોતા અજમેરમાં સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. પોલીસ અને ગુપ્તચર એજન્સીઓ હાઈ એલર્ટ પર છે. ઉર્સ માટે આવતા પાકિસ્તાની શ્રદ્ધાળુઓને માત્ર અજમેર શહેર માટે જ વિઝા આપવામાં આવ્યા છે. તેમને શહેરની બહાર જવાની પરવાનગી નથી. ભારતીય ગુપ્તચર એજન્સીઓ અને પોલીસ તેમના પર ચાંપતી નજર રાખે છે. ઝિયારત બાદ આ યાત્રાળુઓ અજમેરના બજારોમાં પણ ઘણી ખરીદી કરે છે. જિલ્લા વહીવટીતંત્ર, પાકિસ્તાની યાત્રાળુઓની સંમતિથી, પાકિસ્તાન સરકારની ચાદર રજૂ કરવા માટે તારીખ નક્કી કરે છે. તે તારીખે, આ યાત્રાળુઓ સરઘસમાં દરગાહ પર પહોંચે છે અને નાચતા-ગાતા ચાદર ચઢાવવાની વિધિ કરે છે. આ વર્ષે પાકિસ્તાન તરફથી ચાદર બુધવારે રજૂ કરવામાં આવે તેવી અપેક્ષા છે કારણ કે જૂથ ૧૦મી જાન્યુઆરીએ અજમેરથી પરત આવવાનું છે. ઉલ્લેખનીય છે કે, ખ્વાજા ગરીબ નવાઝના ઉર્સમાં ભાગ લેવા છેલ્લાં ૫૦ વર્ષથી પાકિસ્તાનથી શ્રદ્ધાળુઓ અજમેર આવી રહ્યા છે.

# CDAC C-CAT એડમિટ કાર્ડ ૨૦૨૫ cdac.in પર જાહેર કરાયા, આ રીતે ડાઉનલોડ કરો

(એજન્સી) તા.૮

સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ્ડ કમ્પ્યુટિંગ (સીડીએસી) એ ફેબ્રુઆરી ૨૦૨૫ બેચની સી-સીએટી (કોમન એડમિશન ટેસ્ટ) માટે એડમિટ કાર્ડ બહાર પાડ્યું છે. જે ઉમેદવારોએ પરીક્ષા આપી હતી તેઓ સત્તાવાર વેબસાઈટ cdac.in પરથી તેમની હોલ ટિકિટ ચેક અને ડાઉનલોડ કરી શકે છે. એડમિટ કાર્ડ ૧૧ જાન્યુઆરી, ૨૦૨૫ સુધી ડાઉનલોડ કરવા માટે ઉપલબ્ધ રહેશે. પરીક્ષાઓ ૧૧ અને ૧૨ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ લેવામાં આવશે. દર વર્ષે, C-CAT ડિસેમ્બર અથવા જાન્યુઆરી (ફેબ્રુઆરી-માર્ચ સત્ર માટે) અને જૂન અથવા જુલાઈ (ઓગસ્ટ-સપ્ટેમ્બર સત્ર માટે)માં હાથ ધરવામાં આવે છે. C-CAT પરીક્ષામાં લાયકાત ધરાવતા ઉમેદવારોને તેમના C-CAT સ્કોરના આધારે C-DAC દ્વારા ઓફર કરવામાં આવતા પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા પ્રોગ્રામ્સમાં પ્રવેશ માટે ગણવામાં આવે છે.

**CDAC C-CAT એડમિટ કાર્ડ ૨૦૨૫: કેવી રીતે ડાઉનલોડ કરવું ?**

પગલું ૧ - CDAC cdac.ac.inની સત્તાવાર વેબસાઈટની મુલાકાત લો.
પગલું ૨ - હોમપેજ પર, હોમપેજ પર એડમિટ કાર્ડ લિંક પર ક્લિક કરો. જાહેરાત
પગલું ૩ - તમારા યુઝર ID અને પાસવર્ડનો ઉપયોગ કરીને લોગ ઈન કરો.
પગલું ૪ - તમારૂં એડમિટ કાર્ડ સ્ક્રીન પર દેખાશે.
પગલું ૫ - હોલ ટિકિટ ડાઉનલોડ કરો અને ભાવિ ઉપયોગ માટે એક નકલ પ્રિન્ટ કરો.

# તમિલનાડુના મુખ્યમંત્રી સ્ટાલિન સિંધુ લિપિને ડીકોડ કરવા માટે ૧૦ લાખ ડોલરનો પુરસ્કાર શા માટે આપી રહ્યા છે

**તમિલનાડુના સીએમ એમકે સ્ટાલિને સિંધુ ખીણની સંસ્કૃતિની ભેદી સ્ક્રિપ્ટને ડીકોડ કરવા માટે USD ૧૦ લાખનું ઈનામ આપવાનું વચન આપ્યું છે. સિંધુ ખીણની સંસ્કૃતિની ભૌગોલિક સીમાઓથી દૂર છે. સ્ક્રિપ્ટના રહસ્યને ઉકેલવાની બિડ ઉપરાંત શું સ્ટાલિનના આ પગલામાં રાજકીય હિત પણ હોઈ શકે ?**

(એજન્સી) તા.૮

પ્રાચીન સિંધુ ખીણની સંસ્કૃતિની ભેદી સ્ક્રિપ્ટની શોધ ૧૯૨૦ના દાયકાની શરૂઆતમાં સર જહોન માર્શલની આગેવાની હેઠળ પુરાતત્વવિદો દ્વારા થઈ ત્યારથી તે અસ્પષ્ટ રહી છે, હવે તેને ડીકોડ કરનાર કોઈપણ માટે USD ૧૦ લાખના ઈનામની જાહેરાત કરવામાં આવી છે. આ નોંધપાત્ર રોકડ પુરસ્કાર તમિલનાડુના સીએમ એમકે સ્ટાલિન તરફથી મળશે. લગભગ ૫,૦૦૦ વર્ષ પહેલાં ભારતીય ઉપખંડના ઉત્તર અને ઉત્તરપશ્ચિમ ભાગોમાં વિકસેલી સિંધુ ખીણની સંસ્કૃતિ (૩૩૦૦ BCEથી ૧૩૦૦ BCE)ના ભૌગોલિક પ્રદેશથી હજારો કિલોમીટર દૂર છે. જો આ સ્ક્રિપ્ટ ડીકોડ કરવામાં આવે, તો તે સિંધુ ખીણની સંસ્કૃતિના સાચા ઈતિહાસ અને તેના સામાજિક-આર્થિક જોડાણોને ઉજાગર કરી શકે છે. આ સિંધુ ખીણની સંસ્કૃતિમાંથી દક્ષિણ તરફના સંભવિત સ્થળાંતર પર વાત કરી શકે છે, જે હડપ્પન તબક્કાના પતન સાથે સુસંગત છે. તો શું સ્ટાલિનની આ બિડનો હેતુ રાજકીય છે ? ૧૯૨૧માં શરૂ થયેલી સિંધુ ખીણની સંસ્કૃતિની શોધની શતાબ્દીની ઉજવણી માટે ચેન્નાઈમાં ત્રણ દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદના ઉદ્‌ઘાટન દરમિયાન, તમિલનાડુના સીએમ સ્ટાલિને રવિવારે મોટા ઈનામની જાહેરાત કરતા કહ્યું કે, અમે હજી પણ સિંધુ ખીણની સંસ્કૃતિની સ્ક્રિપ્ટને સ્પષ્ટપણે સમજી શક્યા નથી જે એક સમયે વિકસેલી હતી. વિદ્વાનો દ્વારા કોયડાને ઉકેલવા માટેના પ્રયાસો આજદિન સુધી ચાલુ છે અને આવા પ્રયાસોને પ્રોત્સાહિત કરવા માટે, જે વ્યક્તિઓ અથવા સંસ્થાઓ આ કોયડો ઉકેલે છે તેને USD ૧૦ લાખનું ઈનામ આપવામાં આવશે. સ્ટાલિને બ્રિટિશ પુરાતત્ત્વવિદ્ સર જોન માર્શલની પ્રતિમાનો પાયો નાખ્યો હતો, જેમણે ૧૯૨૧, હડપ્પામાં શહેરી સંસ્કૃતિના પ્રથમ સ્થળના ખોદકામનું નેતૃત્વ કર્યું હતું. તેમણે કહ્યું કે, જહોન માર્શલની આ શોધે ધારણાને સંપૂર્ણપણે બદલી નાખી. સિંધુ ખીણની સંસ્કૃતિ આર્ય સંસ્કૃતિ ચવૈદિક યુગૃ પહેલાની હતી અને સિંધુ ખીણમાં બોલાતી ભાષા દ્રવિડિયન હોઈ શકે તેવી તેમની દલીલ વધુ મજબૂત છે. રવિવારે આ મોટી જાહેરાત તમિલનાડુના પુરાતત્વ વિભાગ દ્વારા કરવામાં આવેલા અભ્યાસની સાથે હતી જેમાં કહેવામાં આવ્યું હતું કે અમે સિંધુ ખીણની લિપિ તરીકે ઓળખાતા ચિહ્નો અને તમિલનાડુના સ્થળોમાં ખોદકામ દરમિયાન મળી આવેલા ચિહ્નો વચ્ચે ઘણી સામ્યતાઓ છે. આ અભ્યાસ ‘ઈન્ડસ સાઈન્સ એન્ડ ગ્રેફિટી માર્ક્સ ઓફ તમિલનાડુ- એક મોર્ફોલોજિકલ સ્ટડી’ એ જણાવ્યું હતું કે દક્ષિણ ભારતના ૯૦% થી વધુ ગ્રેફિટી માર્કસ અને સિંધુ ખીણની સંસ્કૃતિના ગ્રેફિટી માર્કસ સમાંતર હતા. સિંધુ ખીણની સંસ્કૃતિ, જે મુખ્યત્વે ચૅકોલિથિક સંસ્કૃતિ હતી (તાંબાના ઉપયોગ દ્વારા ચિહ્નિત), તો દક્ષિણ ભારતમાં ખાસ કરીને વૈગાઈ નદીની ખીણ, વધુ અદ્યતન તબક્કાનું પ્રતિનિધિત્વ કરતી આયર્ન યુગમાં હતી. સ્ટાલિન દ્વારા કરાયેલી જાહેરાત અને અભ્યાસ દ્રવિડિયન સંસ્કૃતિના સંરક્ષક તરીકે પોતાને સ્થાન આપવા અને ભાજપનો વિરોધ કરવાનો તેમનો પ્રયાસ પ્રતિબિંબિત કરે છે. તેઓ દાવો કરે છે કે ભાજપ દ્રવિડિયન હિતો અને મૂલ્યોની વિરૂદ્ધ છે.

**સિંધુ વેલી સ્ક્રિપ્ટની આસપાસનું રહસ્ય શું છે ?**

સિંધુ ખીણની સંસ્કૃતિ, તેના અત્યાધુનિક શહેરી આયોજન અને અદ્યતન જળ વ્યવસ્થાપન પ્રણાલીઓ માટે પ્રખ્યાત છે, તે તેની અનન્ય લિપિ અથવા લેખન પ્રણાલી માટે પણ જાણીતી છે, જે કલાકારો અને પુરાતત્વવિદોને આકર્ષિત કરે છે. પરંતુ સો વર્ષ પછી પણ સિંધુ ખીણની સંસ્કૃતિની લિપિ અસ્પષ્ટ છે. આ સ્ક્રિપ્ટ, જે અત્યાર સુધી શોધાયેલ લગભગ ૬૦૦ પ્રતીકોનો સંગ્રહ છે, તે સીલ, ટેબ્લેટ અને સૌથી અગત્યનું, ગુજરાતના ધોળાવીરામાંથી એક વિચિત્ર સાઈન બોર્ડ પર મળી આવી છે. આધુનિક સમયના મૂળાક્ષરોથી વિપરીત, આ મૂળાક્ષરોમાં તીર, માછલી વગેરે જેવા પ્રતીકો છે. આ સ્ક્રિપ્ટ ઉપખંડની અનુગામી સ્ક્રિપ્ટો સાથે સંપૂર્ણપણે સંરેખિત થતી નથી. સિંધુ ખીણના લોકો દ્વારા બોલાતી ભાષા અથવા ભાષાઓ પર સર્વસંમતિ નથી. આ પ્રતીકો પણ જટિલ છે અને લોગોગ્રાફિક અને સિલેબિક ઘટકોના મિશ્રણ છે. પુરાતત્ત્વવિદો, ભાષાશાસ્ત્રીઓ અને સંશોધકોએ હડપ્પન લિપિને અન્ય સમકાલીન અને અનુગામી સંસ્કૃતિઓ અને પ્રદેશમાં તેમની લિપિઓ સાથે જોડતા વિવિધ સિદ્ધાંતો રજૂ કર્યા છે. ઈરાવથમ મહાદેવન અને અસ્કો પરપોલા જેવા વિદ્વાનોએ એવી દલીલ કરી છે કે આ લિપિનો દ્રવિડિયન ભાષા સાથે સંબંધ હતો. મહાદેવને કહ્યું છે કે હડપ્પન સંસ્કૃતિની ભાષા દ્રવિડિયન લિપિનું પ્રારંભિક સ્વરૂપ હતું. એમકે સ્ટાલિને સંશોધક અને સંસ્થા માટે રોકડ પુરસ્કારની જાહેરાત કરી છે જે પ્રોટો-હિસ્ટોરિકલ સ્ક્રિપ્ટને ડીકોડ કરશે. પ્રોટો-ઈતિહાસ એ સમયનો ઉલ્લેખ કરે છે કે જેના માટે સાહિત્યિક પુરાવા અસ્તિત્વમાં છે પરંતુ તેને ડિસિફર કરી શકાતું નથી. તેના કોઈ સાહિત્યિક પુરાવા ઉપલબ્ધ નથી. તાજેતરના વર્ષોમાં, ડીએમકેની તમિલનાડુ સરકારે રાજ્યમાં પુરાતત્વીય ખોદકામ શરૂ કર્યું છે.

# ડેટાનો ‘દુરૂપયોગ’ અટકાવવા અને મતદારની ગોપનીયતા સુનિશ્ચિત કરવા માટે CCTV ફૂટેજની એક્સેસ પર પ્રતિબંધ છે : ચૂંટણીમાં મફત આપવામાં આવતી વસ્તુઓ ‘ફ્રીબી’ને વ્યાખ્યાયિત કરવું મુશ્કેલ છે : CEC રાજીવ કુમાર

**નવો નિયમ મતદાન મથકની અંદર અને બહાર એમ બંને જગ્યાએથી કેમેરા ફીડ અને રેકોર્ડિંગની ઍક્સેસને પ્રતિબંધિત કરે છે**

(એજન્સી) તા.૮

મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે મંગળવારે, ૭ જાન્યુઆરીએ ચૂંટણીના નિયમોમાં તાજેતરના સુધારાનો બચાવ કર્યો હતો જેમાં મતદાન મથકોના સીસીટીવી ફૂટેજને જાહેર નિરીક્ષણથી પ્રતિબંધિત કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે તેનો હેતુ ‘મતદારોની ગોપનીયતાને સુરક્ષિત રાખવા’ અને ‘બનાવટી માહિતી માટે ડેટાના ઉપયોગને રોકવા માટે છે. ચૂંટણી પંચની ભલામણના આધારે, સરકારે ગયા મહિને દુરૂપયોગને રોકવા માટે મતદાન મથકોના CCTV કેમેરા ફૂટેજ જેવા ચોક્કસ ઈલેક્ટ્રોનિક દસ્તાવેજોની જાહેર તપાસને રોકવા માટે ચૂંટણીના નિયમમાં ફેરફાર કર્યો હતો. કુમારે કહ્યું કે માત્ર મતદાન કેન્દ્રની અંદર અને બહારના સીસીટીવી ફૂટેજ શેર કરવા પર પ્રતિબંધ છે. દિલ્હી વિધાનસભા ચૂંટણીના સમયપત્રકની જાહેરાત કરવા માટે એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા, તેમણે કહ્યું કે ૨૦૨૪માં ચૂંટણી પંચની સૂચનાઓ દ્વારા જાહેર નિરીક્ષણ માટે આવા ડેટા અથવા ફૂટેજ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે ચૂંટણીના આચારના નિયમોના નિયમ ૯૩ હેઠળ મંજૂર કેટલાક અન્ય દસ્તાવેજો ઉપલબ્ધ રહેશે. કેટલાક દસ્તાવેજો શેર કરવા પર પહેલાથી જ પ્રતિબંધ છે તેમાં મતદાન અધિકારીઓ દ્વારા મતદારના નામ અને મતદાન પહેલાં તેમના દ્વારા બતાવવામાં આવેલી ઓળખ વિશે ભરવામાં આવેલા ફોર્મ પણ છે. કુમારે જણાવ્યું હતું કે મતદારોની ઓળખ તેમજ તેમની પ્રોફાઈલિંગને સુરક્ષિત રાખવા માટે આ નિયમોમાં સુધારો કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે જો ફૂટેજ સાર્વજનિક કરવામાં આવશે, તો જેમણે મતદાન કર્યું છે અને જેમણે નહીં કર્યું તેમની ઓળખ જાહેર કરવામાં આવશે અને તે ગોપનીયતાના ધોરણોનું ઉલ્લંઘન છે. જો ૧૦.૫ લાખ મતદાન મથકોના ફૂટેજ આપવામાં આવે જ્યાં ૧૦ કલાકથી વધુ મતદાન થાય છે, તો તેનો મતલબ લગભગ ૧ કરોડ કલાકનો ડેટા હશે. જો રોજના આઠ કલાક જોવામાં આવે તો સમગ્ર રેકોર્ડિંગ જોવા માટે વ્યક્તિને ૩,૬૦૦ વર્ષનો સમય લાગશે. તો પછી તેઓ શા માટે આ ઈચ્છે છે ? ચાલો આ પ્રશ્ન જે વ્યક્તિ ઈચ્છે છે તેને જ પૂછીએ. તેમણે કહ્યું કે મતદાન સત્તાધિકારી પાસે એ સાબિત કરવા માટે ઉદાહરણો છે કે ડેટાનો ઉપયોગ મશીન લર્નિંગ માટે કરવામાં આવશે અને AIનો ઉપયોગ કરીને ‘નેરેટિવ્સ’ બનાવવામાં આવશે. સીઈસીએ કહ્યું કે હકીકત તપાસનારાઓ પણ એ શોધી શકશે નહીં કે મતદાન મથકોના AI દ્વારા જનરેટ કરાયેલા વીડિયો નકલી છે કે અસલી છે. તેમણે કહ્યું કે જે વસ્તુઓ પર પ્રતિબંધ મૂકવાનો છે તે હજુ નિયમોમાં વ્યાખ્યાયિત અથવા નિર્ધારિત કરવાની બાકી છે. જ્યારે ઉમેદવારી ફોર્મ, ચૂંટણી એજન્ટોની નિમણૂક, પરિણામો અને ચૂંટણી ખાતાના સ્ટેટમેન્ટ જેવા દસ્તાવેજો ચૂંટણી આચારના નિયમોમાં ઉલ્લેખિત છે, અને ઈલેક્ટ્રોનિક દસ્તાવેજો જેમ કે સીસીટીવી કેમેરા ફૂટેજ, વેબકાસ્ટિંગ ફૂટેજ અને આદર્શ આચાર સંહિતાના સમયગાળા દરમિયાન ઉમેદવારોના વીડિયો રેકોર્ડિંગ તેમાં આવરી લેવામાં આવ્યા ન હતા. સીસીટીવી કવરેજ, મતદાન મથકોનું વેબકાસ્ટિંગ ચૂંટણીના નિયમોના આચાર હેઠળ કરવામાં આવતું નથી પરંતુ તે એક લેવલ પ્લેઈંગ ફિલ્ડ સુનિશ્ચિત કરવા માટે EC દ્વારા લેવામાં આવેલા પગલાંનું પરિણામ છે. ઉમેદવારો પાસે પહેલાથી જ તમામ દસ્તાવેજો અને કાગળોની ઍક્સેસ હોય છે; આ સંબંધમાં નિયમોમાં કંઈપણ સુધારો કરવામાં આવ્યો નથી. અસ્પષ્ટતાને દૂર કરવા માટે, મતદાન મથકોના સીસીટીવી કેમેરા ફૂટેજના દુરૂપયોગને સુરક્ષિત રાખવા માટે આ નિયમમાં સુધારો કરવામાં આવ્યો છે. કાયદા મંત્રાલયના એક અધિકારીએ જણાવ્યું હતું કે ચૂંટણીના તમામ કાગળો અને દસ્તાવેજો જાહેર નિરીક્ષણ માટે ઉપલબ્ધ છે. તેમણે કહ્યું કે ચૂંટણી પંચના હાથ પણ બંધાયેલા છે, કારણ કે આ મામલો ન્યાયાધીન છે અને તેઓ સ્વીકૃત અને કાનૂની જવાબોની રાહ જોઈ રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું કે યોગ્ય સમયે સ્વીકૃત અને કાનૂની જવાબો મળી આવશે. મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) કુમાર દિલ્હીમાં વિધાનસભા ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરવા માટે એક પત્રકાર પરિષદને સંબોધિત કરી રહ્યા હતા. રાજકીય પક્ષો ચૂંટણી પ્રચાર દરમિયાન મફત વસ્તુઓની જાહેરાત કરે છે તે અંગે પૂછવામાં આવતા, તેમણે કહ્યું કે આ મામલો ન્યાયાધીન છે અને તેમણે કોર્ટના ચુકાદાનો ઉલ્લેખ કર્યો કે જેમાં ફ્રીબીઝ ‘અસ્વીકાર્ય’ નથી. કુમારે કહ્યું, મારા માટે ‘ફ્રીબી’ અલગ હોય શકે છે અને કોઈ અન્ય તેના માટે હકદાર પણ હોઈ શકે છે... માટે ફ્રીબી શું છે તે વ્યાખ્યાયિત કરવું ખૂબ જ મુશ્કેલ છે. કુમારે કહ્યું કે જ્યારે આવી જાહેરાતો કરવામાં આવી હતી, ત્યારે લોકોએ રાજ્યની નાણાકીય સ્થિતિ વિશે પણ જાગૃત રહેવું જોઈએ. લોકોએ એ જોવાની જરૂર છે કે રાજ્યની રાજકોષીય સ્થિતિ શું છે...જીડીપી રેશિયો શું છે ? તમે તે વચન પર કેટલું ઉધાર લેશો ? આ વચનની નાણાકીય કિંમત કેટલી છે ?. આપણે ભાવિ પેઢીના ભવિષ્યને ગીરો ન રાખી શકીએ. આ ખૂબ જ ગંભીર મુદ્દો છે.

# JEE મેઈન્સ ઈન્ટિમેશન સિટી સ્લિપ ૨૦૨૫ લાઈવ અપડેટ્સ : JEE મેઈન્સ સિટી સ્લિપ આ અઠવાડિયે jeemain.nta.nic.in પર ઉપલબ્ધ થશે, ૨૨ જાન્યુઆરીથી પરીક્ષા, જાણો લેટેસ્ટ અપડેટ્સ

(એજન્સી) તા.૮

IIT અને NIT સહિત તમામ ટોચની એન્જિનિયરિંગ કોલેજોમાં પ્રવેશ માટે JEE પરીક્ષા પાસ કરવી જરૂરી છે. આ વર્ષે પણ JEE મેઈનની પરીક્ષા બે સત્રમાં લેવામાં આવી રહી છે. JEE મુખ્ય સત્ર ૧ની પરીક્ષા ૨૨ જાન્યુઆરીથી ૩૦ જાન્યુઆરી, ૨૦૨૫ દરમિયાન યોજાશે. JEE મેઈન ૨૦૨૫ની પરીક્ષાના પ્રથમ સત્ર માટે ૧૩.૮ લાખ ઉમેદવારોએ અરજી કરી છે. આ સંખ્યા ગત વર્ષ કરતાં વધુ છે. હવે તમામ ઉમેદવારો JEE મેઈન પરીક્ષાની સિટી સ્લિપ બહાર પડે તેની રાહ જોઈ રહ્યા છે. JEE મેઈન ૨૦૨૫ પરીક્ષા સંબંધિત તમામ નવીનતમ અપડેટ્સ સત્તાવાર વેબસાઈટ jeemain.nta.nic.in પર ચકાસી શકાય છે. નેશનલ ટેસ્ટિંગ એજન્સી ટૂંક સમયમાં JEE મુખ્ય પરીક્ષા સિટી સ્લિપ (JEE મેઈન ૨૦૨૫ પરીક્ષા સિટી સ્લિપ) બહાર પાડવાની તૈયારી કરી રહી છે. આનાથી વિદ્યાર્થીઓને ખ્યાલ આવશે કે તેમની પરીક્ષા કયા શહેરમાં યોજાશે અને તેઓ તે મુજબ તૈયારી કરી શકશે. (JEE મેન્સ ૨૦૨૫), લોગિન વિગતો દ્વારા, ઉમેદવારો JEE મુખ્ય પરીક્ષા સિટી સ્લિપ ૨૦૨૫ ડાઉનલોડ કરી શકશે. JEE મેઈન પરીક્ષા સિટી સ્લિપ દ્વારા પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ શક્ય નથી. તેનો ઉપયોગ પરીક્ષાના શહેર વિશેની માહિતી માટે જ થાય છે. JEE મેઈન એડમિટ કાર્ડ ૨૦૨૫ પરીક્ષાના ૪ દિવસ પહેલા બહાર પાડવામાં આવશે (JEE મેઈન એડમિટ કાર્ડ). તમામ ઉમેદવારોને JEE મેઈન ૨૦૨૫ એડમિટ કાર્ડના આધારે જ પરીક્ષા કેન્દ્રની અંદર પ્રવેશ આપવામાં આવશે. JEE મેઈન એડમિટ કાર્ડની સાથે, તમારે અસલ માન્ય આઈડી કાર્ડ પણ રાખવું પડશે.

# ૨૦૨૪માં દિલ્હી ભારતનું બીજું સૌથી પ્રદૂષિત શહેર રહ્યું

(એજન્સી) તા.૮

નેશનલ ક્લીન એર પ્રોગ્રામ (NCAP)ના છ વર્ષ પૂર્ણ થયા પછી પણ દિલ્હીના પ્રદૂષણ સ્તરમાં સુધારો ઘણો ઓછો થયો છે. ૨૦૧૯ની સરખામણીમાં રાજધાનીમાં પીએમ ૨.૫નું સ્તર માત્ર ૧.૩ ટકા ઘટ્યું છે. ૨૦૨૪માં PM ૨.૫નું સરેરાશ સ્તર ૧૦૭ mgcm (માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટર) હતું, જે ૨૦૧૯માં ૧૦૮.૪ mgcm હતું. ૨૦૨૪માં પણ રાજધાની દેશનું બીજું સૌથી પ્રદૂષિત શહેર રહ્યું. આ રિપોર્ટ ‘Toward Clear Skyes ૨૦૨૫’ મંગળવારે Respir Living India દ્વારા બહાર પાડવામાં આવ્યો છે. રિપોર્ટ અનુસાર, ૨૦૨૪માં દિલ્હીનો સરેરાશ AQI ૧૦૭ mgcm રહેશે. રેસ્પિરર લિવિંગ સાયન્સના સ્થાપક રોનક સુતારિયાના જણાવ્યા અનુસાર, દિલ્હીમાં માળખાકીય ફેરફારોની ખૂબ જ જરૂર છે. મોસમી વધારો, ઔદ્યોગિક ધુમાડો, દિલ્હી બહારથી આવતું પ્રદૂષણ અને વાહનોની વધુ પડતી સંખ્યા અહીંના પ્રદૂષણ માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. શિયાળામાં સ્મોગ એપિસોડ હજુ પણ ગંભીર છે. આ સમયગાળા દરમિયાન, સરેરાશ માસિક PM ૨.૫ સ્તર ૨૫૦ mgcm કરતાં વધુ પહોંચે છે. આનંદ વિહાર અને જહાંગીરપુરીમાં PM ૨.૫ સ્તર સતત ધોરણો કરતાં વધી જાય છે. અહીં સરેરાશ સ્તર ૧૨૦ mgcm હતું. NCAP હેઠળ, ૨૦૨૪ સુધીમાં PM ૨.૫નું સ્તર ૨૦થી ૩૦ ટકા સુધી ઘટાડવાનું હતું. નવું લક્ષ્ય ૨૦૨૬ સુધીમાં ઉત્સર્જનને ૪૦ ટકા ઘટાડવાનું છે.

# 'પ્રથમ હિંદુઓ છીએ, જાતિ પછી આવે છે' : આંધ્રપ્રદેશમાં 'હૈંદવ સાંખરવમ' કાર્યક્રમનો ભાજપ માટે શું અર્થ છે ?

(એજન્સી) વિજયવાડા, તા.૮

વિશ્વ હિંદુ પરિષદ (VHP) હૈંદવ સાંખરવમ કાર્યક્રમમાં ધાર્મિક નેતાઓ, ભક્તો અને કાર્યકરોના અનેક જૂથે હાજરી આપી હતી અને આંધ્ર પ્રદેશમાં હિન્દુ મંદિરોની સ્વાયત્તતા વધારવાની હિમાયત કરતી આ એક ઈવેન્ટ હતી. VHPના આંતરરાષ્ટ્રીય કાર્યકારી પ્રમુખ આલોક કુમારે જણાવ્યું હતું કે આ કાર્યક્રમ 'હિંદુ સમુદાયના સામૂહિક અવાજ'નું પ્રતિનિધિત્વ કરે છે અને ધાર્મિક બાબતો પર ફરીથી નિયંત્રણ મેળવવાની ઘોષણા છે. VHPના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ગોકારાજુ ગંગારાજુએ જણાવ્યું હતું કે, મંદિર એ હિંદુઓનું જીવન રક્ત છે, અવિશ્વાસુ અને નાસ્તિકોએ મંદિરના વહીવટમાં ભૂમિકા ભજવવી જોઈએ નહીં. નેતાઓએ કથિત ધમકીઓ અથવા બાહ્ય હસ્તક્ષેપથી મંદિરોનું રક્ષણ કરવા હિન્દુઓની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. આ કાર્યક્રમમાં અગ્રણી તેલુગુ આધ્યાત્મિક નેતાઓ, સંતો અને વિદ્વાનો આવ્યા હતા જેમણે હિંદુ મંદિરો અને પરંપરાઓની સ્થિતિ વિશે ચિંતા વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમ ધાર્મિક બાબતોમાં રાષ્ટ્રવ્યાપી સ્વ-શાસન માટે વ્યાપક ઝુંબેશની શરૂઆત દર્શાવે છે.

**સ્વાયત્ત ટ્રસ્ટની માંગ**

આ કાર્યક્રમમાં પ્રાથમિક માગણી હિંદુ મંદિર વ્યવસ્થાપનને રાજ્ય સરકાર પાસેથી હિંદુ સમુદાયના સભ્યો દ્વારા સંચાલિત સ્વાયત્ત ટ્રસ્ટમાં ટ્રાન્સફર કરવાની હતી. આ કાર્યક્રમમાં વક્તાઓએ હિંદુ મંદિરોને પૂજા સ્થાનો કરતાં વિશેષ ગણાવ્યા, અને સાંસ્કૃતિક, આધ્યાત્મિક અને સામુદાયિક હબ તરીકે તેમની ભૂમિકા પર ભાર મૂક્યો હતો. આયોજકોએ આ ઝુંબેશને વસાહતી-યુગની નીતિઓ તરીકે માને છે જે હિંદુ મંદિરો પર રાજ્યના નિયંત્રણને મંજૂરી આપે છે, જે અન્ય ધર્મોની સંસ્થાઓને આપવામાં આવેલી વધુ સ્વાયત્તતા સાથે વિરોધાભાસી છે. આ ઝુંબેશ હિંદુ મંદિરો પર સરકારના નિયંત્રણની વર્તમાન પ્રણાલીને લઈને હિંદુ સમુદાયના કેટલાક સભ્યોમાં અસંતોષથી ઉદભવી છે. કાર્યક્રમમાં વક્તાઓએ ભંડોળના કથિત દુરુપયોગ, ભ્રષ્ટાચાર, સંસાધનોના ગેરવહીવટ, રાજકીય હસ્તક્ષેપ અને પરંપરાગત ધાર્મિક વિધિઓ અને રિવાજોનો ઉલ્લેખ કર્યો હતો. તેઓએ દાવો કર્યો હતો કે આ પરિબળોએ મંદિરોની પવિત્રતા અને આધ્યાત્મિક વાતાવરણને અસર કરી છે. મંદિર પ્રશાસનમાં બિન-હિન્દુઓની નિમણૂક એ ઈવેન્ટમાં ઉઠાવવામાં આવેલા મુખ્ય મુદ્દાઓમાંનો એક હતો. ઉપસ્થિત લોકોએ દલીલ કરી હતી કે આ હિંદુ પરંપરાઓ અને ભક્તોની ભાવનાઓને ઠેસ પહોંચાડે છે. એવો પણ દાવો કર્યો હતો કે વર્તમાન પ્રણાલીએ ઘણા મંદિરોને ભંડોળ પૂરૂં પાડ્યું નથી અને તેની જાળવણી નબળી પડી છે. વક્તાઓએ 'સારા ભંડોળ' માટે મંદિરની આવકની નિશ્ચિત ટકાવારી, સામાન્ય રીતે લગભગ ૫% એકત્રિત કરવાની રાજ્ય સરકારની પ્રથાની ટીકા કરી, અને તેને અન્યાયી અને હિંદુ મંદિરોના હિત માટે હાનિકારક ગણાવ્યું હતું. ઘણા લોકોએ મંદિરના પૂજારીઓ અને કર્મચારીઓના નાણાકીય પડકારો અંગે દાવો કર્યો કે વર્તમાન પ્રણાલીએ તેમને ભંડોળ ઓછું આપ્યું છે.

**'મંદિર સંચાલનમાં પ્રણાલીગત સમસ્યાઓ'**

આ કાર્યક્રમમાં આયોજકોએ 'મંદિર વ્યવસ્થાપનમાં પ્રણાલીગત સમસ્યાઓ' દર્શાવી છે. તેઓએ મંદિરની મિલકતો અને કથિત રીતે અતિક્રમણ કરાયેલી જમીનોને પુનઃ પ્રાપ્ત કરવા અને જવાબદારો માટે શિક્ષાત્મક પગલાં લેવાની હાકલ કરી હતી. આયોજકોએ દાવો કર્યો હતો કે આ માગણીઓ બંધારણના અનુચ્છેદ ૧૨, ૨૫ અને ૨૬ સાથે જોડાયેલી છે, જેને તેઓ બાહ્ય હસ્તક્ષેપ વિના ધાર્મિક સંસ્થાઓનું સંચાલન કરવાના તેમના અધિકારનું સમર્થન કરે છે. વક્તાઓએ એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે હિંદુ સમુદાય તેના મંદિરોને કાર્યક્ષમતા અને પારદર્શિતા સાથે સ્વતંત્ર રીતે સંચાલિત કરવામાં સક્ષમ છે, અને તેઓએ સરકારની સંડોવણીની જરૂરિયાત પર પ્રશ્ન ઉઠાવ્યા છે.

**'અયોધ્યા મોડલ'**

આ કાર્યક્રમમાં વક્તાઓએ વર્તમાન પ્રણાલીમાં વ્યાપક ફેરફાર કરવાની હાકલ કરી હતી અને અયોધ્યા રામ મંદિરને સફળ મોડેલ તરીકે ટાંક્યું હતું. સરકારની દેખરેખ વિના સ્વતંત્ર ટ્રસ્ટ દ્વારા સંચાલિત, મંદિરની પારદર્શક કામગીરી માટે પ્રશંસા કરવામાં આવી હતી. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના ખજાનચી ગોવિંદ દેવ ગીર જી મહારાજે આંધ્રપ્રદેશમાં સ્વાયત્તતાના નમૂના તરીકે અયોધ્યા મોડલ અંગે વાત કરી. તેમણે હિંદુઓને શિવાજીના નેતૃત્વના ગુણો અપનાવવા પ્રોત્સાહિત કર્યા અને અયોધ્યાની જેમ રાષ્ટ્રવ્યાપી મંદિરની સ્વાયત્તતાની હિમાયત કરી. સરકારી નિયંત્રણની ટીકા કરતા, તેમણે ટિપ્પણી કરી કે પૂજાના સમયગાળા જેટલા ચોક્કસ નિર્ણયો રાજ્યના અધિકારક્ષેત્ર હેઠળ ન આવવા જોઈએ. મંદિરોની પવિત્રતા અને અસરકારક કામગીરી જાળવવા માટે પૂજારીઓ અને ધાર્મિક કર્મચારીઓનું કલ્યાણ સુનિશ્ચિત કરવું મહત્ત્વપૂર્ણ છે. આંધ્ર પ્રદેશના પૂર્વ મુખ્ય સચિવ એલ.વી. સુબ્રમણ્યમે, જેઓ આ કાર્યક્રમમાં વક્તાઓમાં સામેલ હતા, તેમણે કહ્યું કે ૧૯૮૭નો એન્ડોમેન્ટ એક્ટ હિંદુ મંદિરો માટે હાનિકારક છે. તેમણે દલીલ કરી હતી કે આ અધિનિયમ પૂજારીઓને સરકારી કર્મચારીઓ તરીકે પુનઃવ્યાખ્યાયિત કરે છે,



જેમની બદલી અને નિવૃત્તિ થાય છે. સુબ્રમણ્યમે જણાવ્યું હતું કે આ કાયદાએ મંદિરની પરંપરાઓને ખલેલ પહોંચાડી છે અને મર્યાદિત આવક ધરાવતા નાના મંદિરોને અપ્રમાણસર અસર કરી છે. નાણાકીય પડકારો પર તેમણે નોંધ્યું કે આંધ્ર પ્રદેશમાં ૨૦,૦૦૦થી વધુ મંદિરોની ન્યૂનતમ આવક છે, ત્યારે માત્ર આઠ જ મંદિરોની નોંધપાત્ર આવક છે. સર્વોચ્ચ અદાલતે પૂજારીઓની તરફેણમાં ચુકાદો આપ્યો હોવા છતાં, આ કાયદાઓ યથાવત છે.

**'હિન્દુ પરંપરાઓનું જતન'**

ધાર્મિક નેતા ચિન્ના જીયારે મંદિરની મિલકતોમાં ઘટાડો દર્શાવતા કહ્યું કે તે રાજ્યના નિયંત્રણ હેઠળના ગેરવહીવટને લીધે છે. જેયરે મંદિરની ધાર્મિક વિધિઓનું નિયમન કરવામાં અધિકારીઓની ભૂમિકા પર પણ સવાલ ઉઠાવ્યા હતા અને કહ્યું કે, શું અધિકારીઓએ એ નક્કી કરવું જોઈએ કે પૂજા પાંચ કે ૩૦ મિનિટ સુધી ચાલવી જોઈએ ? શું આપણા માટે આપણા મંદિરોનું સંચાલન કરવું શક્ય નથી ? તેમણે એવી પ્રથાઓની પણ ટીકા કરી હતી કે જે નિયમિત ભક્તો કરતાં VIPને પ્રાથમિકતા આપે છે. તિરૂપતિનું ઉદાહરણ ટાંકીને તેમણે દાવો કર્યો કે ૪.૫ લાખ લોકોએ વીઆઈપી દર્શન કર્યા, જેના કારણે સામાન્ય ભક્તોને દિવસો સુધી રાહ જોવી પડી. તેમણે ચેતવણી આપી હતી કે આવી પ્રથાઓ ભ્રમણા અને અન્ય ધર્મોમાં પરિવર્તન તરફ દોરી શકે છે. ધાર્મિક નેતા ગણપતિ સચ્ચિદાનંદે હિંદુ પરંપરાઓ જાળવવા અને પશ્ચિમી સાંસ્કૃતિક પ્રથાઓથી દૂર રહેવાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે, હિંદુ જન્મવું એ આપણું સૌભાગ્ય છે. આપણા રાજાઓ દ્વારા બાંધવામાં આવેલ મંદિરની મિલકતો અને પરંપરાઓનું રક્ષણ કરવાની જવાબદારી આપણી છે. નવા વર્ષની ઉજવણી, કેક કાપવા અને મીણબત્તીઓ ફૂંકવી એ એવી પરંપરાઓ નથી જેને આપણે અનુસરવી જોઈએ. હું આશા રાખું છું કે આ હૈંદવ સંઘરવમનો ઉદ્દેશ્ય સિદ્ધ થશે. ગીતકાર અનંત શ્રીરામે પણ ફિલ્મોમાં હિંદુ પરંપરાઓના ચિત્રણ અંગે ચિંતા વ્યક્ત કરતા રામાયણ જેવા મહાકાવ્યોની 'વિકૃતિ' અને કર્ણ જેવા પાત્રોના નકારાત્મક નિરૂપણ માટે ફિલ્મ ઉદ્યોગની ટીકા કરી, અને કલ્કી જેવી તાજેતરની ફિલ્મોનો સંદર્ભ આપ્યો હતો અને કહ્યું કે, કેટલીક ફિલ્મો હિન્દુ ધર્મને બદનામ કરી રહી છે.

**જાતિની વસ્તી ગણતરી : 'પહેલા હિંદુઓ, પછી જાતિ'**

હૈંદવ સાંખરવમનો સમય અને સ્થાન વ્યૂહાત્મક વિચારણાઓ સૂચવે છે. VHPની રાજ્ય પાંખના એક સ્ત્રોતે, નામ ન આપવાની શરતે ધ વાયરને જણાવ્યું હતું કે આંધ્ર પ્રદેશને તેના ધાર્મિક મહત્ત્વને કારણે અને જાતિની વસ્તી ગણતરીના આહ્‌વાનના પ્રતિભાવ તરીકે ઝુંબેશના લોન્ચપેડ તરીકે પસંદ કરવામાં આવ્યું હતું. VHPએ આ પહેલને 'પહેલા હિન્દુ અને જ્ઞાતિ પછી' પ્રયાસ તરીકે તૈયાર કરી છે, જેનો હેતુ જ્ઞાતિને બદલે ધર્મના આધારે હિન્દુઓમાં એકતા વધારવાનો છે. આ ઝુંબેશની રાજકીય અસર પણ છે, ખાસ કરીને ભારતીય જનતા પાર્ટી (BJP) માટે, જેણે ઐતિહાસિક રીતે આંધ્રપ્રદેશમાં મર્યાદિત ચૂંટણી વિજય મેળવ્યો છે. આ ઝુંબેશ હિન્દુ રાષ્ટ્રવાદી ભાવનાઓને અપીલ કરીને તેમનો પ્રભાવ વિસ્તારવા માટે ભાજપ અને જનસેના પાર્ટી (JSP) વચ્ચેની સહયોગી વ્યૂહરચનાનો એક ભાગ છે.

**ભાજપ માટે પડકારો**

આંધ્ર પ્રદેશના નાયબ મુખ્ય પ્રધાન અને JSP પ્રમુખ કે. પવન કલ્યાણને હિંદુ કારણોના હિમાયતી તરીકે જોવામાં આવે છે અને VHP, BJP અને તેમના સહયોગીઓ વચ્ચેનું આ જોડાણ ચોક્કસ મતદાતા જૂથોને ઉત્સાહિત કરી શકે છે. તિરૂપતિ લાડુ વિવાદ બાદ તેમની ૧૧ દિવસની તપસ્યાના અંતે, કલ્યાણે 'સનાતન ધર્મ રક્ષા બોર્ડ'ની સ્થાપના કરવાની તમામ હિંદુઓ વતી તેમની ઈચ્છા વ્યક્ત કરતા આવી સમાન માગણી કરી હતી. આ અભિયાન વ્યૂહાત્મક મહત્ત્વ ધરાવે છે, ત્યારે તે ભાજપ માટે પડકારો પણ ઉભો કરે છે. તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી), જે ભાજપના મુખ્ય સહયોગી છે, તે લઘુમતીઓ અને આર્થિક રીતે નબળા વર્ગોના સમર્થન પર નોંધપાત્ર રીતે આધાર રાખે છે, જેમાં મોટાભાગે ઐતિહાસિક રીતે દલિત જાતિના લોકોનો સમાવેશ થાય છે. આનાથી ટીડીપી માટે તેના મતદાર આધારને દૂર કરવાનું જોખમ લીધા વિના ધાર્મિક રીતે કેન્દ્રિત ઝુંબેશને સંપૂર્ણ રીતે સમર્થન આપવાનું પડકારરૂપ બને છે. વધુમાં, YSR કોંગ્રેસ પર રાજકીય દબાણ ઊભું કરવા આ ઝુંબેશનો લાભ લે તેવી અપેક્ષા પણ છે.

# બાંગ્લાદેશની સરકારે શેખ હસીનાનો પાસપોર્ટ રદ્દ કર્યો, ભારતે વિઝા વધારી આપ્યો

(એજન્સી) તા.૮

બાંગ્લાદેશમાં ૫ ઓગસ્ટના બળવા બાદથી પદભ્રષ્ટ વડાપ્રધાન શેખ હસીનાએ ભારતમાં આશરો લીધો છે. દરમિયાન, એવા સમાચાર છે કે ભારતમાં તેના વિઝાની મુદત લંબાવવામાં આવી છે. સૂત્રોનું કહેવું છે કે, ભારત સરકારે શેખ હસીનાના વિઝાની મુદત વધારી દીધી છે, જેના પછી તેમના ભારતમાં રહેવાને લઈને કોઈ સમસ્યા નહીં રહે. બાંગ્લાદેશથી ભાગી ગયા પછી, શેખ હસીના ભારતમાં હિંડન એરબેઝ પહોંચી, જ્યાંથી તેને દિલ્હીના એક સેફહાઉસમાં સ્થાનાંતરિત કરવામાં આવી છે.

આ દરમિયાન બાંગ્લાદેશની વચગાળાની સરકારના વડા મુહમ્મદ યુનુસે ૨૩ ડિસેમ્બરે ભારત સરકારને શેખ હસીનાના પ્રત્યાર્પણ માટે વિનંતી કરી હતી. સૂત્રોએ સ્પષ્ટતા કરી છે કે ભારતમાં શરણાર્થી કાયદાની ગેરહાજરીને કારણે શેખ હસીનાને હજુ સુધી કોઈ શરણાર્થીનો દરજ્જો આપવામાં આવ્યો નથી. આ પહેલા મંગળવારે બાંગ્લાદેશી સત્તાવાળાઓએ શેખ હસીના સહિત ૯૭ લોકોના પાસપોર્ટ રદ કરી દીધા હતા. તેમાંથી ૨૨ લોકો કથિત અપહરણમાં તેમની સંડોવણી માટે આરોપોનો સામનો કરી રહ્યા છે, જ્યારે ૭૫ અન્ય લોકો પર ગયા વર્ષે વિદ્યાર્થી વિરોધી વિરોધ દરમિયાન હત્યાનો આરોપ છે.

તમને જણાવી દઈએ કે ગયા વર્ષે ૫ ઓગસ્ટના રોજ શેખ હસીનાની સરકારને ઉથલાવી દેવામાં આવી હતી. એ જ દિવસે શેખ હસીનાએ વડાપ્રધાન પદેથી રાજીનામું આપી દીધું અને ભારત આવ્યા. હાલમાં શેખ હસીના ભારતમાં રહે છે. શેખ હસીનાએ દેશ છોડ્યા પછી, મોહમ્મદ



યુનુસના નેતૃત્વમાં વચગાળાની સરકારની રચના કરવામાં આવી. યુનુસે ઘણી વખત શેખ હસીનાના પ્રત્યાર્પણની માંગણી કરી છે, બાંગ્લાદેશમાં શેખ હસીના વિરૂદ્ધ ઘણા અપરાધિક કેસ પણ દાખલ કરવામાં આવ્યા છે અને આંતરરાષ્ટ્રીય કોર્ટમાં તેમની વિરૂદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યો છે.

તે જાણીતું છે કે બાંગ્લાદેશમાં આ વર્ષે જાન્યુઆરીમાં સામાન્ય ચૂંટણી યોજાઈ હતી. શેખ હસીનાની પાર્ટી અવામી લીગે આ ચૂંટણીઓમાં મોટી જીત મેળવી હતી અને દેશમાં પાસપોર્ટ હતો. અવામી લીગે સંસદમાં ૩૦૦માંથી ૨૨૪ બેઠકો જીતી હતી. શેખ હસીના ૨૦૦૯થી બાંગ્લાદેશના વડાપ્રધાન હતા. તેઓ સૌથી લાંબા સમય સુધી વડાપ્રધાન પદ સંભાળનાર પ્રથમ મહિલા હતા.

# આશા, એકતા અને સકારાત્મકતાના સંદેશા સાથે 'વિદ્યાર્થી સપ્તાહ'નું સમાપન કરતાં મમતા બેનરજી

## મમતા બેનરજીએ કહ્યું કે, બંગાળ એ તો સાંસ્કૃતિક નવજાગરણની ભૂમિ છે અને આપણા બતાવેલા આદર્શો અને ગુણો વિશ્વભરમાં ફેલાયા છે

(એજન્સી) કોલકાતા, તા.૮

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ એક સપ્તાહથી ચાલી રહેલી વિદ્યાર્થી સપ્તાહની ઉજવણીનું સમાપન કર્યું હતું અને આશા, એકતા તથા સકારાત્મકતાનો સંદેશો આપ્યો હતો. 'વિદ્યાર્થી સપ્તાહ'ની ઉજવણીની પુર્ણાહૂતિનો કાર્યક્રમ કોલકાતામાં ધોનો ધન્યો ઓડિટોરિયમમાં યોજાયો હતો. આ કાર્યક્રમમાં મમતાના હસ્તે રાજ્યના વિવિધ વિસ્તારોના વિદ્યાર્થીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું અને આ વર્ષની સંતોષ ટ્રોફી વિજેતા પશ્ચિમ બંગાળની ટીમનું પણ બહુમાન કરવામાં આવ્યું હતું. તા.૧થી ૭ જાન્યુઆરી સુધી સમગ્ર રાજ્યમાં વિવિધ કાર્યક્રમો સાથે શાળાઓ તેમજ કોલેજો અને યુનિવર્સિટીઓ અને અન્ય શિક્ષણ સંસ્થાઓમાં વિદ્યાર્થી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.

જાગૃતિ ઝુંબેશ પણ યોજાઈ હતી અને રાજ્ય સરકારે વિદ્યાર્થીઓ માટે લીધેલા પગલા અને ખાસ કરીને વિવિધ સ્કોલરશીપ તથા ધિરાણ કાર્ડની સુવિધા જેવી યોજનાઓથી વિદ્યાર્થીઓને વાકેફ કરવામાં આવ્યા હતા. શિક્ષકો અને પ્રોફેસરો સાથે વાલીઓના મિલનનો કાર્યક્રમ યોજાયો હતો અને વિદ્યાર્થીઓ માટે સેમિનાર અને પરિસંવાદોનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીલક્ષી સરકારી યોજનાઓ કન્યાશ્રી, શિક્ષાશ્રી અને એક્યાશ્રી યોજનાઓના લાભાર્થીઓનું સીએમના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. એમના હસ્તે વિદ્યાર્થીઓને સાઈકલ વિતરણ પણ કરવામાં આવ્યું હતું. ઓલ ઈન્ડિયા ટ્રેડ ટેસ્ટમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર આઈ.ટી.આઈ.માંના વિદ્યાર્થીઓને દરેકને રૂા.૫૦,૦૦૦ના ચેક



આપવામાં આવ્યા હતા ત્યારે સંતોષ ટ્રોફી વિજેતા ટીમના સભ્યોને દરેકને રૂા.બે-બે લાખનું ઈનામ અપાયું હતું અને દરેકને પોલીસ દળમાં એએસઆઈની નોકરીની ઓફર પણ કરવામાં આવી હતી. મુખ્યમંત્રીએ વિદ્યાર્થીઓને આશા તથા એકતા અને સકારાત્મકતાનો સંદેશો આપ્યો હતો અને એમને પ્રોત્સાહિત કર્યા હતા. કવિ વર રવિન્દ્રનાથ ટાગોર તથા કાઝી નઝરૂલ ઈસ્લામ તેમજ રાજા રામ મોહન રાય અને ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરમાંથી પ્રેરણા લેવા અને એક બનીને ભેદભાવ તથા અત્યાચારનો સામનો કરવા તેમણે વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો હતો. મમતાએ કહ્યું હતું કે, બંગાળ તો સાંસ્કૃતિક નવજાગરણની ભૂમિ છે બંગાળ એ સંસ્કૃતિની રાજધાની છે અને આપણા ગુણો અને સિદ્ધાંતો વિશ્વભરમાં ફેલાયેલા છે.

# 'પૂજારીઓ માટે ક્રાંતિ' : કેજરીવાલે કહ્યું કે, ભાજપના પૂજારી સેલના સભ્યો AAPમાં જોડાઈ રહ્યા છે

(એજન્સી) તા.૮

દિલ્હી વિધાનસભા ચૂંટણી પહેલાં આમ આદમી પાર્ટીએ ભાજપને વધુ એક ઝટકો આપ્યો છે. ભાજપના મંદિર પ્રકોષ્ઠના ધર્મગુરૂઓ આપમાં જોડાયા છે. આપના અધ્યક્ષ અરવિંદ કેજરીવાલે દિલ્હીના પૂજારીગણ માટે સનાતન સેવા સમિતિની રચના કરી છે. આ કાર્યક્રમમાં વિવિધ મંદિર સંસ્થાનના પૂજારીઓ, ધર્મગુરૂઓને આપમાં જોડાયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આપ પાર્ટીએ આજે જાહેરાત કરી હતી કે, તે સનાતન સેવા સમિતિની શરૂઆત કરવા જઈ રહી છે. ભાજપના મંદિર પ્રકોષ્ઠના ૧૦૦થી વધુ લોકો કેજરીવાલની ઉપસ્થિતિમાં આપમાં જોડાયા છે. દિલ્હીના તમામ પૂજારી અમને સમર્થન આપી રહ્યા છે અને અમને આશીર્વાદ આપી રહ્યા છે. અરવિંદ કેજરીવાલે ચૂંટણી પ્રચારમાં પોતાની સરકાર ફરી રચાય તો મંદિરના પૂજારીઓ અને ગ્રંથીઓને રૂા.૧૮,૦૦૦ની સહાય આપતી પૂજારી ગ્રંથી સન્માન રાશિ સ્કીમ જાહેર કરી હતી. આ જાહેરાતના કારણે અનેક મંદિર સંસ્થાન સાથે જોડાયેલા લોકો આપને સમર્થન આપતા જોવા મળ્યા છે. આજે વિજય શર્મા, આચાર્ય બ્રિજેશ શર્મા, મનિષ ગુપ્તા, દુષ્યંત શર્મા, ઉદયકાંત જહાં, વિરેન્દ્ર, સોહનદાસ, શ્રવણદાસ આપમાં જોડાયા છે. આ તમામ સભ્યો સનાતન સેવા સમિતિના સભ્ય બનશે. અરવિંદ કેજરીવાલે પૂજારી ગ્રંથી સન્માન રાશિ સ્કીમ જાહેર કરતાં નિવેદન આપ્યું



હતું કે, સનાતન ધર્મ માટે ખૂબ મોટું કામ કરવા જઈ રહ્યો છું. પૂજારી અને સંત ૨૪ કલાક કામ કરે છે, લોકો અને ભગવાન વચ્ચે સેતુની જેમ કામ કરતાં લોકોની સેવા કરવાની તક મળી છે. હું પોતાને ભાગ્યવાન માનું છું. મને જાણવા મળ્યું છે કે, ભાજપનું મંદિર પ્રકોષ્ઠ છે. આ સંસ્થાન સાથે જોડાયેલા લોકોને ભાજપ વચનો આપે છે, પરંતુ પૂરા કરતું નથી. આમ આદમી પાર્ટી જે બોલે છે, તે કરે છે. અમે જાહેરાત કરવામાં વિલંબ જરૂર કર્યો છે, પરંતુ એકવાર જાહેરાત કરી દીધા બાદ અમે પાછળ નહીં હટીએ.

# 'એલોન મસ્ક ઈસ્લામોફોબિયાની દરેક કલ્પનાશીલ માહિતીને ઉત્તેજન આપી રહ્યા છે : ઓમર સુલેમાન

(એજન્સી) તા.૮

વૈશ્વિક સ્તરે વિખ્યાત મુસ્લિમ વિદ્વાન ઓમર સુલેમાને એલોન મસ્કના ઈસ્લામ વિરોધી ટ્વિટ્સન પગલે કહ્યું છે કે, તેઓ વિશ્વના આ સૌથી ધનાઢ્ય માણસને સુધારવા માટે તૈયાર છે. સુલેમાન કહે છે કે તેઓ ૨ અબજથી વધુ લોકોના ધર્મ પ્રત્યે અપ્રમાણિક છે અને તેટલા જ ખતરનાક છે. ઓમર સુલેમાને એલોન મસ્કને રાજકીય રીતે ઈસ્લામોફોબિયાની ઝુંબેશને સમર્થન બંધ કરવા હાકલ કરી છે અને જો મસ્ક તેના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર અજાણતા જ મુસ્લિમ વિરોધી કથા ફેલાવે છે તો તેઓએ વિશ્વના આ સૌથી ધનિક વ્યક્તિને વાતચીત માટે આમંત્રણ આપ્યું છે. વૈશ્વિક સ્તરે પ્રખ્યાત ઈમામ, ધર્મશાસ્ત્રી, માનવાધિકાર કાર્યકર્તા અને યકીન ઈન્સ્ટિટ્યૂટ ફોર ઈસ્લામિક રિસર્ચના પ્રમુખ સુલેમાને મંગળવારે મસ્ક પર ઈસ્લામ વિશે ખતરનાક અને અપ્રમાણિક ટ્વીટ્સ શેર કરવાનો આરોપ મૂક્યો હતો. જ્યારે ટેસ્લામાંથી કોઈ એક સ્વ-ડ્રાઈવિંગ કરતી વખતે કોઈને મારી નાખે છે અથવા વિસ્ફોટ કરે છે અને મીડિયા તમારા વાહનોને અસુરક્ષિત તરીકે ચાર્જ કરે છે, ત્યારે તમે મુસ્લિમો પ્રત્યે પૂર્વગ્રહ દર્શાવો છો, તમામ પ્રકારના આંકડા શેર કરો છો અને આક્ષેપ કરો છો કે મીડિયા આકસ્મિક રીતે અથવા ઈરાદાપૂર્વક આંકડાઓને ખોટી રીતે રજૂ કરે છે. તમે પ્રતિશોધના એજન્ડાને પ્રોત્સાહન આપો છો. છેલ્લા એક અઠવાડિયાથી, તમે ઈસ્લામના નામે માનવામાં આવતી ભયાનક ઘટનાઓના પસંદગીના જૂથને હાઈલાઈટ કરીને ઈસ્લામોફોબિયાની દરેક કલ્પનાશીલ વાર્તાને સમર્થન આપ્યું છે. ઈસ્લામને લક્ષ્યમાં રાખીને તમારી ટ્વીટ્સ એટલી જ ખતરનાક છે જેટલો તે



૨ અબજથી વધુ લોકોના ધર્મ પ્રત્યે તમે અપ્રમાણિક છો. સુલેમાને મસ્ક સાથે વાર્તાલાપની પણ તૈયારી દર્શાવી છે. તેમણે કહ્યું કે, જો તમે જાણતા નથી કે તમે આ કરી રહ્યા છો અને ખરેખર સ્પષ્ટતા ઈચ્છતા હો, તો હું તમારા માટે સુલભ છું અને અન્ય ઘણા લોકો સાથે અમે વાતચીત કરવા માટે તૈયાર છીએ. જો આ એક ઈરાદાપૂર્વકની ઝુંબેશ છે, તો પછી તમે ખરેખર તમે બધા દંભી છો. ડોનાલ્ડ ટ્રમ્પના નવા વહીવટીતંત્રમાં સલાહકાર તરીકે સેવા આપવા માટે તૈયાર થયેલા મસ્ક, યુકેની રાજકીય બાબતોમાં પણ દખલ કરી રહ્યા છે. તેમણે ઘણા દાયકાઓથી ઈંગ્લેન્ડમાં છોકરીઓની માવજત અને બળાત્કાર કરનાર પુરુષોની ગેંગ વિશે વિવાદ ઊભો કર્યો છે અને આ ગુનાઓમાં સામેલ કેટલાક લોકોની મુસ્લિમ અને પાકિસ્તાની વારસા પર ધ્યાન કેન્દ્રિત કરે છે જ્યારે તેઓ આવા ગુનાઓમાં સંડોવાયેલા મોટાભાગના શ્વેત અંગ્રેજોની અવગણના કરે છે. જુલાઈમાં લેબર પાર્ટીની ચૂંટણી થઈ ત્યારથી આ અબજોપતિ અને ટેસ્લાના સીઈઓએ બ્રિટિશ રાજકારણમાં રસ લીધો છે. મસ્કએ નવી ચૂંટણીની હાકલ કરવા માટે તેમના સોશિયલ નેટવર્ક, ઠ નો ઉપયોગ કર્યો છે અને યુકેના વડા પ્રધાન કીર સ્ટારરને જેલમાં મોકલવાની માંગ કરી છે. સોમવારે તેમણે સૂચન પર તેમના લાખો અનુયાયીઓ માટે ઑનલાઈન મતદાન પોસ્ટ કર્યું કેઃ અમેરિકાએ બ્રિટનના લોકોને તેમની અત્યાચારી સરકારમાંથી મુક્તિ આપવી જોઈએ. મસ્કના આ આક્ષેપો અગાઉની યુકે સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા ઈંગ્લેન્ડ, સ્કોટલેન્ડ અને વેલ્સના અભ્યાસોથી વિપરીત છે જેણે બ્રિટિશ અને અન્ય લોકોમાં લોકપ્રિય એશિયન ગેંગની માન્યતાને પહેલેથી જ દૂર કરી દીધી છે. ૨૦૨૦માં બ્રિટિશ હોમ ઑફિસ દ્વારા પ્રાયોજિત સંશોધન મુજબ, બાળ જાતીય શોષણની મોટાભાગની ગેંગ ૩૦ વર્ષથી ઓછી ઉંમરના ગોરા પુરુષોની બનેલી છે. કોઈપણ એક વંશીય જૂથનું વધુ પડતું પ્રતિનિધિત્વ હોવાના કોઈ વિશ્વસનીય પુરાવા નથી. ઉત્તર પશ્ચિમ ઈંગ્લેન્ડના પૂર્વ ચીફ ક્રાઉન પ્રોસીક્યુટર, નઝીર અફઝલે આ અહેવાલને આવકાર્યો હતો અને કહ્યું હતું કે, તે પુષ્ટિ કરે છે કે શ્વેત પુરૂષો સૌથી સામાન્ય અપરાધી છે, જેનો ઉલ્લેખ જમણેરી વિવેચકો દ્વારા ભાગ્યે જ થાય છે. ફેબ્રુઆરી ૨૦૨૪માં, સેન્ટર ઓફ એક્સપર્ટાઈઝ ઓન ચાઈલ્ડ સેક્સ્યુઅલ એબ્યુઝ થિંક ટેક્કે પ્રતિવાદીઓના વંશીયતા ડેટાનું વિશ્લેષણ કર્યું અને જાણવા મળ્યું કે વસ્તીના ૯ ટકા હોવા છતાં, એશિયન મૂળના પુરુષો, સામાન્ય રીતે, બાળ જાતીય દુર્વ્યવહારના ૭ ટકા કેસોમાં સામેલ હતા જ્યારે શ્વેત પુરુષો, જેઓ વસ્તીના ૮૩ ટકા છે, અને તેઓ આવા ૮૮ ટકા કેસોમાં અપરાધી હતા.

# IAS અધિકારી, જેણે ધોરણ ૧૦માં ૪૪.૭ ટકા મેળવ્યા હતા, રાજ્ય પ્રિલિમ્સમાં ૧૦ નિષ્ફળ પ્રયાસો કર્યા, પછીથી અખિલ ભારતીય ક્રમાંક ૭૭ સાથે UPSC પાસ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

UPSC સિવિલ સર્વિસ એક્ઝામ (CSE) જે દેશની સૌથી અઘરી પરીક્ષાઓમાંની એક માનવામાં આવે છે તેને પાસ કરવી મુશ્કેલ છે. આ હોવા છતાં, વહીવટી ક્ષેત્રમાં જોડાવાની આકાંક્ષાઓ સાથે, લાખો વિદ્યાર્થીઓ દર વર્ષે પરીક્ષા આપતા હોય છે. IAS અધિકારી અવનીશ શરણની સફર એક પ્રેરણાદાયી છે, જે આપણને બતાવે છે કે કેવી રીતે સામાન્ય શરૂઆતને અસાધારણ સફળતામાં પરિવર્તિત કરી શકાય છે. બિહારના વતની, અવનીશ શરણે પ્રાથમિક શિક્ષણ સરકારી શાળામાંથી મેળવ્યું હતું. તે એક સામાન્ય વિદ્યાર્થી હતો. ૧૦મા ધોરણમાં તેણે માત્ર ૪૪.૭ ટકા જ હાંસલ કર્યા હતા. બાદમાં, તેણે ૧૨મા ધોરણમાં ૬૫ ટકા સ્કોર કરીને



તેના પ્રદર્શનમાં થોડો સુધારો કર્યો. વધુમાં, તેણે ગ્રેજ્યુએશનમાં ૬૦ ટકા મેળવ્યા. એ હકીકતથી વાકેફ છે કે તે એક સરેરાશ વિદ્યાર્થી હતો, તેણે IAS અધિકારી બનવા માટે UPSC પાસ કરવાની ઈચ્છા રાખી. શરણ કમ્બાઈન્ડ ડિફેન્સ સર્વિસિસ (CDS) અને સેન્ટ્રલ પોલીસ ફોર્સિસ (CPF) પરીક્ષાઓ માટે પણ હાજર થયો હતો,બંને UPSC દ્વારા લેવામાં આવે છે. જોકે, તે આ ટેસ્ટમાં સફળ થઈ શક્યો ન હતો.વધુમાં, તેણે રાજ્ય PCS પ્રિલિમ્સમાં ૧૦ નિષ્ફળ પ્રયાસો કર્યા. UPSC CSEમાં તેના પ્રથમ પ્રયાસમાં, અવનીશ શરણે ઈન્ટરવ્યુ રાઉન્ડમાં પ્રવેશ મેળવ્યો હતો પરંતુ તેને લાયક થયો ન હતો. તેના બીજા પ્રયાસમાં, તેણે પ્રભાવશાળી અખિલ ભારતીય ક્રમાંક ૭૭ મેળવ્યું, તેના સપના સાકાર કર્યા. ૨૦૦૯માં, તે IAS અધિકારી બન્યો અને હાલમાં તે છત્તીસગઢના બિલાસપુર જિલ્લામાં પોસ્ટેડ છે.

# ન્યૂયોર્કમાં દેશી ભોજન પીરસતી ગુજરાતી મહિલાઓ કેવી રીતે કામ કરે છે; જાણો

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

ઘરનું ભોજન ખરેખર એક લક્ઝરી છે, ખાસ કરીને જ્યારે લોકો વર્ષો સુધી ઘરની બહાર રહે છે. ભોજન પ્રેમી ભારતીયો માટે, દેશી ખોરાક એ બધું છે જેની તેઓ ઈચ્છા રાખે છે. આવા ભારતીયોને માટે ગુજરાતી મહિલા સાહસિકોના જૂથે મુંબઈના પ્રખ્યાત ડબ્બાવાલા જેવી જ પહેલ કરી છે. તેની પાસે એક એવી સિસ્ટમ છે જે શહેરમાં ભારતીય કામદારોને ઘરેલું રાંધેલું, દેશ-શૈલીનું ભોજન પહોંચાડે છે. તેમની પાસે ફૂડ લાયસન્સની સંપૂર્ણ જટિલ સિસ્ટમની ઍક્સેસ છે જે ન્યૂયોર્કમાં કાયદેસર રીતે ચલાવવા માટે જરૂરી છે. વિવિધ સંઘર્ષોમાંથી પસાર થવા છતાં આ ગુજરાતી ડબ્બાવાળાઓ સમગ્ર ન્યૂયોર્કમાં તેમની સેવાઓની માંગમાં વધારો કરી રહ્યા છે. ભારે



માંગનું કારણ એ છે કે આ ભોજન ગ્રાહકોને ઘર જેવું વાતાવરણ અને તેમને તેમના ઘરના સ્વાદ સુધી પહોંચાડવાની સગવડતા પ્રદાન કરે છે, જે આવી પહેલની વિશાળ સંભાવના દર્શાવે છે. સોશિયલ મીડિયા કન્ટેન્ટ ક્રિએટર, ઈશાન શર્માએ પોતાનો વીડિયો શેર કર્યો છે, જેમાં તે ગુજરાતી મહિલાઓ દ્વારા ચલાવવામાં આવતા બિઝનેસ વિશે બોલતી જોઈ શકાય છે. તેણે કેપ્શન સાથે વીડિયો શેર કર્યો, ન્યૂયોર્કની ગુજ્જુ આંટીઝ. ઈશાને જણાવ્યું કે કેવી રીતે તેના એક મિત્રએ તેને આ ગ્રુપમાં પરિચય કરાવ્યો, જેનાથી તે સંપૂર્ણપણે પ્રભાવિત થયો. તેણે મને એક ગ્રુપ બતાવ્યું જેમાં તેઓને #4 કહેવાય છે, જેમાં ૮૦૦ લોકો હતા. કલ્પના કરો કે તેઓ દરરોજ કેટલા ગ્રાહકોને સેવા આપતા હશે. આ મહિલાઓ આટલા મોટા પાયા પર આટલો જટિલ વ્યવસાય કેવી રીતે ચલાવે છે તે સમજાવતા, તેણીએ લખ્યું, આ બધું વોટ્સએપ પર ચાલે છે. તે ઘરમાં બધો જ ખોરાક બનાવે છે અને એક કાકા તેને એક-એક કરીને દરેક ઓફિસમાં પહોંચાડે છે.

# ધોળકામાં બુખારી દાદાના નિશાનોનું હિન્દુ-મુસ્લિમ આગેવાનો દ્વારા સ્વાગત કરાયું

ધોળકા, તા.૮

અમદાવાદનાં જમાલપુર સ્થિત બુખારી દાદાના છીલ્લેથી ૩૦ જેટલા નિશાનો સાથેની પગપાળા મેદની મંગળવારે ધોળકા ખાતે પરોઢિયે લિલેજપુર વિસ્તારમા આવેલ પીર હઝરત સૈયદ નજમુદ્દિન ફઝલેઅલી ચિશ્તીની દરગાહ ખાતે આવી પહોંચી હતી. જ્યાંથી સવારે ૧૦ વાગે પીર શહીદ હજરત મહેમુદશાહ દાદાના નિશાનોનું ધોળકા નગરમાં આગમન થયું હતું. ધૂમ દાદા ધૂમ બુખારીનાં નારાઓથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. આ નિશાનો સાથેનું જુલૂસ નવી નગરપાલિકાથી મોહંમદી સ્કૂલ પાસે આવી પહોંચ્યું હતું. જ્યાં ધોળકા શહેર કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ દિનેશભાઈ મકવાણા, ધોળકા નગરપાલિકાના વિરોધ પક્ષના નેતા નૂરજહાંબેન સૈયદ, મ્યુનિસિપલ કાઉન્સિલરો સાકીરમિયા મલેક, આમિરભાઈ ટીમબલીયા, કોંગ્રેસ અગ્રણીઓ હરીશભાઈ પરમાર, જગદીશભાઈ ઝાલા, જીગ્નેશ શ્રીગોળ, મિતેષ મકવાણા વગેરેએ બુખારી દાદાના નિશાનોનું સ્વાગત કર્યું હતું. મનસુરી એમ.આઈ. કુપ્પીવાલા ગર્લ્સ હાઈસ્કૂલ પાસે અમદાવાદ જિલ્લા ભાજપ લઘુમતી મોરચાનાં



પ્રમુખ સલીમભાઈ મિર્ઝા, ભાજપ અગ્રણીઓ કમલ રાવલ અને પિયુષ કરેલિયાએ સ્વાગત કર્યું હતું. પીરાન પીરનાં છિલ્લા પાસે મુસ્લિમ ધર્મગુરૂ સૈયદ બબનમિયા કાદરી બાવા સાહેબે સ્વાગત કર્યું હતું. ટાવર બજાર ચોકમાં ધોળકા નગરપાલિકાના પ્રમુખ અશોકભાઈ મકવાણા, કારોબારી ચેરમેન કિંજલબેન જોશી, ધોળકા શહેર ભાજપ પ્રમુખ સુનીલભાઈ પટેલ, ભાજપ અગ્રણીઓ માજીદમિયા મલેક, સમીરભાઈ મનસુરી સહિતના મ્યુનિસિપલ કાઉન્સિલરો અને ચીફ ઓફિસર જતીનભાઈ મહેતાએ બુખારી દાદાના નિશાનોનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ નિશાન ધોળકા જૂના બસ સ્ટેન્ડ પાસે પીર હઝરતશા બાવાની દરગાહ ખાતે આવી પહોંચ્યા હતા. જ્યાં મુસ્લિમ ધર્મગુરૂ સૈયદ હુસનુદ્દીનમિયા બાવા હુસેની સાહેબ, દરગાહ કમીટીનાં પ્રમુખ ફારૂકમિયા પરમાર અને દરગાહ કમિટીના સભ્યોએ બુખારી દાદાના નિશાનોનું સ્વાગત કર્યું હતું. મલાવ તળાવ રોડ ભોપલા મસ્જિદ પાસે પીરઝાદાવાડ અને મલાવ યંગ યુનિયન દ્વારા ભડીયાદ જતા પદયાત્રીઓ માટે ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ નિમિત્તે ઐયુબખાન પઠાણ, વસીહૈદર પીરઝાદા, સફીભાઈ, અનીશભાઈ, મોઈન બાપુ, મકસુદભાઈ, જુનેદ બાપુ, તનવીરભાઈ, તુફેલભાઈ, કોંગ્રેસ અગ્રણીઓ મુસ્તનભાઈ લાટીવાલા, મુનાફભાઈ રાધનપુરી, હીનાબેન મકવાણા, શર્મિષ્ઠાબેન ચૌહાણ, ઈસ્માઈલભાઈ ઘાંચી, મનસુરખાન તાલુકદાર, ફિરોજખાન પઠાણ, વિક્રમસિંહ વાઘેલા હાજર રહ્યા હતા.

# તળાજા હાઈવે પર ખાનગી ટ્રાવેલ્સની બસમાં ભીષણ આગ



ઠળિયાથી સુરત જઇ રહેલી ખાનગી બસમાં અચાનક આગ લાગતાં યાત્રિકોનો માલ સામાન બળીને ખાક થઈ ગયો હતો. સદ્નસીબે યાત્રિકોનો બચાવ થયો છે. પ્રાપ્ત વિગતો મુજબ તળાજા હાઈવે ઉપર ધારડી નજીક ગોપાલ નામની ખાનગી ટ્રાવેલ્સની બસમાં આગ લાગતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ બસ ઠળીયાથી સુરત જઇ રહી હતી.

# પાર્કિંગ લાઈટ ચાલુ કર્યા વગર ટ્રક ઊભી રાખી અકસ્માત કરનાર ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૮

નડિયાદ તાલુકાના ભુમેલ નજીક પાર્કિંગ લાઈટ ચાલુ કર્યા વગર ટ્રક ઉભી રાખી હોય પાછળથી આવેલા મોટરસાયકલ ચાલકે આ ટ્રકમાં પોતાનું મોટરસાયકલ અથડાવતા તેનું અવસાન થયું હતું. આ ગુનામાં છેલ્લા ત્રણ મહિનાથી ફરાર ટ્રકનાચાલકને પોલીસે પકડી પડ્યો છે. મળતી માહિતી મુજબ વડતાલ પોલીસ સ્ટેશનના બી.એન.એસ. કલમ ૧૦૬(૧). ૨૮૧, ૨૮૫, ૧૨૫ તથા એમ.વી.એક્ટ ૧૭૭, ૧૩૪ મુજબના ગુનાનો આરોપી સંતોષકુમાર લાલ બહાદુર પાલ (ઉ.વ.૨૯ હાલ રહે. ઉત્તર પ્રદેશ) ગઇ તા.૮/૧૦/૨૦૨૪ ના રોજ આઈશર વડે અકસ્માત કરી સ્થળ ઉપરથી ભાગી ગયો હતો અને સતત છેલ્લા ત્રણેક મહિનાથી નાસતો ફરતો હોય જેની માહિતી એકત્ર કરી ટેક્નિકલ સર્વેલન્સ તથા હ્યુમન ઈન્ટેલીજન્સની મદદથી આરોપીને



ભરૂચ જિલ્લાના દહેજ ગામથી રીલાયન્સ કંપનીના ટ્રેન્કરના પાર્કિંગમાંથી આરોપીને પકડી પાડી વિશ્વાસમાં લઇ પૂછતા જણાવેલ કે, પોતે ગત તા.૮/૧૦/૨૦૨૪ના રોજ પોતાનું આઈસર ગાડી અમદાવાદથી વડોદરા તરફ જતા ને.હા.નં.૪૮ ઉપર ભુમેલ ઓવરબ્રીજ ચડતા રોડ ઉપર પાર્કિંગ લાઈટ કે આડશ ઉભી કર્યા વગર ઉભી રાખેલ દરમ્યાન એક મો.સા.કિ સાથે અકસ્માત કરી પોતાની આઈસર ગાડી સ્થળ ઉપર મુકી નાસી ગયો હતો.

# વિવાદના વંટોળમાં ઘેરાયેલા MSUના વી.સી. વિજયકુમાર શ્રીવાસ્તવે રાજીનામું આપ્યું

## વી.સી.ની નિમણૂકને યુ.નિ.ના પ્રોફેસરે હાઈકોર્ટમાં પડકારી હતી જે નિયમો વિરૂદ્ધ હોવાથી રદ કરવાની માંગ કરી હતી, સુનાવણી વેળા વી.સી.ના રાજીનામાનો ઘટસ્ફોટ

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૮



વડોદરાની એમ.એસ.યુનિવર્સિટીમાં વાઈસ ચાન્સેલર તરીકેનો પદભાર પ્રોફેસર ડોક્ટર વિજયકુમાર શ્રીવાસ્તવ સંભાળતા જ અનેક વિવાદો સામે આવ્યા હતા અને સતત વીસી વિવાદોમાં ઘેરાયેલા જોવા મળ્યા હતા. જ્યારે તેમની લાયકાત અંગે યુનિવર્સિટીના જ પ્રોફેસર સતીશ પાઠકે હાઈકોર્ટમાં તેમના વિરૂદ્ધ પિટિશન દાખલ કરી હતી. જેમાં સુનાવણી દરમિયાન વીસીના રાજીનામાનો ઘટસ્ફોટ થયો હોવાનું જાણવા મળ્યું છે. ફેબ્રુઆરીમાં વીસીનો કાર્યકાળ પૂર્ણ થવાનો હતો. પરંતુ, તે પહેલા જ રાજીનામું આપી દીધું છે. પ્રાપ્ત માહિતી અનુસાર એમ.એસ.યુનિવર્સિટીના વીસીની નિમણૂકને યુનિવર્સિટીના જ પ્રોફેસર સતીશ પાઠકે હાઈકોર્ટમાં પડકાર આપ્યો હતો. વીસી વિજય કુમાર શ્રીવાસ્તવની નિમણૂક નિયમો વિરૂદ્ધ હોવાની હોવાથી રદ કરવાની દાદ માંગી હતી. સર્ચ કમિટી UGCના નિયમો મુજબ ન હોવાની અને વીસી વિજયકુમાર શ્રીવાસ્તવ પાસે પૂરતી યોગ્યતા પણ ન હોવાની અરજદારે દલીલ કરી હતી. હાલ યુનિવર્સિટીના વીસી વિજયકુમાર શ્રીવાસ્તવ્ય રાજીનામું આપી દીધું હોવાનું જાણવા મળ્યું છે અને આ વાત કોર્ટમાં સુનાવણી દરમિયાન સરકારી વકીલ દ્વારા રજૂ કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. ત્યારે બીજી તરફ યુનિવર્સિટીમાં વીસીની વિરૂદ્ધની લોબીમાં ખુશીની લહેર ફેલાઈ ગઈ છે. ત્યારે હવે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીને નવા વાઈસ ચાન્સેલર મળશે.

### વડોદરાના કુબેર ભવનમાં આવેલ

# પેન્શન કચેરીના કર્મચારીનું પેન્શનર સાથે ઉદ્ધત વર્તન : અમે ફોર્મ રાખતાં નથી

## બે દિવસ સળંગ ધક્કા ખવડાવ્યા બાદ ત્રીજા દિવસે કહ્યું; સરકારે ફોર્મ આપવાની ના પાડી છે, સ્ટેશનરીની દુકાનમાંથી ફોર્મ મળી જશે

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૮

વડોદરાના કુબેર ભવનમાં આવેલી પેન્શન કચેરીમાં તબીબી સારવારના નાણા મજરે મેળવવાના ફોર્મ માટે સિનિયર સિટિઝનોને ધક્કા ખવડાવ્યા બાદ આ ફોર્મ સરકાર આપતી નથી તેમ કહી સ્ટેશનરી દુકાનમાંથી ખરીદો તેમ કહી દેવાયું હોવાનો આક્ષેપ સિનિયર સિટીઝન દ્વારા કરવામાં આવ્યો હતો. જેના પગલે સિનિયર સિટિઝનોમાં રોષ ફેલાયો છે. કુબેર ભવનના ગ્રાઉન્ડ ફ્લોર પર પેન્શન કચેરી આવેલી છે. આ કચેરીમાં નાની મોટી બાબતોમાં સિનિયર સિટિઝનોને મુશ્કેલીનો સામનો તો કરવો પડતો હોય છે પરંતુ તબીબી સારવાર માટેના ફોર્મ માટે પણ હેરાનગતિ કરાતી હોવાનું જાણવા મળ્યું છે. તાજેતરમાં એક સિનિયર સિટિઝન તબીબી સારવાર માટેનું ફોર્મ લેવા પેન્શન કચેરીએ ગયા ત્યારે કચેરીમાંથી કાલે આવજો તેમ કહેવામાં આવ્યું હતું. બીજા દિવસે સિનિયર સિટિઝન ફરીથી ગયા ત્યારે પણ વાયદો બતાવ્યો હતો. ત્રીજા દિવસે પણ સિનિયર સિટિઝન ગયા ત્યારે ત્યાં હાજર કર્મચારીએ ઉધ્ધત જવાબો આપવાનું ચાલુ કર્યું હતું તેવા આક્ષેપ સિનિયર સિટીઝને કર્યા હતા. શરૃઆતમાં ફોર્મ નથી અને પછી અમે ફોર્મ રાખતા નથી સરકારે ફોર્મ આપવાની ના પાડી છે તેવા જવાબો આપ્યા હતાં. છેલ્લે એમ કહી દીધું કે જૂની આરાધના ટોકિઝ પાસેની સ્ટેશનરી દુકાનમાંથી ફોર્મ મળી જશે. સિનિયર સિટિઝને અડધો કિ.મી. દૂર આવેલી સ્ટેશનરીની દુકાને જવું પડ્યું હતું અને જે ફોર્મ સરકારી કચેરીમાંથી મફત મળવું જોઈએ તેના બદલે રૂા.૨૦ ચૂકવીને ફોર્મ લીધું હતું. સિનિયર સિટિઝનો દ્વારા એવા પ્રશ્ન કરવામાં આવ્યા હતાં કે જો ફોર્મ માટે જ ધક્કા ખવડાવતા હોય તો જયારે તબીબી ખર્ચની રકમ મંજૂર કરવાની થાય ત્યારે કેટલી હેરાનગતિ સહન કરવી પડે. મહત્ત્વની બાબત એ છે કે સ્ટેશનરીની દુકાનવાળાએ પણ માનવતા ગુમાવી હતી અને ઝેરોક્ષ કાઢવાની પણ સ્પષ્ટ ના પાડી પેન્શન કચેરીના કર્મચારીના આશિર્વાદથી માત્ર ત્રણ પેજના રૂા.૨૦ ધરાર પડાવી લીધા હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો હતો.

# મોડાસામાં રખડતા શ્વાનોનો ત્રાસ : ચાર લોકોને બચકાં ભર્યાં

(સંવાદદાતા દ્વારા)

મોડાસા, તા.૮

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં રખડતા શ્વાનનો ત્રાસ જોવા મળી રહ્યો છે. મોડાસા નગર પાલિકા વિસ્તારમાં રખડતા શ્વાનના કરડવાની ઘટનાઓ દિન પ્રતિદિન સામે આવી રહી છે, જોકે મોડાસા નગર પાલિકાની ટીમની કામગીરી પર સવાલો ઉઠી રહ્યા છે. મોડાસા ચાર રસ્તા સ્ટેટ બેંક નજીક બે દિવસમાં ત્રણ થી ચાર વ્યક્તિઓને રખડતા શ્વાને બચકા ભર્યાની ઘટના સામે આવી છે.

બુધવારના દિવસે ભાનાભાઈ પરમાર સ્ટેટ બેંકમાં કોઈ કારણોસર આવ્યા હતા, જ્યાં આસપાસના વિસ્તારમાં રખડતા શ્વાને બચકા ભર્યા હતા, જેને લઈને લોકોમાં ડરનો માહોલ જોવા મળી રહ્યો છે. સ્ટેટ બેંક ચાર રસ્તા શાખા નજીકના વિસ્તારમાં બે થી ત્રણ રખડતા શ્વાન ફરી રહ્યા છે, જે હડકાયા થયા હોવાની માહિતી મળી છે, જે આવતા જતાં લોકોને બચકા ભરતા, લોકોમાં ભયનો માહોલ સર્જાયો છે.

બુધવારના દિવસે વયોવૃદ્ધ નાગરિકના પગના ભાગે રખડતા શ્વાને બચકા ભર્યા હતા, સદભાગ્યે, લોકો દોડી આવ્યા હતા, જેને કારણે શ્વાન ને ખદેડી મુક્યા હતા.

મોડાસા સૂકા બજાર (નવશેતકત બજાર) દરગાહ પાસે આવતા જતાં કેટલાય લોકોને કૂતરાંઓએ બચકા ભરીને ઘાયલ કર્યાં હતાં આ અંગે મોડાસા નગરપાલિકામાં તેમજ કોર્પોરેટરને રજુઆત કરવાં છતાં કોઈ સાંભળતો નથી એવું લોકોનું કહેવું છે.

પાલિકા દ્વારા રખડતા અને હડકાયા થયેલા શ્વાનને પકડવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

### જંબુસર વિપક્ષના નેતા દ્વારા મુખ્યમંત્રીને રજૂઆત

# આયુષ્યમાન કાર્ડમાં સારવાર માટે એપ્રુવલ ન આવતા દર્દીઓ પરેશાન



જંબુસર, તા.૮

આયુષ્યમાન કાર્ડમાં સારવાર માટે એપ્રુવલ ન આવતું હોવાથી ઈમરજન્સી દર્દીઓને પડતી મુશ્કેલી દૂર કરવા જંબુસર વિપક્ષના નેતા શાકીરહુસેન મલેક દ્વારા મુખ્યમંત્રીને રજૂઆત કરાઇ છે. રજૂઆતમાં જણાવ્યું કે, હાલ આ યોજનાની અંદર જેમની પાસે કાર્ડ છે અથવા તો ઈમરજન્સીમાં નવા કાર્ડ કઢાવે છે તેવા લોકોને ઈમરજન્સી સારવારની જરૂર હોવા છતાં કાર્ડનું એપ્રુવલ મળતું નથી. તો મને એવું લાગે છે કે આ યોજનાનો દુરૂપયોગ ન થાય તે જરૂરી છે. પરંતુ સાચા દર્દીઓને તાત્કાલિક એપ્રુવલ મળવું પણ જરૂરી છે. ઘણા દર્દીઓ છેલ્લા એક અઠવાડિયાથી હોસ્પિટલની પથારીએ કાર્ડના એપ્રુવલ રાહ જોઈને બેઠા છે. ઈમરજન્સી ઓપરેશન કરવા જરૂરી હોવા છતાં તેમનું એપ્રુવલ મળતું નથી. જેથી તેઓના જીવનું જોખમ ઊભું થતું હોય છે. આ વિષયને ધ્યાનમાં લઈ તાત્કાલિક ધોરણે ઘટતું કરવા માંગ કરી છે.

# જામનગર : મંજૂરી વિના ગેરકાયદે ખડકી દેવાયેલી ૧૨ દુકાન ઉપર બુલડોઝર ફેરવી દેવાયું

## બિલ્ડરે મહાનગરપાલિકા સાથે સુપ્રીમ કોર્ટ સુધી લડત ચલાવી જ્યાં બાંધકામ કરનારની હાર થઈ

(સંવાદદાતા દ્વારા)

જામનગર, તા.૮

જામનગરમાં જૂની ગેલેક્સી ટોકીઝ નજીકના વિસ્તારમાં એક આસામી દ્વારા મહાનગરપાલિકાની કોઈ પણ પ્રકારની મંજૂરી વિના ગેરકાયદે રીતે ખડકી દેવામાં આવેલી ૧૨ જેટલી દુકાનો પર બુલડોઝર ફેરવી દઈ ડીમોલિશન કરવામાં આવ્યું હતું, ત્યારે ચુસ્ત પોલીસ બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો. બાંધકામ કરનાર દ્વારા છેક સુપ્રીમ કોર્ટ સુધી લડત ચલાવવામાં આવી હતી અને ત્યાં તેની હાર થઈ જતાં આખરે મહાનગરપાલિકાએ આજે ૫,૫૫૦ ચોરસ ફૂટ જગ્યાને ખુલ્લી કરાવી છે. જામનગરના ગેલેક્સી સિનેમા નજીક મનસુખભાઈ નિમાવત કે જેની એક ટ્રસ્ટ હસ્તકની આશરે ૫,૫૦૦ ચોરસ ફૂટ જેટલી જગ્યા આવેલી છે, જે જગ્યા ઉપર નગરના એક વ્હોરા બિલ્ડર દ્વારા પરવાનગી વગર બાંધકામ કરવામાં આવ્યું હતું. જેની મંજૂરી ન હોવા છતાં



(તસવીર : ઈસ્માઈલ શેખ, જામનગર)

૨૦૨૦ની સાલમાંઆ સ્થળે ૧૫ જેટલી દુકાનો ખડકી દેવામાં આવી હતી, અને તે અંગેની ફરિયાદ થયા બાદ મહાનગરપાલિકાએ મંજૂરી વગરની પંદર દુકાનોનું ૨૦૨૦ની સાલમાં બાંધકામ તોડી પાડ્યું હતું. ત્યારબાદ આ જ સ્થળે ફરીથી બાંધકામ શરૂ કરાયું હતું, અને નવી ૧૨ દુકાનો ખડકી દેવામાં આવી હતી. જે મામલે પણ કાનૂની લડત ચાલી હતી, અને જામનગરની અદાલત, ઉપરાંત હાઈકોર્ટ અને છેક સુપ્રીમ કોર્ટ સુધી લડત ચાલી હતી. અને બિલ્ડરની આખરે તેમાં હાર થઈ હતી. મહાનગરપાલિકાએ ઉપરોક્ત જગ્યા ખુલ્લી કરવા માટેનો આદેશ કરીને નોટિસ આપી હતી. તેની મુદત પૂરી થઈ ગઈ હોવા છતાં બાંધકામ દૂર કર્યું ન હોવાથી આજે મહાનગર પાલિકા દ્વારા ભારે પોલીસ બંદોબસ્તની સાથે બાંધકામને દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# મોરબીમાં ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી (ર.અ.)ના ઉર્સ નિમિત્તે જુલૂસ તથા ન્યાઝનું આયોજન કરાયું

મોરબી, તા.૮



મોરબી વીસીપરા વિસ્તારમા ખ્વાવાજા મોઈનુદિન ચિશ્તીના ૮૧૩માં ઉર્ષમુબારકની ખુશીમા ભવ્ય જુલુસ સાથે ન્યાઝશરીફનુ ભવ્ય આયોજન કરાયું મદ્રેશામા દિને ઈસ્લામની તાલીમ લેતા ભુલકાઓને પીરે તરીકત સૈયદ અલ્લાઉદીનબાપુના હસ્તે પ્રોત્સાહિત ઈનામનુ વિતરણ કરવામા આવ્યુ હતુ ખ્વાજા ગરીબ નવાઝ કમીટી દ્વારા હઝરત ખ્વાજા મોઈનુદીન ચિશ્તીના (ર.અ.ના) ૮૧૩માં ઉર્ષમુબારકની ખુશીમા વાજતે ગાજતે ભવ્ય ઝુલુસ કાઢી ઉત્સાહભેર ખુશી મનાવી હતી આ ઝુલુસમા બહોળી સંખ્યામા મુસ્લીમ બીરાદરો જોડાયા હતા ત્યારબાદ પીરે તરીકત સૈયદ અલ્લાઉદીનબાપુ ડેલીવારાના શુભહસ્તે મદ્રેશામા દિને ઈસ્લામની તાલીમ લેતા બાળકોને પ્રોત્સાહિત ઈનામ વિતરણ કરવામા આવ્યા હતા અને સાંજે મગરીબની નમાઝ બાદ ન્યાઝશરીફનુ વિતરણ કરાયું હતું જ્યારે મોરબી પંચાસર રોડ પર ન્યુજનકનગર સોસાયટીમા મસ્જીદે હલીમા ગૃપના યુવાનો દ્વારા હઝરત ખ્વાજા ગરીબ નવાઝ (ર.અ.ના) છઠીશરીફ નિમિતે છ દિવસ વાયેઝશરીફ અને ન્યાઝશરીફનુ ભવ્ય આયોજન કરવામા આવ્યુ હતુ જેમા મકરાણીવાસની મદીના મસ્જીદના પેશઈમામ મૌલાના ગુલામ યાસીનબાપુએ પોતાની જોશીલી જુબાનથી છ દિવસ સુધી ખ્વાઝા ગરીબ નવાઝની શાનમા વાયેઝશરીફનું બયાન કર્યુ હતુ આ વાયેઝશરીફના કાર્યક્રમમા સતત છ દિવસ સુધી ન્યાઝશરીફનુ આયોજન કરવામા આવ્યુ હતુ આ કાર્યક્રમમા પીરે તરીકત સૈયદ ઉમરમીંયાબાપુ બુખારી તેમજ ન્યુજનકનગર મસ્જીદે હલીમાના પેશ ઈમામ મૌલાના કારી મહેબુબ આલમ અકબરીએ હાજરી આપી હતી આ પ્રસંગે ન્યુજનકનગર સોસાયટી તેમજ આજુબાજુ વિસ્તારમાથી બહોળી સંખ્યામા મુસ્લીમ બીરાદરોએ હાજરી આપી હતી જયારે મોરબી પંચાસરરોડ પર ૪૭ યુવા ગૃપના યુવાનો દ્વારા ખ્વાજા મોઈનુદીન ચિશ્તી ગરીબ નવાઝના ૮૧૩માં ઉર્ષમુબારક અને છઠીશરીફની શાનમા ન્યાઝનું આયોજન ભારતપરા વિસ્તારના યુવાનો દ્વારા ખ્વાજા ગરીબ નવાઝના ઉર્ષમુબારકની ખુશીમા હિન્દુ મુસ્લીમ એકતા સાથે શાકાહારી ન્યાઝ સાથે ખુશી મનાવી હતી ત્યારે મોરબીના પંચાસરરોડ પર ૪૭ યુવા ગૃપના યુવાનો દ્વારા ખ્વાજા ગરીબ નવાઝની શાનમા કવ્વાલી સલામી સાથે હિન્દુ મુસ્લીમ એકતાથી શાકાહારી ન્યાઝ વિતરણનુ ભવ્ય આયોજન કરવામા આવ્યુ હતુ જેમા બહોળી સંખ્યામા હિન્દુ મુસ્લીમ જોડાયા હતા.

# સુરત ટાસ્ક ફોર્સની ટી સ્ટોલમાં રેડ : બે બાળમજૂરો મળી આવ્યા

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૮

બાળમજૂરી નાબૂદી માટેની સુરત જિલ્લા ટાસ્ક ફોર્સએ સુરત રેલ્વે સ્ટેશન સામેના ઉના પાણી રોડ પર આવેલ અલખલિલ ટી સ્ટોલ પર દરોડા પાડ્યા હતા, જેમાં ઉનથી બિહારનો ૧૭ વર્ષીય તબરેજ આલમ અને ઉત્તરપ્રદેશનો ૧૩ વર્ષીય અશફાક (બદલેલ નામો) નામના કિશોરો મળી આવ્યા હતા. શ્રમ અધિક્ષક, મદદનીશ શ્રમ અધિકારી, સુરત મનપાના કર્મચારીઓ, પ્રયાસ ટીમ સહિતના સ્ટાફે રેડની કાર્યવાહી કરી હતી. તબરેજ આલમ અને અશફાક અહીં ટી સ્ટોલમાં હેલ્પર તરીકે કામ કરતા હતા. બંને કિશોરોને બાળ કલ્યાણ સમિતિ (CWC)ના આદેશ મુજબ સુરતના વી.આર. પોપાવાલા ચિલ્ડ્રન હોમમાં રાખવામાં આવ્યા છે. બંનેના દસ્તાવેજોની ચકાસણી પૂરી થયા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે એમ નાયબ શ્રમ આયુક્ત કચેરી-સુરત દ્વારા જણાવાયુ છે.

### ધાર્મિક કાર્યક્રમ

# આણંદમાં બઝમે સરવર દ્વારા તા.૧૨મીએ ગ્યારવી શરીફ મનાવાશે

બઝમે સરવર નાપા શરીફ તરફથી માહે રજ્જબની ગ્યારવી શરીફ તારીખ ૧૨/૧/૨૦૨૫ રવિવારના રોજ સવારે ૯થી ૧૨ દરમિયાન શહેજાદા એ સરવર શાહ પીરે તરીકત હઝરત સૈયદ હાજી જહુર અહેમદ ઉર્ફે મસ્તાન બાવા તેમજ નવાસા એ સરવર શાહ પીરે તરીકત હઝરત સૈયદ શકીલ અહેમદ ઉર્ફે અકીલ શાહ કાદરીની સદારતમાં સરવરી હાઈટ્સ સો ફૂટ રોડ આણંદ ખાતે મનાવવામાં આવશે આ પ્રસંગે મશહુર નાતખ્વા અતાએ સરવર શાહ વ ખલીફા એ મસ્તાન બાવા સૈયદ તૌફીક અલી નાત પેશ કરશે અને ખલીફાએ મસ્તાન બાવા સૈયદ અકીલ અહેમદ તકરીર ફરમાવશે. જિક્ર શરીફ સલાતો સલામ બાદ નિયાઝ ખવડાવવામાં આવશે.

# ડભોઈ : પાંચમાઈ દરગાહ ખાતે બે દિવસીય ઉર્સ મેળો યોજાયો

ડભોઈ સ્ટેશન રોડ પાસે આવેલ સુપ્રસિદ્ધ પાંચમાઈ દરગાહ શરીફ ખાતે બે દિવસીય ઉર્સ મેળો ઊજવાયો હતો જેમાં આગલા દિવસે સંદલ શરીફની વિધિ સંપન્ન કરાઈ હતી. આ પ્રસંગે દરગાહ શરીફને રોશનીથી શણગારવામાં આવી હતી. અસરની નમાઝ બાદ ગામમાં આવેલા મદ્રેસા પાસેથી સંદલ શરીફનું જુલૂસ પ્રસ્થાન થયું હતું. જુલૂસમાં મોટી સંખ્યામાં અકિદતમંદો ઊમટી પડ્યા હતા. સૈયદ સાદાતોની ઉપસ્થિતિમાં સલાતો સલામના પઠન સાથે આસ્તાના પર જઈ પરંપરાગત રીતે સંદલ શરીફની વિધિ સંપન્ન કરાઈ હતી. આ પ્રસંગે દેશ માટે કોમી એકતા અને ભાઈચારો રહે તેવી દુઆ કરવામાં આવી હતી.

# વાંકાનેર ખાતે ખ્વાજા ગરીબ નવાઝની છઠ્ઠી શરીફની ઉજવણી કરાઈ

વાંકાનેર, તા.૮

અજમેર શરીફ ખાતે ખ્વાજા ગરીબ નવાઝ (ર.અ.)ના ઉર્ષ મુબારક નિમિત્તે છઠ્ઠી શરીફની ઉજવણીના ભાગરૂપે વાંકાનેરના માજી ધારાસભ્ય મોહમ્મદ જાવેદ પીરઝાદાની અધ્યક્ષતામાં વિશાળ મેદની સાથે ખ્વાજા છઠ્ઠી મુબારકનું જુલુસ મુબારક વાંકાનેર શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થયું હતું જેમાં ગ્રીન ચોક, મેન બજાર, શાહ બાવા દરગાહ શરીફ સહિતના વિસ્તારોમાંથી પસાર થયું હતું.

# અમીરગઢ બોર્ડર પર દારૂ ભરેલી ટ્રક ઝડપાઈ

(સંવાદદાતા દ્વારા)ડીસા, તા.૮

અમીરગઢ પોલીસ સ્ટાફને અમીરગઢ બોર્ડર ચેકપોસ્ટ ખાતે વાહન ચેકીંગ દરમિયાન બાતમી મળી હતી કે, રાજસ્થાન તરફથી એક ઘાસચારાની આડમાં ટ્રક ચાલક દારૂ ભરીને ગુજરાતમાં ઘુસાડવાનો છે, જે આધારે પોલીસ રાજસ્થાન તરફથી આવતા તમામ વાહનોની ઝીણવટભરી તપાસ કરી રહી હતી.તે સમયે દરમિયાન એક રાજસ્થાન તરફથી શંકાસ્પદ ટ્રક આવતા પોલીસે તેને બોર્ડર પર સાઈડમાં ઊભી રાખાવી તપાસ કરી હતી. જોકે ઉપરના ભાગમાં સંપૂર્ણ ઘાસચારો ભરેલો હતો. ઘાસચારો હટાવી જોતા જ અંદરથી દારૂની પેટીઓ મળી આવી હતી. પોલીસે ૧૬૩ દારૂની પેટીઓ સહીત ૩૧૩૨ દારૂની બોટલો કબજે કરી કુલ ૧૭ લાખ ૪૫ હજાર ૭૬નો મુદ્દામાલ કબ્જે કરી પ્રતિબંધીત ગુજરાત રાજ્યમાં હેરાફેરી કરી વાહન ચેકીંગ દરમિયાન ટ્રક ચાલક હેમારામ આયદાનરામ જાટ (રહે. રાજસ્થાન)ને ઝડપી પાડી તેમજ સહઆરોપી રામકિશોર પપુરામ પ્રજાપત (રહે. જોધપુરવાળા) હાજર મળી ન આવતા પોલીસે તેની વિરૂદ્ધમાં ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ તેમજ ગુજરાત નશાબંધી (સુધારા) અધિનિયમ ૨૦૦૧૬ની કલમ મુજબ અમીરગઢ પોલીસ સ્ટેશન ખાતે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

# ‘નરસંહાર’ : ઈઝરાયેલે ગાઝાના ‘સેફ ઝોન’ પર બોમ્બમારો કરતાં મહિલાઓ અને બાળકોનાં મોત

(એજન્સી) તા.૮

ગાઝા પર ઈઝરાયેલના તાજેતરના હુમલાઓમાં ઘણી સ્ત્રીઓ અને નાના બાળકો મૃત્યુ પામ્યા હોવાના અહેવાલ છે. એક જ દિવસમાં લગભગ ૫૦ લોકો મૃત્યુ પામ્યા અને ડઝનેક લોકો ઘાયલ થયા. આ સાથે યુદ્ધગ્રસ્ત પેલેસ્ટીની ક્ષેત્રમાં મૃત્યુની કુલ સંખ્યા ૪૬,૦૦૦ની નજીક પહોંચી ગઈ છે. તબીબી સૂત્રોએ જણાવ્યું કે, મંગળવાર સવારથી ઈઝરાયેલના હુમલામાં ઓછામાં ઓછા ૪૯ પેલેસ્ટિનિયન મૃત્યુ પામ્યા છે. મૃતકોમાં ઓછામાં ઓછા પાંચ બાળકોનો સમાવેશ થાય છે જેઓ અલ-મવાસીમાં વિસ્થાપિત લોકોને આશ્રય આપતા તંબુઓ પર ઈઝરાયેલના હુમલામાં માર્યા ગયા હતા. મવાસી દક્ષિણ ગાઝામાં એક નિર્જન દરિયાકાંઠાનો વિસ્તાર છે, જેને ઈઝરાયેલી સૈન્ય દ્વારા ‘માનવતાવાદી સલામત ક્ષેત્ર’ જાહેર કરવામાં આવ્યો છે. અલ-માવાસીમાં હજારો વિસ્થાપિત પેલેસ્ટીનીઓને કામચલાઉ તંબુ કેમ્પમાં ખેંચવા છતાં ઈઝરાયેલી દળોએ હમાસને લક્ષ્યાંકિત કર્યા હોવાના કોઈ પુરાવા આપ્યા વિના દાવો કરીને, સ્થળ પર હુમલો કરવાનું ચાલુ રાખ્યું છે. ગાઝાના આરોગ્ય મંત્રાલયે મંગળવારે મોડી રાત્રે જણાવ્યું કે ઈઝરાયેલી દળોએ છેલ્લા ૨૪ કલાકમાં પેલેસ્ટીની પરિવારોના ત્રણ ‘નરસંહાર’ કર્યા હતા, જેમાં ૩૧ લોકો મૃત્યુ પામ્યા છે અને ૫૭ ઘાયલ થયા હતા. ૭ ઓકટોબર, ૨૦૨૩ના રોજ આ પ્રદેશ પર ઈઝરાયેલનું યુદ્ધ શરૂ થયું ત્યારથી ૧૫ મહિનામાં આ પ્રદેશ પર ઈઝરાયેલના હુમલામાં કુલ મૃત્યુઆંક વધીને



૪૫,૮૮૫ થયો છે અને ૧૦૯,૦૦૦ થી વધુ લોકો ઘાયલ થયા છે. ખાન યુનસમાં નાસેર હોસ્પિટલના બાળકોના વોર્ડના ડિરેક્ટર અહેમદ અલ-ફારાએ એસોસિએટેડ પ્રેસ (એપી) સમાચાર એજન્સીને જણાવ્યું કે અલ-માવાસીમાં એક જ તંબુમાં એકસાથે રહેતા પાંચ બાળકો મૃત્યુ પામ્યા હતા. મંગળવારે હોસ્પિટલમાં લાવવામાં આવેલા આઠ બાળકો અને પાંચ મહિલાઓમાંના આ મૃતદેહોનો સમાવેશ થાય છે. હોસ્પિટલે જણાવ્યું કે ખાન યુનુસ વિસ્તારમાં ઈઝરાયેલના હુમલામાં એક કાર અને બે રહેણાંક મકાનોને પણ નુકસાન થયું છે. તેમણે જણાવ્યું કે હુમલામાં મૃત્યુ પામેલા લોકોમાં બે પુરૂષોનો સમાવેશ થાય છે, જ્યારે વાહનમાં બેઠેલા બે લોકોની ઓળખ થઈ નથી.

# ઈઝરાયેલે વેસ્ટ બેંકમાં શરણાર્થી શિબિરમાં હુમલો કરવા માટે એમ્બ્યુલન્સનો ઉપયોગ કર્યો

(એજન્સી) તા.૮

ઈઝરાયેલી સૈન્યએ ગઈકાલે સ્વીકાર્યું કે તેના દળોએ ઉત્તરી વેસ્ટ બેંકના નેબ્લસમાં બાલાતા શરણાર્થી શિબિરમાં ઘૂસણખોરી કરવા માટે એમ્બ્યુલન્સનો ઉપયોગ કર્યો હતો. તેણે દાવો કર્યો કે તે ઘટનાની તપાસ કરી રહી છે જે પેલેસ્ટીનીઓ કહે છે કે એક વૃદ્ધ મહિલા અને એક યુવાનનું મૃત્યુ થયું છે. ઈઝરાયેલના અખબાર યેડિઓથ અહરોનોથના જણાવ્યા અનુસાર, રવિવારે પેલેસ્ટીનીઓએ એક દુકાનમાં લગાવેલા સર્વેલન્સ કેમેરામાંથી લેવામાં આવેલ વીડિયો શેર કર્યો હતો, જેમાં ઈઝરાયેલના કબજાવાળા સૈનિકો કેમ્પની વચ્ચે એમ્બ્યુલન્સમાંથી ઉતરતા અને પસાર થતા લોકો પર ગોળીબાર કરતા જોવા મળે છે. જેના કારણે એક વૃદ્ધ મહિલા અને એક યુવકનું મોત નીપજ્યું હતું. ગઈકાલે અખબાર દ્વારા ટાંકવામાં આવેલા નિવેદનમાં કબજાવાળા દળો દાવો કર્યો હતો કે તેણે આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર કાર્ય કર્યું છે અને ઘટનાની તપાસ કરવામાં




આવી રહી છે. ‘તપાસ વીડિયોમાં દર્શાવવામાં આવેલા વાહનોના ઉપયોગ અમારા દળો વચ્ચે ગોળીબારની વિનિમય દરમિયાન બિનસંબંધિત વ્યક્તિઓને નુકસાન પહોંચાડવાના આરોપોની તપાસ કરશે.’ આ વીડિયો ૧૯ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ કેમ્પ પર ઈઝરાયેલના દરોડા દરમિયાન લેવામાં આવ્યો હતો. ઈઝરાયેલના અખબારના જણાવ્યા અનુસાર, તે જ દિવસે પેલેસ્ટીનીઓએ અહેવાલ આપ્યો કે ઓપરેશનમાં બે લોકો મૃત્યુ પામ્યા, જેમાંથી એક ૮૦ વર્ષની મહિલા હતી. તે સમયે ઈઝરાયેલી સૈન્યએ એક નિવેદનમાં જણાવ્યું કે તેના દળોએ બાલાતા કેમ્પમાં એક શંકાસ્પદને પકડવા માટે એક ઓપરેશન શરૂ કર્યું હતું અને તે ‘પ્રવૃતિ દરમિયાન, લડાકુઓ સાથે ગોળીબાર થયો હતો, જેમણે દળો પર ગોળીબાર કર્યો હતો અને વિસ્ફોટક ઉપકરણોને વિસ્ફોટ કર્યો.’

# પેલેસ્ટીન તરફી પિન બેજ અંગે યહૂદી પ્રવાસીએ ફ્લાઈટ એટેન્ડન્ટ પર હુમલો કર્યો

(એજન્સી) તા.૮

અમેરિકન એરલાઇન્સમાં એક યહૂદી મુસાફરે ફ્લાઇટ એટેન્ડન્ટ પર હુમલો કર્યો અને તેને તરબૂચનો પિન બેજ પહેરવા બદલ ‘સેમિટ વિરોધી’ કહ્યો, જે પેલેસ્ટીની એકતાનું પ્રતીક બની ગયું છે. મિયામી જતી ફ્લાઈટમાં બનેલી આ ઘટનાની વીડિયો ક્લિપ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ છે. તે બતાવે છે કે ફ્લાઈટ એટેન્ડન્ટ સાથે માણસની ઉગ્ર દલીલ હતી, પિન પહેરવા બદલ તેણીને ઠપકો આપે છે અને તેને પ્લેન ન જવા દે છે. પેસેન્જરે બૂમ પાડી, ‘તમે આતંકવાદનું સમર્થન કરો છો, તમે યહૂદી વિરોધી છો.’ ‘તમે મને પ્લેનમાંથી ઉતરતા કેમ રોકી રહ્યા છો, શું તે એટલા માટે કે હું યહૂદી છું ? તમે યહૂદી વિરોધી છો.’ ફ્લાઈટ એટેન્ડન્ટ અને તેના સહકાર્યકરે તે માણસને કહ્યું કે યુએસ એવિએશનના નિયમો અનુસાર તે તેનું ફિલ્માંકન કરી શકતો નથી અને તેના પર તેમના પર હાથ ઉપાડવાનો આરોપ મૂક્યો હતો. મુસાફરને કથિત રીતે કહેવામાં આવ્યું હતું કે જ્યાં સુધી તે વીડિયો ડિલીટ નહીં કરે ત્યાં સુધી તેને જવા દેવામાં આવશે નહીં અને પોલીસ તેને બહાર કાઢે ત્યાં સુધી રાહ જોવી પડશે, પરંતુ તે વ્યક્તિએ દાવો કર્યો કે તેણે પોલીસને બોલાવી હતી. પેસેન્જરે જણાવ્યું કે, ‘જ્યારે અધિકારીઓ આવ્યા, ત્યારે તેઓએ તેમને જણાવ્યું કે મેં કોઈ કાયદો તોડ્યો નથી અને તેઓ જ મને મૂર્ખ હોવાના કારણે પ્લેનમાં પકડીને કાયદો તોડતા હતા અને તેમ છતાં તેઓએ મને જવા દીધો નહીં, તેથી અધિકારીઓએ ખૂબ ગુસ્સે થયો અને મને પ્લેન પરથી ઉતારી દીધો. ‘ગુનેગારની જેમ વર્તે તે ખૂબ જ અસ્વસ્થ હતું.’ અમેરિકન એરલાઈન્સે જણાવ્યું કે




તે ગયા અઠવાડિયે બનેલી ઘટનાની તપાસ કરી રહી છે. ન્યૂ યોર્ક પોસ્ટ અનુસાર, અમેરિકન એરલાઈન્સ તેના કર્મચારીઓને અનધિકૃત પિન બેજ પહેરવાથી પ્રતિબંધિત કરે છે જે સત્તાવાર યુનિફોર્મનો ભાગ નથી. કંપનીની નીતિ અનુસાર, કર્મચારીઓને ફક્ત કંપની દ્વારા જારી કરાયેલ પિન પહેરવાની મંજૂરી છે જે વર્ષગાંઠ અથવા પુરસ્કારની ઉજવણી કરે છે, અથવા કંપની દ્વારા માન્યતા પ્રાપ્ત સંસ્થાની યુનિયન પિન. તે લશ્કરી સેવા તેમજ ધર્મ, વંશીયતા અથવા LGBTQ ગૌરવની ઉજવણી કરતી અન્ય વિશિષ્ટ પિન પહેરવાની પણ મંજૂરી આપે છે. એરલાઈનના કર્મચારીઓએ અગાઉ આ નીતિનો ભંગ કરવા માટે હેડલાઈન્સ બનાવી હતી, જ્યારે પાઈલોટ્સ અને ફ્લાઈટ એટેન્ડન્ટ્સ રાષ્ટ્રપતિ બિડેન વિરોધી સૂત્ર સાથે પિન અને સ્ટીકરો પહેરતા પકડાયા હતા.

# ટ્રમ્પે ‘ગાઝામાં ઈઝરાયેલી અપરાધો’ માટે સમર્થનની ખાતરી કરી

(એજન્સી) તા.૮

અમેરિકાના ચૂંટાયેલા રાષ્ટ્રપતિએ ફરી એકવાર ઘેરાયેલા ગાઝા પટ્ટીમાં પેલેસ્ટીનીઓ વિરૂદ્ધ ઝિઓનિસ્ટ શાસનના ચાલી રહેલા નરસંહારના યુદ્ધ માટે પોતાનું સમર્થન વ્યક્ત કર્યું છે. IRNA અનુસાર, ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે અમેરિકન રેડિયો સ્ટેશન ‘સાલેમ’ સાથેની મુલાકાત દરમિયાન પેલેસ્ટીની લોકોને ધમકી આપતાં જણાવ્યું કે, ‘ઈઝરાયેલી કેદીઓને મુક્ત કરવા જ જોઈએ, નહીં તો બધું ખરાબ થઈ જશે.’ તેમણે જણાવ્યું કે, ‘હું ઈઝરાયેલને સમર્થન આપું છું અને તે દરેક માટે સ્પષ્ટ છે. ગાઝા યુદ્ધ કોઈની અપેક્ષા કરતાં વધુ લાંબું ચાલ્યું છે.’ ગયા મહિને, ટ્રમ્પે ૨૦ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ તેમનું વહીવટ સંભાળે તે પહેલાં ગાઝામાંથી ઝાયોનિસ્ટ અટકાયતીઓની મુક્તિની માંગ કરતા સમાન ધમકીઓનો ઉપયોગ કર્યો હતો ‘હવે ઈઝરાયેલી કેદીઓને મુક્ત કરો’. આ સંદેશને યાદ અપાવી દઈએ કે જો ૨૦ જાન્યુઆરી પહેલા ઈઝરાયેલના કેદીઓને છોડવામાં નહીં આવે, જે દિવસે હું ગર્વથી અમેરીકાના રાષ્ટ્રપતિનો કાર્યભાર સંભાળીશ તે દિવસે મધ્ય પૂર્વ નર્ક બની જશે, કટ્ટરપંથી ટ્રમ્પે આવી ધમકી આપી હતી. પેલેસ્ટીની પ્રતિકારએ એમ કહીને જવાબ આપ્યો કે ધમકીઓ તેના નિર્ણયોને પ્રભાવિત કરશે નહીં અને તે ફક્ત એક કરારના માળખામાં જ ઝિઓનિસ્ટ કેદીઓને મુક્ત કરશે જે પેલેસ્ટીનીઓના અધિકારોની ખાતરી આપે છે અને ગાઝાના કબજાને સમાપ્ત કરે છે. મુસ્લિમ વિરોધી અને પેલેસ્ટીન વિરોધી ધર્માંધતા માટે



જાણીતા ટ્રમ્પે તેમની બીજી ટર્મ જીતતા પહેલા જ ઝિઓનિસ્ટ શાસન અને ગાઝા પટ્ટીમાં તેના ગુનાઓ માટે પોતાનું સમર્થન વ્યક્ત કર્યું હતું. ગયા વર્ષે, તેમણે દલિત પેલેસ્ટીની લોકોના સમર્થનમાં વિવિધ યુએસ યુનિવર્સિટી અને કૉલેજ કેમ્પસ પર સેમિટિક વિરોધી પ્રદર્શનોની આકરી ટીકા કરી હતી અને ઈઝરાયેલ માટે પૂરતું ન કરવા બદલ રાષ્ટ્રપતિ જો બિડેનની ટીકા કરી હતી. ટ્રમ્પ, જેમણે ભૂતકાળમાં ઈઝરાયેલને પોતાનું ઘર અને ઝિઓનિસ્ટ વડાપ્રધાનને સાચા મિત્ર તરીકે ઓળખાવ્યા હતા, તેમણે ૭ ઓકટોબર, ૨૦૨૩ના રોજ ગાઝા પર નરસંહાર યુદ્ધ શરૂ કર્યું ત્યારથી શાસન માટે વારંવાર સમર્થન વ્યક્ત કર્યું છે.

# થાઈલેન્ડમાં ગાઝામાં યુદ્ધ અપરાધો કરવાના આરોપમાં ઈઝરાયેલી સૈનિક સામે કેસ દાખલ

(એજન્સી) તા.૮

હિન્દ રજબ ફાઉન્ડેશન (HRF) એ થાઈલેન્ડની મુલાકાતે આવેલા એક ઈઝરાયેલી સૈનિક સામે થાઈ કોર્ટમાં ફરિયાદ દાખલ કરી છે, ઈઝરાયેલના ડાયસ્પોરા અફેર્સ અને કોમ્બેટિંગ એન્ટી-સેમિટીઝમના સંશોધન વિભાગ દ્વારા જારી કરાયેલા એક દસ્તાવેજ અનુસાર ગાઝા પટ્ટીમાં ગુનાઓ. દસ્તાવેજમાં જણાવાયું છે કે ગાઝા પરના યુદ્ધમાં ભાગ લઈ રહેલા ઈઝરાયેલી સૈનિકો પર કાર્યવાહી કરવા પાછળ HRFનો હાથ છે અને તેમના પર યુદ્ધ અપરાધો કરવાનો આરોપ છે. તે ઈઝરાયેલી સૈનિકો પર કાર્યવાહી કરવા માટે યુદ્ધ અને આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદામાં વિશેષતા ધરાવતી થાઈ કાયદાકીય પેઢીની સેવાઓનો ઉપયોગ કરે છે. ગાઝા પટ્ટી પર ઈઝરાયેલના હુમલામાં શહીદ થયેલા પેલેસ્ટીની બાળકના નામ પરથી HRFએ ગયા અઠવાડિયાના અંતે બ્રાઝિલની મુલાકાતે આવેલા ઈઝરાયેલી સૈનિક સામે દાવો દાખલ કર્યો હતો, પરંતુ તે ભાગવામાં સફળ રહ્યો હતો. ઈઝરાયેલી સૈનિકો પર કાર્યવાહીની માંગ હેગ સ્થિત આઈસીસીના ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ અને પૂર્વ સંરક્ષણ મંત્રી યોવ ગાલાન્ટ સામે યુદ્ધ દરમિયાન યુદ્ધ ગુનાઓ અને માનવતા વિરૂદ્ધ અપરાધો કરવાની શંકાના આધારે આંતરરાષ્ટ્રીય ધરપકડ વોરંટ જારી કરવાના નિર્ણય ઉપરાંત આવે છે. ગાઝા એક પગલાં તરીકે કરવામાં આવી છે. એચઆરએફની સ્થાપના ગયા વર્ષે સપ્ટેમ્બરમાં બ્રસેલ્સમાં



એનજીઓ તરીકે કરવામાં આવી હતી. તે સોશિયલ મીડિયા સાઈટ્સ પરથી ઈઝરાયેલી સૈનિકો વિશેની માહિતી એકત્રિત કરે છે જ્યાં તેઓ યુદ્ધમાં તેમની ભાગીદારીનું દસ્તાવેજીકરણ કરતા ફોટા અને વીડિયો પોસ્ટ કરે છે અને અન્ય વિદેશી દેશોની તેમની મુલાકાતોનું દસ્તાવેજીકરણ કરે છે. ઈઝરાયેલના દસ્તાવેજમાં જણાવાયું છે કે એચઆરએફએ આઈસીસીને ગાઝા પટ્ટી અને લેબનાનમાં ૧,૦૦૦થી વધુ ઈઝરાયેલી સૈનિકો અને અધિકારીઓ દ્વારા આચરવામાં આવેલા યુદ્ધ અપરાધો વિશેની માહિતી પૂરી પાડી હતી. ફંડે અત્યાર સુધીમાં આઠ દેશોમાં ઈઝરાયેલ સૈનિકો સામે ૨૮ કેસ દાખલ કર્યા છે, જેમાં ઈઝરાયેલ ઓછામાં ઓછા પાંચ દેશોના સૈનિકોની દાણચોરીમાં મદદ કરે છે.

# ગાઝામાં ખોરાક નથી, આશા નથી

(એજન્સી) તા.૮

મેં ગાઝામાં કુલ ચાર વર્ષ ગાળ્યા, જેમાંથી છ મહિના ચાલુ યુદ્ધ દરમિયાન હતા. તે પ્રચંડ યુદ્ધ મશીન સામે હું ક્યારેય એટલો અસહાય અનુભવતો હતો કે જે ગોળી છોડતાની સાથે જ તેની બંદૂકને નવી સાથે ભરી દે છે, સપ્ટેમ્બરમાં અમર્યાદિત દારૂગોળો હોવા છતાં, મેં એક મહિલા સાથે વાત કરી જે આશ્રયસ્થાન ચલાવે છે યુનુસમાં વિસ્થાપિત લોકો માટે મેં તેને પૂછ્યું કે તેને શાંતિની સંભાવના વિશે શું આશા છે. તેણે એક નાની છોકરી તરફ ઈશારો કર્યો જે તેની માતાનો હાથ પકડીને તેનો અંગૂઠો ચૂસી રહી હતી. ‘તેમના પિતા જ્યારે પાંચ દિવસ પહેલા તેમના ઘર પર બોમ્બ વિસ્ફોટ કરવામાં આવ્યા ત્યારે મૃત્યુ પામ્યા, અને તેઓ તેમના શરીરને કાટમાળમાંથી પુનઃપ્રાપ્ત કરી શકે. ભયાવહ ગાઝામાં, ઊંઘ એ સૌથી કિંમતી ચીજવસ્તુઓમાંની એક છે. જાન્યુઆરીમાં, અમે બારી તરફ દોડી જઈશું અને ખાસ કરીને જોરદાર અને નજીકના હુમલા પછી આકાશમાં ધુમાડાના પ્લુમ્સ જોઈશું. પરંતુ સમય જતાં, તેઓ એટલા સામાન્ય બની ગયા છે કે હવે ભાગ્યે જ કોઈ તેમને શોધવાની તસ્દી લે છે. દેર અલ-બાલાહમાં મારા પડોશમાં સરેરાશ રાત્રે, બોમ્બ



વિસ્ફોટ જ્ રાત્રે શરૂ થઈ જાય છે, જ્યારે લોકો ઊંઘવાનો પ્રયાસ કરતા હતા. અમે મિસાઈલની સીટી સાંભળીશું અને પછી જોરદાર ધડાકો થશે, જે બારીઓ હચમચાવી નાખશે. વિસ્ફોટથી સ્થાનિક કૂતરા, ગધેડા, બાળકો અને અન્ય કોઈપણ કે જેઓ ઊંઘવાની હિંમત કરી રહ્યા હતા તેઓને જાગી ગયા, ભસતા, રડવાનો અને અન્ય ઉત્તેજિત અવાજોની શ્રેણી શરૂ થઈ. વધુ બોમ્બ આવશે, ત્યારબાદ વિવિધ પ્રકારના ગોળીબાર થશે જ્યાં સુધી બધા થોડા સમય માટે શાંત ન થાય. સવારની પ્રાર્થના માટે કૉલ સામાન્ય રીતે હુમલાઓની બીજી શ્રેણીને ઉત્તેજિત કરે છે. ટીવી પર દરેક વ્યક્તિ જે ભયાનક દશ્યો જુએ છે તે ખરેખર વધુ ભયાનક છે. હું વારંવાર મારા ફોનમાંથી ફોટા અને વિડિયો કાઢી નાખું છું કારણ કે જ્યારે નરી આંખે જોવામાં આવે ત્યારે કેમેરા આસપાસની ભયાનકતાને કેપ્ચર કરી શકતો નથી.

# ઉત્તર કોરિયાએ ગાઝામાં ઈઝરાયેલના ‘નિર્દય’ નરસંહારને બંધ કરવાની માંગ કરી

(એજન્સી) તા.૮

ઉત્તર કોરિયાએ મંગળવારે ગાઝા પટ્ટીમાં ઈઝરાયેલ દ્વારા પેલેસ્ટીનીઓના ‘ક્રૂર’ નરસંહારને રોકવા માટે વૈશ્વિક પગલાં લેવાની માંગ કરી છે. સ્ટેટ ડિપાર્ટમેન્ટે ગાઝામાં ઈઝરાયેલી સૈન્ય કાર્યવાહીને ‘કલ્પના બહારના અભૂતપૂર્વ સ્તરે પહોંચવા’ અને ‘આંતરરાષ્ટ્રીય સમુદાયના ગુસ્સાને ઉશ્કેરવા’ તરીકે વર્ણવ્યું હતું. ઐતિહાસિક સમાનતાઓ દોરતા, મંત્રાલયે વર્તમાન ઘટનાઓની સરખામણી બીજા વિશ્વયુદ્ધ દરમિયાન નાઝી જર્મનીની ક્રિયાઓ અને કોરિયન યુદ્ધ દરમિયાન યુએસ લશ્કરી કામગીરી સાથે કરી હતી. મંત્રાલયે ‘માનવ અધિકાર’ અને ‘લોકશાહી’ પર અમેરિકન અને પશ્ચિમી નીતિઓના પરિણામે ગાઝાને ‘ઉગ્રવાદ અને વિનાશનું થિયેટર’ તરીકે વર્ણવતા, સંઘર્ષ પર પશ્ચિમી વલણની પણ ટીકા કરી



હતી. ઓકટોબર ૭, ૨૦૨૩ના રોજ હમાસના હુમલા પછી ઈઝરાયેલે ગાઝામાં લગભગ ૪૬,૦૦૦ લોકોની હત્યા કરી છે, જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો છે. હુમલાએ પ્રદેશની લગભગ સમગ્ર વસ્તીને વિસ્થાપિત કરી દીધી છે અને ખોરાક, શુદ્ધ પાણી અને દવાઓની તીવ્ર અછત ઊભી કરી છે.

# UNIFILએ ઈઝરાયેલ પર તેની સંપત્તિઓ અને લેબેનોનમાં લેબેનીઝ સેનાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો નાશ કરવાનો આરોપ મૂક્યો

(એજન્સી) તા.૮

લેબેનોનમાં યુનાઈટેડ નેશન્સ ઈન્ટરિમ ફોર્સ (UNIFIL)એ ઈઝરાયેલી સંરક્ષણ દળો (IDF) પર દક્ષિણ લેબેનોનમાં તેની મિલકત અને લેબેનીઝ આર્મી ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો નાશ કરવાનો આરોપ મૂક્યો છે. UNIFILએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જણાવ્યું હતું કે નજીકના લેબનીઝ સશસ્ત્ર દળોનો એક અવલોકન ટાવર પણ નાશ પામ્યો હતો. તેમાં કહેવામાં આવ્યું છે કે, ‘આઈડીએફ દ્વારા સ્પષ્ટ રીતે ઓળખી શકાય તેવી યુનિફિલ પ્રોપર્ટી અને લેબેનીઝ સશસ્ત્ર દળોની ઈન્ફ્રાસ્ટ્રક્ચર બંનેનો ઈરાદાપૂર્વક અને સીધો વિનાશ એ ઠરાવ ૧૭૦૧ અને આંતરરાષ્ટ્રીય કાયદાનું સ્પષ્ટ ઉલ્લંઘન છે.’ UNIFILએ તમામ કલાકારોને નાગરિક મિલકત અને માળખાકીય સુવિધાઓના વિનાશ સહિતની કોઈપણ કાર્યવાહીથી દૂર રહેવાનું આહ્વાન કર્યું છે, સમાચાર એજન્સી સિન્હુઆના અહેવાલો અનુસાર, શનિવારે ઈન્ટરનેશનલ કમિટી ઓફ ધ રેડ ક્રોસ (ICRC)ના અધ્યક્ષ મિર્જાના સ્પોલજારિક તેમની મુલાકાત દરમિયાન લેબનોનના સૈયદને મળ્યા હતા. કે ‘નાગરિકો યુદ્ધવિરામના પતન માટે પરવડી શકે તેમ નથી, કારણ કે આ તેમને ફરીથી તીવ્ર લડાઈમાં ડૂબી જશે, જે વધુ મૃત્યુ અને વિનાશ તરફ દોરી જશે.’ સ્પોલજારિકને ICRCના નિવેદનમાં ટાંકવામાં આવ્યું હતું કે ‘પરિવારોને ઘરે પાછા ફરવા તેમના જીવનનું પુનર્નિર્માણ કરવા અને જરૂરિયાતમંદ લોકો સુધી માનવતાવાદી સહાયની મંજૂરી આપવા માટે યુદ્ધવિરામ જાળવી રાખવું મહત્ત્વપૂર્ણ છે. ‘જો સંઘર્ષના પક્ષકારોએ યુદ્ધના નિયમોનું સંપૂર્ણ પાલન કર્યું હોત, તો લેબેનોનમાં વિનાશનું પ્રમાણ અને આશ્ચર્યજનક માનવતાવાદી જરૂરિયાતો મોટા પ્રમાણમાં ઘટાડી શકાઈ હોત,’ તેમણે કહ્યું. યુ.એસ. અને ફ્રાન્સ દ્વારા મધ્યસ્થી કરવામાં આવેલ યુદ્ધવિરામ નવેમ્બર ૨૭, ૨૦૨૪ના રોજ અમલમાં આવ્યો, જેનો હેતુ ઈઝરાયેલ અને હિઝબુલ્લાહ વચ્ચે લગભગ ૧૪ મહિનાની લડાઈને સમાપ્ત કરવાનો હતો.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ......

ગુજરાત ટુડે

# નક્સલવાદ વારંવાર તેની હાજરી પૂરાવી રહ્યો છે...

દેશના વિવિધ નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં ધીમે-ધીમે શાંતિ જોવા મળી રહી છે. મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, ઓડિશા, ઝારખંડ વગેરેમાં પહેલાની જેમ નક્સલવાદી હુમલામાં ઘટાડો થયો છે. પરંતુ છત્તીસગઢ હજુ પણ નક્સલવાદીઓનો ગઢ છે. તેમને નિયંત્રિત કરવા માટે રાજ્ય અને કેન્દ્ર દ્વારા સતત અભિયાન ચલાવવામાં આવે છે. અવારનવાર આમાં નક્સલવાદીઓ માર્યા ગયા હોવાના અહેવાલો આવે છે. પરંતુ હજુ પણ નક્સલવાદીઓને સંપૂર્ણ રીતે કાબૂમાં લેવાનો પડકાર છે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે કહ્યું છે કે, આવતા વર્ષ સુધીમાં નક્સલવાદને ખતમ કરી દેવામાં આવશે. તેને જોતા છત્તીસગઢના ગાઢ જંગલોમાં નક્સલવાદીઓ વિરુદ્ધ ઓપરેશન તેજ કરવામાં આવ્યું છે. પરંતુ સુરક્ષા દળોની કાર્યવાહીના જવાબમાં નક્સલવાદીઓ પણ મોટા હુમલાને અંજામ આપવાનું કાવતરૂં ઘડવામાં સફળ થતાં હોવાનું જોવા મળે છે. છત્તીસગઢના બિજાપુરમાં થયેલો તાજેતરનો નક્સલી હુમલો તેનું ઉદાહરણ છે. કહેવામાં આવી રહ્યું છે કે, નક્સલવાદીઓએ થોડા દિવસો પહેલા સુરક્ષા દળોના ઓપરેશનના જવાબમાં આ હુમલો કર્યો હતો. જ્યારે દંતેવાડા, નારાયણપુર અને બિજાપુરની સંયુક્ત ટીમ સર્ચ ઓપરેશનમાંથી પરત ફરી રહી હતી ત્યારે ઓચિંતો છાપો મારીને બેઠેલા નક્સલવાદીઓએ તેમના વાહન પર હુમલો કર્યો હતો. જેમાં આઠ સુરક્ષાકર્મીઓ અને એક ડ્રાઈવર માર્યા ગયા હતા.

આ હુમલામાં IED વિસ્ફોટકોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેની શક્તિ સામાન્ય વિસ્ફોટકો કરતા અનેક ગણી વધારે છે. સરકાર વારંવાર દાવો કરે છે કે, નક્સલવાદીઓનો લગભગ સફાયો થઈ ગયો છે અને હવે તેઓ અમુક મર્યાદિત વિસ્તારો સુધી સીમિત છે. પરંતુ આટલી તકેદારી હોવા છતાં નક્સલવાદીઓ અત્યાધુનિક શસ્ત્રો અને વિસ્ફોટકો કેવી રીતે અને ક્યાંથી મેળવી શકે છે તે સમજવું મુશ્કેલ છે. એ વાતને નકારી શકાય નહીં કે છત્તીસગઢના બિજાપુર અને દંતેવાડા વિસ્તારમાં ગાઢ જંગલોને કારણે નક્સલવાદીઓ વિરુદ્ધ અભિયાનમાં મુશ્કેલીઓ આવી રહી છે. તેમની શોધ કરવી અને તેમના પર નજર રાખવી મુશ્કેલ છે. આ વિસ્તાર નક્સલવાદીઓનો ગઢ બની ગયો છે અને આ વિસ્તારમાં જ તેઓ મોટાભાગે સુરક્ષા દળો પર હુમલા કરવામાં સફળ રહે છે. પરંતુ આ સમસ્યા નવી નથી. આ માટે હેલિકોપ્ટર દ્વારા જાસૂસી કરવાની યોજના બનાવવામાં આવી હતી. કોઈપણ રીતે આજકાલ એટલા આધુનિક જાસૂસી સાધનો ઉપલબ્ધ છે કે, તેમની સાથે જંગલોમાં ચાલી રહેલી પ્રવૃત્તિઓને પારખવી મુશ્કેલ ગણી શકાય નહીં. આ હોવા છતાં જો નક્સલવાદીઓ સુરક્ષા દળોની યોજનાઓ અને પ્રવૃત્તિઓ પર સતત નજર રાખવામાં સક્ષમ છે અને વિસ્ફોટકો અને હથિયારો મેળવવામાં સફળ થાય છે તો સુરક્ષા દળો તેમની વ્યૂહરચના બદલશે તેવી અપેક્ષા છે.

આદિવાસી વિસ્તારોમાં પાણી, જંગલો અને જમીનના રક્ષણ માટે નક્સલવાદનો ઉદ્ભવ થયો હતો, પરંતુ હવે તેના મૂળિયા સ્થાપિત થઈ ચૂક્યા હોવાથી તેણે આતંકવાદી પ્રવૃત્તિઓનું સ્વરૂપ લીધું છે. હવે તેઓ સરકાર સાથે વાટાઘાટો કરવા પણ ઈચ્છુક જણાતા નથી. જો તેમની પાસે અત્યાધુનિક હથિયારો અને વિસ્ફોટકો પહોંચતા હોય તો દેખીતી રીતે જ તેમને બહારથી આર્થિક મદદ પણ મળી રહી હશે.

આ તમામ માર્ગો સુરક્ષા દળો અને ગુપ્તચરોની નજરથી કેવી રીતે બચેલા હશે તે સમજની બહાર છે. જ્યાં સુધી તેમની પાસે પહોંચતી નાણાકીય સહાય, શસ્ત્રો, વિસ્ફોટકો અને આધુનિક માહિતી ટેક્નોલોજી વગેરેને રોકવામાં ન આવે. ત્યાં સુધી નક્સલવાદનો અંત આવે એ શક્ય નથી.

# બાબાસાહેબ આંબેડકર : હિન્દુ અધિકાર અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ

હાલમાં (ડિસેમ્બર-૨૦૨૫)માં સંસદમાં ચર્ચા દરમ્યાન ગૃહમંત્રી અમિત શાહે પોતાના ભાષણમાં એક વાર બાબાસાહેબ આંબેડકરનું અપમાન કર્યું તો બીજી તરફ એ સાબિત કરવાનો પ્રયાસ પણ કર્યો કે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે આંબેડકરની સાથે ખૂબ જ ખરાબ વ્યવહાર કર્યો. શાહની એમની ટિપ્પણીઓનો યોગ્ય જવાબ મળ્યો. ઘણા વિરોધ પ્રદર્શન થયા અને એમના રાજીનામાની માંગ પણ કરવામાં આવી. એમણે એમના કથન માટે માફી માગવાનું કહેવામાં આવ્યું કે 'આંબેડકરનું નામ લેવું એક ફેશન બની ગયું છે. આ તીખી પ્રતિક્રિયાથી કદાચ તેમનો અહંકાર અને રાજકીય વજનમાં અમુક અંશે ઘટાડો થયો. પોતાના ભાષણમાં પોતાની પીઠ જાતે થપથપાવતા શાહે જણાવ્યું કે એમના પક્ષે કેવી રીતે બાબાસાહેબની સાથે ન્યાય કર્યો, તેમણે કહ્યું, કે એમના પક્ષની સરકારોએ જગ્યા આંબેડકરની પ્રતિમા લગાવી, શું એક મર્યાદા પછી બાબાસાહેબ એને પસંદ કરતા ? શાહે પોતાના પક્ષને આ શ્રેય પણ દીધો કે એમણે બાબાસાહેબના જન્મદિવસને 'સામાજિક સમરસતા દિવસ'ના રૂપમાં મનાવવાનું શરૂ કર્યું. 'સામાજિક સમરસતા'ની ભાજપાઈ પરિકલ્પના, બાબાસાહેબના સપનાની એકદમ વિરૂદ્ધ છે. બાબાસાહેબ જાતિઓની વચ્ચે સમરસતાની નહીં પરંતુ જાતિના વિનાશના હામી છે. સામાજિક સમરસતા અભિયાન દ્વારા સંઘ-ભાજપ જે એજન્ડા આગળ વધારી રહ્યા છે, તે આંબેડકરના જાતિવિહીન સમાજની સ્થાપનાઓના સપનાઓ ધૂળમાં મેળવનારા છે. આ એજન્ડા જાતિપ્રથાને બનાવી રાખતા વિભિન્ન જાતિઓ વચ્ચે સદ્ભાવની સ્થાપનાની વાત કરે છે.

આમ પણ, ભાજપ દીનદયાળ ઉપાધ્યાયના 'એકાત્મ માનવતાવાદમાં વિશ્વાસ રાખે છે જે અનુસાર હિન્દુ સમાજના ઉદ્ભવ પરમબ્રહમથી થયો બ્રામણ એમના મુખમાંથી નીકળ્યા, ક્ષત્રિય એમની ભૂજાઓથી, વૈશ્ય એમની જાંઘથી અને શૂદ્ર એમના પગથી સંઘ-ભાજપ અનુસાર આ સામાજિક ભાગલા, સમાજને મજબૂતી આપે છે.

નો સંઘ-ભાજપ ખરેખર આંબેડકરને સન્માન કરતા હોત તો એમની સરકાર આર્થિક દ્દષ્ટિથી નબળા વર્ગો માટે અનામતની વ્યવસ્થા કરતી નહીં કારણ કે દલિત, આદિવાસી, એસટી કવોટામાં ઘટાડો આવ્યો છે. એમની સરકાર દલિતો પર અત્યાચારની ઘટનાઓમાં ઘટાડો લાવતી, મહિલાઓની વિરૂદ્ધ હિંસમાં ઘટાડો લાવતી.

જ્યાં સુધી આરએસએસ ભાજપના દાવાની સામગ્રી છે કોંગ્રેસે આંબેડકરની અવગણના કરી અતે તેમની સાથે ન્યાય કર્યો નથી. તે ઊંગણપૂર્વક ઓળખવાનું બાકી છે કે આંબેડકરની સામાજિક ન્યાય માટેની લડતમાં એક વસ્તુ ખૂટે છે, જેને હિન્દુ રાષ્ટ્રવાદી પક્ષોએ સમર્થન આપ્યું નથી કે તેને મદદ કરી નથી.

ભારતના રાષ્ટ્રીય નેતૃત્વએ અસ્પૃશ્યતા અને જાતિ વ્યવસ્થાના મુદ્દાઓને ગંભીરતાથી લીધા. ખાસ કરીને ૧૯૩૦ના દશકથી મહાત્મ ગાંધીએ ૧૯૩૨માં અસ્પૃશ્યતા અને જાતિ વ્યવસ્થાને એટલી ગંભીરતાથી લીધી કે તેમનું ધ્યાન આગામી કેટલાક વર્ષો સુધી આ મુદ્દાઓ પર જ રહ્યું. તેણે નક્કી કર્યું કે તે એવા કોઈ લગ્નમાં નહીં જાય જે આંતરજ્ઞાતિય ન હોય તેમણે આવનમાં એક દલિત પરિવારને આદરપૂર્વક રાખ્યો, અનાથી નારાજ થઈને દાતાઓએ અધમનો દાન આપવાનું બંધ કર્યું અને સમાન્ય રીતે તેમને ટોણા માર્યા, પરંતુ ગાંધીજી ઝૂક્યા નહીં.

એ વાત સાચી છે કે કોંગ્રેસે લોકસભાની ચૂંટણીમાં આંબેડકરે પોતાનો ઉમેદવાર ઉભો રાખ્યો હતો, પરંતુ તેનો અર્થ એ નથી કે તે આંબેડકરની વિરૂદ્ધ હતા. બાબાસાહેબને રાજયસભામાં નામાંકિત કરવામાં આવ્યા હતા. મરાત્મા ગાંધીએ સુનિશ્ચિત કર્યું કે વચગાળાની સરકારમાં મંત્રી બનાવવામાં આવે ગાંધીજીની સલાહ પર જ આંબેડકરે બંધારણ સભાની ડ્રાફ્ટ કમિટીમાં નિયુક્ત કરવામાં આવ્યા હતા.

અમિત શાહ એવો દાવો કરી રહ્યા છે કે આંબેડકરે કેબિનેટમાંથી રાજીનામુ આપ્યું હતું કારણ કે તેઓ કોંગ્રેસ સરકારની વિદેશ નીતિ અને બંધારણની કલમ ૩૭૦ની વિરૂદ્ધ હતા. તેઓ જે મંત્રીમંડળના સભ્ય હતા તે લોકશાહી રીતે કામ કરતા હતા. કાશ્મીરના કિસ્સામાં, આંબેડકરનો અભિપ્રાય હતો કે કાશ્મીર ખીણ, જમ્મુ અને કશ્મીરની વિવિધતા સાથે ન્યાય થઈ શકે. આ મુદ્દે તેમણે કેબિનેટમાંથી રાજીનામુ આપ્યું હતું તે કહેવું સંપૂર્ણપણે ખોટું છે. આંતરિક વંશીય વિવિધતાની સાથે ન્યાય હોઈ શકે. એ કહેવું પૂરી રીતે ખોટું છે કે તેઓએ આ મુદ્દા પર મંત્રી મંડળમાંથી રાજીનામુ આપ્યું હતું.

આ તેમના રાજીનામુ સાચું કારણ હતું કે હિન્દુ કોડ બિલને તેના મૂળ સ્વરૂપમાં સંસદ દ્વારા મંજૂર કરવામાં આવ્યું ન હતું. નહેરૂએ આંબેડકરે હિંદુકોડ બિલનો મુસદ્દો તૈયાર કરવા વિનંતી કરી હતી. આ ડ્રાફ્ટ તૈયાર કરતી વખતે આંબેડકરે મહિલાઓના ગૌરવને સુનિશ્ચિત કરવા પર ભાર મૂક્યો હતો. આ બિલની પુષ્ઠભૂમિએ હકીકત હતી કે વિવિધ ધાર્મિક સમુદાયોના પોતાના અંગત કાયદાઓ હતા. પર્સનલ લો લગ્ન, છૂટાછેડા, વારસો એ બાળકોની કસ્ટડીની બાબતોમાં લાગુ પડે છે. આ બિલનો ડ્રાફ્ટ સાર્વજનિક થતાં જ તેણે તોફાન મચાવી દીધું હતું. આરએસએમ અને તેના સહયોગીઓએ એવો પ્રચાર શરૂ કર્યો કે આ બિલનો હેતુ સનાતન ધર્મનો નાશ કરવાનો છે. ૧૨ ડિસેમ્બર ૧૯૪૯ના રોજ વિશાળ વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યા અને આરએસએસના અનુયાયીઓએ આંબેડકર અને નહેરૂના પૂતળા બાળ્યા.

ઘણી જાહેર સભાઓનું આયોજન કરવામાં આવ્યું અને આંબેડકર અને હિંદુકોડ બિલ વિરૂદ્ધ વાતાવરણ ઊભુ કરવાના તમામ પ્રયાસો કરવામાં આવ્યા. કોંગ્રેસમાં પણ આ બિલના ઘણા વિરોધીઓ હતા. બિલ પસાર થઈ શક્યું નહીં અને આનાથી આંબેડકરને એટલો આંચકો લાગ્યો કે તેમણે કેબિનેટમાંથી રાજીનામુ એટલા માટે આપ્યું કારણ કે કોંગ્રેસ એને નજરઅંદાજ અને અપમાનિત કરી રહી હતી, તે સફેદ જૂઠ હતું. કોઈપણ રીતે આંબેડકર અને સંઘ પરિવારની વિચારધારાઓ એકબીજાના વિરોધી છે. છેલ્લા કેટલાક દાયકાઓથી આરએસએસ-ભાજપ દલિત અને આદિવાસીઓને આકર્ષવાના પ્રયાસો કરી રહ્યા છે. અને આ માટે તેઓએ કેટલાક સુપરફિસિયલ પ્રયાસો કરી રહ્યા છે. પરંતુ આ કવાયતને એકમાત્ર હેતુ ચૂંટણી જીતવાનો છે. દલિતોનો એક મોટો વર્ગ બંધારણનું સન્માન કરે છે. કારણ કે તેઓ જાણે છે કે બંધારણે દલિતોને જાતિની ગુલામીમાંથી મુક્ત કર્યા છે. અને આ જ કારણ છે કે ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીમાં દલિત મતદારો અમુક અંશે દલિતો પાસે જશે.

આપણે એ પણ ન ભૂલવું જોઈએ કે ભાજપની મૂળ સંસ્થા આરએસએસે ભારતના બંધારણનો ઉગ્ર વિરોધ કર્યો હતો, જે આંબેડકરની ભારતને સૌથી મોટી અને સૌથી મહત્ત્વપૂશ્રણ ભેટ છે. આરએસએસના મુખપત્ર 'ઓર્ગેનાઈઝર'એ તેના ૩૦ નવેમ્બર ૧૯૪૯ના છે કે તેમાં ભારતીય કંઈ જ નથી... ભારતના પ્રાચીન બંધારણીય કાયદા, નામકરણ અને ભાષાનો છાંટો પણ તેમાં નથી હિન્દુત્વની રાજનીતિના પિતા સાવરકરે પણ કહ્યું હતું કે ભારતના બંધારણમાં ભારતીય કંઈ નથી.

-રામ પુનિયાની

## રાજપીપળામાં ચેક રિટર્ન કેસમાં શિક્ષકને એક વર્ષની કેદની સજા

(સંવાદદાતા દ્વારા)

રાજપીપળા, તા.૮

રાજપીપળામાં ચેક રિટર્નના કેસમાં કોર્ટે આરોપી શિક્ષકને એક વર્ષની સાદી કેદ અને ચેકની રકમ ત્રણ મહિનામાં ચૂકવવાનો આદેશ કર્યો છે અને જો આરોપી ૨ મહિનામાં ચેકની રકમ ન ચૂકવે તો, વધુ ૬ માસની સજાનો હુકમ કોર્ટ દ્વારા કરવામાં આવ્યો છ. નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના અનીઝરા ગામની પ્રાથમિક શાળામાં નોકરી કરતો અને ઘટના વખતે રાજપીપળાના નવફળીયા વિસ્તારમાં રહેતો આરોપી શિક્ષક મહંમદ હનીફ અબ્દુલ ભાઈ શેખ અને ગુવારની પ્રાથમિક શાળામાં નોકરી કરતા ફરિયાદી શિક્ષક હિતેશભાઈ જયંતિભાઈ પટેલ વચ્ચે મિત્રતા હતી. મિત્રતાના સબંધમાં આરોપી અને ફરિયાદી એકબીજાના ઘરે પણ આવતા જતાં હતાં. જેથી આરોપી મહંમદ હનીફ શેખએ ફરિયાદી હિતેશ પટેલ પાસે ટૂંક સમયમાં પરત કરવાનો વાયદો કરી પોતાના અંગત કામ માટે રૂા.૩ લાખની માંગણી કરી હતી જેથી ફરિયાદીએ મિત્રતાને લીધે પોતના સસરાની ભચરવાડ ગામમાં આવેલી ખેતરની જમીન વેચી ત્રણ લાખ રૂપિયા આપી આરોપીની મદદ કરી હતી. પરંતુ ઘણો સમય વિતી ગયા બાદ પણ આરોપીએ પૈસા પરત ન કરતા ફરિયાદીએ પૈસાની માંગણી કરી હતી. ત્યારે આરોપી મહંમદ હનીફ શેખએ પૈસા આપવાના અનેક ખોટા વાયદા કર્યા બાદ, ફરિયાદી હિતેશ પટેલને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની રાજપીપળા શાખાનો રૂ.૩ લાખનો ચેક લખી આપ્યો હતો. જે ચેકને ફરિયાદી એ બેંકમાં જમા કરાવતા આરોપીના એકાઉન્ટમાં પૂરતી રકમ ન હોવાથી ચેક રિટર્ન થયો હતો. જે બાદ ફરિયાદીએ વકીલ મારફતે આરોપીને લીગલ નોટીસ મોકલી હતી. પરંતુ આરોપીએ નોટીસનો પણ કોઈ જવાબ આપ્યો ન હતો. જેથી ફરિયાદીએ વકીલ મારફતે આરોપી વિરૂદ્ધ રાજપીપળાની કોર્ટમાં નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ હેઠળ ફરિયાદ દાખલ કરી હતી, જે કેસ રાજપીપળાના બીજા એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ જે.કે. ખાંટની કોર્ટમાં ચાલી જતાં કોર્ટે આરોપી શિક્ષક મહંમદ હનીફ અબ્દુલભાઈ શેખને ક્રિમીનલ પ્રોસીજર કોડ અન્વયે તક્સીરવાન ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા તથા ચેકની રકમ રૂા.૩ લાખ ૨ મહિનામાં ચૂકવી દેવાનો હુકમ કર્યો હતો. અને જો આરોપી મહંમદ હનીફ આ રકમ ૬૦ દિવસમાં ફરિયાદી હિતેશ પટેલને ન ચૂકવે તો વધુ ૬ માસની સાદી કેદની સજાનો હુકમ કોર્ટે કર્યો છે.

## અગ્નિવીર ભરતીની પહેલા તબક્કાની પરીક્ષામાં ૩૦૫ ઉમેદવારો ઉત્તીર્ણ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૮

વડોદરાની એમ.એસ.યુનિવર્સિટીના પેવેલિયન મેદાન પર ભારતીય સેનામાં અગ્નિવીર તરીકે જોડાવા માટેની ભરતી પ્રક્રિયાનો પ્રારંભ થઈ ગયો છે. ત્યારે અગ્નિવીર ભરતીની પહેલા તબક્કાની પરીક્ષામાં ૩૦૫ ઉમેદવારો ઉત્તીર્ણ થયા છે. પહેલા બે દિવસમાં આ ભરતી પ્રક્રિયાના પહેલા તબક્કામાં દોડની પરીક્ષા ૩૦૫ ઉમેદવારોએ પાસ કરી છે. આ ઉમેદવારોની આગળની કસોટી પણ હાથ ધરવામાં આવી છે. ઉમેદવારો દોડ બાદ લાંબો કુદકો, બેઠક, પુલઅપલ્સ, બેલેન્સિંગ, ઉંચો કુદકો જેવી શારીરિક કસોટી પાસ કરશે અને એ પછી તેમની શૈક્ષણિક લાયકાત ચકાસવા માટે તેમના દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવશે. છેલ્લા તબક્કામાં તેમનું મેડિકલ ચેકઅપ કરાશે. ઉમેદવારોના રોકાણ માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નિઝામપુરા અતિથિગૃહ ખાતે રોકાણ માટે વ્યવસ્થા કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, તા. ૬થી તા. ૧૪ જાન્યુઆરી સુધી યોજાનાર ભરતી પ્રક્રિયામાં ભાગ લેવા માટે ગુજરાતના તમામ જિલ્લામાંથી કુલ ૮૩૫૪ યુવાનોએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે.

## અમરેલીમાં જ્યાં જરૂર નથી ત્યાં નવા રોડની કરાઈ રહેલી કામગીરી

અમરેલી તા.૮

અમરેલી નગરપાલિકા શહેરના વિસ્તારોમાં રોડની જરૂરિયાત ન હોવા છતાં રોડ તોડી નવા રોડ બનાવી રહી છે અને સરકારી ગ્રાન્ટનો દુરૂપયોગ કરી રહી છે તેવા આક્ષેપ સાથે વિરોધ પક્ષના નેતા સેજલબેન સોલંકીએ વિરોધ કરી ચીફ ઓફિસરને રજૂઆત કરી છે. અમરેલી નગરપાલિકા હાલમાં શહેરના ભીડભંજન વિસ્તારથી લઈ હીરામોતી ચોક સુધી રોડ બનાવી રહી છે આ રોડમાં ભાગ્યે જ ક્યાંક ખાડા હજુ થોડા સમય પહેલા જ બનાવેલ હોય તેમ છતાં રોડ તોડી નવો રોડ બનાવી રહયા છે વોર્ડ નંબર ૧૧ ચક્કરગઢ રોડ ઉપર અમૃત નગરમાં પણ રોડની જરૂરિયાત ન હોવા છતાં સીસી રોડ તોડી ત્યાં નવા સીસી રોડ બનાવવામાં આવી રહ્યું છે આમ શહેરમાં જયાં રોડની જરૂરિયાત છે ત્યાં નગરપાલિકા રોડ બનાવતી નથી અને જ્યાં જરૂર નથી ત્યાં રોડ તોડી નવા રોડ બનાવી રહી છે અને સરકારી ગ્રાન્ટનો વ્યય થઈ રહ્યો હોય તેથી શહેરના વોર્ડ નંબર નવના સદસ્ય અને નગરપાલિકા વિરોધ પક્ષના નેતા સેજલબેન સોલંકી એ આ રોડ તોડવામાં આવી રહેલ હોઈ તે અંગે વિરોધ દર્શાવ્યો છે અને નગરપાલિકા ચીફ ઓફિસરને એક પત્ર દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

ધાર્મિક કાર્યક્રમ

### રતનપુર નજીક બાવાગોર દરગાહનો ૧૧મીથી ઉર્સ શરીફનો પ્રારંભ

ઝઘડિયા તાલુકાના રતનપુર ગામ નજીકના પહાડ પર આવેલ સુફી સંત હઝરત બાવાગોર (બાવા ગોરીશા)ની દરગાહનો વાર્ષિક ઉર્સ તા.૧૨મી જાન્યુઆરીના રોજ મનાવવામાં આવશે. તા.૧૧ મી જાન્યુઆરીના રોજ દરગાહ શરીફે બપોરના ૪ વાગ્યે સંદલ શરીફ ચઢાવવામાં આવશે, અને બીજા દિવસે તા.૧૨ મીએ દરગાહ શરીફનો વાર્ષિક ઉર્સ મનાવવામાં આવશે. આ જગ્યાના હાલના ગાદી વારસ હઝરત જાનુબાપુંની ઉપસ્થિતિમાં ઉર્સની ઉજવણી કરવામાં આવશે.

### સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૨૪ દરમ્યાન

## ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ૨૬,૦૦૦થી વધુ લોકોને સારવાર પૂરી પાડવામાં આવી

હિંમતનગર, તા.૮

કોઈપણ આપત્તિગ્રસ્ત અને આપાતકાલિન સ્થિતિમાં કોઇ પણ સ્થળે અને કોઈપણ સમયે તાત્કાલિક મેડીકલ સારવાર અને મદદ માટે સૌ કોઇના મોઢે એક જ નામ હોય છે અને તે છે ૧૦૮ એમ્બ્યુલન્સ. સાબરકાંઠા જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા વર્ષ ૨૦૨૪માં ૨૬,૩૦૭ જેટલા દર્દીઓને હોસ્પિટલ સુધી પહોંચાડી તેઓના જીવ બચાવવામાં આવ્યા છે. જીવનરક્ષક ૧૦૮ સેવાએ કોરોનાકાળ, પૂર અને અન્ય વિપરીત પરિસ્થિતિઓમાં લોકોની સમયસર સારવાર કરી જીવ બચાવ્યા છે. સાબરકાંઠા જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા વર્ષ ૨૦૨૪માં ૨૬૩૦૭ જેટલા દર્દીઓને સમયસર સારવાર કરી ખુબ જ સરાહનીય કામગીરી કરી છે. વર્ષ ૨૦૨૪માં સાબરકાંઠામાં ૧૦૮




એમ્બ્યુલન્સને ઈમરજન્સીના કુલ ૨૦૨૪, પેટના દુખાવાના ૨૨૦૬, એલર્જી રીએક્શનના ૩૨, માનસિક તકલીફના ૨૬, શ્વાસની તકલીફના ૧૯૨૫, હૃદય રોગના ૧૦૪૬, ખેંચના ૫૭૨, વાતાવરણને લગતી ઈમરજન્સીના આઠ, તાવના ૭૨૭, આકસ્મિક આપદાના ૨૦, ઝેરી દવાની અસરના ૮૫૪, પ્રસુતિને લગતી ઈમરજન્સીના ૧૦૩૬૫, લકવાના ૧૭૩, માર્ગ અકસ્માતના ૩૫૨૩, અજાણી તકલીફના ૨૦૭૨ સહિત વિવિધ કેસ મળ્યા છે. જેમાં સમયસર ૧૦૮ એમ્બ્યુલન્સે સેવા આપી છે. આ ઉપરાંત સગર્ભા મહિલાને કેટલીક વાર સ્થળ પર જ પ્રસૂતી કરવાની જરૂર પડે છે. વર્ષ ૨૦૨૪માં કુલ ૩૨૪ મહિલાઓને ૧૦૮ એમ્બ્યુલન્સે સ્થળ પર જ પ્રસૂતિ કરાવવામાં આવી છે. ૧૦૮ એમ્બ્યુલન્સ હરતા ફરતા પ્રસૂતિગૃહની ગરજ સારે છે. ઉલ્લેખનીય છે કે સાબરકાંઠામાં હાલમાં સાબરકાંઠામાં કુલ ૧૬ એમ્બ્યુલન્સ છે. જે જીવનરક્ષકના જરૂરી સાધનોથી સજ્જ છે.

### બિનહથિયારધારી PSI અને લોકરક્ષકની ભરતીનો પ્રારંભ

## હિંમતનગરમાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ પર ૨૫૦થી વધુ ઉમેદવારોએ દોડ લગાવી

### બનાસકાંઠા, અમદાવાદ, પાટણ અને મહેસાણાના ઉમેદવારો હિંમતનગર આવ્યા

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૮

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં જિલ્લા પોલીસ પરેડ ગ્રાઉન્ડ પર આજથી બે મહિના ચાલનારી બીન હથિયારધારી PSI અને લોકરક્ષકની ભરતીનો પ્રારંભ થયો છે. જેમાં અમદાવાદ, પાટણ, બનાસકાંઠા અને મહેસાણાના ઉમેદવારો આવ્યા હતા. પ્રથમ દિવસે અંદાજે ૬૦૦ જણાને કોલલેટર આપવામાં આવ્યા હતા. હિંમતનગરમાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ પર બુધવારે સવારે ૫ વાગ્યાથી બીન હથિયારધારી PSI અને લોકરક્ષકની ભરતીમાં આવેલા ઉમેદવારોનું પોલીસ બંદોબસ્ત વચ્ચે પ્રવેશ શરૂ કરાયો હતો. જેમાં પ્રવેશદ્વારે ઉમેદવારોને કોલલેટર અને આઈડી પ્રૂફ સાથે તપાસ કરી પ્રવેશ અપાયો હતો. ત્યારબાદ ઉમેદવારો સીધા રજીસ્ટ્રેશન વિભાગમાં પ્રવેશ થતા તેમની પ્રક્રિયા શરૂ થઈ હતી. ત્યાર બાદ પ્રથમ ૧૩ રાઉન્ડ જે ૨૫ મિનીટમાં પુરા કરવાના હોય તેમાં એક રાઉન્ડમાં ૨૦૦ ઉમેદવારોને સીસીટીવી હેઠળ બેલ્ટ લગાવીને દોડ શરૂ કરાઈ હતી. જેમાં પાસ થયેલા ઉમેદવારોની ઉંચાઈ અને છાતી માપ્યા બાદની પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ ઉમેદવારો બહાર આવ્યા હતા. મળેલ માહિતી મુજબ પ્રથમ દિવસે અમદાવાદ, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાના અંદાજે ૬૦૦થી વધુને કોલ લેટર આપવામાં આવ્યા હતા. જેમાંથી અંદાજે ૨૫૦થી વધુ હાજર રહ્યા હતા. તો અંદાજે ૮૦થી વધુ ઉમેદવારો પાસ થયા હતા. ભરતીમાં આવેલા ઉમેદવાર બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના હડમતીયા ગામના મીતેશ રમેશભાઈ પ્રજાપતિએ જણાવ્યું હતું કે, હિંમતનગર પોલીસની ભરતીમાં આવ્યો છું. મેં દોડ ૨૫ મિનીટમાં પૂરી કરવાની હતી જે મેં ૨૨ મિનીટમાં પૂરી કરી હતી. ત્યાર બાદ મારી ઉંચાઈ અને છાતી માપી હતી. અહિયાં સારી વ્યવસ્થા હતી. ઠંડીની અસર હતી સવારે ૫ વાગ્યે આવ્યો હતો અને લાઈનમાં ઉભો હતો. અમદાવાદથી આવેલા જય તોમર પ્રથમવાર ભરતીમાં આવ્યા હતા તેઓએ જણાવ્યું હતું કે હિંમતનગરમાં ભરતીમાં આવ્યો છું. પ્રવેશ બાદ રજીસ્ટ્રેશન વિભાગના બાયોમેટ્રિકથી પ્રક્રિયા શરૂ થઈ હતી. એક રાઉન્ડમાં ૨૦૦ જણા લીધા હતા. ૧૩ રાઉન્ડ ૨૫ મીનીટમાં પુરા કરવાના હતા. જે મેં ૨૨ મીનીટમાં પૂર્ણ કર્યા હતા. તો વ્યવસ્થા પણ સારી હોવાની વાત કરી હતી.

## ભાવનગર : કોંગ્રેસ દ્વારા ગરીબ-જરૂરિયાતમંદ લોકોને ધાબળાનું વિતરણ કરાયું

ભાવનગર, તા.૮

ભાવનગર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ હિતેષભાઈ વ્યાસ દ્વારા શહેરમાં વસતા ગરીબ મધ્યમ વર્ગના લોકો અને ફૂટપાથ ઉપર સુતા-રહેતા લોકોને ઠંડીની સીઝનમાં ગરમ કપડાં તથા અન્ય વસ્ત્રો મળી રહે તે માટે "વસ્ત્રદાન" અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.જેના ભાગરૂપે ભાવનગર શહેરના પીરછલ્લા વોર્ડમાં શનિવારે રાત્રીના સુમારે જરૂરિયાતમંદ અને ફૂટપાથ ઉપર સુતેલા ગરીબ લોકોને ગરમ ધાબળા (બ્લેકેન્ટ) વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.

## HMPV વાયરસને પગલે વડોદરાની હોસ્પિટલમાં આઈસોલેશન વોર્ડની તૈયારીઓ પૂર્ણ

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૮

વડોદરામાં ચીનથી ફેલાયેલા એચ.એમ.પી.વી. વાયરસને ધ્યાને લઈ સયાજી હોસ્પિટલનો આઈસોલેશન વોર્ડ તૈયાર કરવામાં આવ્યો છે. આજે ઓક્સિજન પ્લાન્ટની પણ સાફ સફાઈ કરવામાં આવી હતી. આવતીકાલે ટેસ્ટિંગ કિટ આવ્યા પછી ટેસ્ટ શરૂ કરવામાં આવશે. સંભવિત એચ.એમ.પી.વી. વાયરસના સંક્રમણને ધ્યાને લઈ સયાજી હોસ્પિટલમાં તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. સયાજી હોસ્પિટલના આઈસોલેશન વોર્ડને તૈયાર કરવામાં આવ્યો છે. માઈક્રોબાયોલોજી ડિપાર્ટમેન્ટ દ્વારા ચાર કિટની માંગણી કરવામાં આવી છે. એ કિટમાં ૧૦૦ સેમ્પલ લઈ શકાય છે. આ ઉપરાંત લોકલ લેવલે દવાઓ અને કિટ ખરીદવાની મંજૂરી પણ સરકાર પાસે માંગવામાં આવી છે. પ્રાથમિક તૈયારીના ભાગરૂપે સયાજી હોસ્પિટલ ઉપરાંત ગોત્રી હોસ્પિટલમાં પણ વોર્ડ તૈયાર કરી દેવામાં આવ્યા છે.

ધાર્મિક કાર્યક્રમ

## બુધેલ ગામે હઝરત ગંજ શહીદ પીરદાદાના ઉર્સ શરીફની ઉજવણી કરાઈ

ભાવનગર નજીકના બુધેલ ગામે આવેલા હઝરત રોશન ઝમીર ગંજ શહીદ અલી ઉંમર શહાબુદ્દીનબાપુનો ઉર્સ શરીફ શાનદાર રીતે ઉજવવામાં આવ્યો હતો. આ ઉર્સ પ્રસંગે બુધેલ ગામમાં સંદલ શરીફનું જુલૂસ ફર્યું હતું ત્યારબાદ દરગાહ શરીફમાં મીલાદ શરીફ, સંદલ શરીફ, ચાદર શરીફ, સલાતો-સલામ, સામૂહિક દુવાઓ, ન્યાઝ શરીફ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. જેમાં સૈયદ હાસમબાપુના હસ્તે સંદલ વિધિ કરવામાં આવી હતી. આ પ્રસંગે દરગાહના ખાદીમ સૈયદ ફૈઝલબાપુ, સૈયદ જાવેદબાપુ, પૂર્વ નગરસેવક કાળુભાઈ બેલીમ, રઉફભાઈ ક્લાસીસ, મેમણ હનીફભાઈ ચાવળા તેમજ હિન્દુ-મુસ્લિમ શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને કોમી એકતા અને ભાઈચારાના દર્શન થયા હતા.

**હદીસ બોધ**

કોઈ પણ માણસના દિલમાં ઈમાન અને ઈર્ષ્યા સાથે નથી રહી શકતા.

- હદીસ બોધ

**બોધ વચન**

પરિવર્તન એ મુશ્કેલીઓ વિના ન કરી શકાય. - રિચાર્ડ હુકર

**આજની આરસી**

૯ જાન્યુઆરી ગુરૂવાર ૨૦૨૫
૮ રજબ હિજરી ૧૪૪૬
પોષ સુદ દસમ સંવત ૨૦૮૧
સુબ્હ સાદિક ૫-૫૮
ખત્મે ઝવાલ ૧૨-૪૬
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૭-૨૨
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૧૧

વિશ્વપ્રસિદ્ધ વિદ્વાન શાયર **'અલ્લામા ઈકબાલ'** કોઈ પરિચયના મોહતાજ નથી... એમણે દાયકાઓ પહેલાં જે લખ્યું છે એ આજે પણ એટલું જ પ્રાસંગિક છે ત્યારે તેમની ફિલસુફીથી છલોછલ એવી ઈલ્મી રચનાઓને અહીં સરળ ગુજરાતીમાં ભાવાનુવાદ સાથે સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

**અલ્લામા મુહમ્મદ ઈકબાલની શાયરી /ભાવાનુવાદ**

**તેરે દીન-ઓ અદબસે આ રહી બુ-એ રૂહબાની,**
**યહી હૈ મરનેવાલી ઉમ્મતોં કા આલમ એ પીરી**

મુસલમાનોને કવિ કહે છે કે કુર્આન શરીફ, હદીસનું અનુસરણ કરવાનું છોડી દીધું છે, ઈસ્લામિક સંસ્કૃતિનો ત્યાગ કર્યો છે, મુસલમાન દીનથી દૂર થઈ ગયા છે અને આ નિશાની પતનની છે. -**(ભાવાનુવાદ કર્તા અલ્તાફહુસૈન સૈયદ)**

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. **- વ્યવસ્થાપક**

# ધમાકેદાર પુનરાગમન માટે મો.શમી આતુર : વીડિયો પોસ્ટ કર્યો

નવી દિલ્હી, તા.૮

ભારતીય ટીમનો ઝડપી બોલર મોહમ્મદ શમી ઈન્ટરનેશનલ ક્રિકેટમાં પુનરાગમન કરવા માટે આતુર છે. પાંચ મેચોની બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં તેને તક મળી ન હતી. કારણ કે તે પૂરી રીતે ફિટ ન હતો. જો કે હવે તે પૂરી રીતે ફીટ છે. પસંદગીકારોને આ બતાવવાનો પ્રયાસ મોહમ્મદ શમીએ પોતે કર્યો છે. બીજી ટી મિસ કર્યા બાદ તેની નજર મોટા મંચ પર છે. મો.શમીએ એક વીડિયો શેર કરતા આની જાણકારી આપી છે કે તેણે બોલિંગ કરવાનું શરૂ કરી દીધું છે. મોહમ્મદ શમી ભારત માટે આગામી આઈસીસી ઈવેન્ટ એટલે કે આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫માં રમવા માંગે છે. તે છેલ્લીવાર ભારત માટે ૨૦૨૩ના વર્લ્ડકપમાં રમ્યો હતો અને દમદાર પ્રદર્શન કર્યું હતું. ત્યારબાદ તેને ઈજા થઈ જેના કારણે તે એક વર્ષ ક્રિકેટથી દૂર રહ્યો. તેણે ફરી મેદાનમાં પુનરાગમન કર્યું તો ફરી ઈજા થઈ જેના કારણે તેને થોડા દિવસ ક્રિકેટથી દૂર રહેવું પડ્યું. હવે તે ફરીથી નેટ્સ પર પરત કર્યો છે. તેણે એક્સ પર આનો એક વીડિયો પોસ્ટ કર્યો છે. આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા ટીમ ઈન્ડિયાને ૮ મેચ વ્હાઈટ બોલ સિરીઝની રમવાની છે. ભારતને ૨૨ જાન્યુઆરીથી ઈંગ્લેન્ડ વિરૂદ્ધ પાંચ મેચોની ટી-૨૦ અને ત્રણ મેચની વન-ડે સિરીઝ રમવાની છે. આ સિરીઝમાં મોહમ્મદ શમીને તક મળી શકે છે.

### અક્ષર પટેલ અને રવિન્દ્ર જાડેજામાંથી કોણ ?

# ચેમ્પિયન્સ ટ્રોફીમાં કેવી હશે ટીમ ઈન્ડિયા કે.એલ.રાહુલ-મોહમ્મદ શમીને તક મળશે



નવી દિલ્હી, તા.૮

ખરાબ ફોર્મ સામે ઝઝૂમી રહેલા રોહિત શર્મા અને વિરાટ કોહલી ભારતીય વન-ડે ટીમના બેટિંગનું મુખ્ય કેન્દ્ર હશે પણ ઓછામાં ઓછા ત્રણ સિનિયર ખેલાડી એવા છે જેમના નામ પર પસંદગીકારો માટે કોયડો બનશે. જ્યારે તેઓ ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારતીય ટીમની પસંદગી કરશે. કે.એલ. રાહુલ, મોહમ્મદ શમી અને રવિન્દ્ર જાડેજાનું ૧૯ ફેબ્રુઆરીથી શરૂ થનાર આ ટુર્નામેન્ટ માટે ટીમમાં સ્થાન નિશ્ચિત નથી. જો કે, તેઓ ગત વર્ષે વિશ્વકપ ટીમનો હિસ્સો હતા. એવું કહેવાય છે કે, યશસ્વી જયસ્વાલને વન-ડે ટીમમાં સ્થાન મળવાની સંભાવના છે. જેનાથી ટોપ ફોરમાં એક ડાબોડી બેટ્સમેન હશે. રિષભ પંત વિકેટકીપિંગ માટે પ્રથમ પસંદ હશે તો રાહુલને બેકઅપ રાખવાનો કોઈ મતલબ નથી. રાહુલ જો વિકેટકીપિંગ કરી રહ્યો નથી તે એક બેટ્સમેન તરીકે ટીમમાં તેનું સ્થાન નિશ્ચિત નથી. સૂત્રોની માનીએ તો પસંદગી સમિતિને વન-ડેમાં અક્ષર પટેલ સારો વિકલ્પ લાગે છે. વોશિંગ્ટન સુંદરની પસંદગી નક્કી લાગી રહી છે પણ કુલદીપ યાદવની ફિટનેસ પર પસંદગીકારોની નજર છે. તેના નહીં રમવા પર રવિ બિશ્નોઈ અથવા વરૂણ ચક્રવર્તીને તક મળી શકે છે. ઝડપી બોલર મો.શમીની ફિટનેસને લઈ પસંદગી સમિતિ સામે તસવીર સ્પષ્ટ નથી. જો જસપ્રીત બુમરાહ કમરની તકલીફના કારણે રમી નહીં શકે તો શમીનો અનુભવ ઘણો ઉપયોગી સાબિત થશે. રિઝર્વ બેટ્સમેનોમાં રિંકુ સિંહ અને તિલક વર્મામાંથી એક વિકલ્પ હોઈ શકે છે.

# દલિત સંગઠનોનું ૯ જાન્યુઆરીએ હુબલ્લી-ધારવાડ બંધનું એલાન



(એજન્સી) હુબલ્લી, તા.૮

કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ દ્વારા સંસદમાં ડો.બી.આર. આંબેડકર વિશે આપેલા તાજેતરના નિવેદનના વિરોધમાં કેટલાક દલિત સંગઠનોએ ૯ જાન્યુઆરી, ૨૦૨૫એ હુબલ્લી-ધારવાડમાં બંધનું આહ્વાન કર્યું છે,. હુબલીમાં મીડિયાને સંબોધતા, દલિત નેતા ગુરૂનાથ ઉલ્લિકાશીએ જણાવ્યું હતું કે બંધ સવારે ૬ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી લાગુ કરવામાં આવશે, જેમાં ૧૦૨૨થી વધુ સંગઠનોએ વિરોધને સમર્થન આપ્યું છે. ઉલ્લિકાશીએ કહ્યું, 'જોડિયા શહેરોમાં તમામ રસ્તાઓ બંધ કરીને આ બંધને અસરકારક બનાવવાનો અમારો હેતુ છે, બંધના કલાકો દરમિયાન વાણિજ્યિક સંસ્થાઓ, હોટલ, સિનેમા થિયેટર, ઓટો-રિક્ષા, શાળાઓ, કોલેજો અને સરકારી કચેરીઓ બંધ રહેશે. વધુમાં, આવશ્યક સેવાઓ સિવાય કોઈપણ વાહનોને ચલાવવાની મંજૂરી આપવામાં આવશે નહીં." આયોજકોએ ભારપૂર્વક જણાવ્યું હતું કે બંધ આવશ્યક સેવાઓને અવરોધશે નહીં અને સુનિશ્ચિત કરશે કે, હોસ્પિટલો, મેડિકલ સ્ટોર્સ, એમ્બ્યુલન્સ અને દૂધની વાન કોઈપણ અવરોધ વિના કાર્યરત રહે.

### રોહિત-વિરાટનું દુઃખ ઓછું થઈ રહ્યું નથી

# આઈસીસી ટેસ્ટ રેન્કિંગમાં બુમરાહ ટોચના સ્થાને, બાબરની લાંબી છલાંગ

નવી દિલ્હી, તા.૮

આઈસીસીએ બુધવારે ટેસ્ટ ખેલાડીઓની નવી રેન્કિંગ જાહેર કરી છે. ભારતના કપ્તાન રોહિત શર્મા અને દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલીનું આઈસીસી ટેસ્ટ રેન્કિંગમાં દુઃખ ઓછું થઈ રહ્યું નથી. ખરાબ ફોર્મનો સામનો કરી રહેલા બંને ખેલાડીઓને રેન્કિંગમાં એકવાર ફરી નુકસાન વેઠવું પડ્યું છે. રોહિત હવે બે સ્થાન ખસીને ૪૨મા સ્થાને પહોંચી ગયો છે. તેના હાલ ૫૫ રેટિંગ પોઈન્ટ છે. કોહલી ૨૪મા સ્થાનથી ૨૭માં સ્થાને પહોંચી ગયો છે. તેના ૬૧૪ પોઈન્ટ છે. ભારતનો રિષભ પંત (૭૩૯ પોઈન્ટ) ત્રણ સ્થાનના ફાયદા સાથે નવમા સ્થાને પહોંચી ગયો છે. પાકિસ્તાનના સ્ટાર બેટસમેન બાબર આઝમ (૬૯૭) પાંચ સ્થાનની છલાંગ લગાવી છે. તે હવે ૧૨મા સ્થાને છે. પાકિસ્તાનનો કપ્તાન શાન મસુદ ૧૨ સ્થાન ઉપર ૪૫મા સ્થાને પહોંચી ગયો છે. ટોપ ફાઈવ બેટ્સમેનોની રેન્કિંગમાં કોઈ ફેરફાર થયો નથી. ઈંગ્લેન્ડનો જો રૂટ (૮૯૫) અને હેરી બ્રુક (૮૭૬) ક્રમશઃ પ્રથમ અને બીજા સ્થાને છે. ન્યુઝીલેન્ડનો કેન વિલિયમ્સન (૮૬૭) ત્રીજા અને યશસ્વી જયસ્વાલ (૮૪૭) ચોથા સ્થાને છે. ઓસ્ટ્રેલિયાનો ટ્રેવિસ હેડ (૭૭૨) પાંચમા સ્થાને છે. દ.આફ્રિકાનો કપ્તાન બાવુમ ત્રણ સ્થાનના ફાયદા સાથે છઠ્ઠા નંબરે પહોંચી ગયો છે. તેણે કારકિર્દીની સર્વશ્રેષ્ઠ રેટિંગ ૭૬૯ પણ પ્રાપ્ત કરી છે. બોલરોની રેન્કિંગની વાત કરીએ તો ઓસ્ટ્રેલિયાનો કપ્તાન પેટ કમિન્સ એક સ્થાન ઉપર બીજા સ્થાને પહોંચી ગયો છે. કમિન્સના ૮૪૧ પોઈન્ટ છે. દ.આફ્રિકાનો રબાડા (૮૩૭) ત્રીજા સ્થાને આવી ગયો છે. ભારતનો સ્ટાર બુમરાહ (૯૦૮) ટોપ ઉપર છે જ્યારે રવીન્દ્ર જાડેજા (૭૪૫) એક સ્થાન ઉપર નવમા સ્થાને છે.

### જયસ્વાલ ભવિષ્યનો સુપર સ્ટાર છે : લેહમેન

# ભારતીય ડોમેસ્ટીક ક્રિકેટનું માળખું એટલું મજબૂત છે કે ભવિષ્યની ચિંતા કરવાની જરૂર નથી

મેલબોર્ન, તા.૮

ઓસ્ટ્રેલિયન ટીમના ભૂતપૂર્વ હેડ કોચ અને બે વખત વર્લ્ડ ચેમ્પિયન ટીમ માટે રમી ચૂકેલા ડેરેન લેહમેને જણાવ્યું હતું કે ભારતીય ક્રિકેટે હંમેશાં પેઢી દર પેઢી સારા ક્રિકેટર આપ્યા છે અને યશસ્વી જયસ્વાલ આ કડીને આગળ ધપાવી રહ્યો છે. ભારતીય ક્રિકેટમાં એટલું ઉંડાણ છે કે વિરાટ કોહલી અને રોહિત શર્મા તેમની કારકિર્દીનો અંત લાવી દે તો પણ ભારતીય ટીમ સારી જ રહેવાની છે. ઓસ્ટ્રેલિયા માટે લગભગ એક દાયકા સુધીમાં ૨૭ ટેસ્ટ અને ૧૧૭ વન-ડે રમેલા ૫૪ વર્ષીય ડેરેન લેહમેને જણાવ્યું હતું કે ભારતીય ડોમેસ્ટિક ક્રિકેટનું માળખું મજબૂત રહ્યું છે અને તે હંમેશાં મજબૂત બેટ્સમેન આપી રહ્યું છે ત્યારે કોહલી કે રોહિતની જગ્યા ભરાઈ શકે છે. લેહમેને ભારતના સ્ટાર બોલર જસપ્રિત બુમરાહની ભરપુર પ્રશંસા કરી હતી. બુમરાહ અંગે તેમણે જણાવ્યું હતું કે મેં આજ સુધી એક જ સિરીઝમાં આટલી બધી અસર પેદા કરનારો કોઈ બોલર જોયો નથી. વર્તમાન સિરીઝમાં ભારતની બેટિંગનું કંગાળ પ્રદર્શન બાદ વિરાટ કોહલી અને રોહિત શર્માની નિવૃત્તિની ચર્ચાઓ અંગે લેહમેને ખેદ વ્યક્ત કરીને વ્યવહારિક અભિગમન અપનાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ભારતીય ક્રિકેટ હાલમાં પરિવર્તનના સમયમાંથી પસાર થઈ રહ્યું છે. તેઓ (કોહલી અને રોહિત) ગમે ત્યારે આ અંગે નિર્ણય લેશે અને આગામી દિવસોમાં જે કાંઈ બને પરંતુ આ બંને બેટ્સમેન મહાન છે અને લાંબા સમયથી ભારત માટે રમી રહ્યા છે. હવે આપણે કેટલાક યુવાન ખેલાડીઓને જોઈ રહ્યા છીએ. તેઓ સારી રમત દાખવી રહ્યા છે અને ટીમમાં પોતાનું સ્થાન મજબૂત કરી રહ્યા છે. ભારતીય ક્રિકેટમાં એટલું બધું ઉંડાણ છે કે ભવિષ્ય અંગે ખાસ ચિંતા કરવાની જરૂર નથી. ૧૯૯૯ અને ૨૦૦૩માં વર્લ્ડ ચેમ્પિયન બનેલી ઓસ્ટ્રેલિયન ટીમના સદસ્ય રહી ચૂકેલા લેહમેને ઉમેર્યું હતું કે જ્યારે પણ તેઓ નિવૃત્ત થવાનું વિચારશે કે નિર્ણય લેશે ત્યારે તેમની જગ્યા ભરવા માટે ભારત પાસે અન્ય નવોદિતો અને યુવાનો તૈયાર છે. આ સિરીઝમાં જયસ્વાલે સુંદર કામગીરી બજાવી છે. તે ભવિષ્યનો સુપર સ્ટાર છે. મેં જોયેલો શ્રેષ્ઠ ડાબેરી બેટ્સમેન છે. લેહમેને કહ્યું હતું કે ઓહ, તે સુપરસ્ટાર છે. મેં જોયેલો શ્રેષ્ઠ બેટસમેન છે. તે અને ઈંગ્લેન્ડનો હેરીબ્રુક આગામી પેઢીના મહાન ખેલાડી તરીકે ઉભરી રહ્યા છે. તેઓ એવા ખેલાડી છે કે જેમના વિશે લોકો કહેશે કે આ તેમને અમે રમતા નિહાળ્યા છે.

# દલિત વિદ્યાર્થીની આત્મહત્યા કેસ : ૨ યુવતીઓ, કોલેજ માલિક, પ્રિન્સિપાલે પોલીસ સમક્ષ નિવેદન નોંધ્યા

## કોલેજના માલિક અને લોહારૂ કોંગ્રેસના ધારાસભ્ય રાજવીર ફરતિયાએ જણાવ્યું હતું કે પોલીસે દલિત યુવતીને આત્મહત્યા માટે મજબૂર કરવાના આરોપમાં તેના સાળા હનુમાનસિંહ કે જે ટ્રાન્સપોર્ટેશન ઈન્ચાર્જ હતા તેમની અને તેના પુત્ર રાહુલ ચૌધરીની ધરપકડ કરી છે



(એજન્સી) તા.૮

પોલીસ અધિકારીઓએ લોહારૂ પોલીસ સ્ટેશનમાં આરોપીઓ ઉપરાંત મૃતકના બે સહપાઠીઓ, કોલેજના માલિક અને લોહારૂ કોંગ્રેસના ધારાસભ્ય રાજવીર ફરતીયા, કોલેજના પ્રિન્સિપાલ સરિતા અને અન્ય સ્ટાફ સભ્યો સહિત ૧૨ લોકોના નિવેદન નોંધ્યા છે. એક પોલીસ અધિકારીએ નામ ન આપવાની વિનંતી કરતાં જણાવ્યું હતું કે તેઓએ બે છોકરીઓનું નિવેદન નોંધ્યું હતું કારણ કે તેઓએ તેના જીવનનો અંત લાવ્યાના થોડા કલાકો પહેલા ૨૪ ડિસેમ્બરે મૃતક સાથે ફોન પર વાત કરી હતી. એક અધિકારીએ જણાવ્યું હતું કે, "તેમાંથી એકે પીડિતા સાથે વીડિયો કોલ દ્વારા વાતચીત કરી હતી અને બીજાએ તેની સાથે સામાન્ય કોલ દ્વારા વાત કરી હતી. બંને છોકરીઓએ જણાવ્યું હતું કે મૃતકે ક્યારેય ફીને લઈને કોલેજ તરફથી ઉત્પીડન વિશે વાત કરી નથી,". ધારાસભ્ય ફરતીયાએ આક્ષેપ કર્યો હતો કે પોલીસ છોકરીઓ અને કોલેજના સ્ટાફ પર તેમની વિરૂદ્ધ બોલવા માટે દબાણ કરી રહી છે જેથી કરીને તેને નકલી કેસમાં ફસાવી શકાય. તેમણે ઉમેર્યું, "વિસ્તારના લોકો આ બાબત વિશે જાણે છે અને પોલીસ પૂર્વ પ્રધાન જેપી દલાલને ખુશ કરવા માટે આ કેસને ખેંચી રહી છે. છેલ્લા નવ દિવસમાં હું કેરળ અને પશ્ચિમ બંગાળમાં હતો અને પોલીસે મારો સંપર્ક કર્યો હોવાથી તપાસમાં જોડાયો હતો. સત્યનો વિજય થશે," પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે તેમની પાસે કોલેજ સત્તાવાળાઓએ ૫૫ દલિત વિદ્યાર્થીઓ પાસેથી ફી લેતા હોવાના પુરાવા છે, જેમની ફી રાજ્ય સરકાર દ્વારા માફ કરવામાં આવી હતી, તેમણે ઉમેર્યું હતું કે કોલેજે રજિસ્ટર જાળવી રાખ્યું નથી અને ન તો આંતરિક ફરિયાદ સમિતિની રચના કરી છે, અને સીસીટીવી કેમેરા પણ કાર્યરત નથી. ફરતીયા ભિવાનીના પોલીસ અધિક્ષક (એસપી) નીતિશ અગ્રવાલ, એસઆઈટી પ્રભારી દલીપ સિંહ અને અન્ય અધિકારીઓ સમક્ષ હાજર થયા, જેમણે તેની ત્રણ કલાક સુધી પૂછપરછ કરી. મીડિયા સાથે વાત કરતા, ભિવાની એસપીએ જણાવ્યું હતું કે તેઓ તપાસ કરી રહ્યા છે કે મૃત મહિલા પરીક્ષામાં હાજર રહી હતી કે નહીં અને તેણે કોલેજને કેટલી ફી ચૂકવી હતી, જે તમામ વિદ્યાર્થીઓને મફત શિક્ષણ આપવાની વાત કરે છે. તેમણે ઉમેર્યું, "અમે રાહુલ પાસેથી બે મોબાઈલ ફોન, મૃતક અને ટ્રાન્સપોર્ટ ઈન્ચાર્જના ફોન જપ્ત કર્યા છે, જેને લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. ચેટ અને ફોન કોલ ડિટેઈલ પુનઃપ્રાપ્ત કર્યા બાદ તપાસ આગળ વધશે. અમે કોલેજ પાસેથી ફી સંબંધિત દસ્તાવેજો માંગ્યા છે," એસપીએ ધારાસભ્ય અને અન્ય લોકોની ભૂમિકાને લગતી વધુ વિગતો શેર કરવાનો ઈનકાર કર્યો હતો. મૃતક મહિલાના કાકાએ મીડિયાને જણાવ્યું હતું કે મહિલાના પિતાને ૧૪ નવેમ્બરના રોજ કોલેજના પ્રિન્સિપાલ સરિતાનો ફોન આવ્યો હતો કે તેઓ ફી જમા કરાવે, નહીં તો તેઓ તેને પાંચમા-સેમેસ્ટરની પરીક્ષામાં બેસવા દેશે નહીં, તેમણે ફોન કૉલ વાતચીત રેકોર્ડ કરી લીધી હતી. તેમણે ઉમેર્યું ,"અમે ધારાસભ્યને પૂછવા માંગીએ છીએ કે, જો તેઓ કોલેજમાં સક્રિય ન હતા તો તેમની વહુનો પુત્ર રાહુલ મારી ભત્રીજીના સંપર્કમાં કેવી રીતે આવ્યો. રાહુલનો કોલેજ સાથે કોઈ સંબંધ ન હોવાના ધારાસભ્યના દાવાને જાણવા માટે પોલીસે કોલેજના છેલ્લા ત્રણ મહિનાના CCTV ફૂટેજ તપાસવા જોઈએ. રાહુલ મારી ભત્રીજીને સતત હેરાન કરતો હતો અને તે અનૈતિક પ્રવૃતિની માંગ કરતો હતો. પોલીસે અમને ન્યાય આપવો જોઈએ, " ફરતીયાના આરોપો પર પ્રતિક્રિયા આપતા દલાલે કહ્યું કે તે આ મુદ્દે રાજનીતિ કરી રહ્યા નથી પરંતુ તે ઈચ્છે છે કે મૃતક દલિત વિદ્યાર્થીને ન્યાય મળે. પૂર્વ મંત્રીએ કહ્યું, "હું ફરતીયા જીને પૂછવા માંગુ છું કે આ કેસમાં તમારી કોઈ જવાબદારી છે કે નહીં કારણ કે તે મહિલા તેની કોલેજમાં અભ્યાસ કરતી હતી અને પોલીસે આપના સાળા અને તેના પુત્રની આત્મહત્યા માટે ઉશ્કેરવાના આરોપમાં ધરપકડ કરી છે. જો તમને લાગતું હોય કે ગરીબ પરિવારને ટેકો આપવો એ રાજકારણ છે તો હું રાજનીતિ કરૂં છું. જો ધારાસભ્યની કોઈ ભૂમિકા નથી, તો તે તપાસથી શા માટે ડરે છે, ".

### વર્ષ ૨૦૨૫ની પ્રથમ ઈન્ટરનેશનલ હેટ્રિક

# મહીશ તીક્ષ્ણા હેટ્રીક લેનાર શ્રીલંકાનો સાતમો બોલર બન્યો

હેમિલ્ટન, તા.૮

ન્યુઝીલેન્ડ અને શ્રીલંકા વચ્ચે ત્રણ મેચોની વન-ડે સિરીઝ રમાઈ રહી છે. ન્યુઝીલેન્ડે સિરીઝમાં ૨-૦ની લીડ મેળવી લીધી છે. બંને ટીમો વચ્ચે સિરીઝની બીજી મેચ હેમિલ્ટનમાં રમાઈ હતી. વરસાદના કારણે મેચ ૩૭-૩૭ ઓવરની કરી દેવાઈ હતી. મેચમાં શ્રીલંકન સ્પિનર મહીશ તીક્ષ્ણાએ હેટ્રીક લીધી. જે વર્ષ ૨૦૨૫ની પ્રથમ ઈન્ટરનેશનલ હેટ્રીક પણ છે. શ્રીલંકા તરફથી વન-ડે ઈન્ટરનેશનલમાં હેટ્રીક લેનાર મહીશ સાતમો બોલર બની ગયો છે. મહીશે કપ્તાન સેન્ટનર, નાથન સ્મિથ અને મેટ હેનરીનો આઉટ કરી પોતાની હેટ્રીક પૂરી કરી. શ્રીલંકા તરફથી ચામિન્ડા વાસ, લસિથ મલીંગા, પરવેઝ મહારૂફ, તિસારા પરેરા, વાનિંદુ હસરંગા, શેહન મધુશંકા વન-ડે ઈન્ટરનેશનલમાં હેટ્રીક લઈ ચૂક્યા છે અને આ લિસ્ટમાં હવે તીક્ષ્ણાનું નામ પણ જોડાઈ ગયું છે.

### હરભજન સિંહે બીસીસીઆઈને અરજ કરી

# સુપરસ્ટાર કલ્ચરનો અંત લાવો પ્રદર્શનના આધારે પસંદગી કરો

મુંબઈ, તા.૮

ભારતના ભૂતપૂર્વ ટેસ્ટ ક્રિકેટર અને સફળ ઓફ સ્પિનર હરભજનસિંઘે ભારતીય ટીમના ઓસ્ટ્રેલિયા સામેના કંગાળ પ્રદર્શનથી નારાજગી વ્યક્ત કરી હતી અને બીસીસીઆઈને અરજ કરી હતી કે ટીમમાં સુપરસ્ટાર કલ્ચરનો અંત લાવો અને માત્ર પ્રદર્શન આધારિત પસંદગી કરો. હરભજનસિંઘે ભવિષ્યની સિરીઝ કે ટુર્નામેન્ટ માટે ટીમની પસંદગી થાય ત્યારે જે તે ખેલાડીની પ્રતિષ્ઠા નહીં પરંતુ તેના પ્રદર્શનને ધ્યાનમાં લેવામાં આવે તેવી અરજ કરી હતી. હરભજને પોતાનો આક્રોશ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે ટીમમાં હવે સુપરસ્ટાર કલ્ચર વિકસી રહ્યું છે. જ્યારે હકીકત એ છે કે આપણને સુપર સ્ટાર જોઈતા નથી પરંતુ એવા ખેલાડીની જરૂર છે જે પ્રદર્શન કરતા હોય. જો પ્રદર્શન કરનારા ખેલાડી ટીમમાં હશે તો ટીમ આગળ ધપશે. જેઓ સુપરસ્ટાર બનવા માગતા હોય તેમણે ઘરે જ રહેવું જોઈએ અને ત્યાં જ રમવું જોઈએ. ઈંગ્લેન્ડનો પ્રવાસ આવી રહ્યો છે. હવે દરેક વ્યક્તિ ઈંગ્લેન્ડમાં શું બનશે તે અંગે ચર્ચા કરવાની શરૂઆત કરી દેશે. કોણ જશે, કોણ નહીં જાય તે અંગે ચર્ચા થશે. મારા માટે આ સરળ બાબત છે. જે ખેલાડી સારો દેખાવ કરી રહ્યો છે તે ઈંગ્લેન્ડ જશે. તમે કોઈ ખેલાડીને માત્ર તેની પ્રતિષ્ઠાને કારણે પસંદ કરી શકો નહીં તેમ હરભજને તેની યૂટ્યૂબ ચેનલ પર જણાવ્યું હતું.આમ કહીને તેણે ઉમેર્યું હતું કે જો આમ જ હોય અને સ્ટાર્સને જ પસંદ કરવાના હોય તો તમારે કપિલદેવ કે અનીલ કુંબલેને પસંદ કરવા જોઈએ.

# કર્ણાટકમાં આંબેડકર ગીત વગાડવા બદલ પુરૂષોએ દલિત છોકરાને જાંઘના મૂળ ભાગમાં લાતો મારી

## જ્યારે તેણે પીડાથી બૂમો પાડી ત્યારે લોકો એકઠા થઈ ગયા અને તેને ગુબ્બી શહેરની સરકારી હોસ્પિટલમાં ખસેડ્યો

(એજન્સી) તુમાકુરૂ, તા.૮

દૂધ એકત્ર કરવા માટેની વાનમાં મુસાફરી કરી રહેલ દલિત યુવક પર ડોક્ટર બી.આર. આંબેડકર સંબંધી ગીત વગાડવા બદલ ઉચ્ચ જાતિના બે હિંદુઓ દ્વારા કથિત રીતે હુમલો કરવામાં આવતા તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. આ હુમલો શનિવારે સાંજે ગુબ્બી તાલુકાના ગીદાદા મુદનહલ્લી ગામમાં થયો હતો. પીડિત દીપુ (૧૯), તુમાકુરૂ ગ્રામીણના સિરીવારા ગામનો વિદ્યાર્થી હતો જેને ખેડૂતો પાસેથી દૂધ ખરીદવાનું કામ સોંપવામાં આવ્યું હતું, તે વેન ડ્રાઈવર નરસિમ્હા મૂર્તિ સાથે મુસાફરી કરી રહી હતી. સાંજે ૬ વાગ્યાની આસપાસ, આરોપી ચંદ્રશેખર કે જે ભારતીય રેલ્વેના ગેંગમેન છે તેણે અને તેના સાથી નરસિમ્હારાજુએ RPFના જવાનો હોવાનો ઢોંગ કરીને વાનને રોકી હતી અને તેમાં બેસી ગયા હતા. તેઓએ પીડિતને સિરિયલ 'મહાનાયકા'માંથી આંબેડકર પર ગીત વગાડવા માટે પૂછપરછ કરી. તેઓએ પીડિતની જાતિ પૂછી અને જ્યારે તેણે ખુલાસો કર્યો કે તે SC-મડીગા સમુદાય (દલિત જાતિ)માંથી છે, ત્યારે તેઓએ દીપુ અને નરસિમ્હા મૂર્તિ બંનેને વાનમાંથી બહાર ખેંચી લીધા અને તેમના પર હુમલો કર્યો. આરોપીઓએ દીપુને તેના જાંઘના મૂળ ભાગમાં લાતો મારી હતી, જેનાથી તેને ગંભીર ઈજા પહોંચી હતી. જ્યારે તેણે પીડાથી બૂમો પાડી, ત્યારે લોકો એકઠા થઈ ગયા અને તેને ગુબ્બી શહેરની સરકારી હોસ્પિટલમાં ખસેડ્યો. દીપુના કાકા શ્રીનિવાસે કહ્યું,"ડોક્ટરોએ તેનો જીવ બચાવ્યો. તેને નવ ટાંકા આવ્યા છે અને તે ખતરાની બહાર છે," દલિત સંગઠનના સભ્યોએ પોલીસનો સંપર્ક કર્યો, જેના પગલે આરોપીઓ પર ભારતીય ન્યાય સંહિતા (BNS) અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ની કલમ ૩૦૭ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો. ગુબ્બી પોલીસ સબ ઈન્સ્પેક્ટર સુનિલે મીડિયાને જણાવ્યું કે આરોપીઓ ફરાર છે. એસપી કે.વી. અશોકે કહ્યું કે કડક કાર્યવાહી કરવામાં આવશે અને કેસની સંપૂર્ણ તપાસ કરવામાં આવશે.

**જાહેર નોટિસ**

અમો નીચે સહી કરનાર એડવોકેટ **એમ.આઈ.ચુંદરીગર,** તે અમારા અસીલ **રોશન મો.ઈલ્યાસ શેખ તે અબ્દુલરશીદ શેખની દિકરી,** રહે. સંતોષનગર ચાર માળીયા, દાણીલીમડા, અમદાવાદનાઓની સૂચના અને ફરમાઈશથી આ નોટિસથી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે, અમારા અસીલના અગાઉ લગ્ન આરીફભાઈ મોગલ સાથે થયેલ હતા અને તેમની સાથેના લગ્ન જીવનથી અમારા અસીલને એક પુત્ર નામે મોગલ અલ્તાફ આરીફભાઈનો જન્મ થયેલ છે. અમારા અસીલના બીજા લગ્ન શેખ મો.ઈલ્યાસ સાથે થયેલ છે. અમારા અસીલના અગાઉના પતિ આરીફભાઈ મોગલનાઓએ અમારા અસીલને તલ્લાક આપી દીધેલ અને અમારા અસીલનો પુત્ર મોગલ અલ્તાફ આરીફભાઈ પણ છેલ્લા ત્રણ વર્ષથી અમારા અસીલના ઘરનો ત્યાગ કરીને જતો રહેલ છે. અમારા અસીલનો પુત્ર એમના કહ્યામાં નથી જેથી અમારા અસીલ તેમની સાથેનો તમામ સંબંધોનો અંત આણે છે. જેથી અમારા અસીલનાં નામથી તેમની સાથે કોઈપણ જાતની નાણાકીય લેવડ-દેવડ કે, રોકડ વહેવાર કરવો નહીં તેમજ સ્થાવર કે જંગમ મિલકત અંગેના કોઈ લેખ કે લખાણો અને કોઈપણ પ્રકારનો વ્યવહારો અસીલના પુત્ર સાથે કરવા નહીં. તેમ છતાં જો કોઈ, કોઈપણ પ્રકારનો વ્યવહાર કરશે તો તેની તમામ જવાબદારી તેમના શિરે રહેશે. જે અંગે અમારાં અસીલની તથા તેમના ઘરના કોઈપણ સભ્યોની રહેશે નહીં. જેની ગંભીર નોંધ લેશો.

અમદાવાદ.
તા.૦૮/૦૧/૨૦૨૫
રોશન
મારી સૂચનાથી

મારી મારફતે
**એમ.આઈ.ચુંદરીગર** (એડવોકેટ)

**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ**
**(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી) CIN : L65110TN2014PLC097792**
**રજી.ઓફિસ** : કેઆરએમ ટાવર્સ, ૭મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧. ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ /ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

IDFC FIRST Bank

**પરિશિષ્ટ-૪-એ [જુઓ નિયમ -૮ (૬) અને ૯(૧)ની જોગવાઈ] સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટિસ**

ધી સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ, ૨૦૦૨ને ધી સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ (૬) અને ૯(૧)ની જોગવાઈ સાથે વેચાણ લેતાં હેઠળ સ્થાવર મિલકતોના વેચાણની ઈ-હરાજી વેચાણ નોટિસ
અત્રે જાહેર જનતાને સામાન્ય રીતે દેણદાર(રો) અને સહ-દેણદાર(રો)ને વિશેષ રૂપે નોટિસ આપવામાં આવે છે કે કોલમ (૩) મુજબની નીચે વર્ણન કરેલ સ્થાવર મિલકતો કોલમ (૪) મુજબ સિક્યોર્ડ લેણદારને ગિરવે/ચાર્જ કરેલ છે, કબજો અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતીના અધિકૃત અધિકારી દ્વારા લીધેલ છે જેનું **'જેમ છે તે છે', અને 'જે કાંઈ છે તે છે'** આધારે નીચે જણાવ્યા મુજબ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી)** (૧) કોલમ મુજબના દેણદાર(રો)ને અને સહ-દેણદાર(રો)ની પાસેથી લેવાની થતી રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે.
વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે આઈડીએફસી ફર્સ્ટ બેંકની વેબસાઈટ એટલે કે : **www.idfcfirstbank.com** પર આપેલી લિંકનો સંદર્ભ લો.

| ક્ર નં. | (i) ડિમાન્ડ નોટિસની રકમ | (ii) એગ્રીમેન્ટ આઈડી | (iii) દેણદાર(રો), સહ દેણદાર(રો) અને ગેરેન્ટરોના નામ | (v) અનામત કિંમત રકમ | (vi) ઈએમડી રકમ | (vii) હરાજીની તારીખ અને સમય | (viii) ઈએમડી હરાજીની તારીખ અને સમય | (ix) નિરીક્ષણની તારીખ અને સમય | (x) અધિકૃત અધિકારીના નામ અને સંપર્ક નં. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | ભા.રૂા.૧૪૦૫૮૬૩.૦૦/- ડિમાન્ડ નોટિસ તારીખ: ૧૧-જાન્યુ-૨૦૨૩ | ૧૦૦૩૭૬૧૪૯૭૦ | સાગર છત્રભુજભાઈ કલારિયા અને મંજુલાબેન છત્રભુજભાઈ કલારિયા | ભા. રૂા. ૧૮૩૭૦૮૦.૦૦/- | ભા. રૂા. ૧૮૩૭૦૮.૦૦/- | ૨૮-જાન્યુ- ૨૦૨૫ સવારે ૧૧:૦૦થી બપોરે ૧:૦૦ | ૨૭-જાન્યુ- ૨૦૨૫ સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૦૦ | ૨૧-જાન્યુ-૨૦૨૫ સવારે ૧૦:૦૦થી સાંજે ૪:૦૦ સુધી | નામ : પ્રગતિ તેજાની સંપર્ક નં. ૮૮૬૬૬૫૬૨૯૯ નામ : ચિન્મય આચાર્ય સંપર્ક નં.૯૫૭૪૪૪૮૮૪૪ |

**(iv) મોર્ગેજ મિલકતનું સરનામું :** તે તમામ ભાગ અને હિસ્સાઓ ઓફિસ નં.ટી-૪૦૭, ચોથો માળ, કોમર્શિયલ સ્કીમ 'સોબા સેન્ટર' તરીકે જાણીતી સ્થિત અત્રે બ્લોક નં.૪૭૩/એ/૨, ૪૭૩/એ/૩, અને ૪૭૩/બી, ટીપીએસ નં.૩, એફપી નં.૧૭૦/૧, સબ પ્લોટ નં.૧, ક્ષેત્રફળ ૧૨૫૯૦.૩૫ ચો.મી. મોજે : બોપલ, તા. દસ્ક્રોઈ, જિ. અને સબ જિ. અમદાવાદ, બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ ૨૦.૮૦ ચો.મી. અપ્રમાણસર, બિનવહેંચાયેલ હિસ્સાથી ૧૨.૧૦ ચો.મી. દક્ષિણ બોપલ, અમદાવાદ, ગુજરાત-૩૮૦૦૫૮, અને આ મજબ ખૂંટ : પૂર્વ : લિફ્ટ અને પગથિયા, પશ્ચિમ : ઓફિસ નં.ટી-૪૦૮, ઉત્તર : કોમન રસ્તો, અને દક્ષિણ : માર્જિન વિસ્તાર

ડિસ્ક્લેમર : મહેરબાની કરીને નોંધ લેવી કે સદર નોટિસ ફક્ત સ્થાવર મિલકતના વેચાણ માટે આપેલ છે અને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડને સ્થાવર મિલકત ખાતે જો કોઈ જંગમ મિલકત હોય તો તે વેચવાનો હક્ક નથી.

**સહી/-**
**અધિકૃત અધિકારી**
**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**
**(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી)**

**તારીખ : ૦૯.૦૧.૨૦૨૫**

# કંગના રણૌતે પ્રિયંકા ગાંધીને કહ્યું: ઈમરજન્સી ફિલ્મ જોજો, તમને પસંદ આવશે

(એજન્સી) તા.૮

એક્ટ્રેસ કંગના રનૌત હાલમાં તેની ફિલ્મ 'ઈમરજન્સી'ને લઈ ચર્ચામાં છે. આ ફિલ્મમાં તેણે ભારતના પૂર્વ વડાંપ્રધાન ઈન્દિરા ગાંધીની ભૂમિકા ભજવી છે. એક્ટ્રેસે કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધીને પણ ફિલ્મ જોવા માટેની ઓફર કરી હતી. કંગના સંસદમાં પ્રિયંકા ગાંધીને મળી ત્યારે તેણે આ બાબતે વાત કરી હતી.

કંગનાએ પ્રિયંકા ગાંધીને ફિલ્મ જોવાની કરી ઓફર કંગનાએ જણાવ્યું કે, પ્રિયંકા તેના દાદી વિશે ઘણી વાતો કરે છે. ઉપરાંત, તેને ઘણીવાર તેમના ભાષણોમાં તેમના સ્વર્ગસ્થ દાદી ઈન્દિરા ગાંધીનો ઉલ્લેખ કર્યો છે અને તેમની પાસેથી પ્રેરણા મળવી હોવાની વાત કરી છે. કંગનાએ કહ્યું કે હું પ્રિયંકા ગાંધીજીને સંસદમાં મળી હતી, મેં તેમને પહેલા પૂછ્યું કે શું તમે 'ઈમરજન્સી' ફિલ્મ જોશો ? તો તેણે કહ્યું, હા કદાચ. મેં કહ્યું, તમને આ ગમશે.

કંગનાએ ફિલ્મ વિશે વાત કરી કંગનાએ ફિલ્મ વિશે વાત કરતાં કહ્યું કે, ઈન્દિરા ગાંધીના પાત્રની પોતાની સંવેદનશીલતા અને ઊંડાણ છે. આમાં ભારતમાં લાદવામાં આવેલ 'ઈમરજન્સી'નો સમયગાળો બતાવવામાં આવ્યો છે. તેણે કહ્યું, હું માનું છું કે આ એક ઘટના અને વ્યક્તિત્વનું ખૂબ જ સંવેદનશીલ અને બુદ્ધિશાળી ચિત્રણ છે. મેં શ્રીમતી ગાંધીને ગૌરવ સાથે દર્શાવવા માટે ખૂબ કાળજી લીધી છે. ઈન્દિરા ગાંધી વિશે



જાણવાનો મોકો મળ્યો કંગનાએ કહ્યું કે, આ ફિલ્મ માટે રિસર્ચ દરમિયાન મેં તેમના અંગત જીવન પર ઘણું ફોકસ કર્યું હતું. મેં પોતે વિચાર્યું કે, એક વ્યક્તિમાં બીજું પણ ઘણું બધું જાણવા માટે હોય છે. મેં આ રોલને કરવા માટે ખાસ ધ્યાન રાખ્યું છે.

ફિલ્મ ૧૭ જાન્યુઆરીએ રિલીઝ થશે આ ફિલ્મમાં કંગના રનૌત, અનુપમ ખેર, શ્રેયસ તલપડે, સતીશ કૌશિક, મિલિંદ સોમન, મહિમા ચૌધરી જેવા દિગ્ગજ કલાકારો દેશના રાજકીય નેતાઓની ભૂમિકા ભજવી રહ્યા છે. ફિલ્મનું ડિરેક્શન કંગના રનૌતે પોતે કર્યું છે. આ ફિલ્મ ૧૭ જાન્યુઆરીએ રિલીઝ થઈ રહી છે. 'મણિકર્ણિકા' સિવાય છેલ્લાં ૯ વર્ષમાં કંગના રનૌતની તમામ ફિલ્મો ફલોપ સાબિત થઈ છે. હવે કંગના અને તેના ચાહકોને આ ફિલ્મ પાસેથી ઘણી અપેક્ષાઓ છે.

# દિલ્હીમાં યુવકે પત્નીની હત્યા કરી, બેડમાં મૃતદેહ છૂપાવતા પહેલા ચહેરા પર ટેપ લપેટી નાખી

(એજન્સી) તા.૮

દિલ્હીથી હત્યાનો એક સનસનીખેજ મામલો સામે આવ્યો છે. અહીં એક વ્યક્તિએ તેની પત્નીની હત્યા કરી અને તેના ટુકડા કરવાના ઈરાદે રાજધાનીમાં તેના ઘરના પલંગ પર લાશને છુપાવી દીધી. પરંતુ પત્નીની હત્યા કર્યા પછી પણ તેની હત્યાની ભૂખ મરી ન હતી. તે અમૃતસરથી ભાગી ગયો અને થોડા દિવસો પછી દિલ્હી જવા રવાના થયો, તેની પત્નીના મિત્રની હત્યા કરવાની યોજના બનાવી, જેની સાથે તેણીને અફેર હોવાની શંકા હતી. જો કે, અમૃતસરથી પરત ફરતી વખતે તેની ધરપકડ કરવામાં આવી હતી અને હવે તે પોલીસ કસ્ટડીમાં છે. આ ઘટના અંગે પોલીસના ડેપ્યુટી કમિશનર અંકિત ચૌહાણે જણાવ્યું હતું કે શુક્રવારે દક્ષિણ-પશ્ચિમ દિલ્હીના જનકપુરીમાં ૨૬ વર્ષીય દીપિકા ચૌહાણનો મૃતદેહ બોક્સ બેડની અંદરથી મળી આવ્યો હતો.

અધિકારીએ કહ્યું કે શરીરના મોં પર સફેદ ટેપ લપેટી હતી, જેથી તે સડી ન જાય. તપાસમાં જાણવા મળ્યું કે સ્પામાં કામ કરતી દીપિકાના લગ્ન ધનરાજ સાથે થયા હતા, જે લોકપ્રિય બાઈક ટેક્સી એપ માટે મોટરસાઈકલ ચલાવતો હતો. ધનરાજ દારૂ પીતો હતો અને તેના તમામ પૈસા વ્યસન પાછળ ખર્ચતો હતો અને દીપિકા તેના પૈસાથી ઘર ચલાવતી હતી.




પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે ૨૯ ડિસેમ્બરે દીપિકાની હત્યા કરવામાં આવી હતી અને ત્યારથી ધનરાજ ફરાર હતો. તેઓએ તેને અમૃતસરમાં શોધી કાઢ્યો અને સોમવારે દિલ્હી પરત ફરતા તેની ધરપકડ કરી. પૂછપરછ દરમિયાન ધનરાજે જણાવ્યું હતું કે તે દીપિકાના મૃતદેહને બેડ પર છોડીને થોડા દિવસો પછી તેના ટુકડા કરવા માંગતો હતો, જેથી તે શરીરના ટુકડાને નિર્જન જગ્યાએ ફેંકી શકે અને કોઈને તેના પર શંકા ન થાય.

આરોપીએ પોલીસને જણાવ્યું કે તેણે યુટ્યુબ પર મૃતદેહને કાપવાની રીતો પણ જોઈ હતી. ધનરાજે એ પણ કબૂલાત કરી હતી કે તે સોમવારે તેની પત્નીના મિત્રની હત્યા કરવા માટે દિલ્હી પરત ફરી રહ્યો હતો, જેને તે ગમતો ન હતો, પરંતુ તે હત્યાને અંજામ આપે તે પહેલાં તેની ધરપકડ કરવામાં આવી હતી, અધિકારીઓએ જણાવ્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે તેનો ફોન સ્વીચ ઓફ હોવા છતાં, તેના એક એકાઉન્ટમાંથી કરવામાં આવેલી યુપીઆઈ પેમેન્ટથી ધનરાજનું લોકેશન જાણવા મળ્યું હતું અને તેને તેને શોધવામાં મદદ કરી હતી. તેનો કોઈ ગુનાહિત ઈતિહાસ નહોતો. તેની પાસેથી દીપિકા સહિત ત્રણ ફોન મળી આવ્યા છે.

# જાણો વી.નારાયણન વિશે : ચંદ્રયાન-૩ પ્રોપલ્શનના આર્કિટેક્ટ ઈસરોના આગામી વડા તરીકે નિયુક્ત

(એજન્સી) તા.૮

ચંદ્રયાન-૩ના સફળ લેન્ડિંગ સાથે ભારતમાં ઐતિહાસિક સફળતા અપાવનાર ઈસરો ચીફ એસ સોમનાથ નિવૃત્ત થવા જઈ રહ્યા છે. તેમનું સ્થાન ડો. વી. નારાયણન લેશે. સરકારે આ જાહેરાત કરી છે. એસ સોમનાથનો કાર્યકાળ ૧૪ જાન્યુઆરીએ પૂરો થઈ રહ્યો છે. વી.નારાયણનની નિમણૂકનો આદેશ જારી કરવામાં આવ્યો છે. તેઓ આગામી બે વર્ષ અથવા આગામી આદેશ સુધી કામ કરશે. વી. નારાયણનને અવકાશ વિભાગના સચિવ અને સ્પેસ કમિશનના સચિવ તરીકે જવાબદારી સોંપવામાં આવી છે.

ડો. વી નારાયણન દેશના જાણીતા વૈજ્ઞાનિક છે. તેમને રોકેટ સાયન્સનો બહોળો અનુભવ છે. હાલમાં નારાયણન LPSCના ડિરેક્ટર છે. આ ઈસરોના મુખ્ય કેન્દ્રોમાંનું એક છે. તેનું મુખ્ય મથક તિરુવનંતપુરમના વાલિયામાલા ખાતે આવેલું છે. તેનું એક યુનિટ બેંગલુરુમાં આવેલું છે. તેમનું પ્રારંભિક શિક્ષણ તમિલ ભાષી શાળાઓમાં થયું હતું.

નારાયણને IIT, ખડગપુરમાંથી ક્રાયોજેનિક એન્જિનિયરિંગમાં M.Tech અને એરોસ્પેસ એન્જિનિયરિંગમાં PhD પૂર્ણ કર્યું છે. M.Tech પ્રોગ્રામમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરવા બદલ તેને સિલ્વર મેડલ પણ એનાયત



કરવામાં આવ્યો હતો. નારાયણન, રોકેટ અને અવકાશયાન પ્રોપલ્શન નિષ્ણાત, ૧૯૮૪માં ISROમાં જોડાયા. તેઓ ૨૦૧૮માં લિક્વિડ પ્રોપલ્શન સિસ્ટમ્સ સેન્ટરના ડિરેક્ટર બન્યા. નારાયણે એરોસ્પેસ એન્જિનિયરિંગમાં પીએચડીની ડિગ્રી મેળવી છે. તેમની સિદ્ધિઓમાં GSLV Mk ઈલ વાહનના C૨૫ ક્રાયોજેનિક પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. તે તેના પ્રોજેક્ટ ડિરેક્ટર હતા. તેમની વૈજ્ઞાનિક યાત્રા વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટર (VSSC)થી શરૂ થઈ હતી.

નારાયણે શરૂઆતમાં લગભગ સાડા ચાર વર્ષ સુધી વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટર ખાતે સાઉન્ડિંગ રોકેટ, ઓગમેન્ટેડ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ અને પોલર સેટેલાઈટ લોન્ચ વ્હીકલના સોલિડ પ્રોપલ્શન એરિયામાં કામ કર્યું હતું. આ સિવાય તેઓ ગગનયાનના ઘણા પ્રોજેક્ટ સાથે પણ જોડાયેલા છે. ચંદ્રયાન-૩માં વી નારાયણનનું મહત્વનું યોગદાન રહ્યું છે. વાસ્તવમાં, ક્રાયોજેનિક પ્રોપલ્શન સિસ્ટમના વિકાસે ભારતને આ ક્ષમતાવાળા છ દેશોમાંથી એક બનાવ્યું અને લોન્ચ વાહનોમાં આત્મનિર્ભરતા સુનિશ્ચિત કરી. તેમાંથી ચંદ્રયાન-૨ અને LVM૩/ચંદ્રયાન-૩ લોન્ચ કરવામાં આવ્યા હતા. આ વાહન સાથે ભારતે ચંદ્રયાન-૩ મિશનને સફળ જાહેર કર્યું. ઈસરોના વર્તમાન વડા એસ સોમનાથે જાન્યુઆરી ૨૦૨૨માં એજન્સીના વડા તરીકેનો ચાર્જ સંભાળ્યો હતો. તેમના નેતૃત્વમાં ઈસરોએ ઘણા મહત્વપૂર્ણ મિશનને સફળ બનાવ્યા. અમેરિકા, સોવિયત સંઘ અને ચીન પછી ચંદ્રની સપાટી પર સોફ્ટ લેન્ડિંગ કરનાર ભારત વિશ્વનો ચોથો દેશ બન્યો છે. ૨૩ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ, ભારતે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સોફ્ટ લેન્ડિંગ કર્યું. આ સિવાય ભારતે તેમના કાર્યકાળ દરમિયાન ગગનયાન પ્રોજેક્ટ પર ઘણા મહત્વપૂર્ણ પ્રયોગો પણ સફળ કર્યા છે.

# આસારામ બાપુને માર્ચ સુધી મેડિકલ જામીન; બધા આવા નસીબદાર નથી

## જેલમાં મૃત્યુ પામેલા સ્ટેન સ્વામી સહિત એલ્ગાર પરિષદના ઘણા આરોપીઓએ જામીન મેળવવા માટે ઘણી વખત અરજી કરવી પડી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

સર્વોચ્ચ અદાલતે ૭ જાન્યુઆરીએ જાતે બની બેઠેલ ગોડમેન આસારામ બાપુને બેમહિનાના વચગાળાના જામીન આપ્યા હતા. મીડિયાએ અહેવાલ આપ્યો છે કે, આસારામ કે જે બળાત્કારના કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહ્યા છે જેમાં તેને ગુજરાતની અદાલતે દોષિત ઠેરવ્યો તો, તે ૩૧ માર્ચ સુધી મુક્ત રહેશે. જસ્ટિસ એમ.એમ. સુંદરેશઅને રાજેશ બિંદલેની ખંડપીઠે આ આદેશ પસાર કર્યો હતો. ખંડપીઠ આસારામને તેમના અનુયાયીઓ સાથે મળવાની મનાઈ ફરમાવી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આસારામ માટે તેમના એડવોકેટ દેવદત્ત કામતે તેમની મોટી ઉંમર, હાર્ટ એટેકનો ઈતિહાસ અને મેડિકલ હિસ્ટ્રીને ટાંકીને દલીલ કરી હતી. કામતે એવી પણ દલીલ કરી હતી કે દોષિત ઠરાવ 'ફક્ત પુરાવા વગર ફરિયાદીની જુબાની પર આધારિત હતો અને ફરિયાદ પક્ષના કેસમાં અસંગતતાઓ તરફ ધ્યાન દોર્યું હતું.'

**કોર્ટનો મેરિટમાં જવાનો ઈનકાર**

ગુજરાત રાજ્ય તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ અરજીનો વિરોધ કર્યો હતો. એક્ટોબરના અંતમાં, સુપ્રીમ કોર્ટેનોંધ્યું હતું કે જો કોઈ કેદી બીમાર હોય કે અશક્ત હોય તો તેને જામીન આપી શકાય છે, પછી ભલેને તે ગમે તેટલા કડક કાયદા હેઠળ હોય. જો કે, દરેક જણ આ વિચાર અનુસાર રાહત પ્રાપ્ત થતી નથી. મીડિયાએ અહેવાલ આપ્યો હતો કે ૨૦૨૩માં, કેવી રીતે ૩૮ વર્ષીય કાર્યકર્તાની ઉત્તરપ્રદેશ પોલીસ દ્વારા ઓક્ટોબરમાં કથિત માઓવાદી સંબંધોના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી, ઉચ્ચ જોખમવાળી



ગર્ભાવસ્થાના આધારે લખનૌની અદાલતે મેડિકલ કારણોસર જામીન માટેની તેણીની અરજી ફગાવી દીધાના એક અઠવાડિયા પછી જેલમાં કસુવાવડ થઈ હતી. એલ્ગાર પરિષદના ઘણા આરોપીઓ, જેમાં શોમા સેન, વરવરા રાવ, સુધા ભારદ્વાજ અને અન્યનો સમાવેશ થાય છે, તેઓએ તબીબી જામીન મેળવવાનો પ્રયાસ કરતા ઘણી વખત અદાલતો દ્વારા નિરાશ થયા હતા. આ કેસના આરોપીઓમાંના એક, ફાધર સ્ટેન સ્વામી, કોવિડ-૧૯ના ચેપ બાદ જેલમાં મૃત્યુ પામ્યા હતા. અદ્યતન પાર્કિન્સન રોગ સહિત અનેક ગંભીર પરિસ્થિતિઓ હોવા છતાં તેમને તબીબી જામીન નકારવામાં આવ્યા હતા. રાવના વકીલે સર્વોચ્ચ અદાલતને કહ્યું હતું કે તેમની તબીબી જરૂરિયાતો પર ધ્યાન આપવામાં વિલંબ એ 'મૃત્યુઘંટ' સાબિત થશે. ગયા વર્ષના અંતમાં, સીબીઆઈ કોર્ટના ન્યાયાધીશ સંજીવ અગ્રવાલે બ્રિટિશ નાગરિક અને શસ્ત્રાગાર સલાહકાર, કેદમાં રહેલા ક્રિશ્ચિયન મિશેલ માટે તાત્કાલિક તબીબી હસ્તક્ષેપનો નિર્દેશ આપ્યો હતો, જેની તબીબી સ્થિતિનું કથિત રીતે ખોટું નિદાન થયું હતું અથવા પાંચ મહિના સુધી તેની અવગણના કરવામાં આવી હતી, તેને ન્યાયની અવગણના ગણાવી હતી. શિક્ષણવિદ જી.એન. સાઈબાબા, જે વ્હીલચેરવશ હતા અને ૯૦% થી વધુ વિકલાંગ હતા, તેમણે ૨૦૨૪ની શરૂઆતમાં તેમની મુક્તિ પછી કહ્યું હતું કે તે 'માત્ર તક દ્વારા' જ જેલમાંથી જીવતા બહાર આવી શક્યા હતા. તે જ વર્ષે બાદમાં તેમનું અવસાન થયું હતું.

# તિબેટનો વિનાશ દર્શાવતા ૧૦ મુદ્દાઓ

(એજન્સી) તા.૮

તિબેટ ભૂકંપ : ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે લોકોને બચાવવા, જાનહાનિ ઘટાડવા અને જેમના ઘરોને નુકસાન પહોંચાડ્યું છે તેમને ફરીથી વસાવવા માટે તમામ પ્રયાસો કરવા હાકલ કરી મીડિયા અહેવાલો અનુસાર, તિબેટ નજીક આવેલા ૬.૮ તીવ્રતાના ભૂકંપને કારણે મૃત્યુઆંક વધીને ૧૨૬ થયો છે,. લગભગ ૨૦૦ લોકો ઘાયલ થયા હતા કારણ કે ભૂકંપના કારણે ઘણા મકાનોને નુકસાન થયું હતું અને શેરીઓમાં કાટમાળ ખડકાઈ ગયો હતો. ભૂકંપે ઉજ્જડ અને ઓછી વસ્તીવાળા પ્રદેશમાં ૧,૦૦૦થી વધુ ઘરોને નુકસાન પહોંચાડ્યું હતું. પ્રસારણકર્તા દ્વારા પોસ્ટ કરવામાં આવેલા વિડિયોમાં, ઈમારતોના કાટમાળથી ભરેલી શેરીઓ અને કચડાયેલી કરો જોવા મળતી હતી. તિબેટમાં આવેલા ભૂકંપ અંગેના ટોચના ૧૦ અપડેટ્સ, નેપાળ અને ભારતના ભાગોમાં આંચકા અનુભવાયા હતાઃ-



૧. મંગળવારે સાંજે તિબેટમાં ૪.૩ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, નેશનલ સેન્ટર ઓફ સિસ્મોલોજી (NCS)નો અહેવાલઃ NCSએ નોંધ્યું છે કે ભૂકંપ આ પ્રદેશમાં સાંજે ૫ઃ૫૨ વાગ્યે (IST) આવ્યો હતો. નેશનલ સેન્ટર ઓફ સિસ્મોલોજી અનુસાર, ભૂકંપ ૧૬ કિલોમીટરની ઊંડાઈએ આવ્યો હતો.

૨. મીડિયાના અહેવાલ મુજબ, ચીનના પ્રમુખ શી જિનપિંગે લોકોને બચાવવા, જાનહાનિ ઘટાડવા અને જેમના ઘરોને નુકસાન થયું છે તેમને ફરીથી વસાવવા માટે તમામ પ્રયાસો કરવા હાકલ કરી હતી. ૩,૦૦૦થી વધુ બચાવકર્તાઓને તૈનાત કરવામાં આવ્યા હતા. વાઈસ પ્રીમિયર ઝાંગ ગુઓકિંગને આ વિસ્તારમાં માર્ગદર્શન આપવા માટે રવાના કરવામાં આવ્યા હતા અને સરકારે આપત્તિ રાહત માટે ૧૦૦ મિલિયન યુઆન ($૧૩.૬ મિલિયન) ફાળવવાની જાહેરાત કરી હતી. ચીન તિબેટને ઝિઝાંગ તરીકે ઓળખે છે, જે હિમાલયનો એક ભાગ છે.

૩. બચી ગયેલાઓની શોધ કરવા માટે કેટલાક ભારે નુકસાન પામેલા ગામોમાં સીડીનો ઉપયોગ કરીને બચાવ કાર્યકરો તૂટેલી ઈંટોના ઢગલા પર ચઢી ગયા. મીડિયાના અહેવાલ મુજબ, ચીનના કટોકટી વ્યવસ્થાપન મંત્રાલય દ્વારા પોસ્ટ કરવામાં આવેલા વિડિયોમાં જોવા મળે છે કે તૂટી પડેલા ઘરોના કાટમાળ વચ્ચેથી બચાવ કામદારો બે લોકોને સ્ટ્રેચર પર લઈ જઈ રહ્યા છે.

૪. તિબેટ એ સિસ્મિકલી એક્ટિવ ઝોન છે. તેણે ગયા વર્ષે ઓછામાં ઓછા ૩.૦ની તીવ્રતાના ૧૦૦થી વધુ ભૂકંપ નોંધ્યા હતા. પરંતુ ૨૦મી સદીના પ્રારંભથી માત્ર નવ સાથે ૭.૦ અને તેથી વધુની તીવ્રતાના ભૂકંપ દુર્લભ છે, .

૫. લગભગ ૨૨,૦૦૦ આપત્તિ રાહત વસ્તુઓ, જેમાં કોટન ટેન્ટ, કોટન કોટ્સ, રજાઈ અને ફોલ્ડિંગ પથારી, સાથે ઊંચાઈવાળા અને ઠંડકવાળા વિસ્તારો માટે વિશેષ રાહત સામગ્રી, કેન્દ્રીય સત્તાવાળાઓ દ્વારા ભૂકંપગ્રસ્ત વિસ્તારમાં મોકલવામાં આવી છે. મીડિયાએ અહેવાલ આપ્યો છે કે, ૧,૫૦૦થી વધુ સ્થાનિક અગ્નિશામકો અને બચાવ કર્મચારીઓને પણ બચાવ કાર્યમાં લગાવવામાં આવ્યા છે.

૬. નેપાળમાં, મજબૂત ભૂકંપના કારણે લોકોને તેમના ઘરની બહાર ભાગવાની ફરજ પડી હતી. કાવરેપાલંચોક, સિંધુપાલનચોક ધાડિંગ અને સોલુખુમ્બુ જિલ્લામાં પણ અનુભવાયો હતો. મીડિયા અહેવાલ મુજબ કાઠમંડુમાં ગભરાટના કારણે ઘણા લોકો ઘરની બહાર આવી ગયા હતા. લોકોએ શેરીઓમાં ઈમારતો, વૃક્ષો અને ઈલેક્ટ્રીક વાયર થોડા સમય માટે ધ્રૂજતા જોયા.

૭. ભૂકંપ પછીના નવ કલાકમાં લગભગ ૧૫૦ આફ્ટરશોક્સ નોંધાયા હતા અને ચીનની બાજુએ માઉન્ટ એવરેસ્ટનો રમણીય વિસ્તાર બંધ કરી દેવામાં આવ્યો હતો.

૮. કાઠમંડુની દક્ષિણ-પશ્ચિમ ધાર પર, એક વિડિયોમાં એક નાનકડા મંદિર સાથેના પ્રાંગણમાં તળાવમાંથી શેરીમાં પાણી છલકતું દર્શાવવામાં આવ્યું હતું. મીડિયા દ્વારા જારી કરવામાં આવેલ એક વિડીઓમાં એક મહિલાને એવું કહેતા ટાંકવામાં આવી હતી કે, 'તે એક મોટો ભૂકંપ છે, ' , 'બધા લોકો ધ્રુજી રહ્યા છે.'

૯. સરકારી મીડિયા અનુસાર,લગભગ ૬,૯૦૦ લોકો ત્રણ ટાઉનશીપ અને ૨૭ ગામડાઓમાં રહે છે જે ચીનની બાજુએ ભૂકંપના કેન્દ્રના ૨૦ કિલોમીટર (૧૨.૫ માઈલ) અંદર છે. ચીનના ભૂકંપ કેન્દ્રે જણાવ્યું હતું કે આ વિસ્તારમાં સરેરાશ ઊંચાઈ લગભગ ૪,૨૦૦ મીટર (૧૩,૮૦૦ ફૂટ) છે.

૧૦. મીડિયાના અહેવાલ મુજબ, ભૂકંપની અસર તિબેટના શિગાત્સે પ્રદેશમાં અનુભવાઈ હતી, જેમાં ૮૦૦,૦૦૦ લોકો રહે છે. આ પ્રદેશનું સંચાલન શિગાત્સે શહેર દ્વારા કરવામાં આવે છે, જે પંચેન લામાની પરંપરાગત બેઠક છે, જે તિબેટીયન બૌદ્ધ ધર્મની સૌથી મહત્વપૂર્ણ વ્યક્તિઓમાંની એક છે. તિબેટ ફાયર એન્ડ રેસ્ક્યુ દ્વારા બહાર પાડવામાં આવેલ વિડીયો દર્શાવે છે કે શિગાત્સે શહેરમાં ઘણા ઘરો કાટમાળમાં ધકેલાઈ ગયા હતા.

# મધ્ય પ્રદેશમાં કેમેરા સામે અપશબ્દો બોલીને અને હાથમાં તલવારો વિંઝતા દેખાતા શખ્સોના વીડિયોને કોમવાદી રંગ આપવાનો ખોટો પ્રયાસ કરાયો

## સ્થાનિક પોલીસે નેશનલ મીડિયાને જણાવ્યું કે વીડિયોમાં દેખાયેલા લોકો હિન્દુ સમાજના છે

(એજન્સી) ભોપાલ, તા. ૮

મધ્ય પ્રદેશમાં તાજેતરમાં એક વિડિયો ભારે જોરશોરથી વાયરલ કરવામાં આવી રહ્યો છે જેમાં કેટલાક લોકો હાથમાં તલવારો સાથે દેખાય છે અને કેમેરાની સામે ઊભા રહીને બેફામ રીતે ગાળો ભાંડી રહ્યા છે અને એ બધાને બાદમાં પોલીસ ઝડપી લે છે અને સરઘસ કાઢે છે ત્યારે એ બધા શખ્સો માફી માંગતા વીડિયોમાં દેખાય છે. હવે આ ઘટનામાં હદ તો ત્યાં થાય છે કે આ વિડીયો ફેલાવીને એવું બતાવવાનો ખોટેખોટો પ્રયાસ કરવામાં આવ્યો કે હાથમાં તલવારો સાથેના આ લોકો મુસ્લિમો હતા અને મુસ્લિમોને પોલીસ પાઠ ભણાવી રહી છે. આ લોકો તલવારો સાથે મધ્યપ્રદેશના સત્તાવાળાઓને ધમકાવતા હતા એટલે પોલીસે મુસ્લિમ યુવાનોને સજા કરી છે પરંતુ આ પ્રકારનો વીડીયો બતાવીને જે દાવો કરવામાં આવ્યો છે એ સદંતર ખોટો અને પોકળ પુરવાર થયો છે.

ભોપાલમાંથી આ વિડીયો આવ્યો છે. હિન્દુઓના એક જૂથ દ્વારા આ વિડીયો બનાવીને સોશિયલ મીડિયા પર મૂકવામાં આવ્યો છે પરંતુ પોલીસે આ વીડિયો ક્લિપ બનાવનાર તમામની ધરપકડ કરી લીધી છે અને ભોપાલ પોલીસે સ્પષ્ટ જાહેર કર્યું




છે કે આ વીડિયો કોમવાદી લિંક ધરાવતો નથી અને પકડાયેલા તમામ બદમાશો હિન્દુઓ છે એટલે ખુદ પોલીસે હિન્દુ જૂથની બનાવટ અને રમત ઉઘાડી પાડી દીધી છે.

ધ ક્વિન્ટ દ્વારા આ રમત અંગે પોલીસ સાથે પણ સંપર્ક કરીને વિગતો મેળવવામાં આવી હતી ત્યારે જાણવા મળ્યું હતું કે ભોપાલના ટીટીનગર પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા કેટલાક બદમાશોનું સરઘસ કાઢવામાં આવ્યું હતું તેનો વિડીયો પણ છે. આ બદમાશો અપશબ્દો બોલી રહ્યા હતા અને હાથમાં તલવારો રાખીને આતંક ફેલાવી રહ્યા હતા એટલે પોલીસે તેમને ઉપાડી લીધા હતા એવું અહેવાલ NDTVમાં પણ આવ્યો હતો. એ પછી બદમાશોનું પોલીસે સરઘસ કાઢ્યો હતો અને એ બધા કાન પકડીને અને હાથ જોડીને લોકોની માફી માંગતા હતા અને ફરીથી આવું નહીં કરીએ એવું બોલી રહ્યા હતા તેનો પણ વિડિયો છે. આ તમામના નામ પણ પોલીસે જાહેર કર્યા છે જે પકડાયા હતા તેમના નામ આકાશ ગજબી, ઉદય સરાઠે, આકાશ સોની, નિતેશ જાટ, લકી સેન, જય રાવત અને ઋત્વિક વાલ્મિકી છે. જે કોઈ એવા લોકો અન્ય ચેનલ ઉપર પ્રગટ થયા અને ખાસ કરીને NDTV અને ક્વિન્ટમાં પ્રગટ થયા તેમાં ક્યાંય પણ આ વિડીયોને કોમવાદી રંગ આપવામાં આવ્યો નહોતો પરંતુ વિડીયો બહાર પાડનારા હોય એવું બતાવવાનો પ્રયાસ કર્યો હતો કે આ મુસ્લિમ યુવાનો છે જેનો ખુદ પોલીસ જ ઈન્કાર કરીને મામલો સાફ કરી દીધો છે તેવું અહેવાલ જણાવે છે.

# વડોદરાના કમાટીબાગ ઝૂમાં નવા મહેમાનો વરૂ, જરખ, શિયાળ અને રીંછનું આગમન

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૮

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકના ઐતિહાસિક કમાટીબાગમાં આવેલા પ્રાણીસંગ્રહાલયમાં શ્વાન કુળની ચાર પ્રજાતિના પ્રાણીઓ વરૂ, જરખ, શિયાળ અને વાઈલ્ડ ડોગની એક એક જોડી તેમજ રીંછ કમાટીબાગના ૧૪૬માં સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે સહેલાણીઓને જોવા માટે મૂકવામાં આવ્યા હતા. આ પ્રાણીઓ તાજેતરમાં એનિમલ એક્સચેન્જ પ્રોગ્રામ હેઠળ જુનાગઢથી લાવવામાં આવેલા છે. શિયાળ સુરતથી લાવવામાં આવ્યું છે. જેઓને અહીં લાવ્યા બાદ સેન્ટ્રલ ઝુ ઓથોરિટીના નિયમ અનુસાર થોડા દિવસ ક્વોરેન્ટાઈન કરવામાં આવ્યા હતા. જોકે જૂનાગઢના પ્રાણીસંગ્રહાલયમાં આ પ્રાણીઓ પ્રદર્શિત થયેલા જ હતા, એટલે અહીં કવોરેન્ટાઈન ઓછો સમય રાખવામાં આવ્યા છે. વડોદરા કોર્પોરેશન દ્વારા ચાલુ વર્ષે ચાર એનિમલ એક્સચેન્જ પ્રોગ્રામ કરવામાં આવ્યા છે. જેમાંથી અડધા પુરા થયા છે અડધા બાકી છે. થોડા સમય અગાઉ નાગપુરથી વાઘ લાવવામાં આવ્યો હતો. પ્રાણીઓ અહીં લાવ્યા બાદ બદલામાં વડોદરાથી પક્ષીઓ આપવામાં આવ્યા છે. કેવડિયાથી પણ વડોદરાના ઝૂમાં સાબર, સફેદ કાળિયાર વગેરે લાવવાના છે. પેન્ટેડ સ્ટ્રોક એટલે કે પીળી ચાંચ ઢોક પક્ષી આવી ગયા છે. હાલ તેઓને ગાયકવાડી વખતના પિંજરામાં રાખવામાં આવશે. જયારે નવા બનશે ત્યારે ત્યાં શિફ્ટ કરી દેવાશે. દરમિયાન વડોદરાના મેયર એ આ પ્રસંગે જણાવ્યું હતું કે વડોદરાના ઝુમાં હાથી પણ લાવવો જોઈએ તેવું સૂચન કરવામાં આવ્યું છે. ઝુમાં પશુ પંખીઓની સંખ્યા આશરે ૧૨૦૦ની છે. હાલ શિયાળાની સખત ઠંડીમાં પશુ પંખીઓને ગરમાવો મળી રહે તે માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.




(તસવીર : અતિખ શેખ, વડોદરા)

# ભરૂચ-જંબુસર માર્ગ પર આવેલ દયાદરા ખાતે દબાણો દૂર કરાયા



( તસવીર : સૈયદ અમજદ, વાગરા )

(સંવાદદાતા દ્વારા)

વાગરા, તા.૮

ભરૂચ-જંબુસર માર્ગ પર આવેલ દયાદરા ખાતે મુખ્ય માર્ગની બંને તરફ ઉભી કરાયેલ કાચી પાકી દુકાનો દૂર કરવાની કામગીરી તંત્ર દ્વારા આરંભવામાં આવી હતી. દુકાનો ખસેડવા માટે સંબંધિત તંત્ર દ્વારા અગાઉ કાયદેસર નોટિસો પાઠવી દુકાનો દૂર કરવા જાણ કરવામાં આવી હતી. નોટિસમાં ૭ જાન્યુઆરીનું અલ્ટીમેટમ આપી દુકાનો દૂર કરવા તાકીદ કરાઈ હતી. દરમિયાન સવારના સુમારે પ્રાંત ઓફિસર, મામલતદાર કચેરીના અધિકારીઓ, હાઈવે ઓથોરિટી અને પોલીસ કુમક સાથે દબાણો હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. તો બીજી તરફ કેટલાક દુકાનદારોએ સ્વૈચ્છિક રીતે પોતાની દુકાનો દૂર કરી તંત્રના સહકારી બન્યા હતા. હાલ તો દુકાનોનો સફાયો થતા ધંધો કરતા ધંધાર્થીઓ માટે રોજગારી માટેનો પ્રશ્ન પેચીદો બની જવા પામ્યો છે. દબાણ હટાવવાની કામગીરી શરૂ થતાં લોકટોળાં ઉમટી પડયા હતા. શાંતિપૂર્ણ માહોલમાં દબાણ હટાવવાની કામગીરી આગળ ધપતા તંત્રના અધિકારીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

## HMPVને લઈ લુણાવાડા જનરલ હોસ્પિટલ સજ્જ

# ઓક્સિજન સપ્લાયવાળો ૫૦ બેડનો વોર્ડ તૈયાર કરી RTPCR લેબ તૈયાર કરાઈ

લુણાવાડા, તા.૮

હાલમાં ચીનમાં હ્યુમન મેટાન્યુમોવાઈરસ(HMPV)ના કેસોમાં વધારો થતા દુનિયાભરમાં ખળભળાટ મચ્યો હતો. સોમવારે ગુજરાત સહિત ભારતના ચાર રાજ્યમાં આ વાયરસના ૬ કેસ નોંધાયા હતા. આ વાયરસના તમામ દર્દી બાળક છે. હવે નાગપુરમાં પણ આ વાયરસના બે નવા કેસ નોંધાયા છે. HMPVની સંભવિત સ્થીતિને પહોંચી વળવા માટે ગુજરાતનું આરોગ્ય વિભાગ સતર્ક બન્યું છે. રાજ્યની અલગ અલગ હોસ્પિટલમાં જરૂરી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ત્યારે મહીસાગરની લુણાવાડા જનરલ હોસ્પિટલમાં ૫૦ બેડનો વોર્ડ તૈયાર કરી દેવામાં આવ્યો છે. HMPV વાયરસનો ગુજરાતમાં પગપેસારો થયો છે. રાજ્યમાં કેસ નોંધાયા બાદ આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે અને આગોતરી તૈયારીઓ હાથ ધરી દેવામાં આવી છે. ત્યારે મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા શહેર ખાતે આવેલ જનરલ હોસ્પિટલ ખાતે આ વાયરસની સારવાર માટેની તૈયારીઓને લઈ હોસ્પિટલની મુલાકાત લેવામાં આવી હતી. જ્યાં હોસ્પિટલ ખાતે તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાઈ દીધી હોવાનું જોવા મળ્યું છે. અહીંયા ૫૦ બેડનો ઓક્સિજન સપ્લાયવાળો વોર્ડ તૈયાર કરી દેવામાં આવ્યો છે તેમજ લેબોરેટરી પણ કાર્યરત છે અને આરટીપીસીઆર ટેસ્ટ માટે લેબ પણ તૈયાર કરવામાં આવી રહી છે. વધુમાં જો સંક્રમણ વધુ ફેલાય અને વધુ પેશન્ટ આવે તો પણ અહીં પૂરતી સારવાર અને સુવિધા મળી રહેશે તેવું સિવિલ સુપ્રીટેન્ડેન્ટે જણાવ્યું હતું. સિવિલ સુપ્રીટેન્ડેન્ટ ડો.ભામિની પંડિતે જણાવ્યું હતું કે વાયરસ એ જૂનો વાયરસ છે. એનું નામ મેટાન્યુમોવાયરસ છે. એના માટે આપણી હોસ્પિટલમાં બધી તૈયારીઓ છે. હાલ ૫૦ બેડ જેટલી તૈયારીઓ છે અને વધારે જરૂર પડે તો પણ આપણી પાસે તૈયારી છે. કિટ લેવા માટેની જે ખરીદી પ્રક્રિયા છે એના માટે અમે મીટિંગ બોલાવી ખરીદીની શરૂઆત કરી દીધી છે. એટલે ટૂંક સમયમાં એ તપાસ માટેની આરટીપીસીઆર કિટો પણ આવી જશે. લેબોરેટરીની પણ સુવિધાઓ છે. તેમજ પર્સનલ પ્રોટેક્ટ ઈક્વિપમેન્ટ જોઈએ. આપણને ઈન્ફેકશન ના થાય એના માટે કેપ, માસ્ક અને પ્રોટેક્ટિવ એ બધું પણ હાલમાં આપણી પાસે છે. પેશન્ટ જો વધારે આવે તો પણ આપણે બહુ સારી રીતે સારવાર કરી શકીશું અને અમારી ટીમ લુણાવાડા હાલ સજ્જ છે. ઓક્સિજન પ્લાન્ટ ચાલુ છે અને ૫૦ બેડ બધા જ ઓક્સિજનવાળા છે. એટલે દર્દીઓના જીવ બચાવી શકાય એવી સ્થિતિમાં જ છીએ. આ વાયરસથી સહેજ પણ ડરવાની જરૂર નથી. સાવચેતી એ જ આપણી સાવધાની છે. જરૂર લાગે તો કેપ, માસ્ક પહેરવાના અને સ્વચ્છતા રાખવી, હેન્ડ વોશિંગ કરવું, હાથ મોઢા અને નાકને અડવું ના જોઈએ. જે કોરોનામાં આપણે બધા અનુભવ કરી ચૂક્યા છીએ.



# ભાવનગરથી ભડિયાદ પગપાળા મેદની રવાના : ઠેર-ઠેર મેદનીનું સ્વાગત

ભાવનગર, તા.૮

ભાવનગરથી ભડિયાદ હઝરત મહેમુદશાહ બુખારીદાદાના ઉર્ષ શરીફ નિમિત્તે જતી પગપાળા જન મેદની ચાવડી ગેટ પાવર હાઉસની બાજુમાં આવેલા હઝરત રોશન ઝમીર પીર મહંમદશાબાપુની વાડીમાં વસીલો લઈ સલાતો સલામ અને સામૂહિક દુવાઓ કરી પગપાળા મેદની રવાના થઈ હતી. આ જનમેદનીને ભાવનગર કસ્બા અંજુમને ઈસ્લામના પ્રમુખ હાજી મહેબુબભાઈ શેખ, શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ હિતેષભાઈ વ્યાસ, કોર્પોરેટર શબાનાબેન ખોખર, સહિતનાઓએ લીલી ઝંડી બતાવી મેદનીનું પ્રસ્થાન કરાવ્યું હતું. આ મેદની ભાવનગર શહેરના રાજમાર્ગો ઉપર ધૂમ દાદા ધૂમ બુખારીના નારા સાથે જુલૂસરૂપે ફરી હતી. આ મેદનીનું ઠેર-ઠેર સ્વાગત કરાયું હતું. આ મેદની આગામી તા.૧૦ને શુક્રવારે ભડિયાદ મુકામે પહોંચશે. જ્યાં હઝરત રોશન ઝમીર શહીદ મહેમુદશાહ બુખારી દાદાના દરગાહ શરીફમાં નિશાન ચડાવાશે. આ દરગાહ શરીફ કોમી એકતા અને ભાઈચારાનું પ્રતીક છે. ભાવનગરથી ભડિયાદ ૬૫ કિમી.નું અંતર થાય છે. જનમેદનીને રવાના કરવા માટે મુસ્લિમ સમાજના આગેવાનો કસ્બાના પૂર્વ પ્રમુખ તૌફિકભાઈ શેખ, પૂર્વ નગરસેવક ઈકબાલભાઈ આરબ, કાળુભાઈ બેલીમ, શબ્બીરભાઈ ખલાણી, મહેબુબખાન બ્લોચ, સાજીદ કાજી, વાહિદ ખોખર, રજાક કુરેશી, ઉસ્માનભાઈ પીઠડીયા, હારૂન મલેક, ઈસાક બેલીમ, ખોજા સમાજના આગેવાન મુન્નાભાઈ વરતેજી, આરીફભાઈ ગોલ્ડન, અલ્યારખાન પઠાણ, સલીમ શેખ, ઈમરાન શેખ (બોસ), જયદીપસિંહ ગોહિલ સહિતના આગેવાન, કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભાવનગર સેન્ટ્રલ મેદની કમિટીના પ્રમુખ ગફારભાઈ શેખ, ઈસ્માઈલભાઈ શેખ, સોહિલભાઈ, અલ્તાફભાઈ બાદશાહ, હુસેનભાઈ ધોબી, અજીજભાઈ રિક્ષાવાળા વગરે આગેવાન કાર્યકરોએ સારી જહેમત ઉઠાવી રહ્યા છે.



# ડીસાની સરકારી શાળામાં વાનગી સ્પર્ધાનું આયોજન



( તસવીર : જમીલ મેમણ, ડીસા )

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૮

ડીસા તાલુકામાં આવેલી સરકારી માધ્યમિક અને ઉચ્તાર માધ્યમિક શાળા, જૂનાનેસડા ખાતે ફુડ ફેસ્ટિવલ વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં ૨૨૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ પરંપરાગત વાનગીઓ તૈયાર કરી તેની સુંદર રીતે સજાવટ કરી હતી. ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારમાં કઈ કઈ વાનગીઓ વખણાય છે તે બનાવવામાં આવી હતી. પરંપરાગત ખોરાક કયો છે ? તેની માહિતીથી તમામ વિદ્યાર્થીઓ વાકેફ થયા હતા. આ અંગે આચાર્ય ડિમ્પલબેન જોષીએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓનો સામાજિક વિકાસ થાય તેમજ સામૂહિક ભાવના કેળવાય તેવા ઉમદા હેતુથી શાળામાં વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતુ, જેમાં જુદા-જુદા સ્વાદની અનેક વાનગીઓ બનાવવામાં આવી હતી, જેમાં ૧૫૦થી વધુ વાનગીઓનો સ્વાદ વિદ્યાર્થીઓએ માણ્યો હતો. આ કાર્યક્રમમાં શાળાના શિક્ષકગણમાં વનિતાબેન સુથાર, ધવલભાઈ જોષી, અમિતકુમાર ઠાકર, વર્ષાબેન ધોધોદ, જયદીપભાઈ રાવ, વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## બે મહિનાના પ્રેમલગ્નનો કરૂણ અંજામ

# બીમાર પિતાની સારવાર અર્થે લઈ ગયેલ પત્નીને સાસરિયાઓએ ન મોકલતા પતિએ ફાંસો ખાધો

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૮

સુરતમાં પાંડેસરાના મહાદેવનગરમાં બે મહિના પહેલા પ્રેમલગ્ન બાદ બીમાર પિતા સાથે રાજસ્થાન ચાલી ગયેલી પત્ની પરત ન આવતા યુવકે ફાંસો ખાઇ મોતને વ્હાલું કરી લીધું હતું. પરિવારજનોએ જણાવ્યું હતું કે, યુવકની પત્ની છળ કપટથી રાજસ્થાન લઈ જઈ જવામાં આવી છે અને પરત ન મોકલતા યુવકે આપઘાત કરી લીધો છે. યુવતીના મામાએ ધમકી આપ્યા બાદ યુવકે આપઘાત કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે. આ સાથે જ યુવકની પત્ની પરત ન આવે ત્યાં સુધી બોડી સ્વીકારવાનો ઇન્કાર કર્યો હતો. જોકે, પોલીસની સમજાવટ બાદ પરિવારે મૃતદેહનો સ્વીકાર કરી લીધો હતો. પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ પાંડેસરા વિસ્તારમાં આવેલા મહાદેવ નગરમાં ૨૫ વર્ષીય દશરથ રાજુભાઈ રાઠોડ પરિવાર સાથે રહેતો હતો. પરિવારમાં માતા-પિતા અને એક બહેન છે. એક ભાઈ હતો જેનું અવસાન થઈ ચૂક્યું છે. દશરથ જરીના કારખાનામાં કામ કરીને પરિવારનું ગુજરાત ચલાવી રહ્યો હતો. દશરથ નજીકમાં જ રહેતી યુવતીને પ્રેમ કરતો હતો. જેથી તેના સાતમી નવેમ્બરના રોજ પ્રેમ લગ્ન કરવામાં આવ્યા હતા. દશરથની પિતરાઈ બહેન ભારતીએ જણાવ્યું હતું કે, દશરથના ૭મી નવેમ્બર ૨૦૨૪ના રોજ પ્રેમ લગ્ન થયા હતા. જોકે લગ્ન ન થોડા સમય બાદ યુવતીના પિતાની તબિયત બગડતા પરિવારે યુવતીને ફોન કરીને બોલાવી લીધી હતી. બે દિવસ યુવતીને હોસ્પિટલમાં રાખ્યા બાદ એક દિવસ માટે ફરી સાસરે મોકલી હતી. યુવતીના પિતાને હોસ્પિટલમાંથી રજા મળતા જ મામાએ યુવતીને ફોન કરી પિતાને વતન લઈ જવા પડશે અને તારે આવવું પડશે, નહિં આવે અને તારા પિતાને કઈ થઈ જાય તો તું જ એની જવાબદાર કહી દબાણ કર્યું હતું. એક અઠવાડિયા સુધી બીમાર પિતા સાથે વતન રાજસ્થાન ગયેલી યુવતી સાથે દશરથનો કોઈ સંપર્ક પણ થયો ન હતો. જેથી દશરથ હતાશ થઈ ગયો હતો. યુવતીના મામાને દશરથે કોલ કરતા ૭ જાન્યુઆરીએ સુરત આવી જશે એવું કહ્યું હતું. જ્યારે યુવતીએ ફોન પર પોતાને માર મારવામાં આવી રહ્યો હોવાનું પણ પતિ દશરથને કહ્યું હતું. જેથી દશરથ વધુ ટેન્શનમાં આવી ગયો હતો. પત્ની પરત નહીં આવે એવું માનીને દશરથે ગતરોજ બપોરે ફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. પતિના મૃત્યુની ખબર હોવા છતાં યુવતીને સુરત આવવા દેવાઈ નથી. પાંડેસરાના મહાદેવનગરમાં ભાડાના મકાનમાં રહેતી યુવતીના પરિવારે મકાન પણ ખાલી કરી દીધું હોવાનું જાણવા મળ્યું છે. પાંડેસરા પીઆઈ ગઢવીએ જણાવ્યું હતું કે, પાંડેસરા વિસ્તારમાં યુવકે આપઘાત કર્યો હતો જેમાં અકસ્માત મોતનો ગુનો નોંધીને તપાસ કરવામાં આવી રહી છે. મૃતકના પરિવારજનોએ માગ કરી હતી કે, મૃતક યુવકે બે-ત્રણ મહિના પહેલા પ્રેમ લગ્ન કર્યા હતા તે યુવતી અત્યારે તેના પિયર રાજસ્થાન ગયેલી છે અને યુવકે અહીં આપઘાત કર્યો છે. જેથી તેની પત્નીને અહીં લાવો પછી અમે મૃતદેહ સ્વીકારીશું. ત્યારબાદ પોલીસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા પરિવારને સમજાવવામાં આવ્યા હતા અને યોગ્ય તપાસ કરીશું તેવી બાહેંધરી આપી હતી. જો કોઈ ગુનેગાર નીકળશે તો તેની વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ પરિવારજનોએ મૃતદેહ સ્વીકાર્યો હતો.

## સુરતના ભેસ્તાન વિસ્તારમાં

# ૧૬ વર્ષની કિશોરી સાથે લગ્ન કરી માતા બનાવી દેનાર યુવક સામે ફરિયાદ

### યુવક સામે બળાત્કારનો ગુનો દાખલ કરી ધરપકડ કરાઈ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૮

સુરત શહેરના ભેસ્તાન વિસ્તારમાં આવેલ એસએમસી આવાસમાં રહેતા યુવકે ત્યાં જ રહેતી એક કિશોરીને પોતાની પ્રેમજાળમાં ફસાવી હતી. કિશોરીની ઉંમર નાની હોવા છતાં પણ યુવકે તેની સાથે લગ્ન કરી એક બાળકની માતા બનાવી દીધી હતી. આખરે ભોગ બનનાર કિશોરીની માતાએ આ મામલે ભેસ્તાન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે યુવક સામે બળાત્કારનો ગુનો દાખલ કરી તેને ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ભેસ્તાન વિસ્તારમાં આવેલ સફારી કોમ્પલેક્ષ પાસે એસ.એમ.સી આવાસમાં રહેતા ઈન્દ્રજીત પૃથ્વીરાજ કઢરે એ આવાસમાં જ રહેતી એક ૧૬ વર્ષની કિશોરીને સાથે મિત્રતા કરી પ્રેમ જાળમાં ફસાવી હતી. આ સમયે કિશોરીની માતાને શંકા જતા તે દીકરીને લઈને વતન જતી રહી હતી. જોકે ત્યારબાદ પણ કિશોરી ઈન્દ્રજીત સાથે ફોન પર વાત કરતી હતી. બાદમાં કિશોરી વતનથી તેની માતાની નજર ચૂકવી ભાગીને સુરત આવી ગઈ હતી. કિશોરીની ઉંમર માત્ર ૧૬ વર્ષ હોવા છતાં પણ ઈન્દ્રજીતે તેની સાથે લગ્ન કરી લીધા હતા અને બાદમાં ગર્ભવતી બનાવી દીધી હતી. તેથી કિશોરીએ બાળકને જન્મ પણ આપ્યો હતો. આ સમગ્ર મામલે કિશોરીની માતાને ખબર પડતા તેણે સુરત આવી ભેસ્તાન પોલીસ મથકમાં ઈન્દ્રજીત સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ઈન્દ્રજીત સામે બળાત્કારનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# અંકલેશ્વર મામલતદાર કચેરી ખાતે e-KYC કામગીરીનો પ્રારંભ



( તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર )

અંકલેશ્વર, તા.૮

અંકલેશ્વરની મામલતદાર કચેરી ખાતે મામલતદારની દેખરેખ હેઠળ રાશન કાર્ડ e-KYCની કામગીરી પૂર જોશ માં ચાલી રહી છે, અંકલેશ્વર તાલુકામાં ગ્રામપંચાયતો અને વ્યાજબી ભાવની દુકાનો ઉપર પણ રાશન કાર્ડ ની e-KYC કામગીરી શરૂ કરવામાં આવી છે. અંકલેશ્વર તાલુકામાં રાશન કાર્ડ e-KYCની કામગીરી પૂર જોશમાં ચાલી રહી છે. અંકલેશ્વર મામલતદાર કચેરીના પુરવઠા વિભાગમાં મામલતદાર કરણસિંહ રાજપૂતની દેખરેખ હેઠળ રાશન કાર્ડ ધારકોના e-KYCની કામગીરી ચાલી રહી છે, આ ઉપરાંત ગ્રામ પંચાયતો અને વ્યાજબી ભાવની દુકાન ખાતે પણ રાશન કાર્ડમાં e-KYC કરાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. તેમજ રેશનકાર્ડ ધારકો માટે ઘરે બેઠાં જાતે જ e-KYC કરાવવું સરળ બન્યું છે. સરકારની 'My Ration' મોબાઈલ એપ્લિકેશનની મદદથી ઘર આંગણે e-KYC કરી શકાય છે. આથી સમય અને નાણાંનો વ્યય થતો પણ અટકશે અને બચત થશે. અંકલેશ્વર તાલુકામાં ૫૪ હજાર ૫૧૭ રાશન કાર્ડ પૈકી અત્યાર સુધીમાં ૩૨ હજાર ૨૬૦ જેટલા રાશન કાર્ડનું e-KYC થઇ ગયું છે જયારે બાકી રહેલા ૨૨ હજાર ૨૫૮ જેટલા રાશન કાર્ડના e-KYCની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે.

## ટોક ઓફ ધ ટાઉન બનેલ સરથાણા ચકચારી હત્યાકાંડમાં

# પત્ની-પુત્રને રહેંસી નાખનાર સ્મિતને લઈને પોલીસે ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કર્યું

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૮

સમગ્ર સુરત શહેરને હચમચાવી દેનાર સરથાણા વિસ્તારના ચકચારીત હત્યાકાંડમાં એક પછી એક ચોંકાવનારા ખુલાસાઓ થઇ રહયા છે. ચપ્પુના ઘા ઝીંકી પત્ની અને પુત્રની હત્યા કરી માતા પિતાને પણ ચપ્પુ મારી ગંભીર ઈજાઓ પહોંચાડનાર સ્મિત પટેલને પોલીસ હોસ્પિટલમાંથી લઇ ગઈ હતી અને ઘટના સ્થળે લઇ જઈ ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ પોલીસ જાપ્તા સાથે આજે સવારે સ્મિત પટેલને સરથાણા રાજહંસ ખાતે આવેલ સૂર્યા એપાર્ટમેન્ટમાં લઇ જવામાં આવ્યો હતો. આરોપીએ જે જગ્યા પોતાની પત્ની તથા માસુમ પુત્રને બેરહેમીથી રહેશી નાખ્યો હતો. તેમજ માતા પિતા ઉપર જીવલેણ હુમલો કર્યો હતો અને જાતે પણ આત્મહત્યા કરવાની કોશિશ કરી હતી. પોલીસ આરોપીને લઈને સ્થળ પર ગઈ હતી અને ઘટનાનું રિકંસ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું. રિકન્સ્ટ્રકશન દરમિયાન આરોપીએ પોલીસ સમક્ષ સમગ્ર ઘટનાનું વર્ણન કર્યું હતું. તેમજ પોલીસે જરૂરી માહિતી ભેગી કરી હતી. વધુમાં જણાવી દઈએ કે આરોપી સ્મિતે ગત ૨૭ મીએ પોતાના ઘરમાં બેડરૂમમાં સુતેલી પત્ની અને પુત્ર ઉપર ચપ્પુના જીવલેણ ઘા ઝીંકી બને મોતને ઘાટ ઉતારી દીધા હતા. તેમજ અન્ય રૂમમાં સુતેલા માતા ઉપર પણ ચપ્પુ વડે ગંભીર ઈજાઓ કરી હતી અને બાદમાં પોતે પણ હાથની નસો કાપીને આપઘાત કરવાની કોશિશ કરી હતી. આ હત્યાકાંડની ઘટનાએ સમગ્ર શહેરને હચમાવી દીધી હતી. એટલું જ નહીં જલ્લાદ સ્મિતે બીજી વખત હોસ્પિટમાં આપઘાત કરવાનો પ્રયાસ કર્યો

# દુમાડ ચોકડી પાસે ૪૦ નંગ પહાડી પોપટના બચ્ચાં સાથે બે શખ્સો ઝડપાયા

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૮

વડોદરા શહેરની ખાનગી જીએસપીસીએ સંસ્થા અને વન વિભાગે ભેગા મળી દુમાડ ચોકડી પાસેથી બે ઈસમોને ૪૦ નંગ પહાડી પોપટના બચ્ચાઓ સાથે પકડી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે. વડોદરા વન વિભાગના રેન્જ ફોરેસ્ટ ઓફિસર કરણરાજસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે વડોદરા ખાતે ગઈકાલે સાંજે જીએસપીસીએની બાતમીને આધારે વન વિભાગે છટકું ગોઠવ્યું હતું. એમાં ડેસર તાલુકાના ગામના બે આરોપી પોપટ લઈને આવતા હતા. જ્યારે પહાડી પોપટ કુલ નંગ ૪૦ થેલીની અંદર ભરેલા હતા એમાં માડી વનરાજ વનુભાઈ અને તેમજ સુભાષભાઈ ગોપાલભાઈ માળી એમ બંને આરોપીઓને વન વિભાગે ઝડપી પાડ્યા છે અને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એકટ મુજબ એમની સામે ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી છે અને જે પહાડી



પોપટ છે એ શેડ્યુલ એનિમલ હોય એની સામે સખતમાં સખત દંડ ભરવામાં આવશે અને ફરી આવો ગુનો ન કરે તે માટે એની સમજ આપવામાં આવશે. ૪૦ નંગ પોપટના બચ્ચા હતા. તેઓ એમના જે રેવન્યુ સર્વેની અંદર મોટા જે તાડના ઝાડ હતા એની ઉપર જયારે પક્ષીઓ એ માળા કરેલા હોય એવા નાના બચ્ચાઓના માળા વિખેર્યા હોય ત્યારે આ ગંભીર ગુનો કરેલ છે એની સામે કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

# કતારગામમાં ત્રીજા માળે મકાનમાં આગ લાગતાં ભાગદોડ મચી

### ફ્રિજમાં શોર્ટ સર્કિટથી આગ લાગી, ઘરવખરી બળીને ખાખ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૮

શહેરના કતારગામ ગોટાલાવાડી ખાતે ગ્રાઉન્ડ સહીત ત્રણ માળની બિલ્ડીગમાં ત્રીજા માળ ઉપર આવેલા એક મકાનમાં આજે સવારે આગ ફાટી નીકળી હતી. ફ્રીજમાં શોર્ટ સર્કિટ થવાથી આગ લાગતા આખા મકાનની અંદર પ્રસરી ગઈ હતી. આગની ઘટનાને પગલે સ્થળ ઉપર ભાગદોડ મચી ગઈ હતી. એટલુંજ નહીં આગ વધુ પ્રસરવા લાગતા જુદા જુદા ફાયર સ્ટેશનથી ફાયર બ્રિગેડના જવાનોનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને આગ ઉપર કાબુ મેળવવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. ફાયર બ્રિગેડના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ કતારગામ ગોટાલાવાડી ખાતે આવેલ ટોરેન્ટ પાવર હાઉસ પાસે ગ્રાઉન્ડ સહીત ત્રણ માળનું બિલ્ડીંગ છે. ગ્રાઉન્ડ ફ્લોર પર અલગ અલગ જરીના ખાતા છે. જયારે ત્રીજા માળ ઉપર કેટલાક કારીગરો રહેતા હતા. દરમિયાન આજે સવારે લગભગ સાઢા નવેક વાગ્યાના અરસામાં ત્રીજા માળ ઉપર આવેલા મકનની અંદર આગ લાગી ગઈ હતી. ત્યારે મકાનનની અંદર એક છોકરી હતી, જોકે તે સમયસર નીચે ઉતરી ગઈ હતી, જયારે આગ ઝડપભેર આખા ઘરની અંદર પ્રસરી ગઈ હતી. ઘટનાને પગલે સ્થળ ઉપર ભાગદોડ મચી ગઈ હતી.

નામ બદલેલ છે.
મારૂ જુનું નામ- ચૌહાણ રામીયા શફીક હતું જે બદલીને નવું નામ- ચૌહાણ રાબિયાબીબી સફીકભાઇ રાખેલ છે જેની સર્વેએ નોંધ લેવી.
લી. ચૌહાણ રાબિયાબીબી સફીકભાઇ
સરનામું:- મુ.પો. કપલસાડી, તા. ઝગડિયા, જી. ભરૂચ - ૩૯૩૦૦૧

નામ બદલેલ છે.
મારૂ જુનું નામ- ચૌહાણ રાબિયાબીબી શફીકભાઇ હતું જે બદલીને નવું નામ- ચૌહાણ રાબિયાબીબી સફીકભાઇ રાખેલ છે જેની સર્વેએ નોંધ લેવી.
લી. ચૌહાણ રાબિયાબીબી સફીકભાઇ
સરનામું:- મુ.પો. કપલસાડી, તા. ઝગડિયા, જી. ભરૂચ - ૩૯૩૦૦૧

નામ બદલેલ છે.
મારૂ જુનું નામ- ચૌહાણ શફીકભાઇ મહીયુદ્દીનભાઇ હતું જે બદલીને નવું નામ- સફીકભાઇ મૈયુદીનભાઇ ચૌહાણ રાખેલ છે જેની સર્વેએ નોંધ લેવી.
લી. સફીકભાઇ મૈયુદીનભાઇ ચૌહાણ
સરનામું:- મુ.પો. કપલસાડી, તા. ઝગડિયા, જી. ભરૂચ - ૩૯૩૦૦૧

CHANGE OF NAME
I HAVE CHANGED MY OLD GIVEN NAME FROM TALATI SAMIRABAHEN MOHAMMADIRFAN TO NEW GIVEN NAME TALATI SAMIRABEN IRFAN & I WILL BE KNOWN AS NEW GIVEN NAME WHICH PLEASE NOTE.
ADD:- B-14 FAZAL PARK SOCIETY NEAR RAILWAY PRIMARY SCHOOL. AT&PO.JAMBUSAR. TAL.JAMBUSAR. DIST.BHARUCH. PIN.392150 GUJARAT.

એકાઉન્ટન્ટ જોઈએ છે
ઇકરા ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ
શાહીન પાર્ક, ને.હા.48, મુ.પિરામણ, તા.અંકલેશ્વર, જી.ભરૂચ.
મો.નં.99249 50155
લાયકાત- B.Com. Tally, કોમ્પ્યુટરના જાણકાર સાથે ૫ વર્ષનો અનુભવ જરૂરી. દિન ૭માં ઉપરોક્ત સરનામે અરજી કરવી.

# દેશમાં GDP વૃદ્ધિનો નકારાત્મક અંદાજ કેન્દ્રીય બજેટ માટે અંધકારમય પૃષ્ઠભૂમિ રજૂ કરે છે

## કોંગ્રેસના નેતા જયરામ રમેશે એક નિવેદન શેર કર્યું હતું જેમાં જટિલ GST યોજનાને સરળ બનાવવી, ઉચ્ચ MSP આપવી અને MNREGA વેતન વધારવાની હાકલ કરવામાં આવી હતી

(એજન્સી) તા.૮

કોંગ્રેસે ૮ જાન્યુઆરી, બુધવારે જણાવ્યું હતું કે, વર્તમાન નાણાકીય વર્ષ માટે જીડીપી વૃદ્ધિના અંદાજમાં ઓછો સુધારો થતાં દેશમાં વૃદ્ધિમાં મંદી અને રોકાણની મંદીને દૂર કરવા માટે આમૂલ પગલાં લેવા જરૂરી છે. એઆઈસીસીના જનરલ સેક્રેટરી (ઈન્ચાર્જ, કોમ્યુનિકેશન્સ) જયરામ રમેશે જણાવ્યું હતું કે આ કેન્દ્રીય બજેટની અંધકારમય પૃષ્ઠભૂમિને લીધે છે. તેમણે સૂચવ્યું કે ભારતના ગરીબો માટે આવક આધાર, ઉચ્ચ મનરેગા વેતન અને લઘુત્તમ ટેકાના ભાવમાં વધારો (એમએસપી) એ સમયની જરૂરિયાત છે અને તેમણે મધ્યમ વર્ગ માટે જટિલ GSTને સરળ બનાવવા તેમજ આવકવેરામાં રાહતની માંગ કરી હતી. પક્ષના નિવેદનને શેર કરતાં રમેશે જણાવ્યું હતું કે ૨૦૨૪-૨૫ નાણાકીય વર્ષમાં GDP વૃદ્ધિ માટે કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલા આગોતરા અંદાજમાં માત્ર ૬.૪ ટકા વૃદ્ધિનો અંદાજ છે. નાણાકીય વર્ષ ૨૪ (૨૦૨૩-૨૪)માં નોંધાયેલા ૮.૨ ટકા વૃદ્ધિની તુલનામાં આ ચાર વર્ષની નીચી અને તીવ્ર મંદી છે. તે ૬.૬ ટકા વૃદ્ધિના તાજેતરના આરબીઆઈના અંદાજ કરતાં પણ ઓછી છે. જે ૭.૨ ટકાના અગાઉના અંદાજથી ઘટાડો દર્શાવે છે. થોડા અઠવાડિયામાં જ, ભારતીય અર્થવ્યવસ્થામાંથી તળિયે આવી ગયું છે. કોંગ્રેસના



નેતાએ કહ્યું કે સરકાર હવે ભારતની વૃદ્ધિ મંદીની વાસ્તવિકતા અને તેના વિવિધ પરિમાણોને નકારી શકશે નહીં. તેમણે આક્ષેપ કર્યો હતો કે છેલ્લા ૧૦ વર્ષમાં ભારતની વપરાશની ક્ષમતા રિવર્સમાં ગઈ છે. આ વર્ષના Q2ના ડેટામાં, ખાનગી અંતિમ વપરાશ ખર્ચ (PFCE) વૃદ્ધિ અગાઉના ક્વાર્ટરમાં ૭.૪ ટકાથી ઘટીને ૬ ટકા થયું છે. કારનું વેચાણ ચાર વર્ષના તળિયે છે. ખાનગી ક્ષેત્રમાં વધારામાં રોકાણ કરવા માટે કોઈ તૈયાર નથી. સરકારના પોતાના આર્થિક સર્વેક્ષણ (૨૦૨૪) એ સ્વીકાર્યું છે તેમ, 'મશીનરી અને સાધનો અને બૌદ્ધિક સંપદા ઉત્પાદનોમાં ખાનગી ક્ષેત્રના GFCF (ગ્રોસ ફિક્સ્ડ મૂડી નિર્માણ) FY૨૩ (૨૦૨૨-૨૩)ના ચાર વર્ષમાં માત્ર ૩૫ ટકાની વૃદ્ધિ થઈ છે. FY૨૩ અને FY૨૪ (૨૦૨૩-૨૪) વચ્ચે ખાનગી ક્ષેત્ર દ્વારા નવા પ્રોજેક્ટની જાહેરાતોમાં ૨૧ ટકાનો ઘટાડો થયો છે. નવી ઉત્પાદક ક્ષમતાના વધારામાં રોકાણ કરવા માટે ખાનગી ક્ષેત્રની અનિચ્છાનો અર્થ એ છે કે અમારી મધ્યમ ગાળાની વૃદ્ધિને નુકસાન થતું રહેશે. ૨૦૨૪-૨૫ માટેના કેન્દ્રીય બજેટમાં રૂા. ૧૧.૧૧ લાખ કરોડની ફાળવણી સાથે મૂડીરોકાણમાં વધારા અંગેના ભવ્ય વચનો આપવામાં આવ્યા હતા. હજુ સુધી નવેમ્બર ૨૦૨૪સુધી, માત્ર રૂા. ૫.૧૩ લાખ કરોડ ખર્ચાયા હતા, જે ગયા વર્ષ કરતાં ૧૨ ટકા ઓછું હતું. મોટાભાગના અંદાજો સૂચવે છે કે સરકાર નાણાકીય વર્ષના અંત પહેલા લક્ષ્યાંક પૂરો કરવામાં નિષ્ફળ જશે. તેના ભંડોળનો ખર્ચ કરવામાં સરકારની પોતાની અસમર્થતા વ્યાપક આર્થિક નુકસાન માટે તે અંશતઃ જવાબદાર છે. કેન્દ્ર સરકારના જ ડેટા દર્શાવે છે કે ૨૦૨૦-૨૧ અને ૨૦૨૨-૨૩ વચ્ચે, પરિવારોની ચોખ્ખી નાણાકીય બચતમાં રૂા. ૯ લાખ કરોડનો ઘટાડો થયો છે. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે સતત હિમાયત કરી છે તેમ, વૃદ્ધિની મંદી અને રોકાણની મંદીને દૂર કરવા માટે આમૂલ પગલાં લેવા જરૂરી છે,. ભારતના ગરીબો માટે આવકનો આધાર, ઉચ્ચ મનરેગા વેતન અને વધુ MSPએ સમયની જરૂરિયાત છે, અને જટિલ GSTને સરળ કરવું અને મધ્યમ વર્ગ માટે આવકવેરામાં રાહત જરૂરી છે. ઉલ્લેખનીય છે કે, સરકાર ૧ ફેબ્રુઆરીએ કેન્દ્રીય બજેટ રજૂ કરશે.

# ''કાશ્મીરમાં વીજકાપથી અમારી બોર્ડ પરીક્ષાની તૈયારીઓ અને ઓનલાઇન કોચિંગમાં વિક્ષેપ''

## ખાનગી સ્કૂલના એક શિક્ષકનો વિલાપ, દાયકાઓ પહેલા મારે મીણબત્તીના અજવાળે અભ્યાસ કરવો પડતો અને આજે મારી દીકરીને પણ એવું જ કરવું પડી રહ્યું છે

(એજન્સી) શ્રીનગર, તા. ૮

''દાયકાઓ પહેલા મારે મીણબત્તીના અજવાળે અભ્યાસ કરવો પડતો હતો અને આજે મારી દીકરીને એવું કરવું પડી રહ્યું છે. દાયકાઓ પછી પણ કોઈ પરિવર્તન આવ્યું નથી એ ખરેખર હૃદયને વિચલિત કરી મૂકે છે...''

કાશ્મીરના બારામુલ્લા જિલ્લામાં તંગમર્ગ ખાતે પોતાની સોળ વર્ષની દીકરી સાથે રહેતી નાઝીરા વીજકાપ વિશે બોલે છે ત્યારે તેનો અવાજ ધ્રુજવા લાગે છે. ખૂબ જ વ્યથિત થઈને નાઝીરા કહે છે કે હું મારી દીકરી બોર્ડ પરીક્ષામાં સારા ગુણ લાવે અને શ્રેષ્ઠ દેખાવ કરે એવું ઈચ્છું છું પણ મને લાગે છે એવું નહીં થઈ શકે.

કાશ્મીરમાં ઠંડીનો જે સૌથી વધુ કપરો સમય હોય છે તે ચિલ્લાઈ કલાનું કહેવાય છે જે ૨૧ ડિસેમ્બરથી ૨૯ જાન્યુઆરી સુધીનો એ સમયગાળો હોય છે ત્યારે કાશ્મીર અદભુત બર્ફીલી નગરી બની જાય છે અને દેશ-વિદેશમાંથી સહેલાણીઓ ઉમટી પડે છે અને કાશ્મીરથી ભૂમિ પર પથરાયેલી સફેદ ચાદરના હિમ સૌંદર્યને જોઈને અભિભૂત થઈ જાય છે. પરંતુ કાશ્મીરના વિદ્યાર્થીઓ માટે આ અત્યંત કપરી ઠંડીનો સમય રોજેરોજની હાડમારીનો સમય છે. ખાસ કરીને એ માટે કે વારંવાર વીજળી જતી રહે છે અને રોજેરોજ અભ્યાસ કરવામાં વિક્ષેપ પડતો રહે છે.

શ્રીનગરમાં રહેતા અને ધોરણ ૧૧માં અભ્યાસ કરી રહેલો વિદ્યાર્થી શાયાન બુખારી કહે છે કે ફેબ્રુઆરીમાં અમારી પરીક્ષાઓ છે અને આવી આકરી ઠંડીમાં આમ પણ અભ્યાસ કરવાનું ખૂબ જ મુશ્કેલ બને છે પણ જ્યારે દિવસ દરમિયાન ચારથી પાંચ કલાક સુધી વીજ પુરવઠો જ ખોરવાઈ જતો હોય ત્યારે પરિસ્થિતિ અત્યંત ખરાબ બની જાય છે. આમાં અમારે પરીક્ષાની તૈયારીઓ અંધારામાં બેસીને કઈ રીતે કરવી?

કાશ્મીરની ખૂબસૂરત વાદીઓમાં રહેતા આવા ઘણા વિદ્યાર્થીઓની સમસ્યા એક સરખી છે જે વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઓનલાઈન કોચિંગનો નાણાકીય રીતે સક્ષમ વિકલ્પ પર આધારિત હોય છે તેઓ પણ વારંવાર થતાં વીજ કાપથી પરેશાન થઈ જાય છે અને એમના ઓનલાઈન કોચિંગમાં પણ વિક્ષેપ ઊભો થઈ રહ્યો છે. જે વિદ્યાર્થીઓ દિલ્હી કે ચંદીગઢ જેવા શહેરોમાં જવાને બદલે ઓનલાઈન કોચિંગથી તૈયારીઓ કરે છે એમને પણ વીજકાપ સતત પરેશાની કરે છે.. શ્રીનગરની બારમા ધોરણમાં અભ્યાસ કરતી હાદિયા ઈર્શાદ કહે છે કે દરેક મા-બાપને કોચિંગ માટેની ફી પરવડે નહીં અને ક્લાસ કે કોચિંગ ઈન્સ્ટિટ્યૂટમાં જઈ શકાય નહીં એટલે અમારા માટે સૌથી ઉત્તમ વિકલ્પ ઓનલાઈન કોચિંગનો છે પણ વીજળી જ ન હોય તો કેવી રીતે ઓનલાઈન કોચિંગ લેવું?

જમ્મુ અને કાશ્મીર વીજ પુરવઠા માટે મોટાભાગે જળવિદ્યુત પ્લાન્ટ પર જ આધારિત છે પણ મારે સખત અને ભયાનક ઠંડીના મહિલાઓમાં જ્યારે વીજળીની ડિમાન્ડ વધતી હોય છે ત્યારે જ ઉર્જા ઉત્પાદનમાં ઘટાડો થઈ જાય છે જે સામાન્ય રીતે વધુ ડિમાન્ડ હોય ત્યારે ૩૬૦૦ મેગા વોટ



ઉત્પાદન થતું હોય છે તે ઘટીને ૬૦૦થી ૬૫૦ મેગા વોટ થઈ જાય છે.

વિદ્યાર્થીઓની ભારે હેરાનગતિ થઈ રહી છે અને ખૂબ જ હાડમારી ભોગવે છે તો સ્થાનિક કોચિંગ સેન્ટરની પણ કોઈ સારી હાલત નથી. શ્રીનગરમાં કોચિંગ સેન્ટર ચલાવતા ૩૨ વર્ષના નાસીર કહે છે કે અમે અહીં કાશ્મીરમાં જ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી શકાય એ માટે વિદ્યાર્થીઓને મદદરૂપ બનવા કોચિંગ સેન્ટર શરૂ કર્યું છે પરંતુ વીજ પુરવઠો જ નથી હોતો એટલે અમે અમારા વર્ગોને માટે હીટર ચાલુ રાખી શકતા નથી. શક્ય હોય ત્યાં સુધી ગેસ હીટર વાપરવાનો પ્રયાસ કરીએ છીએ પણ ગેસ હીટર બહુ જ મોંઘા પડે છે. વર્ષોવર્ષ કામગીરીનો ખર્ચ અને આ તમામ ઓપરેશનનો ખર્ચ પણ વધતો જાય છે અને ફીનું માળખું પણ ઊંચું જતું જાય છે જેનાથી વિદ્યાર્થીઓને પ્રતિકૂળ અસર થાય છે અને એમને સહન કરવું પડે છે.

કોચિંગ શિક્ષક કહે છે કે ઉર્જા કાપને કારણે અને સતત વીજળી જતી રહેતી હોવાથી સ્થાનિક લોકો કાશ્મીરી પરંપરા મુજબની સગડી જેને કાંગરી કહેવાય છે તેનો વધુને વધુ ઉપયોગ કરે છે અને પોતાના શરીરને ગરમાવો આપવાનો પ્રયાસ કરે છે. શિક્ષકે એવો પણ ખેદ વ્યક્ત કર્યો કે સરકારો અહીં બદલાતી રહે છે પરંતુ આ વિસ્તારની સતત અવગણના થતી રહે છે અને આ પ્રદેશમાં કોઈ જાતનો વિકાસ થયો નથી અને તીવ્ર રીતે તેની અવગણના થતી રહી છે. બુખારી કહે છે કે વીજ માળખામાં સુધારો લાવવા માટેના સત્તાવાળાઓ અનેક વચનો આપી રહ્યા છે અને આપે છે પરંતુ પરિસ્થિતિ અમારા માટે તો ગંભીર જ રહી છે. ભયાનક ઠંડીના આ મહિનાઓમાં પણ અમારા માટે રૂમ હિટિંગ અને પ્રકાશ જેવી મૂળભૂત પાયાની નાગરિક જરૂરિયાતો પણ એક લક્ઝરી સમાન બની રહી છે. વધુ નિરાશાજનક બાબત એ છે કે વર્ષોથી રાજકીય માળખું બદલતું રહે છે અને સરકારો બદલતી રહે છે પરંતુ અમે તો ભારે તીવ્ર અવગણનાનો જ અનુભવ કરતા રહ્યા છીએ અને આ પ્રદેશમાં કોઈ જ વિકાસ થયો નથી.

# જીવનની અનિશ્ચિતતા વચ્ચે રોહિંગ્યા શરણાર્થીઓ મનસ્વી અટકાયત અને જીવનની ભયંકર પરિસ્થિતિઓનો સામનો કરી રહ્યા છે

(એજન્સી) ગુવાહાટી, તા.૮

સંયુક્ત રાષ્ટ્ર શરણાર્થી એજન્સી (UNHCR)માં નોંધાયેલા અંદાજિત ૨૨,૫૦૦ રોહિંગ્યા શરણાર્થીઓનું ભારત એક નવું ઘર છે. બાંગ્લાદેશ અને અન્ય દક્ષિણપૂર્વ એશિયાના દેશોમાં રોહિંગ્યા શરણાર્થીઓની દુર્દશા દસ્તાવેજીકૃત કરવામાં આવી છે, ત્યારે ભારતમાં રહેલા આ લોકોની સ્થિતિને મોટાભાગે અવગણવામાં આવી છે. ડેનિયલ સુલિવાન, પ્રિયલી સુર અને અંકિતા ડેન દ્વારા એક નવો અહેવાલ દર્શાવે છે કે મહિલાઓ અને બાળકો સહિત સેંકડો રોહિંગ્યા શરણાર્થીઓને દેશભરના અટકાયત કેન્દ્રોમાં ભયંકર પરિસ્થિતિમાં અનિશ્ચિત સમય માટે અટકાયતમાં રાખવામાં આવ્યા છે. રોહિંગ્યા મુસ્લિમો એ મ્યાનમારની વંશીય-ધાર્મિક લઘુમતી છે અને વિશ્વની સૌથી મોટી રાજ્યવિહીન વસ્તી (લગભગ ૨૮ લાખ) છે. તેમની નાગરિકતા છીનવી લેવામાં આવી છે અને દાયકાઓ સુધી સતાવણી કરવામાં આવી છે અને ૨૦૧૭માં નરસંહારની હિંસા બાદ ૧૦ લાખથી વધુ મ્યાનમારથી ભાગી ગયા. બાંગ્લાદેશમાં સૌથી વધુ આશ્રય મેળવ્યો, ત્યારે ઘણા લોકોએ ભારત-મ્યાનમાર સરહદ સાથે મુસાફરી કરીને અથવા બાંગ્લાદેશથી ક્રોસ કરીને પડોશી ભારતમાં સલામતી માંગી હતી. દેશની અન્ય શરણાર્થી વસ્તીથી વિપરીત, (તિબેટીયન અને શ્રીલંકાના લોકો), રોહિંગ્યાઓને પદ્ધતિસરની ઉપેક્ષા અને દુશ્મનાવટનો સામનો કરવો પડે છે. યુએનએચસીઆર શરણાર્થી કાર્ડ ધરાવતા હોવા છતાં અધિકારીઓ દ્વારા તેઓને વારંવાર ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ તરીકે લેબલ કરવામાં આવે છે અને ધરપકડ, અટકાયત અથવા મ્યાનમારમાં દેશનિકાલનું સતત જોખમ છે. આઝાદી પ્રોજેક્ટ અને રેફ્યુજીસ ઈન્ટરનેશનલ દ્વારા મેથી નવેમ્બર ૨૦૨૪ દરમિયાન લેવામાં આવેલા ઈન્ટરવ્યુમાં ભારતમાં રોહિંગ્યા અટકાયતીઓ માટે જીવનનું કરૂણ ચિત્ર રજૂ કરવામાં આવ્યું છે. આ લોકોની મુલાકાત લેવી અને વિગતોની ચકાસણી કરવી અત્યંત પડકારજનક હતું. સગર્ભા સ્ત્રીઓ, સ્તનપાન કરાવતી માતાઓ, બાળકો અને વૃદ્ધો સહિત લગભગ ૬૭૬ રોહિંગ્યા શરણાર્થીઓને દેશભરમાં અટકાયત સુવિધાઓમાં રાખવામાં આવ્યા છે; તેમાંથી ૬૦૮ પર કોઈ કાયદાકીય કેસ પણ નથી. આ મુલાકાતો અને ઈન્ટરવ્યુમાં બંધારણીય અને માનવ અધિકારોના ઘોર ઉલ્લંઘનો જાહેર થયા છે; અને આંતરરાષ્ટ્રીય માનવાધિકાર સંધિઓ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાઓનું પાલન કરવામાં ભારતની નિષ્ફળતા દર્શાવે છે. પુરૂષો અને સ્ત્રીઓને અલગ પાડવામાં આવે છે અને જીવનસાથીઓને સાથે રહેવાની મંજૂરી નથી. મોટા બાળકોને ભારતના મોડલ ડિટેન્શન કોડના ઉલ્લંઘન સાથે તેમના માતા-પિતાથી બળજબરીથી અલગ કરવામાં આવે છે. આ અહેવાલ કહે છે કે, મોટાભાગના રોહિંગ્યા શરણાર્થીઓને તેમની સજા પૂરી થયા પછી પણ અટકાયતમાં રાખવામાં આવે છે. આ અટકાયત કેન્દ્રોમાં રહેતા બાળકોને ઔપચારિક શાળા અથવા રમતના મેદાનની કોઈ ઍક્સેસ નથી અને વય-સંબંધિત ગતિશીલતા સમસ્યાઓ ધરાવતા વૃદ્ધ લોકોને ખોરાક અને શૌચાલયની ઍક્સેસ માટે સાથી અટકાયતીઓની દયા પર છે. હજુ પણ અટકાયત કરાયેલા કેટલાક લોકો તેમની અટકાયત સમયે શિશુ હતા અને તેમને અટકાયત કેન્દ્રોની બહાર જીવનનો અનુભવ કરવાની તક ક્યારેય મળી નથી. દિલ્હીમાં, લામપુર અટકાયત કેન્દ્ર અને સરાઈ રોહિલ્લા સેવા કેન્દ્રના શરણાર્થીઓ જેમણે ત્રણ વર્ષથી વધુ સમય કેદમાં વિતાવ્યો છે. જમ્મુમાં, કઠુઆ હોલ્ડિંગ સેન્ટર જે અગાઉ સબ-જેલ હતી અને હવે એક અટકાયત કેન્દ્ર છે જ્યાં કથિત રીતે જેલ કરતાં વધુ ખરાબ સ્થિતિ છે. પશ્ચિમ બંગાળમાં સેંકડોને દમદમ સેન્ટ્રલ જેલમાં અટકાયતમાં રાખવામાં આવ્યા છે અથવા કોલકાતામાં મહિલા સંઘ ગૃહમાં મહિલાઓ અને બાળકોના આશ્રયસ્થાનોમાં સ્થાનાંતરિત કરવામાં આવ્યા છે. મુક્ત કરાયેલા લોકો પણ તેમના પરિવારોથી અલગ રહે છે. વર્તમાન વહીવટીતંત્ર ભારતમાં ઈસ્લામોફોબિયાને લીધે તેમનો ઉપયોગ કરી રહ્યું છે. એવું કહેવામાં આવે છે કે તેઓ અહીં ભારતની વસ્તી વિષયક ફેરફાર કરવા આવ્યા છે અને તેઓ આનો ઉપયોગ ખાસ કરીને ચૂંટણી દરમિયાન એક સાધન તરીકે કરે છે. અહેવાલ કહે છે કે, વિવિધ આંતરરાષ્ટ્રીય સંધિઓ પ્રત્યેની ભારતની પ્રતિબદ્ધતા તેમજ આપણા પોતાના બંધારણ મુજબ આપણે શરણાર્થીઓ અથવા આશ્રય મેળવતા લોકો સાથે સન્માનપૂર્વક વર્તન કરવું જોઈએ અને તેઓ અહીં સ્વતંત્ર જીવન માટે હકદાર છે. પણ સત્તાવાળાઓ તેમને સંવેદનશીલ રાખવા માંગે છે અને રાજકીય સાધન તરીકે ઉપયોગ કરવા માંગે છે. આ રિપોર્ટમાં આ અટકાયત કેન્દ્રોમાં માનવાધિકારોનું મોટાપાયે ઉલ્લંઘન થયું છે. પરિવારો અલગ પડે છે, જીવનસાથીઓ અને બાળકોને તેમના માતા-પિતા પાસેથી બળજબરીથી દૂર કરવામાં આવે છે. ઔપચારિક શિક્ષણ, આરોગ્યસંભાળ અને મૂળભૂત સ્વચ્છતાની પહોંચના અભાવે અટકાયતીઓમાં શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ વધારી દીધી છે. ઓછી સ્વચ્છતા અને વેન્ટિલેશનને કારણે ઘણા અટકાયતીઓને ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓ છે. કાનૂની સહાય દુર્લભ છે અને શરણાર્થીઓને UNHCR પ્રતિનિધિઓ સુધી અર્થપૂર્ણ પ્રવેશ નકારવામાં આવે છે. માનસિક સ્વાસ્થ્ય સહાયની કોઈ ઍક્સેસ નથી. કાનૂની સહાય અને UNHCR જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની ખૂબ જ મર્યાદિત પહોંચનો અર્થ એ છે કે ઘણા રોહિંગ્યા શરણાર્થીઓને એક દાયકાથી વધુ સમય માટે મનસ્વી રીતે અટકાયતમાં રાખવામાં આવ્યા છે અને એ પણ કોઈ ફોજદારી આરોપો વિના અને તેનો કોઈ અંત નથી. આમાં સગર્ભા સ્ત્રીઓ, સ્તનપાન કરાવતી માતાઓ, બાળકો, અલગ-અલગ રીતે વિકલાંગ લોકો અને વૃદ્ધ લોકોનો સમાવેશ થાય છે. મહિલાઓ, બાળકો અને વૃદ્ધો સહિતના લોકો જેઓ કોઈ ગુના વિના વર્ષોથી જેલમાં બંધ છે, તેના માટે કલ્પના કરો કે તે તેમના માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય બંને પર શું અસર કરે છે. તેમના કેસોનું પ્રતિનિધિત્વ કરવા માટે ભાગ્યે જ કોઈ વકીલો અથવા કાનૂની સહાય મળે છે. તેઓને તેમની મુક્તિના સંદર્ભમાં અધિકારીઓની દયા પર છોડી દેવામાં આવે છે. આ ભયંકર પરિસ્થિતિઓમાં લાંબા સમય સુધી અને અનિશ્ચિત અટકાયતનો અર્થ એ છે કે ઘણા અટકાયતીઓ ખરાબ સ્વાસ્થ્ય અને કિડનીની પથરી, શ્વસન અને શ્વાસની સમસ્યાઓ અને ક્ષય રોગ જેવી ગંભીર બિમારીઓ



થાય છે. આ અહેવાલમાં જણાવાયું છે કે, ઈન્ટરવ્યુ અને મીડિયા અહેવાલોના આધારે, આ ટીમને જાણવા મળ્યું કે ૨૦૨૧થી ઓછામાં ઓછા સાત રોહિંગ્યા શરણાર્થીઓ જમ્મુમાં અટકાયતમાં મૃત્યુ પામ્યા છે. આ સંશોધકોએ વરિષ્ઠ પોલીસ અધિક્ષક શિવદીપ સિંહ જામવાલ સાથે વાત કરી હતી, જેઓ જમ્મુમાં અટકાયત કેન્દ્રના પ્રભારી હતા જ્યારે બંધ જગ્યામાં ટીયર ગેસનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ત્યાં બાળકો હાજર હતા ત્યારે તેણે ટીયર ગેસનો ઉપયોગ કર્યો હોવાનું સ્વીકાર્યું હતું અને કહ્યું કે, હા, જ્યારે તેઓ પથ્થરમારો કરી રહ્યા હતા ત્યારે થોડો ટીયર ગેસનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ એક સામાન્ય સમસ્યા છે. આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે શિશુની માતાને હાથકડી અને લોખંડની સાંકળો સાથે તેના બાળકના અંતિમ સંસ્કાર માટે લઈ જવામાં આવી હતી.

### કાનૂની અને નીતિગત નિષ્ફળતાઓ

ભારત ૧૯૫૧ના શરણાર્થી સંમેલનમાં સહી કરનાર નથી, અને રોહિંગ્યાને વિદેશી કાયદા, ૧૯૪૬ જેવા જૂના ઘરેલું કાયદાઓ હેઠળ અટકાયતમાં રાખવામાં આવે છે. આ કાયદાઓ તેમને ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ તરીકે વર્ગીકૃત કરે છે અને ફોજદારી આરોપો ન હોવા છતાં તેમની અનિશ્ચિત અટકાયત કરે છે. કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય સુરક્ષાની ચિંતાઓને ટાંકીને પોતાની કાર્યવાહીનો બચાવ કર્યો છે. જો કે, આ દલીલ રોહિંગ્યા શરણાર્થીઓને કોઈપણ વિશ્વસનીય સુરક્ષા ખતરા સાથે જોડતા પુરાવાના અભાવને કારણે નબળી પડી રહી છે. ભેદભાવપૂર્ણ નીતિઓ, જેમ કે નાગરિકતા સુધારો અધિનિયમ ૨૦૧૯, જે મુસ્લિમ શરણાર્થીઓને નાગરિકત્વમાંથી બાકાત રાખે છે, તે રોહિંગ્યાની દુર્દશાને વધારશે. ભારતમાં UNHCRએ ભારતમાં ઘણી અટકાયત સુવિધાઓની મુલાકાત લીધી નથી. કેટલીક મહિલા અટકાયતીઓએ તેમની નિરાશા વ્યક્ત કરી હતી કે UNHCR અધિકારીઓએ પણ તેમના કોલનો જવાબ આપવાનું બંધ કરી દીધું હતું. ૪૫ વર્ષીય મિનારા બેગમ (નામ બદલ્યું છે) તેના વતનમાં હિંસાથી ભાગી ગયા બાદ તેના પરિવાર સાથે અટકાયત કેન્દ્રોમાં એક દાયકા કરતાં વધુ સમય વિતાવ્યો છે. મીનારા નવેમ્બર ૨૦૧૨માં તેના પતિ, ત્રણ બાળકો અને પરિવાર સાથે જુલમથી બચવા માટે મ્યાનમાર ભાગી ગઈ હતી. ભારતમાં પહોંચ્યા પછી તેઓએ મદદ માટે સ્થાનિક પોલીસનો સંપર્ક કર્યો. આશ્રય મેળવવાને બદલે તેઓને અટકાયતમાં લેવામાં આવ્યા અને જેલમાં મોકલવામાં આવ્યા હતા. તેમની અટકાયત સમયે, મિનારનું સૌથી નાનું બાળક માત્ર બે મહિનાનું હતું, જ્યારે તેના અન્ય બે બાળકો સાત વર્ષ અને ૧૮ મહિનાના હતા. તેના સૌથી મોટા બાળકને બળજબરીથી અલગ કરવામાં આવ્યો હતો અને તેને અનાથાશ્રમમાં મૂકવામાં આવ્યો હતો. તેણીએ કહ્યું કે, અમે કંઈ ખોટું કર્યું નથી. અમારા ગામોને બાળી નાખવામાં આવી રહ્યા હતા અને અમે અમારો જીવ બચાવવા માટે અહીં ભારત આવ્યા છીએ. જેલમાં બે વર્ષ પછી મિનારા અને તેના બે સૌથી નાના બાળકોને બીજી સુવિધામાં લઈ જવામાં આવ્યા હતા, જ્યારે તેના પતિ અને મોટા પુત્ર, જે તે સમયે નવ વર્ષનો હતો, તેઓને પુરૂષોની જેલમાં મોકલવામાં આવ્યા હતા. તેણીનું સૌથી નાનું બાળક હવે ૧૨ વર્ષનો છે અને તેને જેલ અને અટકાયત કેન્દ્રોની બહારના જીવન વિશે ખબર નથી. ૨૦૨૩માં જ્યારે UNHCRએ કુટુંબના પુનર્વસન માટે કેનેડિયન ઉચ્ચ કમિશન તરફથી ઈન્ટરવ્યુ વિનંતીની સુવિધા આપી. મિનારાની પોતાની અને તેના પરિવાર માટે એકમાત્ર આશા એ છે કે તેઓ મુક્ત જીવન જીવી શકે. તેના બાળકો ઔપચારિક શિક્ષણથી વંચિત છે. તેઓ અલગ થવાની આવી પરિસ્થિતિમાં જીવવાને લાયક નથી. ૧૨ વર્ષથી મિનારાએ તેના પતિને જેલના સળિયા પાછળથી જ જોયો છે અને તેની સાથે વાતચીત કરી છે. તેમના પર અત્યાચાર ગુજારવામાં આવ્યો અને હિંસાનો ભોગ બન્યા પછી સલામતી માટે ભાગી જવું એ આઘાતજનક હતું પરંતુ અટકાયત પછીના આઘાતથી તેણી અને તેના પરિવારે આશા અને જીવવાની ઈચ્છા ગુમાવી દીધી છે. ૮૨ વર્ષીય લીલી બેગમ (નામ બદલ્યું છે) ત્રણ વર્ષ પહેલાં જેલની સજા પૂરી કરવા છતાં આસામમાં અટકાયતમાં છે. તેણી ૨૦૦૨માં દમનથી બચવા માટે મ્યાનમારથી ભાગી ગઈ અને જમ્મુમાં સ્થાયી થઈ, જ્યાં તેણીને ૨૦૦૯માં UNHCR દ્વારા શરણાર્થીનો દરજ્જો આપવામાં આવ્યો. જો કે, જાન્યુઆરી ૨૦૧૯માં ત્રિપુરાથી પરત ફરતી વખતે, આસામના કરીમગંજમાં ૩૦ અન્ય રોહિંગ્યા શરણાર્થીઓ સાથે તેની ધરપકડ કરવામાં આવી હતી. લીલીને એક વર્ષ અને છ મહિનાની જેલની સજા ફટકારવામાં આવી હતી, જે ૨૦ ઓગસ્ટ, ૨૦૨૦ના રોજ પૂર્ણ થઈ હતી, પરંતુ તેણીને સિલ્ચર અટકાયત કેન્દ્રમાંથી ખસેડવામાં આવ્યા બાદ આસામના ગોલપારા ખાતેના મતિયા ટ્રાન્ઝિટ કેમ્પમાં અટકાયતમાં રાખવામાં આવી હતી. લીલીની ઉંમર અને તબિયતને લીધે તેના સંઘર્ષમાં વધારો થયો છે. તેણી ગંભીર રીતે લકવાગ્રસ્ત છે, તેને મૂળભૂત કાર્યો માટે સહાયની જરૂર છે, તેમ છતાં અટકાયત સત્તાવાળાઓ પર્યાપ્ત સંભાળ આપવામાં નિષ્ફળ ગયા હોવાનું કહેવાય છે, સાથી મહિલા અટકાયતીઓ તેણીને દૈનિક કાર્યોમાં મદદ કરવાની જવાબદારી લે છે. તેણીના વકીલે લાંબા સમય સુધી અટકાયતની ટીકા કરી અને કહ્યું કે જો તેઓ અત્યાચારનો ભોગ બને છે અને સુરક્ષિત રીતે સ્વદેશ પરત ન લઈ શકાય અને તેમને અહીં પણ ન રાખી શકાય, તો અન્ય વિકલ્પોની શોધ કરવી જોઈએ. એક વિકલ્પ અન્ય દેશો સાથે પરામર્શમાં સામેલ થઈ શકે છે. **(સૌ.: ધ વાયર.ઈન)**

# બિહાર પેપર લીક વિવાદ : બીપીએસસીના ઉમેદવારો ૩ સપ્તાહ બાદ પણ હજુ કેમ આંદોલન કરી રહ્યા છે?

## બિહાર જાહેર સેવા આયોગની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ પેપર લીક થયાની અફવા પછી વિરોધ આંદોલન કરી રહ્યા છે જેના કારણે સમગ્ર પ્રક્રિયા ખોરવાઈ ગઈ છે, જોકે સુપ્રીમ કોર્ટે પરીક્ષા રદ કરવાની માગણી કરતી અરજી સાંભળવાનો ઇન્કાર કર્યો છે

(એજન્સી) પટણા,તા.૮

બિહારની રાજધાનીનો ગરદની બાગ વિસ્તાર બિહાર વિધાનસભાથી માત્ર ૩૦૦થી ૪૦૦ મીટર દૂર જ આવેલો છે જ્યાં કામ ચલાવું ઊભા કરેલા તંબુમાં ૨૨થી ૩૭ વર્ષની વયના એકાદ ડઝન યુવાનો બેઠા છે અને youtube ચેનલ તથા જાતજાતની ચેનલોને મુલાકાતો આપી રહ્યા છે અને પોતાના વિચારો વ્યક્ત કરી રહ્યા છે. તેઓ નીતિશકુમાર સરકારની સામે અને બિહારના જાહેર સેવા આયોગ સામે સૂત્રો પોકારી રહ્યા છે. તંબુમાં સરકાર વિરોધી સૂત્રો અને લખાણોના પોસ્ટર લટકતા દેખાય છે. આવા એક પોસ્ટરમાં પ્રશ્નપત્રની જેમ કોઈપણ એક વિકલ્પ આપો તે પ્રકારનું એક લખાણ છે જેમાં એવું લખ્યું છે કે ''બિહાર જાહેર સેવા આયોગની ૭૧મી પરીક્ષામાં પૂછાનારા સંભવિત પ્રશ્નો, જાહેર સેવા આયોગ બિહારના ચેરમેનના મતે દેખાવ કરી રહેલા વિદ્યાર્થીઓ આ પ્રકારના છે; a (ગંભીર નથી), b,(અસામાજિક તત્વો છે), c (તોફાનીઓ અને ડખો કરનારા) અને d (ઉપર દર્શાવેલા તમામ વિકલ્પો જેવા). સુમંતકુમાર ૧૮મી ડિસેમ્બરથી આ વિસ્તારમાં ધરણા પર બેઠા છે અને ભયાનક ઠંડીનો પણ સામનો કરી રહ્યા છે એમની માગણી છે કે ૭૦મી પ્રિલિમિનરી પરીક્ષા ફરીથી લેવી જોઈએ કેમ કે પારદર્શક રીતે પરીક્ષા લેવાઈ નથી એવી અમને શંકા છે. સુમંતકુમાર દ્વારા બીજી વખત આ પરીક્ષા આપવામાં આવી હતી. તેઓ ઈતિહાસના વિષય સાથે સ્નાતક થયા છે અને કહે છે કે આ પરીક્ષા મારા માટે ખૂબ મહત્વની છે કેમ કે જો આ વખતે હું નિષ્ફળ ગયો તમારે મારા પરિવારનો મોલનો ધંધો સંભાળવો પડશે જે હું કરવા માંગતો નથી. તેમણે કહ્યું કે આ માટે હું અહીં છું અને તૈયારીઓ કરી રહ્યો છું અને દર મહિને રૂા.૫,૦૦૦નો ખર્ચ થાય છે. એમના આક્ષેપ કર્યો હતો કે પરીક્ષાનું પેપર ઘણા બધા કેન્દ્રોમાં લીક થયું હતું જે લોકો આ પ્રકારની પ્રવૃત્તિ કરતા માફિયાઓ સાથે મિલીભગત ધરાવે છે તેવા લોકો પરીક્ષામાં ઉત્તીર્ણ થઇ જશે જ્યારે મારા જેવા બીજા હજારો ઉમેદવારો આ વખતે પણ ક્વોલીફાય નહીં થઈ શકે. અભિનવ કુમાર પણ આંદોલનમાં જોડાયા છે અને એમણે આ ચોથી વખત પરીક્ષા આપી છે. તેઓ કહે છે કે રાતભર અમને ભયાનક ઠંડીમાં મચ્છરો ચટકા ભરે છે, ડંખ મારે છે અને પાસેની ગટરમાંથી ગંદકીની ભયાનક વાસ આવે છે પણ છતાં અમે અહીં બેઠા છીએ પણ સરકાર અમારું સાંભળતી નથી. આ પ્રકારના પેપર લીકના અને પરીક્ષામાં ગોટાળાના આક્ષેપો ૬૭મી પ્રિલિમિનરી પરીક્ષા વખતે પણ થયા હતા પરંતુ એ સમયે બિહાર જાહેર સેવા આયોગ દ્વારા તમામ કેન્દ્ર પર ફેર પરીક્ષા લેવામાં આવી હતી પણ આ વખતે એવું લાગે છે કે અમલદારો સરકાર ચલાવી રહ્યા છે અને નીતીશકુમાર આ બાબતમાં જાગૃત નથી એવું વિદ્યાર્થીઓનું માનવું છે. અભિનવ કહે છે કે એ કેવા મુખ્યમંત્રી જેમની કારકિર્દી વિદ્યાર્થી આંદોલન સાથે શરૂ થઈ હતી તેઓ વિદ્યાર્થીઓ પ્રતિ આટલા નિષ્ઠુર કેમ બની શકે?! બિહાર જાહેર સેવા આયોગની રચના પેલી એપ્રિલ ૧૯૪૯ના રોજ થઈ હતી જેનું તમામ સંચાલન બંધારણની કલમ ૩૨૦ અને ૩૨૧ મુજબ થાય છે. આયોગ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાઓના આધારે રાજ્ય સરકારની સેવાઓ માટે ઉમેદવારોની ભરતી કરવામાં આવે છે અને ભરતી તથા બદલી અને બઢતી જેવા વિષયોમાં સરકારને સલાહ પણ આપે છે. આવી પરીક્ષાઓ બે તબક્કામાં લેવામાં આવે છે જેમાં પહેલો તબક્કો પ્રિલિમિનરી કહેવાય છે જો એમાં ઉમેદવાર સફળ થઈ જાય તો મુખ્ય લેખિત પરીક્ષામાં હાજરી આપવાની રહે છે એ પછી તેમાં સફળ થનારને ઈન્ટરવ્યૂ રાઉન્ડનો સામનો કરવાનો રહે છે. ડિસેમ્બરમાં આયોગ દ્વારા ૭૦મી પ્રિલીમ પરીક્ષા લેવામાં આવી હતી. રાજ્ય સરકારના ૧૭ વિભાગો માટેની ૨૦૩૧ ખાલી પડેલી જગ્યાઓ માટે પરીક્ષા લેવામાં આવી હતી અને ૪.૮૩ લાખ ઉમેદવારોએ પરીક્ષા માટે નોંધણી કરાવી હતી અને તેમાંથી ૩.૨૫ લાખ ઉમેદવારો પરીક્ષામાં બેઠા હતા એ માટે રાજ્યમાં ૯૧૨ પરીક્ષા કેન્દ્રો ઉભા કરવામાં આવ્યા હતા. જેમાંથી ૨૨ કેન્દ્રો તો પટાણાના બાપુ પરીક્ષા કેન્દ્રમાં જ ઊભા કરવામાં આવ્યા હતા અને ત્યાંથી જ પેપર લીક થયું હોવાનું અને એ કેન્દ્ર જ પેપર લીકનું ઉદગમ સ્થાન હોવાનું કહેવાય છે એટલે જ તમામ કેન્દ્રની પરીક્ષા ફરીથી લેવાની માંગણી થઈ રહી છે. વિદ્યાર્થીઓનો એવો પણ આક્ષેપ છે કે કોચિંગ સેન્ટરના મોડેલ પેપરમાં બતાવવામાં આવેલા પ્રશ્નો જ આ પરીક્ષાના પ્રશ્નપત્રમાં પૂછવામાં આવ્યા હતા જે દર્શાવે છે કે પેપર લીક થયું જ છે.

### બાપુ એકઝામ સેન્ટરમાં શું બન્યું ?

ઘણા બધા ઉમેદવારોએ કહ્યું કે બાપુ એકઝામ સેન્ટરમાં ઘણી બધી શંકાસ્પદ ચીજો જોવા મળી છે અને અહીં તે જ પેપર લીક થયું છે. ઘણી



બધી હકીકતો એવી છે જે શંકાસ્પદ છે જેમ કે પ્રશ્નપત્ર કેન્દ્ર પર ખૂબ જ મોડું પહોંચ્યું હતું. બપોરે ૧૨ વાગ્યે પરીક્ષા શરૂ થવાની હતી પણ બાપુ સેન્ટરમાં પ્રશ્નપત્ર ૧૧-૫૫ વાગે આપવામાં આવ્યું હતું એ સમયે કેન્દ્રમાં અઢીસોથી વધુ ઉમેદવાર હતા એટલે દરેક ઉમેદવારને પ્રશ્નપત્ર પહોંચાડવામાં સમય લાગી ગયો અને ૧૨-૨૫ વાગ્યા સુધીમાં પ્રશ્નપત્ર પહોંચ્યા એટલે ૨૫ મિનિટ મોડી પરીક્ષા શરૂ થઈ અને બપોરે બે ૨૫ વાગ્યે તો પેપર ભરીને પાછું આપી દેવાનું હતું પણ છતાં બે અને દસ વાગ્યે જ બધા પાસેથી પેપર લઈ લેવામાં આવ્યા હતા. અન્ય કેન્દ્રના ઉમેદવારોએ તો ઓપ્ટિકલ માર્કની ઓળખ કરતા તે પર જ ફાડી નાખ્યા હતા અને એમનો પણ એવો જ આક્ષેપ હતો કે મુખ્ય પેપર લીક થયું છે એટલે ઓએમઆર શીટનું કોઈ મહત્વ નથી. ઘણાને એવું લાગ્યું હતું કે પરીક્ષા જ રદ કરવામાં આવી રહી છે એટલે જે જવાબો લખ્યા છે તેની આન્સરશીટ પાછી આપવામાં પણ કોઈ ફાયદો નથી એટલે તમામ આન્સરશીટ ચારે તરફ વેરાયેલી જોવા મળી હતી. પગથિયાઓ ઉપર પણ વેરાયેલી અને ફેંકી દેવાયેલી જોવા મળી હતી. વળી બાયોમેટ્રિકને બદલે રજીસ્ટરમાં નોંધણી મારફત ઉમેદવારોની હાજરી લેવામાં આવી હતી. બિહાર જાહેર સેવા આયોગનો એવો બચાવ છે કે માત્ર અફવાઓ ફેલાય છે અને એક કાવતરું થયું છે. પરીક્ષા પૂરી થયા પછી દસ દિવસ સુધી અમને કોઈ ફરિયાદ મળી નથી. પ્રશ્નપત્રમાં કેટલાક પ્રશ્નો કોચિંગ ઈન્સ્ટિટ્યૂટના મોડેલ પેપર મુજબ લેવામાં આવ્યા હતા જેના કારણે અનિચ્છનીય તત્વોએ અફવાઓ ફેલાવી દીધી હતી. આ ખૂબ જ પદ્ધતિસરનું કાવતરું છે અને લોકોને ગેરમાર્ગે દોરીને એમને ઉશ્કેરવામાં આવ્યા છે એવું આયોગનું નિવેદન કહે છે. ઉમેદવારોએ એવું કહ્યું છે કે ખુદ આયોગ દ્વારા જ તે કબૂલ કરવામાં આવ્યું હતું કે બાપુ એકઝામ સેન્ટરમાં કોઈ ગરબડ થઈ છે અને પરીક્ષા ફરીથી લેવામાં આવશે એટલે હવે આવા ખુલાસા કરે છે તો અમારે આ પંચ ઉપર કેવી રીતે ભરોસો કરવો એવું ધરણા કરી રહેલા એક વિદ્યાર્થીએ જણાવ્યું હતું. દરમિયાન ઉમેદવારોના આંદોલનને ઘણા ખાનગી કોચિંગ શિક્ષકોએ પણ ટેકો જાહેર કર્યો છે. એક આંદોલનકારી વિદ્યાર્થીએ પોતાનું નામ નહીં આપવાની શરતે કહ્યું હતું કે અમારા વિરોધ અને આંદોલનની ન તો મીડિયા નોંધ લઈ રહ્યું છે કે ન તો સરકાર કોઈ ધ્યાન આપી રહી છે એટલે અમે હવે આંદોલન વધુ પ્રોગ્રામ બનાવી રહ્યા છીએ. દરમિયાન ૧૮મી ડિસેમ્બરે અન્ય વિદ્યાર્થીઓની સાથે દિલ્હીના ખાનગી કોચિંગ સેન્ટરના રોહિત પ્રિયદર્શીની પણ પોલીસે ધરપકડ કરી હતી અને એમને એ શરતે જામીન અપાયા હતા કે તેઓ આયોગ વિશે કશું લખશે નહીં અને ક્યાંય દેખાવો નહીં કરે કે નિવેદન નહીં આપે. એ પછી જનસુરાજ પાર્ટીએ પણ આંદોલનમાં ઝંપલાવી દીધું છે. પક્ષના સ્થાપક અને નેતા પ્રશાંત કિશોરે ગરદની બાગથી ગાદી મેદાન સુધી કૂચ કરી હતી અને આમરણ ઉપવાસ પર બેસી ગયા હતા પરંતુ પોલીસે ૩૧ ડિસેમ્બરે કિશોરની ધરપકડ કરી લીધી હતી અને બળજબરીથી એમને ઉપવાસ છાવણીમાંથી ઉપાડી લેવામાં આવ્યા હતા. જામીન પર મુક્ત થયા પછી પ્રશાંત કિશોરે એવો આક્ષેપ કર્યો હતો કે પરીક્ષાઓમાં ખૂબ જ મોટા પાયે ગેરરીતિઓ થઈ છે અને સરકાર જ્યાં સુધી ઉમેદવારોની માંગણી સ્વીકારશે નહીં ત્યાં સુધી હું આંદોલન ચાલુ રાખીશ. તેમણે કહ્યું હતું કે સરકારી નોકરીઓ રૂપિયા એકથી દોઢ કરોડમાં વેચાતી હોય છે અને આ રૂપિયા ૧૦૦૦ કરોડનું બહુ મોટું કૌભાંડ છે. પોલીસની કાર્યવાહીને કારણે ગાંધી મેદાન પર તો આંદોલનનો અંત આવ્યો છે પણ ગરદની બાગ ખાતે વિદ્યાર્થીઓ હજુ ધરણા કરી રહ્યા છે અને તંબુમાં બેસીને વિરોધ કરી રહ્યા છે અને ત્યાં આંદોલન હજુ ચાલુ જ છે. એ ઉમેદવાર કહે છે કે અમે અમારા પરિવારથી દૂર રહીને પરીક્ષાની તૈયારીઓ કરીએ અને અહીં આવીએ ત્યારે ખબર પડે કે ગરબડ થઈ ગઈ છે અને અમારી તમામ મહેનત પાણીમાં જાય છે.

માતર : ભાજપના પૂર્વ ધારાસભ્યનો હુંકાર

# ભાજપના સિમ્બોલ વગર ચૂંટણી લડી બતાવો, હું આજીવન ભાજપ કાર્યાલયમાં પાણી પીવડાવીશ

## ખેડા જિલ્લા સહકારી સંઘની ચૂંટણીમાં બળવાખોરી કરી ઉમેદવારી નોંધાવી વિજયી બનેલ કેસરી સિંહનો વિરોધીઓને લલકાર

નડિયાદ, તા.૮

ખેડા જિલ્લા સહકારી સંઘની ચૂંટણીમાં ભાજપ સામે પડલા ભાજપના પૂર્વ ધારાસભ્ય કેસરી સિંહ સોલંકીએ અપક્ષ ઉમેદવારી કરી જીત મેળવતા માતર તાલુકા ભાજપના હોદ્દેદારોમાં હલચલ મચી હતી તેમણે ગઈકાલે આ બળવાખોર કેસરી સિંહ સામે પગલાં નહીં ભરાય તો રાજીનામું આપી દેવાની ચીમકી ઉચ્ચારી હતી આ ચીમકી સામે કેસરી સિંહ એ સોશિયલ મીડિયા યુદ્ધ શરૂ કર્યું છે જેમાં એક વીડિયો વાયરલ કરીને રાજીનામું આપવાની ધમકી આપનારમાં જો હિંમત હોય તો ભાજપના સિમ્બોલ વગર ચૂંટણી લડી જુએ જો તેઓ જીતસે તો હું આખી જિંદગી ભાજપ કાર્યાલય માં કાર્યકરને પાણી પીવડાવીશ તેવું એલાન કર્યું છે તેના પગલે ખેડા જિલ્લાના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

૧૫ મિનિટના સોશિયલ મીડિયા લાઈવમાં પૂર્વ ધારાસભ્ય કેસરી સિંહ સોલંકીએ આક્ષેપો કરતા કહ્યું કે, રાજીનામું આપવાની ચીમકી આપનારા રાજીનામું કેમ આપતા નથી. જે રાજીનામાં આપવાની વાત કરે છે તે પોતે જિલ્લા ભાજપ પ્રમુખ બનવા માટે ફોર્મ ભરીને બેઠા છે. જો તમે ભાજપના મેન્ડેટ વગર ચૂંટણી જીતીને બતાવો તો હું આખી જિંદગી ભાજપ કાર્યાલય બેસી કાર્યકરોને પાણી પીવડાવીશ. તમારામાં તાકાત હોય તો માતરની જિલ્લા પંચાયત બેઠક ભાજપના સિમ્બોલ વગર મારી સામે ચૂંટણી લડી બતાવો. આમ કહેતા હવે આવનાર જિલ્લા પંચાયત ચૂંટણી પણ રસપ્રદ બને તો નવાઈ નહીં રહે.અત્રે નોંધનીય છે કે, ચૂંટણી બાદ ભાજપમાં અંદરના ડખાઓ સપાટી પર આવી રહ્યા છે એમાય મળી એડી ચોટીનું જોર લગાવીને જિલ્લા સહકારી સંઘમાં માતર બેઠક પરથી ભાજપના બળવાખોર કેસરીસિંહને હરાવવામાં નિષ્ફળ બનેલ ભાજપ આવનાર સમયમાં આ કેસરી સિંહ સામે કેવા પગલાં ભરે છે તે જોવાનું રહ્યું એક વાત સ્પષ્ટ છે કે કેસરી સિંહ જે અંદાજમાં સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ કરે છે તે જોતા તેમની પાસે હુકમનો એક્કો હોવો જોઈએ એટલે તો ભાજપ તેની સામે કોઈ પગલા ભરી શકતું નથી.

# અનુભવ અને લાયકાતના વિવાદમાં સપડાયેલા એમએસ યુનિવર્સિટીના કુલપતિ ડો.વિજય શ્રીવાસ્તવે આપ્યું રાજીનામુ

## ● લાંબા સમયની કાનૂની લડત બાદ ટર્મ પૂરી થવાના એક મહિના પહેલાં જ કુલપતિએ રાજીનામું આપી દેતા શિક્ષણ આલમમાં ભારે ચર્ચા ● હવે ઈન્ચાર્જ કુલપતિની નિમણૂક કરાશે : હાઈકોર્ટમાં થશે મહત્ત્વની સુનાવણી

અમદાવાદ, તા.૮

પૂરતા અનુભવની લાયકાત નહીં ધરાવતા હોવા છતાં વડોદરામાં આવેલી રાજયની પ્રતિષ્ઠિત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં કુલપતિ તરીકે નિમણૂક કરવામાં આવેલા અને ત્યારબાદ થયેલા વિવાદના અંતે કુલપતિ ડો.વિજય શ્રીવાસ્તવે રાજીનામું આપી દીધું છે. આજે તેમના વકીલ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં જાણ કરવામાં આવી હતી કે ગઈકાલે સાંજે જ શ્રીવાસ્તવ દ્વારા એડિશનલ ચીફ સેક્રેટરીને રાજીનામું મોકલી આપવા દેવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે ડો.શ્રીવાસ્તવ આગામી તારીખ ૮ ફેબ્રુઆરીના રોજ નિવૃત થવાના હતા પરંતુ ગત સપ્તાહે હાઈકોર્ટમાં અરજદાર અને સિન્ડિકેટ સભ્ય સતિષ પાઠક દ્વારા કરવામાં આવેલી આકરી દલીલો તેમજ હાઈકોર્ટ દ્વારા પણ આ કેસમાં સુનાવણી દરમિયાન કેટલાક આકરા પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હોવાથી હાઈકોર્ટ નો મિજાજ પારખી ગયેલા શ્રીવાસ્તવએ રાજીનામું આપી દેતા શિક્ષણ આલમમાં ચકચાર મચી ગઈ છે. આ બાબતે હાઈકોર્ટે નોંધ લઈને આ કેસને વધુ સુનાવણી આવતીકાલે રાખી હતી. આ કેસની સુનાવણી આજરોજ બુધવારે હાથ ધરવામાં આવતા સિનિયર એડવોકેટ સુધીર નાણાવટીએ જણાવ્યું હતું કે શ્રીવાસ્તવે ગઈકાલે સાંજે રાજીનામું આપી દીધું છે અને એડિશનલ ચીફ સેક્રેટરીને મંજૂરી સાથે મોકલી આપવામાં આવ્યું છે. ત્યારબાદ એડવોકેટ જનરલ કમલ ત્રિવેદી દ્વારા પણ રજૂઆત કરવામાં આવી હતી કે સરકાર તેમનું રાજીનામું સ્વીકારવા જઈ રહી છે અને તેના માટે એક દિવસનો સમય આપવો જરૂરી છે. કારણકે તેમના સ્થાને ઈન ચાર્જ મૂકવા જરૂરી છે. આથી આ કેસની સુનાવણી આવતીકાલે હાથ ધરવામાં આવશે. રાજ્ય સરકારે ગત શુક્રવારે ગુજરાત હાઈકોર્ટને જાણ કરી હતી કે એમએસ યુનિવર્સિટીના કુલપતિની નિમણૂક માટે એક નવી શોધ સમિતિની રચના કરવામાં આવી છે, અને તેમને ૮૦ અરજીઓ મળી છે. ૮ ફેબ્રુઆરીના રોજ વર્તમાન કુલપતિના કાર્યકાળના અંત સુધીમાં નવા કુલપતિની નિમણૂક કરવામાં આવશે. સરકારી યુનિવર્સિટીના કુલપતિ માટે લાયકાતના આધારે MSU કુલપતિની નિમણૂકને ગુજરાત હાઈકોર્ટ સમક્ષ પડકારવામાં આવી છે. અરજદાર અને સિન્ડિકેટ સભ્ય સતીશ પાઠકે આરોપ લગાવ્યો હતો કે વર્તમાન કુલપતિ ડો.શ્રીવાસ્તવ પાસે કાયદા મુજબ ઓછામાં ઓછી ૧૦ વર્ષની જરૂરિયાત સામે માત્ર ત્રણ વર્ષ અને ત્રણ મહિનાનો અનુભવ છે. અરજીમાં આગળ એવો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો કે ગયા વર્ષે ડો.શ્રીવાસ્તવની નિમણૂકમાં કાયદાનું સ્પષ્ટ ઉલ્લંઘન કરવામાં આવ્યું છે. કુલપતિએ સાત અલગ અલગ ખાનગી સંસ્થાઓમાં કામ કર્યું છે અને તેમાંથી ઘણી યુનિવર્સિટી સ્તરનો દરજ્જો ધરાવતા નથી. વધુમાં એવી રજૂઆત કરવામાં આવી હતી કે ડો.શ્રીવાસ્તવનો પ્રોફેસર તરીકેનો અનુભવ માત્ર ત્રણ વર્ષ અને ત્રણ મહિનાનો હતો, અને યુનિવર્સિટીના કુલપતિ તરીકે તેમની નિમણૂક UGC રેગ્યુલેશન્સ, ૨૦૧૮ના નિયમ ૭.૩નું ઉલ્લંઘન છે. હાઈકોર્ટ સમક્ષ રિટ પિટિશન દાખલ કરતા પહેલા, પાઠકે મુખ્યમંત્રી અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) સમક્ષ વિવિધ રજૂઆતો કરી હતી. પરંતુ તેનું કોઈ પરિણામ આવ્યું નહીં. પાઠકે ડો.શ્રીવાસ્તવના બેદરકાર અને મનસ્વી વર્તન અને MSUના વિદ્યાર્થીઓના હિત વિરૂદ્ધ તેમના દ્વારા લેવામાં આવેલા સરમુખત્યારશાહી નિર્ણયોનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો.

# કઠલાલના મોતીપુરા નજીક પતંગના દોરાથી યુવકનું ગળું કપાયું, અમદાવાદ સિવિલમાં સારવાર હેઠળ

નડિયાદ, તા.૮

ખેડા જિલ્લાના કઠલાલના મોતીપુરા ગામ નજીક મોટરસાયકલ લઈને પસાર થતા યુવકનુ પતંગના દોરાથી ગળું ચિરાયું છે. જોકે ૧૦૮ની ટીમ સ્થળ પર પહોંચી જતા તુરંત આ યુવાનને સારવાર મળી જતા તેનો જીવ બચી ગયો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ઉત્તરાયણ પર્વને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે પતંગના દોરાથી ઈજા થવાનો બનાવ ખેડા જિલ્લામાંથી ઉજાગર થયો છે. કઠલાલ તાલુકાના મોતીપુરા ગામ પાસેથી ગતરોજ એક ૨૩ વર્ષિય યુવક મોટરસાયકલ લઈને પસાર થતો હતો. ત્યારે એકાએક ગળાના ભાગે પતંગનો દોરો આવી જતા ગળુ ચિરાઈ ગયું હતું. ગળાના ભાગે ઊંડો ઘા પડી ગયો હતો. જોકે સ્થાનિકોએ તુરંત દોડી આવી ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. અને ત્યારબાદ તુરંત પ્રાથમિક સારવાર શરૂ કરી દેવાઈ હતી. આ બાદ યુવાનને તુરંત વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો છે. હાલમાં તેની હાલત સારી છે.

ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટના વિવાદ મુદ્દે

# સુરતના સિટી ઈજનેરને કારણદર્શક નોટિસ ફટકારાઈ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૮

સુરત મહાનગર પાલિકામાં ભ્રષ્ટાચાર અને ભ્રષ્ટાચારીઓ વિરૂદ્ધ ઝીરો લોટરન્સની નીતિ અપનાવનારા મ્યુનિસિપલ કમિશનર શાલિની અગ્રવાલની કાર્યપ્રણાલીને પગલે અધિકારીઓમાં સોપો પડી ગયો છે. અલબત્ત, અત્યાર સુધી યેન કેન પ્રકારે પોતાનો બચાવ કરવામાં સફળ રહેલા વિવાદાસ્પદ અક્ષય પંડ્યાને અંતે કારણ દર્શક નોટિસ ફટકારવામાં આવતાં પાલિકામાં વધુ એક વખત ચર્ચાનો દૌર શરૂ થયો છે. મ્યુનિસિપલ કમિશનર દ્વારા દોઢ વર્ષ અગાઉ સ્થાયી સમિતિના ઠરાવમાં સુધારો કરવાની દરખાસ્ત રજૂ કરવા માટે સિટી ઈજનેર અક્ષય પંડ્યાને સુચના આપી હતી. જો કે, મ્યુનિસિપલ કમિશનરના આદેશનો ઉલાળિયો કરવા જતાં અક્ષય પંડ્યા ભેખડે ભેરવાઈ ગયા છે. અક્ષય પંડ્યા દ્વારા દરખાસ્ત રજૂ કરતાં રોષે ભરાયેલા કમિશનર શાલિની અગ્રવાલે તેમને શો-કોઝ નોટિસ ફટકારતાં હવે સિટી ઈજનેર અક્ષય પંડ્યાના ખુલાસા પર સૌની મીટ મંડાયેલી છે. આ તમામ ઘટનાક્રમ વચ્ચે જો કે અત્યાર સુધી પોતાની વિવાદાસ્પદ ભૂમિકાઓમાં છટકી જનારા અક્ષય પંડ્યાને હવે નોટિસ મળતાં પાલિકાના વર્તુળમાં અક્ષય પંડ્યા માટે તલવારનો ઘા સોયથી ટળ્યો હોવાની ચર્ચા શરૂ થવા પામી છે. ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ થકી હજીરાના ઔદ્યોગિક એકમોને ટ્રીટેડ પાણીનું વિતરણ કરીને વર્ષેદહાડે કરોડો રૂપિયાની આવક રળવાના પ્રકરણમાં ટેન્ડર પ્રક્રિયા દરમિયાન ગોબાચારીની ગંધ આવતાં મ્યુનિસિપલ કમિશનર શાલિની અગ્રવાલ આકરા પાણીએ નજરે પડ્યા હતા. અક્ષય પંડ્યાની આ પ્રકારની ગંભીર લાપરવાહીને ધ્યાને લેતાં અંતે મ્યુનિસિપલ કમિશનર દ્વારા તેમને શો-કોઝ નોટિસ ફટકારી છે. બીજી તરફ અત્યાર સુધી યેન કેન પ્રકારે વિવાદોના વમળમાંથી આબાદ બચી જનારા અક્ષય પંડ્યા વિરૂદ્ધ હવે નોટિસ ફટકારતાં મહાનગર પાલિકામાં ગણગણાટનો દૌર શરૂ થયો છે.

**કાર્યક્રમ**

### જામનગર : આજે રંગુનવાલા હોસ્પિટલમાં આંખનો વિના મૂલ્યે કેમ્પ યોજાશે

ગુરૂવારે તા.૦૯/૦૧/૨૦૨૫ સવારના ૯ વાગ્યે આંખનો વિના મૂલ્યે કેમ્પ રંગુનવાલા સાર્વજનિક ટ્રસ્ટ-જામનગર-રણછોડદાસ બાપુ આશ્રમ-રાજકોટ તથા જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી-જામનગજના સહયોગથી રંગુનવાલા હોસ્પિટલમાં યોજવામાં આવેલ છે. આ કેમ્પમાં આંખના દર્દીઓને ચેક કરી યોગ્ય દવા-ટીપા આપવામાં આવશે અને મોતિયાના દર્દીઓને રણછોડદાસ આશ્રમ હોસ્પિટલ-રાજકોટ બસમાં લઇ જવામાં આવશે. ત્યાં રહેવાની અને જમવાની વ્યવસ્થા કરવામાં આવશે ત્યાં આંખનું ઓપરેશન ફેકો પદ્ધતિથી (ટાંકા વગર) કરી બસમાં પરત જામનગર મૂકી જવામાં આવશે. આ તમામ પ્રકારની વ્યવસ્થા વિનામૂલ્યે કેમ્પ આયોજક તરફથી કરવામાં આવેલ છે.

# અંકલેશ્વરમાં હ્યુમન મેટાન્યુમો વાયરસને લઈ આરોગ્ય વિભાગ સજ્જ

અંકલેશ્વર, તા.૮

અંકલેશ્વરમાં ચીન માંથી ફેલાયેલ કોરોના મહામારી બાદ લોકોમાં હવે ચીનમાં ફેલાયેલા હ્યુમન મેટાન્યુમો વાયરસથી ભયભીત લોકો થઈ રહ્યા છે. સૌથી વધુ બાળકોમાં ફેલાતા HMPVને લઈ પીડિયાટ્રિક્સ તબીબી સારવાર આપવા સજ્જ બન્યું છે. ચીનમાં હ્યુમન મેટાન્યુમો વાયરસના કેસોમાં વધારો થતા દુનિયા ભરમાં ખળભળાટ મચ્યો છે. સોમવારે ગુજરાત સહિત ભારતના ચાર રાજયમાં આ વાયરસના ૬ કેસ નોંધાયા હતા. આ વાયરસના તમામ દર્દી બાળક છે. HMPVની સંભવિત સ્થિતિને પહોંચી વળવા માટે ગુજરાતનો આરોગ્ય વિભાગ સતર્ક બન્યો છે અને રાજયની અલગ અલગ હોસ્પિટલમાં જરૂરી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આરોગ્ય વિભાગ દ્વારા જરૂરી દવા અને ઓક્સિજનની વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે. ચીનમાં ફેલાયેલ વાયરસ નવો ન હોવાનું સ્થાનિક પીડિયાટ્રિક્સ તબીબ ડૉ નીરજ ગુપ્તાએ જણાવ્યું હતું આ વાયરસ નવો નથી જૂનો જ વાયરસ છે સૌથી પહેલા ૨૦૦૧માં આવો કેશ જોવા મળ્યો હતો. HMPV એટલે હ્યુમન મેટાન્યુમો વાઈરસ ચેપ અને શ્વસન સાથે સંકળાયેલો વાઈરસ છે. જેમાં દર્દીને ઉધરસ, તાવ, શ્વાસ લેવામાં તકલીફ અને નાક વહેવા જેવી સમસ્યાઓનો સામનો કરવો પડે છે.□□□□એ RNA વાયરસ છે જે સામાન્ય રીતે શરદી જેવા લક્ષણોનું કારણ બને છે.

# પાલીતાણામાં ગેંગરેપના આરોપીએ ઝેરી ટીકડા ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો

ભાવનગર, તા.૮

પાલીતાણા ખાતે રહેતા અને બાર વર્ષની કિશોરી સાથે સામૂહિક દુષ્કર્મ આચરવાના બનાવના મુખ્ય આરોપીએ પોલીસ ધરપકડ કરે તે પહેલા જ એક સાથે વધુ પડતી ટીકડીઓ ખાઈ આપઘાતનો પ્રયાસ કરતાતેની તબિયત લથડી હતી તેને સારવાર માટે ભાવનગરની સર ટી હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ. આ બનાવમાં હજુ અન્ય બે આરોપીઓની ઓળખ થઈ શકી નથી. ગત તા.૩ના રોજ બાર વર્ષની સગીર કિશોરીની માતાએ પાલીતાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે, તેની દીકરી કેટરીંગ તેમજ અન્ય જગ્યાએ મજુરી કામ કરે છે અને તેની સાથે ત્રણ આરોપીઓએ દુષ્કર્મ આચર્યું છે. ફરિયાદમાં જણાવ્યાં પ્રમાણે જયપાલ સીંધી તેમજ અન્ય બે શખ્સ કિશોરીને નાસ્તો તેમજ પૈસા આપવાની લાલચ આપી બાઈક પર લઈ ગયા હતા અને ત્યાર બાદ આ ત્રણે શખ્સે સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું. આ બનાવમાં પોલીસે આરોપી જયપાલ સિંધીને શોધી કાઢ્યો હતો અને તેની ધરપકડ કરવામાં આવનાર હતી પરંતુ તેની ધરપકડ થાય તે પહેલા જ તેણે પોતાના ઘરે તેની માતાની દવાના ટીકડાઓ ખાઈ લેતા પોલીસે તેને પાલીતાણા હોસ્પિટલમાં દાખલ કર્યો હતો. તેની સ્થિતિ વધુ બગડતા તેને સારવાર માટે ભાવનગર સર ટી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આરોપીની માનસિક સ્થિતિ સારી ન હોવાનું જણાતા મનોચિકિત્સક દ્વારા તેની સારવાર કરાઈ રહી છે. જયારે અન્ય બે આરોપીઓની હજી સુધી ઓળખ થઈ શકી નથી.

# ભાવનગરમાં આપના મહિલા પ્રમુખ અને તેના ભાઈ સામે લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ થતા અટકાયત

ભાવનગર, તા.૮

ભાવનગર શહેરના આમ આદમી પાર્ટીના મહિલા પ્રમુખ અને તેમના ભાઈ સામે લેન્ડ ગ્રેબિંગ હેઠળ ફરિયાદ થઈ છે. ભાવનગર શહેરની સર. ટી. હોસ્પિટલ નજીક આવેલ બીમ્સ હોસ્પિટલની બાજુની જગ્યા ઉપર ગેરકાયદે દબાણ કરતા આજગ્યાના માલિક કેતનભાઈ અનિલભાઈ પરીખે નિલમબાગ પોલીસ મથકમાં આમ આદમી પાર્ટીના મહિલા પ્રમુખ સોનલબેન રાઠોડ અને તેમના ભાઈ હીતેશભાઈ રાઠોડ સામે નોંધાવી લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવતા નિલમબાગ પોલીસએ મહિલા પ્રમુખ અને તેમના ભાઈની અટકાયત કરી છે. ફરિયાદીએ કલેક્ટર કચેરી ખાતે કરેલી રજુઆત બાદ ગત તા. ૩૦ ડિસેમ્બરના રોજ કલેક્ટરએ કરેલા હુકમને લઈ લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ દાખલ કરાઈ હતી.

પીડિતા પાયલને ન્યાય અપાવવા માટે

# અમરેલીના રાજકમલ ચોકમાં પરેશ ધાનાણી સહિત કોંગી આગેવાનોના ધરણા



(તસવીર : માજીદખાન પઠાણ, અમરેલી)

અમરેલી તા.૮

અમરેલી લેટર કાંડ મામલામાં કથિત રીતે આરોપી બતાવેલ પીડિતા પાયલને ન્યાય માટે રાજકમલ ચોકમાં પૂર્વ વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણી તેમજ કોંગ્રેસના આગેવાનો અને સામાજિક કાર્યકરો દ્વારા ધરણા પ્રદર્શન શરૂ કરવામાં આવેલ હતું ગઈકાલે પરેશ ધાનાણીએ કહ્યું હતું કે ૨૪ કલાકમાં પીડીતા સાથે અત્યાચાર કરેલ જવાબદાર અધિકારીઓને સસ્પેન્ડ ડિસમિસ સહિતની કાર્યવાહી નહીં કરવામાં આવે તો ૨૫મી કલાકે રાજકમલ ચોકમાં ધરણા પ્રદર્શન શરૂ કરવામાં આવશે જે વાતને લઈને ૨૪ કલાક વીતી ગયા હોવા છતાં જવાબદાર પોલીસ અધિકારી કર્મચારીઓ સામે કોઈ પગલાં નહીં લેવાતા આજે સાંજના સાત વાગ્યે વિરોધ પક્ષના પૂર્વ નેતા પરેશ ધાનાણી તેમજ કોંગ્રેસના પૂર્વ સાંસદ વીરજીભાઈ ઠુંમર ગુજરાત પ્રદેશ મહિલા પ્રમુખ જેનીબેન ઠુંમર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાત સહિતના કોંગ્રેસના આગેવાનો રાજકમલ ચોકમાં ધરણા પ્રદર્શન ઉપર બેસી ગયા છે જેમાં હજારોની સંખ્યા ધરણા પ્રદર્શન છાવણીની મુલાકાતે આવી પહોંચ્યા હતા.

# પાટણની ઉ.ગુ. યુનિ.ના કેમ્પસમાંથી દારૂની બોટલો મળતા ખળભળાટ

પાટણ, તા.૮

પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કેમ્પસમાં આવેલ પાણીની ટાંકીમાંથી દારૂની બોટલો મળી આવતા ભારે ખળભળાટ મચ્યો છે. અગાઉ પણ કેમ્પસમાંથી વિદેશી દારૂની ખાલી બોટલો તેમજ હોસ્ટેલમાં આણંદના ખેલાડીઓ દ્વારા દારૂની મહેફિલ કાંડને લઈ યુનિવર્સિટીનું નામ ખરડાયું હતું અને આ વિવાદો હજુ ચાલી રહ્યા છે ત્યાં વધુ એક બોટલ મળી આવતા વિવાદ વધુ ઘેરો બન્યો છે.જૈન મુનિ હેમચંદ્રાચાર્ય મહારાજના નામ સાથે જોડાયેલી પાટણની ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સત્તાધીશોની લાપરવાહીના કારણે અવારનવાર ચર્ચાને ચકડોળે ચડે છે. અગાઉ કેમ્પસમાંથી વિદેશી દારૂની ખાલી બોટલો મળી આવી હતી. ત્યારબાદ હોસ્ટેલમાં રોકાયેલા આણંદની ટીમના બાસ્કેટ બોલના ખેલાડીઓ પૈકી ત્રણ ખેલાડીઓ વિદેશી દારૂની મહેફિલ માણતા ઝડપાયા હતા. ફરી વિદેશી દારૂની બોટલ મળતા મામલો ગરમાયો છે.યુનિવર્સિટી કેમ્પસમાં તળાવની બાજુમાં આવેલ પાણીની આ ટાંકીમાં દારૂની ખાલી બોટલ ક્યાંથી આવી? કોણ લાવ્યું? કે કોણે નાખી? તેવા અનેક પ્રશ્નો હાલ ચર્ચાની એરણે ચડ્યા છે. પોલીસ અને યુનિવર્સિટીના સત્તાધીશો દ્વારા યુનિવર્સિટીનું નામ બદનામ થતું અને વારંવાર બનતી આવી ઘટનાઓ અટકાવવા કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ પ્રબળ બની છે.

સુરેન્દ્રનગર સિટી પોલીસ સ્ટેશનની દાદાગીરી...?

# સુરેન્દ્રનગર શહેરમાંથી ભડિયાદ જતી મેદનીને પરવાનગી મામલે અટકાવતા શ્રદ્ધાળુઓમાં રોષ

## બે કલાક સુધી મેદનીને અટકાવતા મુસ્લિમ સમાજમાં પોલીસ સામે રોષની લાગણી, અંતે તાત્કાલિક પરવાનગી લઈ મેદનીને રવાના કરાતા લોકોમાં હાશકારાની લાગણી



સુરેન્દ્રનગર, તા.૮

સુરેન્દ્રનગર શહેરમાંથી ભડિયાદ ખાતે ઉર્સમાં જવા મેદની રવાના થઈ હતી. તે સમયે મેદની અને ડી.જે.ની પરવાનગી ન લીધી હોવાનું જણાવી પોલીસે અકિદતમંદોને અટકાવતાં ભારે રોષની લાગણી ફેલાઈ જવા પામી હતી. જો કે બાદમાં તાત્કાલિક પરવાનગી લઈ મેદનીને રવાના કરવામાં આવી હતી.

બનાવની વિગત અનુસાર ભાલ પંથકના શહેનશાહ ગણાતા શહીદ પીર મહેમુદશાહ બુખારી (ર.અ.)ના ઉર્સ નિમિત્તે રાજ્યમાં અનેક સ્થળોએથી મેદની પગપાળા ભડિયાદ જવા રવાના થાય છે. જેમાં આજરોજ સવારે ૧૦ વાગે સુરેન્દ્રનગર શહેરના ટાવર રોડ પર ભડિયાદ જવા માટે મેદની નીકળી હતી જે ૧૦૦ મીટરથી ઓછા અંતરે સુરેન્દ્રનગર સિટી પોલીસ સ્ટેશનના પીઆઈ અને પીએસઆઈએ આવી મેદનીને અટકાવી દીધી હતી. આ અંગે પોલીસને પૂછવામાં આવતા પરમિશન ના લીધી હોવાનું જણાવતા ઉપસ્થિત અકિદતમંદોમાં રોષની લાગણી ફેલાઈ જવા પામી હતી. આ અંગે પી.આઈ. પી.એસ.આઈ.એ ડી.જે. પણ બંધ કરાવી દીધું હતું અને અગ્રણીઓને કહ્યું ચાલો પોલીસ સ્ટેશન એવું કહી રોફ જમાવતા અગ્રણીઓ તથા મેદનીમાં જનાર પદયાત્રિકોમાં ભારે રોષની લાગણી ફેલાઈ ગઈ હતી. લોકોએ ધૂમ દાદા ધૂમ બુખારીના નારા લગાવી વિરોધ દર્શાવ્યો હતો. આમ સતત બે કલાક સુધી લોકોને વાનમાં રાખ્યા હતા. બંને પોલીસ અધિકારીઓ કોઈનું સાંભળવા તૈયાર ન હતા. એક તબક્કે પોલીસ તંત્ર અને મુસ્લિમ સમાજ વચ્ચે ઘર્ષણ થાય તેવા સંજોગો સર્જાયા હતા. પોલીસે દાદાગીરી કરી હોવાનો લોકોએ આક્ષેપ કર્યો હતો. આખરે પોલીસ તથા અગ્રણીઓ વચ્ચેની વાતચીત બાદ પોલીસ પાસેથી તાત્કાલિક પરવાનગી લેવામાં આવતા લોકોમાં હાશકારાની લાગણી ફેલાઈ હતી અને અકિદતમંદોએ બીજું ડી.જે. મંગાવી મેદનીને રવાના કરી હતી.

અંતે બે કલાકની ભારે જહેમત બાદ મામલો થાળે પડતા લોકોમાં ખુશીની લાગણી ફેલાઈ જવા પામી હતી.

છેલ્લા એક મહિના દરમ્યાન ખૂબ મોટી સંખ્યામાં બોગસ ડોકટરો પકડાયા

# સુરતમાં ઝોલા છાપ ડોક્ટરોનો રાફડો ફાટ્યો : ૧૧ બોગસ તબીબ ઝડપાયા

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૮

સુરત શહેર સહિત સમગ્ર જિલ્લામાં બોગસ ડોક્ટરોનો રાફડો ફાટ્યો છે. સુરત શહેર પોલીસ દ્વારા શહેરના અલગ અલગ વિસ્તારોમાં ચેકિંગની કામગીરી કરી અત્યાર સુધીમાં અનેક બોગસ ડોક્ટરોને ઉઘાડા પાડવામાં આવ્યા છે. ગરીબ અને શ્રમજીવી પરિવારોના જીવ સાથે ચેડાં કરી આ ઝોલા છાપ ડોક્ટરો રૂપિયાની કમાણી કરી રહ્યા છે. હજુ માત્ર ત્રણ દિવસ પહેલા જ પોલીસે લિંબાયતમાંથી બોગસ ડોક્ટરો ઝડપી પાડ્યા બાદ ગતરોજ ગોડાદરા વિસ્તારમાંથી સાત બોગસ ડોક્ટર અને ભેસ્તાન વિસ્તારમાંથી પોલીસે ચાર બોગસ ડોક્ટરને ઝડપી પાડ્યા છે. પોલીસે કુલ ૧૧ બોગસ ડોક્ટરોની ધરપકડ કરી ક્લિનિકમાંથી અલગ અલગ દવાઓનો જથ્થો જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે. સુરત શહેરમાં ખાસ કરીને સ્લમ વિસ્તારો અને ઔદ્યોગિક વિસ્તારોમાં ઝોલાછાપ ડોક્ટરનો રાફડો ફાટ્યો છે. કોઈપણ પ્રકારની ડિગ્રી લીધા વગર જ બોગસ ડિગ્રી ઊભી કરી શહેરના અલગ અલગ વિસ્તારોમાં ક્લિનિક ખોલીને આવા લે ભાગુ તત્વો બેસી ગયા છે અને ગરીબ તથા મધ્યમ વર્ગીય પરિવારોના જીવ સાથે ચેડા કરી રહ્યા છે. સુરત શહેર પોલીસ કમિશનર દ્વારા ખાસ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં શહેરના અલગ અલગ વિસ્તારોમાં બોગસ ડોક્ટરોને ઝડપી પાડવા માટે ગતિવિધિ તેજ કરવામાં આવી છે. આ દરમિયાન છેલ્લા એક મહિનાના સમયગાળા દરમિયાન શહેરમાંથી ખૂબ મોટી સંખ્યામાં બોગસ ડોક્ટરો પોલીસના હાથે ઝડપાઈ ચૂક્યા છે. ત્યારે ગતરોજ પણ ભેસ્તાન પોલીસ દ્વારા અને ગોડાદરા પોલીસ દ્વારા તેમના વિસ્તારમાંથી કુલ ૧૧ ઝોલા છાપ ડોક્ટરોને ઝડપી પાડવામાં આવ્યા છે. ગોડાદરા પોલીસે ગોડાદરા, વૃંદાવનપાર્ક સોસાયટીમાં જીવન ક્લિનીક, ગોડાદરા લક્ષ્મણનગર સોસાયટી શાહ ક્લિનીક, ગોડાદરા કેશરભવાની સોસાયટી, મહારાણા પ્રતાપ ચાર રસ્તા પાસે શ્રી ક્રિષ્ના ક્લિનીક, ગોડાદરા માનસરોવર સોસાયટી શુભમ ક્લિનીક, ગોડાદરા પ્રિયંકા સોસાયટી રાધેક્રિષ્ણા ક્લિનીક, ગોડાદરા આસપાસ આદર્શકુંજ સોસાયટી સાલાસર ક્લિનીક અને ગોડાદરા સુપર સિનેમા શોપ નં-૪ ખુશી ક્લિનીકમાં દરોડા પાડ્યા હતા. ભેસ્તાન પોલીસે ભેસ્તાન હયાત નગર ભીંડીબજાર અર્ષ ક્લિનીક, ભીડીબજાર રહેમતનગર એસ.બી.ક્લિનીક, ભેસ્તાન હમીદ નગર શાકમાર્કેટ પાસે વિવેક ક્લિનીક અને પ્લોટ - ૨૭ દિલદારનગર,ઉન પાટીયા ભીડી બજારમાં આકાશ ક્લિનિકમાં દરોડા પાડ્યા હતા.

વટામણ-બગોદરા હાઈવે પર સાંગા ગામ નજીક

# ટેન્કર પાછળ કાર ઘૂસી જતાં બે વ્યક્તિનાં મોત, ત્રણ ઈજાગ્રસ્ત



( તસવીર : મોહંમદી કાંટાવાલા, ધોળકા )

ધોળકા, તા.૮

આજે સવારે આશરે સાડા દસ વાગ્યાના સુમારે ધ્રોલથી નસવાડી જઈ રહેલ એક કાર વટામણ-બગોદરા હાઈવે પર સાંગા ગામ નજીક રોડની સાઈડમાં બંધ હાલતમાં પડેલ એક ટેક્કરની પાછળ ઘૂસી જતાં સર્જાયેલા આ માર્ગ અકસ્માતમાં એક મહિલા સહિત બે વ્યકિતના મોત નીપજ્યા છે. મૃતકોમાં ફારૂકભાઈ ગફારભાઈ મેમણ અને ફરજાના ઓસમાણ મોટવાણીનો સમાવેશ થાય છે. જ્યારે આ અકસ્માતમાં ત્રણ વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા છે. જેમાં નજમાબાનું ફારૂકભાઈ મેમણ, મંતશા ફારૂકભાઈ મેમણ અને અર્શ શાહીદભાઈ મોટવાણીનો સમાવેશ થાય છે. ઘાયલોને સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. જ્યારે મૃતકોને પોસ્ટ મોર્ટમ અર્થે ધોળકા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જવામાં આવ્યા હતા. આ બનાવની જાણ થતાં જ ધોળકા શહેર કોંગ્રેસ પ્રમુખ મુસ્તનભાઈ લાટીવાલા, મ્યુનિસિપલ કાઉન્સિલરો મનસુરખાન તાલુકદાર, ફરજાનાબેન ઘાંચી, કોંગ્રેસ અગ્રણીઓ બાવલભાઈ ખંડવી અને ફિરોજખાન પઠાણ ઉપરાંત ધોળકાના મુસ્લિમ સામાજિક કાર્યકરો ધોળકા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં પહોંચી ગયા હતા અને મૃતકોનાં સગાઓને સાંત્વના પાઠવી જરૂરી કામગીરીમાં મદદરૂપ થયા હતા. બન્ને મૃતદેહોને તેમના વતન પહોચાડવા માટે ધોળકા નગરપાલિકા અને ધોળકા અંજુમન નવજવાન સંસ્થા દ્વારા એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરવામાં આવી હતી. કોઠ પોલીસ દ્વારા અકસ્માતનાં આ બનાવ સંદર્ભે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# આણંદ એલસીબીએ લૂંટેરી દુલ્હન કેસમાં નાસતા ફરતા માતા- પુત્રીને ઝડપ્યાં

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૮

ગીર ગઢડા પોલીસમથકમાં નવ મહિના અગાઉ નોંધાયેલા લૂંટેરી દુલ્હનના ગુનામાં નાસતી ફરતી યુવતી અને તેની માતાને આણંદ એલ.સી.બી પોલીસે પકડી પાડી છે. પોલીસે હાલ આગળની કાર્યવાહી હાથ ધરી છે. આણંદ શહેરમાં જુના દાદરની ગલી નજીક આવેલ સમીર જીમખાનાવાળી ચાલીમાં રહેતાં ૪૪ વર્ષીય યાસ્મીનબેન યાસીનભાઈ વ્હોરાએ પોણા બે વર્ષ અગાઉ પોતાની ૨૨ વર્ષીય પુત્રી મુસ્કાનબેન યાસીનભાઈ વ્હોરાના લગ્નની વાત ગીરગઢડા પંથકના ૪૮ વર્ષીય શખ્સ સાથે ચલાવી હતી. જે તે વખતે યાસ્મીનબેને પોતાનું નામ જયશ્રીબેન હોવાનું તેમજ મુસ્કાનબેને પોતાનું નામ પુજાબેન હોવાનું જણાવ્યું હતું. આ શખ્સને મુસ્કાનબેન (પુજા) પસંદ આવતાં તેઓએ લગ્ન કરવાની તૈયારી દર્શાવી હતી. જે તે વખતે આ માતા-પુત્રીએ લગ્ન કરવા હોય તો દોઢ લાખ રૂપિયા માંગ્યા હતાં. જેથી આ શખ્સે દોઢ લાખ રૂપિયા આપ્યાં હતાં અને નોટરી સમક્ષ આ મુસ્કાનબેન (પુજા) સાથે પરસ્પરની સમજુતીથી સાથે રહેવાનો સમજુતી કરાર કર્યો હતો.જે બાદ આ મુસ્કાનબેન (પુજા), તેની માતા યાસ્મીનબેન (જયશ્રીબેન) અને તેમના એક સાગરીતે અવનવા બહાના હેઠળ આ શખ્સ પાસેથી ૧.૩૯ લાખ રૂપિયા પડાવ્યાં હતાં. તદ્ઉપરાંત મુસ્કાનબેને (પુજા) આ શખ્સ પાસેથી એક મોબાઈલ ફોન, ચાંદીના છડા, નાકની નથણી તેમજ કપડા લીધાં હતાં. જે બાદ આ મુસ્કાનબેન (પુજા)એ મારે તમારા ઘરે આવવુ નથી તેમ કહી મોબાઈલ બંધ કરી દીધો હતો. આ અંગે ભોગ બનનાર ઈસમની ફરીયાદને આધારે ગીરગઢડા પોલીસે ગુનો નોંધી આ લૂંટેરી દુલ્હન અને તેની માતા વિરૂદ્ધ ગુનો નોંધી, બંનેને પકડવાના ચક્રો ગતિમાન કર્યા હતાં. પરંતુ, આ માતા-પુત્રી પોલીસ પકડથી દૂર નાસતાં ફરી રહ્યાં હતાં.દરમિયાન આ લૂંટેરી દુલ્હન અને તેની માતા આજરોજ આણંદ સ્થિત તેમના ઘરે જ હાજર હોવાની બાતમી આણંદ એલ.સી.બી પોલીસને મળી હતી. જેથી પોલીસની ટીમે આજરોજ દરોડો પાડી, આ લૂંટેરી દુલ્હન મુસ્કાનબેન યાસીનભાઈ વ્હોરા અને તેની માતા યાસ્મીનબેન યાસીનભાઈ વ્હોરાની અટકાયત કરી, વધુ તપાસ અર્થે ગીર ગઢડા પોલીસમથકે સોંપવાની તજવીજ હાથ ધરી છે.

### ચીનમાં હાહાકાર સર્જનાર HMPV વાયરસનો ગુજરાતમાં પગપેસારો

# ગુજરાતમાં બે દિવસમાં જ HMPV વાયરસનો વધુ એક કેસ નોંધાયો ; પ્રાંતિજનો કેસ સારવાર હેઠળ

## હિંમતનગરની ખાનગી હોસ્પિટલમાં આઠ વર્ષના બાળકનો રિપોર્ટ પોઝિટિવ

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૮

ચીનમાં હાહાકાર મચાવનાર વાયરસ HMPVના હવે ભારતમાં કેસ સામે આવી રહ્યાં છે. ગુજરાતમાં HMPV વાયરસનો બીજો કેસ સામે આવ્યો છે. અમદાવાદ પછી પ્રાંતિજમાં HMPV વાયરસનો કેસ સામે આવતા આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે.

HMPV વાયરસનો હિંમતનગરમાં પ્રથમ કેસ નોંધાયો છે. હિંમતનગરની ખાનગી હોસ્પિટલમાં આઠ વર્ષનું બાળક સારવાર હેઠળ છે. પ્રાંતિજ તાલુકાના ગામનું



બાળક સારવાર હેઠળ છે. બાળકનો રિપોર્ટ પોઝિટિવ આવતા તેને ICUમાં રાખવામાં આવ્યો છે. સાબરકાંઠા જિલ્લામાં HMPV વાયરસનો કેસ સામે આવતા જિલ્લા આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ચીનના ખતરનાક વાયરસ HMVPનો ગુજરાતમાં પ્રથમ કેસ અમદાવાદમાં ખાનગી હોસ્પિટલમાં નોંધાયો હતો. શંકાસ્પદ ગણાતા બે મહિનાના બાળકનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. અમદાવાદમાં ચાંદખેડા વિસ્તારમાં આવેલી ઓરેન્જ હોસ્પિટલમાં બાળકને ૨૪ ડિસેમ્બર ૨૦૨૪ના દાખલ કરાયો હતો. આ બાળકનો રિપોર્ટ ૨૬ ડિસેમ્બરે આવી ચૂક્યો હતો. પરંતુ હોસ્પિટલ સત્તાવાળાઓએ આ વાત અત્યાર સુધી કેમ છુપાવી રાખી એ પણ તપાસનો વિષય બન્યો છે. હોસ્પિટલ મેનેજમેન્ટ દ્વારા મોટી બેદરકારી દાખવવા બદલ AMC આરોગ્ય અધિકારીએ નોટિસ પાઠવી ખુલાસો માંગ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, દેશમાં HMPV વાયરસના કેસમાં વધારો નોંધાઈ રહ્યો છે. કર્ણાટક, ગુજરાત બાદ મહારાષ્ટ્રમાં પણ HMPV વાયરસના કેસ સામે આવ્યા છે. નાગપુર બાદ મુંબઈમાં વધુ એક કેસ નોંધાયો છે. મુંબઈના પવઈની હિરાનંદાની હોસ્પિટલમાં HMPVનો મામલો સામે આવ્યો છે. અહીં છ મહિનાની બાળકીમાં વાયરસના લક્ષણ જોવા મળ્યા છે. ભારતમાં આ પ્રકારે કેસ સામે આવતા જે તે રાજ્યના તંત્રને એલર્ટ રાખવા સહિતની સૂચનાઓ કેન્દ્રના આરોગ્ય વિભાગ દ્વારા જારી કરવામાં આવી છે.

### અમરેલી લેટર કાંડનો મામલો ચર્ચામાં રહેતા માહોલ ગરમ !

# દીકરીને માર મારવા મુદ્દે જિલ્લા પોલીસવડા સહિતની પોલીસ સામે ડીજીપીને ફરિયાદ કરાશે

## જિલ્લા પોલીસ અધિક્ષકને આનંદ યાજ્ઞિકે રાક્ષસ ગણાવતા ચર્ચા બની તેજ

(સંવાદદાતા દ્વારા) અમરેલી, તા.૮

અમરેલી લેટરકાંડમાં રાજનીતિ હવે ચરમસીમા પર પહોંચી ગઇ છે. પાયલ ગોટીએ પોલીસ પર માર મારવાના આક્ષેપ કરતાં તપાસ માટે SITની રચના કરાઈ છે. જેમાં આજે હાઈકોર્ટના સિનિયર એડવોકેટ આનંદ યાજ્ઞિક SP ઓફિસમાં ડીએસપી સંજય ખરાટને મળ્યા હતા. ત્યારબાદ પાયલ ગોટી કોઈ મેડિકલ ચેકઅપ નહીં કરાવે તેવી જાહેરાત કરી હતી. SITની ટીમ ગઈકાલે મોડીસાંજે પાયલ ગોટીને મેડિકલ ચેકઅપ માટે લઈ જતાં કોંગેસનેતા પરેશ ધાનાણી આવી પહોંચ્યા હતા અને મોડે સુધી હાઈવોલ્ટેજ ડ્રામા સર્જાયો હતો. ત્યારે આજે ચાર વાગ્યાના અરસામાં પાયલ ગોટી એસપી ઓફિસ પહોંચી હતી, જેની સાથે વકીલ સહિત જેનીબેન ઠુમ્મર પણ હાજર હતા. આનંદ યાજ્ઞિકે એક નિવેદનમાં એસપીને રાક્ષસ ગણાવતા ચર્ચાસ્પદ બની રહ્યું હતું. અમરેલી- લેટરકાંડને લઇ રાજનીતિ આક્રમક બની છે. રાજકમલ ચોકમાં પાયલ ગોટી મુદ્દે ભાજપ સામે જાહેરમાં ચર્ચા કરવા પરેશ ધાનાણી, પ્રતાપ દુધાત, વીરજી ઠુંમર સહિતના કોંગ્રેસ નેતાઓ પહોંચ્યા હતા. જેને લઈને પોલીસનો ચુસ્તબંદોબસ્ત ગોઠવાયો હતા. કાયદો વ્યવસ્થાની સ્થિતિને લઈ પોલીસ એલર્ટ છે. હાઈકોર્ટના સિનિયર એડવોકેટ આનંદ યાજ્ઞિકે અમરેલીના પોલીસ અધિક્ષક સંજય ખરાટ સામે આરોપ લગાવ્યા હતા. આરોપીઓને માર્યા ત્યારે પોલીસ અધિક્ષક માથે ઉભા હતા. આવા અત્યાચારને લઈ તેઓ અધિક્ષક નહી પણ રાક્ષસ કહેવાય પાયલ ગોટી સહિતના આરોપીઓને ઉભા રાખી મરજી વિરુદ્ધ ફોટા પડાવ્યા હતા. SIT ટીમના અધિકારીઓ જ સંડોવાયેલા હોઈ એટલે SITનો સ્વીકાર કરતા નથી. આજે અમે રજૂઆત કરવા ગયા ત્યારે પણ પોલીસ ગોઠવી દેવામાં આવી હતી. પાયલ ગોટીના ઘરની બહાર પોલીસ બંદોબસ્ત મૂકવામાં આવ્યો છે. અમરેલી પોલીસ હવે પાયલના ઘર બહાર પોલીસ ગોઠવી હવે કેવું પોલીસ રક્ષણ આપવા માંગે છે? અમારે પોલીસ રક્ષણની જરૂર નથી. ગામમાં અને ઘરની બહાર પોલીસ ગોઠવવામાં આવી હોવાથી મુશ્કેલી પડી રહી છે. સાયબર સેલ, SOG, DCB અને અમરેલી પોલીસના દરેક કર્મીઓ અને અધિકારીઓએ દીકરીને મારી છે અને મારનાર પોલીસ અધિકારીઓને રક્ષણ પૂરૂં પડતા હતા. IG કક્ષાના અધિકારીને તપાસ સોંપવામાં આવે તેવી માંગ છે. DGને આગામી દિવસોમાં અમે રૂબરૂ મળી રજૂઆત કરીશું અને પોલીસ ફરિયાદ કરીશું. આવતા બે દિવસમાં અમે હાઈકોર્ટમાં સબસ્ટેન્સીસ પિટિશન દાખલ કરવા જઈ રહ્યા છીએ. માનહાની થઈ હોવાથી તે પણ અરજી કરીશું. પોલીસ અધિક્ષક પોતે જ આમાં શંકામાં છે તો તેમના જ SITના DYSP કક્ષાના અધિકારીની હાજરીમાં મેડિકલ ચેકઅપ કરવા માંગે છે. તો નિષ્પક્ષ તપાસ શું થઈ શકે ? અત્રે ઉલ્લેખનીય છે કે, મંગળવારે મોડી સાંજે SITની ટીમ પાયલ ગોટીના નિવાસસ્થાને પહોંચી હતી અને પાયલનું નિવેદન લઇ પાયલના પરિવાર સાથે અમરેલી સિવિલ હોસ્પિટલમાં મેડિકલ ચેકઅપ કરવા માટે રવાના થઇ હતી. આ દરમિયાન પરેશ ધાનાણી અહીં આવી પહોંચ્યા હતા અને સાંજે મેડિકલ ચેકઅપ કરવાનો ઈન્કાર કર્યો હતો. આ બાદ પાયલને ઘરે મોકલી દેવાઇ હતી. પયલને ઘરે મોકલી દેવાયા બાદ મામલતદારે ઘરે પહોંચીને પાયલની મુલાકાત કરી હતી. આ બાદ SITની ટીમ ફરીવાર મેડિકલની ટીમ સાથે પાયલના ઘરે પહોંચી હતી અને ઘરે જ મેડિકલ ચેકપણ કરવાની વાત કરી હતી. આ દરમિયાન પરેશ ધાનાણી પણ પાયલ ગોટીના ઘરે પહોંચ્યા હતા અને મેડિકલ કરાવવાનો વિરોધ કર્યો હતો. પાયલ ગોટીએ પણ મેડિકલ કરાવવાનો ઈન્કાર કરતા SITની ટીમ પરત ફરી હતી.

### અંકલેશ્વર નજીક અર્ટિગા કાર બે ટ્રક વચ્ચે સેન્ડવિચ !

# અજમેરના ઉર્સમાંથી પરત ફરી રહેલ મુંબઈના મિત્રોને નડ્યો અકસ્માત : ત્રણના ઘટનાસ્થળે મોત

## પાછળ ચાલતી ટ્રકની ટક્કરથી અર્ટિગા આગળની ટ્રકની પાછળ ઘૂસી : અન્ય ચાર સારવાર હેઠળ

(સંવાદદાતા દ્વારા) અંકલેશ્વર, તા.૮

અજમેરથી પાલઘર પરત જતા મિત્રોની કારને બાકરોલ બ્રિજ નજીક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પાછળ ચાલતી ટ્રકની ટક્કરથી આગળ ચાલતી ટ્રકની પાછળ કાર ઘૂસી જતા સેન્ડવીચ બનેલી કારમાં ૭ પૈકી ૩ યુવાને જીવ ગુમાવ્યો હતો. ૪ ગંભીર ઈજાગ્રસ્તની ભરૂચ ખાનગી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. અકસ્માતમાં ઈજાગ્રસ્તોને કાઢવા ફાયર અને પોલીની મદદ લેવાઈ હતી. કારનો કચ્ચરઘાણ વળતાં તેને જોઈને અકસ્માતની ગંભીરતા સામે આવી હતી. અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે નંબર ૪૮ પર બાકરોલ બ્રિજ પાસે બુધવારે વહેલી સવારે ગોઝારો માર્ગ અકસ્માત સર્જાયો હતો. અજમેરમાં ઉર્સની ઉજવણી કરીને અજમેરથી પરત ફરી રહેલા મુંબઈ પાલઘરના મિત્રોની અર્ટીગા કારને પાછળથી એક ઝડપી વાહને ટક્કર મારી હતી. જેને કારણે તેમની કાર આગળ એક ટ્રકમાં ભટકાઈ જતા



(તસ્વીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

બે ટ્રક વચ્ચે સેન્ડવીચ બનતા કારનું પડીકું વળી ગયું હતું. જેમાં ઈજાગ્રસ્તોની ચીસાચીસથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. મુંબઈના પાલઘરનો પરિવાર અજમેર ખ્વાજા સાહેબના ઉર્સની ઉજવણી માટે ૬ જાન્યુઆરીએ અજમેરની યાત્રાએ નીકળ્યો હતો. ઘરે પરત ફરતી વખતે બાકરોલ બ્રિજ પાસે તેમની મુસાફરીએ કરૂણ વળાંક લીધો હતો. હાઈ સ્પીડમાં મુસાફરી કરી રહેલા અર્ટીગા કારને પાછળથી ટ્રક ચાલકે ટક્કર મારી હતી, જેના કારણે તે સામેથી જતી ટ્રક સાથે અથડાઈ હતી. અર્ટીગા બે વાહનો વચ્ચે સેન્ડવીચ થઈ ગઈ હતી. જેમાં કાર ચાલક સ્થળ પર જ તાહીર નાસીર શેખ (૩૨), અયાન બાબા ચાંગલે (૨૩), અને મુદસર અંસાર પટેલ (૨૫) ગંભીર ઈજાને પગલે સ્થળ પર જ મોત નીપજ્યું હતું. ગંભીર રીતે ઈજા પામનાર સલમાન અલ્તાફ શેખ, શાહરૂખ સલીમ શેખ, મોઈન સલીમ શેખને ગંભીર ઈજા તેમજ સદાબ મલિક ફકીર શેખને સામાન્ય ઈજાઓ થઈ હતી જેઓને ઈમરજન્સી સેવાઓ દ્વારા તાત્કાલિક બચાવી લેવામાં આવ્યા હતા. પાનોલી પોલીસ, ફાયર વિભાગની ટીમ, ક્રેન અને એમ્બ્યુલન્સ સાથે ઘટનાસ્થળે પહોંચી હતી. ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર અર્થે ભરૂચ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. ત્યાંથી વધુ સારવાર અર્થે ભરૂચની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતના પગલે વ્યસ્ત હાઈવે પર ભારે ટ્રાફિક જામ થઇ ગયો હતો, જેના કારણે મુસાફરોને અગવડતા પડી હતી. ત્યારપછીથી પાનોલી પોલીસે પરિસ્થિતિનો તાગ મેળવ્યો છે, રસ્તો સાફ કરીને અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા તપાસ શરૂ કરી છે. અકાળ અવસાનથી મુંબઈના પાલઘરમાં તેમના સમુદાયમાં આઘાતની લાગણી ફેલાઈ છે.

### ઉત્તરાયણમાં ચાઈનીઝ અને ગ્લાસ કોટેડ દોરીના વેચાણ મામલે હાઈકોર્ટે સરકારને લગાવી ફટકાર

# આવી દોરી વેચનારા સામે છૂટાછવાયા પગલાં તો લીધા છે, પણ ઉત્પાદકો સામે તો કોઈ કાર્યવાહી કરી જ નથી !

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૮

આગામી ૧૪મી જાન્યુઆરીના રોજ પતંગ રસિકો ઉત્તરાયણનો તહેવાર ઉજવવા અને વધુને વધુ પેચ કાપવા માટે થનગની રહ્યા છે ત્યારે તેઓ મજબૂત દોરી ખરીદવાનો આગ્રહ રાખતા હોય છે. પતંગ રસિકોના શોખને અંકે કરી લેવા ઉત્પાદકો દ્વારા ગેરકાયદેસર રીતે અત્યંત ઘાતક ચાઈનીઝ દોરી અને ગ્લાસ કોટેડ દોરી તૈયાર કરી વેચવામાં આવે છે. જેના કારણે માણસોના આખા ગળા ચિરાઈને મરણ પામે છે અને મોટી માત્રામાં પક્ષીઓ મરણ પામે છે. ત્યારે હાઈકોર્ટે આજે સરકારને ફટકાર લગાવી હતી. હાઈકોર્ટે કહ્યું હતું કે, તમે આવી દોરી વેચનારા સામે છૂટાછવાયા પગલા તો લીધા છે પરંતુ ઉત્પાદકો સામે તો કોઈ કાર્યવાહી કરી જ નથી. ચીફ જસ્ટીસ સુનિતા અગ્રવાલ અને જસ્ટીસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠ સમક્ષ આ મેટર બુધવારે ચાલવા ઉપર આવતા કોર્ટે ટકોર કરી હતી કે, તેઓએ ડિસેમ્બરથી જ ઉત્પાદન શરૂ કરીને વેચાણ કરવાનું શરૂ કરી દીધું હશે અને તમે

### હાનિકારક મટિરિયલથી તૈયાર કરાયેલી દોરી ઉપર સંપૂર્ણ પ્રતિબંધ છે તો તેનો અમલ કેવી રીતે કરશો ? તેની માહિતી આપો

જે એફિડેવીટ રજૂ કરી છે તેમાં ઉત્પાદકો સામે પગલા લેવાયા હોવાનો કોઈ ઉલ્લેખ નથી. ચાઈનીઝ અને ગ્લાસ કોટેડ કે હાનીકારક મટીરીયલથી તૈયાર કરાયેલી દોરી ઉપર સંપૂર્ણ પ્રતિબંધ છે તો તેનો અમલ કેવી રીતે કરશો તેની માહીતી આપો. રાજ્ય સરકારના ગૃહ વિભાગના પરિપત્ર મુજબ દરેક જિલ્લા કલેક્ટર અને પોલીસ કમિશનર પ્રતિબંધનો અમલ કરાવવા માટે બંધાયેલા છે તો તેમની એફિડેવીટ લાવો. બીજુ બાજુ રાજ્યના અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરા જેવા મોટા શહેરોમાં આકરા પગલા લેવામાં આવશે અને ઉત્પાદકો સામે પણ કાર્યવાહી કરવામાં આવશે તેની ખાતરી આપીને સરકારી વકીલે સમય માગતા કોર્ટે વધુ સુનાવણી શુક્રવારના રોજ રાખી છે. ઉલ્લેખનીય છે કે, બે અરજદારોએ ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હિતની અરજીઓ કરીને ચાઈનીઝ દોરી અને ગ્લાસનો ભૂકો પીવડાવેલી પતંગની દોરીઓ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુકવા માટે માગણી કરી હતી. આ અરજીની સુનાવણી આજરોજ નીકળી હતી. ત્યારે સરકારી વકીલ દ્વારા ગૃહ વિભાગના અધિકારીએ તૈયાર કરેલી એફિડેવીટ રજૂ કરીને આ બાબતે લેવામાં આવેલા પગલાની માહિતી આપી હતી. પરંતુ એડવોકેટ દ્વારા રજૂઆત કરાઇ હતી કે, આંકડા ગયા વર્ષના છે અને છેલ્લા અઠવાડિયાના જે આંકડા આપ્યા છે તેમાં પણ જે પગલા લેવામાં આવ્યા છે તે માત્ર એકાદ બે ફીરકી પકડીને જ લેવામાં આવ્યા છે. આથી સરકારી તંત્ર દ્વારા ખાલી બતાડવા માટે આ કાર્યવાહી કરવામાં આવી હોય તેવું લાગે છે. આથી ચાઈનીઝ અને ગ્લાસ કોટેડ માંજા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ લાવવો જોઈએ. ગત વર્ષ ૨૦૧૭માં નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ દ્વારા પણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. તો તેનો સત્તાવાળાઓએ સંપૂર્ણ અમલ કરવો જોઈએ.

# સંશોધન અને તાલીમ સહાયક બનવા ૧૯ જાન્યુઆરીએ મુખ્ય પરીક્ષા લેવાશે

## ઉમેદવારો ૯ જાન્યુઆરીથી પરીક્ષા માટેની હોલ ટિકિટ ડાઉનલોડ કરી શકશે

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૮

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાં સંશોધન અને તાલીમ સહાયક બનવા માટે ૧૯ જાન્યુઆરીના રોજ મુખ્ય પરીક્ષા લેવામાં આવશે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ૮ ડિસેમ્બરના રોજ પ્રાથમિક પરીક્ષા લેવામાં આવ્યા બાદ તેમાં ૫૦ ટકા ગુણ લાવનાર ઉમેદવારો હવે મુખ્ય પરીક્ષા આપશે. મુખ્ય પરીક્ષા માટેની હોલ ટિકિટ ૯ જાન્યુઆરીના રોજ વેબસાઈટ પર અપલોડ કરવામાં આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર, શિક્ષણ વિભાગના ઠરાવ અનુસાર ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરીષદ (જી.સી.ઈ.આર.ટી.) અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોનાં સંશોધન અને તાલીમ સહાયકની જગ્યાઓ ૧૧ માસનાં કરારથી કામગીરી માટે ભરતી કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના પગલે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. આ જગ્યા પર ભરતી માટે ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી હતી અરજીઓ મંગાવાની કાર્યવાહી પૂર્ણ થયા બાદ સંશોધન અને તાલીમ સહાયક પ્રાથમિક પરીક્ષા-૨૦૨૪નું આયોજન ૮ ડિસેમ્બર રવિવારના રોજ કરવામાં આવ્યું હતું. આ પ્રાથમીક કસોટીમાં ૫૦% કરતાં વધુ ગુણ મેળવનાર ઉમેદવાર માટે હવે મુખ્ય પરીક્ષા લેવાનું આયોજન કરાયું છે. જેના માટે આવેદનપત્રો ભરવા માટે ઉમેદવારોને સૂચના આપવામાં આવી હતી. સંશોધન અને તાલીમ સહાયક મુખ્ય.પરીક્ષા – ૨૦૨૫નુ આયોજન અમદાવાદ ગ્રામ્ય ખાતે ૧૯ જાન્યુઆરી રવિવારના રોજ કરવામાં આવ્યું છે. આ પરીક્ષાની હોલ ટીકીટ ૯ જાન્યુઆરીના રોજ વેબસાઈટ પર અપલોડ કરવામાં આવશે. ઉમેદવારો પરીક્ષાના દિવસ સુધી વેબસાઈટ પરથી હોલ ટિકિટ ડાઉનલોડ કરી શકે તેવી વ્યવસ્થા રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા કરવામાં આવી છે.

### જ્યુડિશિયલ કસ્ટડીમાં ધકેલાયેલ ઝાલાના એકાઉન્ટન્ટની તપાસમાં થઈ શકે છે મોટા ખુલાસા

# ચર્ચાસ્પદ BZ કૌભાંડમાં ઝડપાયેલ એકાઉન્ટન્ટ ત્રણ દિવસના રિમાન્ડ પર

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૮

૬૦૦૦ કરોડના BZ કૌભાંડમાં મુખ્ય આરોપી ભૂપેન્દ્રસિંહ ઝાલાના રિમાન્ડ પૂર્ણ થતા તેને હાલ જેલ હવાલે કરવામાં આવ્યો છે. આ કૌભાંડમાં CID ક્રાઈમે ભૂપેન્દ્રસિંહ ઝાલાના તમામ હિસાબો સંભાળનાર એકાઉન્ટન્ટ નરેન્દ્ર પ્રજાપતિની પણ ધરપકડ કરાઈ હતી. જેમાં આજે CID ક્રાઈમે નરેન્દ્ર પ્રજાપતિને અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં રજૂ કર્યો હતો અને તેના ૮ દિવસના રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી, કોર્ટે તેના ૧૧ જાન્યુઆરી સુધીના એટલે કે ૩ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

ગઈકાલે CID ક્રાઈમે અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના રણાસણ ગામેથી નરેશ પ્રજાપતિની ધરપકડ કરી હતી. નરેશ પ્રજાપતિ બી.ઝેડની રણાસણ શાખામાં નોકરી કરતો હતો અને કૌભાંડ બહાર આવ્યા બાદ ફરાર થઈ ગયો હતો તેમ સૂત્રોએ જણાવ્યું હતું. BZ કૌભાંડના આરોપી ભૂપેન્દ્રસિંહ ઝાલાના રિમાન્ડ પૂર્ણ થતા ૭ જાન્યુઆરીએ ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા ભૂપેન્દ્રસિંહ ઝાલાના ફરી રિમાન્ડ માંગવામાં ના આવતા કોર્ટે જ્યુડીશિયલ કસ્ટડીનો હુકમ કર્યો હતો. બીજી તરફ પોલીસ તપાસમાં ઘણા ખુલાસા સામે આવ્યા હતા જેમાં (૧) ભૂપેન્દ્રસિંહ ઝાલાની વેબસાઇટમાં રોકાણકારોની એન્ટ્રી મુજબ ૪૨૨.૯૬ કરોડ રૂપિયા ઉઘરાવ્યા હોવાનું સામે આવ્યું છે. આ ૪૨૨.૯૬ કરોડ મહિને ૩% વ્યાજ અથવા ફિક્સ્ડ ડિપોઝિટ પર વળતર આપવાનું વચન આપી ૧૧૨૩૨ રોકાણકારો પાસેથી ઉઘરાવવામાં આવ્યા હતા. (૨) CIDએ કોર્ટ સમક્ષ મોટો ખુલાસો કર્યો છે કે ભૂપેન્દ્રસિંહ ઝાલાએ રોકાણકારો પાસેથી ૪૨૨.૯૬ કરોડ રૂપિયા ઉઘરાવ્યા હતા. જોકે, રોકાણકારોને ૧૭૨.૫૯ કરોડ રૂપિયા બાકી આપવાના નીકળ્યા છે.તો આ નાણા ક્યા વાપરવામાં આવ્યા તે બાબતે ઊંડાણપૂર્વક તપાસ કરવાની બાકી છે. (૩) ભૂપેન્દ્રસિંહ ઝાલાએ રોકાણકારોને આકર્ષવા માટે BZ સ્કિમમાં એજન્ટોની કમિશન પર નિમણૂક કરી હતી. જો કોઇ એજન્ટ BZમાં રોકાણ કરાવે છે તો તેને ૦.૫% થી ૧ ટકા જેટલું કમિશન આપવામાં આવતું હતું. આ એજન્ટોને પાંચ અલગ અલગ લેવલે સેટ કરવામાં આવ્યા હતા જેમાં પ્રથમ હરોળના એજન્ટો કરોડો રૂપિયાનું રોકાણ લાવી આપતા હતા. (૪) એજન્ટો અને રોકાણકારો દ્વારા કરવામાં આવેલા રોકાણની નોંધ એક લેપટોપમાં રાખવામાં આવતી હતી. આ લેપટોપ ભૂપેન્દ્રસિંહ ઝાલાના કૌભાંડનો મહત્ત્વનો પુરાવો હોઇ આ લેપટોપ કબ્જે કરવા માટે CID ક્રાઇમ દ્વારા વધુ રિમાન્ડની માંગ કરાઈ હતી. (૫) રોકાણકારોને ૩૦૦ અને ૧૦૦ રૂપિયાના સ્ટેમ્પ પેપર ઉપર એગ્રીમેન્ટ કરાવીને વિશ્વાસમાં લેવામાં આવતા હતા. CIDની તપાસમાં મોટો ખુલાસો થયો છે કે, BZ ગ્રુપ દ્વારા ૧૨૫૧૮ સ્ટેમ્પ ખરીદવામાં આવ્યા હતા. વેબસાઇટમાં કૂલ ૧૧૨૩૨ રોકાણકારોની જ એન્ટ્રી છે પરંતુ ૧૨૮૬ જેટલા રોકાણકારોની એન્ટ્રી CID ક્રાઇમને મળી નથી અને તેની નોંધ પણ ક્યાય કરવામાં આવી નથી. એગ્રીમેન્ટમાં લગાડેલા તમામ સ્ટેમ્પ ધી મોડાસા નાગરિક સહકારી બેંક લિમિટેડ અને સર્વોદય સહકારી નાગરિક બેંક મોડાસામાંથી મેળવ્યા હતા. (૬) ભૂપેન્દ્રસિંહ ઝાલાની BZ સ્કીમમાં ૨૩૦ જેટલા રોકાણકારોએ ૨૫ લાખથી લઇને ૪ કરોડ રૂપિયા સુધીનું રોકાણ કર્યું છે.જોકે, CID ક્રાઇમના હાથે આ રોકાણકારોમાંથી મોટાભાગના રોકાણકારોના ટ્રાન્જેક્શન હાથ લાગ્યા નથી.CIDને શંકા છે કે આ ૨૩૦ રોકાણકારોના વ્યવહારો કેશ એટલે કે બ્લેકમાં થયા હોઇ શકે છે. (૭) CIDની તપાસમાં મોટો ઘટસ્ફોટ થયો છે કે ભૂપેન્દ્રસિંહ ઝાલાએ BZ સ્કીમના એજન્ટો અને ઊંચા રોકાણકારોને આઇફોન અને સ્માર્ટવોચ ગિફ્ટ કરી હતી. તપાસમાં CIDને ૪૦ જેટલા ફોનની વિગતો બિલ સહિત મળી આવી છે. (૮) BZ સ્કીમમાં ભૂપેન્દ્રસિંહ ઝાલા રોકાણ માટે રોકાણકારો પાસે એક ફોર્મ ભરાવવામાં આવતું હતું જેમાં રોકાણકારોની તમામ વિગતો દર્શાવવામાં આવતી હતી. જોકે, હજુ સુધી CID ક્રાઇમને આ મામલે કોઇ માહિતી મળી નથી જેને લઇને આવનાર સમયમાં મોટો ખુલાસો થઇ શકે છે.

BZ પોન્ઝી સ્કીમ મામલે તપાસમાં જાણવા મળ્યું છે કે, અમદાવાદની FX ટ્રેડિંગ નામની કંપનીમાં કામ કરીને ભૂપેન્દ્રસિંહ ઝાલા ટ્રેડિંગ અને માર્કેટિંગની સ્કિલ શીખ્યો હતો. આ પહેલા M WAY નામની કંપનીમાં એજન્ટ તરીકે ભૂપેન્દ્રસિંહ ઝાલા કામ કરતો હતો.

### ભ્રષ્ટાચારના કેસમાં સપડાયેલા

# ગુજસેલના કેપ્ટન સામે જારી કરાયેલા વોરંટ મામલે આગળની કાર્યવાહી કરવા પર હાઈકોર્ટનો સ્ટે

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૮

ગુજસેલમાં ફરજ દરમ્યાન સત્તાનો દુરૂપયોગ કરી સરકારી તિજોરીને લાખો રૂપિયાનું આર્થિક નુકસાન પહોંચાડવાના પ્રકરણમાં સસ્પેન્ડેડ કેપ્ટન અજય ચૌહાણની સામે અદાલત દ્વારા જારી કરવામાં આવેલા બિન જામીન પાત્ર વોરંટ બાબતે આગળની કાર્યવાહી કરવા સામે ગુજરાત હાઈકોર્ટે મનાઈ હુકમ જારી કર્યો છે. આ કેસની વધુ સુનાવણી આગામી તા. ૨૪ ફેબ્રુઆરીનાં રોજ રાખવામાં આવી છે. દરમિયાન રાજ્ય સરકાર તરફથી રજૂઆત કરાઈ હતી કે ચૌહાણ વિદેશ ચાલી ગયા છે અને તપાસમાં હાજર થઈ રહ્યા નથી. ઉલખેનીય છે કે ચૌહાણે પોતાની ધરપકડથી બચવા હવે ગુજરાત હાઈકોર્ટમાં આગોતરા જામીન અરજી કરી છે તેની સુનાવણી માટે પડતર છે. કેપ્ટન અજય ચૌહાણના ભ્રષ્ટાચાર અને ગેરરીતિઓ સરકારના ધ્યાન પર આવતા એસીબીમાં ગુનો નોંધી તપાસ હાથ ધરાઇ હતી. બીજીબાજુ, કેપ્ટન અજય ચૌહાણ વિરૂદ્ધ વોરંટ પણ નીકળ્યુ હોઈ તેમણે વોરંટ રદ કરાવવા પણ અરજી કરી હોઈ જયાં સુધી વોરંટ રદ ના થાય ત્યાં સુધી અદાલત આગોતરા જામીન અરજી સાંભળી શકે નહી તેવા કાયદાકીય મુદ્દે સરકારપક્ષ તરફથી સમય મંગાતા હાઈકોર્ટે કેપ્ટન અજય ચૌહાણની આગોતરા જામીન અરજીની વધુ સુનાવણી થઈ શકી નહોતી. દરમ્યાન બિન જામીન પાત્ર વોરંટની અરજીની સુનાવણી હાથ ધરવામાં આવતા ચૌહાણના વકીલ તરફથી રજૂઆત કરાઈ હતી કે પોલીસ તપાસ માટે આ રીતે વોરંટ નીકળી શકે નહીં. અદાલતમાં આરોપીની હાજરી માટે જ કોર્ટ દ્વારા નીકળી શકે. પ્રસ્તુત કેસમાં આરોપી કેસની તપાસ અને સાક્ષીઓ ઉપર પ્રભાવ ઊભો કરી શકે તેમ હોવાથી કેસની તપાસમાં મદદ માટે પોલીસ દ્વારા કોર્ટમાં વોરંટ જારી કરવા માટે અરજી કરાઈ હતી. તે મંજૂર કરીને વોરંટ જારી કરવામાં આવ્યું હતું. તેને હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યું હતું. ભ્રષ્ટાચારના આ વિવાદીત પ્રકરણમાં ગુજસેલના સિનિયર ચીફ સિકયોરિટી ઓફિસર અને જનરલ મેનેજર દ્વારા કેપ્ટન અજય ચૌહાણ, કેશમેક એવીએશન પ્રા.લિ.ના ડાયેરેકટર અલ્પેશ ત્રિપાઠી અને એકાઉન્ટન્ટ અલ્પેશકુમાર પ્રજાપતિ વિરૂદ્ધ એસીબીમાં ફરિયાદ નોધાવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, કેપ્ટન અજય ચૌહાણ અત્યારે વિદેશમાં છે. તેમણે પોતાની ફરજ દરમિયાન સરકારના ઉડ્ડયન હેતુસર રાખવામાં આવેલ સરકારી એરક્રાફટમાં કોઈપણ જાતની પરવાનગી લીધા સિવાય સત્તાનો દુરૂપયોગ કરી પોતાના કુટુંબીજનોને અંગત હવાઈ મુસાફરી કરાવી સરકારી તિજોરીને આથક નુકસાન પહોંચાડેલ હતું. તો, ગુજસેલમાં મેનપાવર પૂરો પાડવા કેશમેક એવીએશન પ્રા.લિ. સાથે ગેરકાયદે કરાર કરી આરોપીઓ સાથેના મેળાપીપણામાં રૂ.૭૨ લાખથી વધુનો ભ્રષ્ટાચાર આચર્યો હતો.

ગુજરાત ટુડે

અશ્લીલતાથી દૂર, સંસ્કારોથી ભરપૂર

૧૫મી જાન્યુઆરીએ અંક ચાલુ રહેશે

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

સામાજિક-શૈક્ષણિક સેવાઓમાં સક્રિય લોકહિત મૂવમેન્ટનું વાહક અને સૌ કોઈએ ખાસ વાંચવા જેવું અખબાર

☛ તા.૧૪ જાન્યુઆરી-૨૦૨૫ને મંગળવારે ઉત્તરાયણના પર્વ નિમિત્તે અન્ય દૈનિકોમાં રજા રહેશે માટે ૧૫ જાન્યુઆરી-૨૦૨૫ને બુધવારનો આપનો દિવસ અખબાર વિનાનો કેવી રીતે પસાર કરશો ? ના, મૂંઝાવાની જરૂર નથી.

'ગુજરાત ટુડે' દૈનિક ૧૫ જાન્યુઆરી-૨૦૨૫ને બુધવાર સવારે આપ સમક્ષ જરૂર હાજર થઈ જશે

☛ આપ આપના વિતરકને આજે જ કહી દો કે, ૧૫ જાન્યુઆરી-૨૦૨૫ને બુધવારનું 'ગુજરાત ટુડે' દૈનિક લઈને જ આવે.

☛ આપના મિત્રો-સગા-સંબંધીઓ સુધી પણ 'ગુજરાત ટુડે' પહોંચાડો.

વિજ્ઞાપનદાતાઓ અને વિજ્ઞાપન એજન્સીઓ તેમની જાહેર ખબર મોકલી બહોળી નકલોમાં પ્રસિધ્ધિનો લાભ લઈ શકશે.

ગુજરાત ટુડે દૈનિક, 33/૧, શાહઆલમ, અમદાવાદ-૩૮૦૦૨૮

સંપર્ક : ૦૭૯-૨૫૩૨૦૩૩૦, ૨૫૩૨૦૪૩૧

E-mail : gujarattodaydaily@gmail.com-gtadvt@yahoo.co.in



● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - 33/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS